A-17

786

અલા ઈન્ના અવલીયા અલ્લાહે લા ખવફુન અલયહિમ
વલા હુમ યહઝનુન ( કુરઆન )

ગુજરાતમાં થઈ ગએલ મહાન બુઝુર્ગ હ૦ સૈ૦ પીર

# મશાયખ ચિશ્તી રહ૦ નું જીવન ચરિત્ર

અને

## તેમની બોધદાયક નસીહતો.

કીમત રૂા. ૨

છપાવી પ્રગટ કરનારઃ
ઇબ્રાહીમ પીરમુહમ્મદ,
૩૪/, બાપટી રોડ, મુંબઇ-૮

બીજી આવૃત્તિ

સને હી૦ ૧૩૭૨ સને ઈ૦ ૧૯૫૩

# ઈમદાદ કરનાર હમદર્દો.

(આ રિસાલામાં ઇમદાદ કરી ઉત્તજન અપાવનાર સાહેબો)

૨૫૦ હાજી અલીમોહંમદ વઝીરૂદ્દીન સાહબ, ગામ બસુ
૧૦૦ હાજી નસીર વલીમોહંમદ સાહબ, ”
૧૦૦ હાજી સુલેમાન મેમનજી સાહબ, ”
૫૦ હાજી સુલેમાન નાથુ સાહબ, ”
૫૦ એક બંદએ ખુદા.
૨૫ મોમિન ફતેમોહંમદ વઝીરૂદ્દીન સાહબ ”
૨૫ આલમગીર હોટલના માલેકો તરફથી
૨૫ હાજી અલાઉદ્દીન મેમનજી સાહબ, ગામ મેતા
૨૫ શેઠ સુલેમાન વલીમોહંમદ સાહબ, ગામ મુડાના
૨૫ શેઠ નુરમોહંમદ વલીમોહંમદ સાહબ, ગામ ચાટાવાડા
૨૫ હાજી દાઉદ જાનમોહંમદ સાહબ, ગામ ચુડી
૨૫ શેઠ હાજી દોસ્તમોહંમદ મેમનજી સાહબ તેનીવાડા
૨૫ શેઠ રહીમ કરીમોહંમદ સાહબ, ગામ મેત્રાણા
ગામ ડેડલોલ
૨૪ એક બંદએ ખુદા,

---

એક ખાસ ખુલાસો—આ “જીવન ચરિત્ર”ની આવકમાંથી કાંઈ રકમ વધશે તો બીજી કોઈ કિતાબ છપાવવામાં મજરે લઈ લેવામાં આવશે.

મુદ્રક અબ્દુલ્લાહ ફખરૂદ્દીન સૈયિદ મુસ્લિમ-ગુજરાત પ્રેસ, સુરત.

# અનુક્રમણિકા


| વિષય— | પાનુ |
|---|---|
| મોમિન કોમનું ઈસ્લામથી મુશર્ર્ફ થવું. | ૨ |
| ઇસ્લામના ખરા માર્ગે. | ૩ |
| હ. સૈ. પીર મશાયખનો સમય. | ૪ |
| મોમિન કોમની હાલત. | ૪ |
| આપનું ઈલ્મ હાસિલ કરવું. | ૫ |
| ઈર્ષાખોરોની વિરૂધ્ધતા અને કિતાબોની શરૂઆત. | ૮ |
| મુસીબતોમાં વધારો અને કસોટી. | ૯ |
| કહેવાતા ઈમામો અને પીરોની અદેખાઈ. | ૧૦ |
| "દીવાને મશાયખ" તેર ફસલોમાં. | ૧૧ |
| આપની ઝિંદગીનું મહાન કાર્ય. | ૧૭ |
| દીનની ઈશાઅતનો ઉત્સાહ. | ૧૮ |
| આપે લખેલ કિતાબોની ભાષા. | ૨૨ |
| બિન સ્વાર્થી કરેલી સેવા. | ૨૩ |
| આજકાલના સ્વાર્થી પીરો. | ૨૪ |
| જમાંઅત સાથે નમાઝની તાકીદ. | ૨૭ |
| જમાઅતી નમાઝથી પીરોની દુશ્મની. | ૨૮ |
| પીર બાબત આપનો અભિપ્રાય. | ૨૯ |
| પીરાઇ કાંઈ વારસો નથી. | ૩૦ |
| હ૦ પીર મશાયખે પીરાઈ કેવી રીતે મેળવી ? | ૩૩ |
| [illegible]તારા પીરોથી બચો. | ૩૬ |
| [illegible] ર્લીઝામોના અપાએલ જવાબ. | ૩૭ |
| ખાલિસ ઇસ્લામી બોધ. | ૩૯ |
| આપની મઝહબી માન્યતા. | ૪૦ |
| બાંધા હાથે નમાઝ બાબત. | ૪૧ |
| [illegible]ન્નત જમાઅતમાંજ વલી થયા છે. | ૪૧ |
| અહે[illegible]હાબોના દુશ્મનોની ઈબાદત કબુલ થશે નહી. | ૪૨ |
| બુઝુર્[illegible]ી બતાવેલી તરતીબ. | ૪૯ |
| [illegible] નમાઝ ત્રણ વખતમાં પઢવી નહિ. | ૫૦ |
| [illegible]સ્હાબોના દુશ્મન | ૫૧ |
| [illegible]ીયેની કેટલીક વસ્તીઓ. | ૫૨ |

ઈમામોની બુઝુર્ગી અને મકતુલનામા.
મોહર્રમમાં થતા ઢોંગ સોંગ.
આપ ઉપર તકીય્યાનો ઈલઝામ. ૬૦
વિરોધીઓની હઠધર્મી ૬૪
કિતાબોને બરબાદ કરવાની કોશીશ. ૭૪
કુરઆન શરીફ અફઝલ કિતાબ છે. ૭૫
કિતાબોએ ઉમદા રહબરી કરી છે. ૭૭
કિતાબોને ઉત્તેજન અપાયું નથી. ૮૦
કિતાબો વિરૂધ્ધજ વર્તન કર્યું છે. ૮૪
કિતાબોને કોઈ મિટાવી શકવાનું નથી. ૮૬
વધુ ઈશાઅતની ઝરૂર. ૮૯
આપથી ઝાહેર થએલ કરામતો. ૯૦
બીજાપુરની ફતેહની બશારત. ૯૦
ગોળકોંડાની ફતેહની ખબર. ૯૨
૭૦ પીર મશાયખની કસોટી અને જીત. ૯૩
આવી કિતાબો કરામતજ કેહવાય. ૯૪
અગ્યારમી સદીના મુજદ્દીદ ૯૮
૭૦ પીર મશાયખનું નસબનામુ. ૯૯
આપની પીરાઈ અને પીર પેઢીનામું. ૯૯
આપની વફાત. ૧૦૦
આપ તરફ લોકોની મોહબ્બત. ૧૦૨
અલ્લાહથીજ મદદ ચાહવી. ૧૦૩
મોમનો સાથે સંબંધ. ૧૦૪
અમારાથી સાચો સંબંધ રાખો. ૧૦૭
મુનાફિકોથી દૂર રહો. ૧૦૮
દીનના બધા હુકમ માનો. ૧૦
કિતાબો પ્રમાણે અમલ કરો. ૧૦૯
કિતાબોના બયાનો જવાહિરો જેવા છે. ૧૧૦
કિતાબો સલામતજ રેહવાની ૧૧૧
જાહેલ થવાથી બચાવ થશે નહીં. ૧૧૨
કિયામતમાં શું જવાબ આપશો ? ૧૧૪
એવી ઝિંદગી શું કામની ? ૧૧૬

ઈમાનનો કંઈ વારસો નથી. ૧૧૮
મુસીબતના વખતે દીનને વધુ ચાહો. ૧૧૯
હ૦ પયગમ્બર (સલ૦)ની પયરવી કરો. ૧૨૧
હ૦ પીર મશાયખ (રહ૦)ની દરગાહ. ૧૨૪
સદર વકફ સંસ્થાપર ધાડ ! ૧૨૫
પીર સાહબનો મસ્જીદનો ઇન્કાર. ૧૨૬
મુંબઇ હાઈકોર્ટનો ચુકાદો. ૧૨૭
વકફ સંસ્થામાં ગેરવ્યવસ્થા. ૧૨૮
અત્યારે તેમની અવલાદમાં કોણ છે ? ૧૨૯
મોમિન કોમના ઇતિહાસની જરૂર. ૧૩૫
જુના અને નવા. ૧૩૭
નવા ધર્મના નુકસાનો. ૧૩૯
બુઝુર્ગોને ગાળો ભાંડવાનેજ ધર્મ ગણે છે ! ૧૪૦
નાલાયક કામોથી બચો. ૧૪૧
મરવા પછી થએલ બુરા હાલ ૧૪૫
ઝિંદગીમાંજ બદલાએલી સૂરત. ૧૪૮
સખત અઝાબોમાં સપડાવું પડશે. ૧૫૨
ખોટાઓને સાથ ન આપો. ૧૫૫
સવેળા ચેતવાની જરૂર. ૧૫૯
મોમિન કોમ માટે આપની દુઆઓ. ૧૬૦
આપની યાદગીરી અને વારસો. ૧૬૧
આપની શાનમાં થએલો ભવ્ય મુશાએરો. ૧૬૩
કિતાબો વિરૂધના રિવાજોથી દુર રહો. ૧૬૯
ઈસ્લામી શરીઅતની મઝાક ન કરો. ૧૭૧
શરીઅતના ખિલાફ વર્તવાનું પરિણામ. ૧૭૭
ઈબાદત કરો અને બુરાઈઓથી બચો. ૧૭૯
સંગઠન માટે ખાસ અર્ઝ. ૧૮૭
"જીવન ચરિત્ર" પર એક નઝર. ૧૯૦
પીરી મુરીદીનો સંબંધ ૧૯૨
પીર કેવા હોવા જોઈએ ? ૧૯૫

## હ૦ મશાયખ (રહ૦)નો ખાસ ધ્યેય

★★

૧—અલ્લાહની વાહદાનીયતનો પ્રચાર તથા શિર્કના કામોથી દુર રહેવું.

૨—હ૦ રસૂલે અકરમ (સલ૦)ની પયરવી.

૩—ઇબાદત અને દીનના હૂકમો ઉપર અમલ.

૪—મોમિનો ગુમરાહીથી બચો અને ઇમાનદાર રહી રાહે રાસ્ત ઉપર ચાલે.

૫—દુન્યા કરતાં આખેરતને બેહતર સમજવી, અને આકેબત માટે બને તેટલો મોટો લાભ આ ઝિંદગીથી મેળવવો.

૬—આ જીવન એકજ વખતનું છે, ફરિ ફરિ જન્મ લેવાનો નથી. ગાફિલ રેહવાથી કિયામતમાં ઘણોજ પછતાવો થશે.

૭—સ્વાર્થી-ઢોંગી રહબરોના આસરે રહેવાથી દુન્યા અને આકેબત બન્ને બરબાદ થશે. નેક અમલોથીજ છુટકારો થવાનો.

# પ્રસ્તાવના.

ખુદા તઆલાના લાખ લાખ શુકરાના કે, તેણે તેના હબીબ હ૦ રસુલે અકરમ (સલ૦) અને બુઝુર્ગોને દીનના તુફેલથી એક મહાન અવલીયા અને મુજદ્દીદ હ૦ પીર મશાયખ (રહ૦) નું "જીવન ચરિત્ર" બીજી આવૃત્તિમાં પ્રગટ કરવા અમોને હિમ્મત આપી.

આપના "જીવન ચરિત્ર"ની પહેલી આવૃત્તિ લગભગ સોળ વરસ પહેલાં એટલે સને હિજરી ૧૩૫૬ માં અમોએ પ્રસિધ્ધ કરી હતી. જે હઝરત પીર મશાયખ (રહ૦)ને ચાહનારા વાંચક વર્ગમાં બહુજ પસંદ આવી હતી. કેટલાક જર્નાલીસ્ટ સહચરોએ પણ તે બાબતમાં સારા અભિપ્રાયો પ્રગટ કર્યા હતા. તે ઉપરાંત "મકતુલનામા" નામની કિતાબના બીજા ભાગમાં ભાઈ ગુલામરસુલ હાજી તાજમોહંમદ ભાગળવાલા સાહબે પણ તેની નોંધ લીધી છે, તે સર્વેનો અમો અતિ માનપુર્વક આભાર માનીએ છીએ.

છેલ્લા દસ બાર વરસનો ગાળો અમારી ખાસ કેટલીક અડચણો અને કમઝોર તબીયતના લીધે સુસ્ત પસાર થયો. અમોએ પ્રગટ કરેલ કિતાબો અને તેમાં પણ ખાસ કરી 'ઇસ્લામી અહકામ," "હ૦ પીર મશાયખનું (રહ૦)નું જીવન ચરિત્ર" તથા "મેતા ખૂન કેસ અને મોમિન કોમની પચાસ વરસની ટુંક નોંધ" માટેની માંગ બહુ હતી; પરંતુ તેની પ્રતો ખલાસ થઈ ગએલ હોવાથી તે માટેની માંગ પુરી કરી શકાય તેમ ન્હોતી.

અલ્લાહ તઆલાનો મોટો એહસાન કે, થોડાક વખત પહેલાં ગામ બસુવાળા હાજી અલીમોહંમદ વઝીરૂદ્દીન ભાઈ ફતેમોહંમદ વઝીરૂદ્દીન તથા હાજી અલીમોહંમદ અલીજીની "જીવન ચરિત્ર" ની ફરી બીજી આવૃત્તિ વધુ ખુલાસાથી અને તેમના બોધ વચનો સાથે પ્રગટ કરવાની માગણી અને લાગણી તેમજ અપાએલી સારી હિમ્મતથી અમો બહુજ અવગડોમાં હોવા છતાં આ નેક અને દીની ખિદમત કરવા તૈયાર થયા. અને આ એક કિતાબની માંગ પુરી કરી શકયા છીએ.

આ "જીવન ચરિત્ર" પ્રગટ કરવામાં તઝકેરતુલ અવલીયા, સાદી સિખામણ, મુસલમાનો અને ગુર્જર સાહિત્ય, અખબારૂલ અખ્યાર તેમજ ખાસ કરીને હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોનો મોટો આધાર લેવામાં આવેલ છે.

આ પુસ્તકના લખાણથી કોઈની લાગણી દુઃખાવવાનો કે ઉતારી પાડવાનો અમારો લેશ માત્ર પણ ખિયાલ નથી. અમારો હેતુ આથી હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોને માનનારાઓને મઝકૂર બુઝુર્ગની દીની તઅલીમથી વાકિફ કરવા અને આડા માર્ગે દોરનારાઓના ફરેબ અને બેઢંગી વાતોમાં ન ફસાવવા બાબતની જાણ કરવાનો છે. અને તેનાથી દુન્યા અને આકેબત સુધારે એજ ઈચ્છા છે.

ઝિંદગીનો કંઈજ ભરોસો નથી. હરતા ફરતાં, સુતાં બેસતાં એકાએક મવત આવી જાય છે. બુઢાપો કે આધેડ, જવાની કે બચપણ દરેક વયમાં મવત આવી લાગે છે. જેથી નેક અમલો કરવા સારૂ અને બુરાઈઓથી દુર રેહવા માટે વખતની વાટ જોવી એ મોટી કમઝોરી કહેવાય.

અમો ઝાહિરી મોટા મોટા દેખાવો કરીએ, સારા સારા સુફીયાના લિબાસો અને ડોળથી બીજાઓ ઉપર સારો અસર પાડવા માંગીએ, કોમની દૂન્યવી અને આખેરતની બેહતરી બતાવનારી લાંબી તકરીરો તેમજ વાઅઝો કરીએ; અને પોતેજ નેક અમલોથી કોરા રહીએ, વ્હેવારમાં વર્તનમાં દીનના હુકમોને ધોઈ પીઈ જઈએ; એ બધાં ઢંગ હાથીના દાંત જેવાજ કહેવાય.

સારા બનો, અને બીજાઓ સારા બને એવી ઉમ્મીદ સાથે કોશીશ કરો. દીનના હુકમોની પયરવી કરો તેમજ એવા નેક કાર્યો પોતાની પાછળ મુકતા જાવ કે, મરવા બા'દ પણ તેનો બદલો કાયમ માટે મળતો રહે.

અલ્લાહ તઆલાએ માલ, ઈલ્મ, ઈઝઝત અને શકિત આપી હોય તો તેનાથી ખુદને અને કૌમને ફાયદો પહોંચે તે માટે પ્રયત્નો કરવામાં વખત લગાડવો નહીં

જીવના વે સબથી ભલા જો હોવે કુછ નેક કામ,
અંતે પાવે ખુબીયાં રેહવે દૂન્યા નામ.

(હ૦ પીર મશાયખ રહ૦)

અલ્લાહ તઆલાએ દુન્યામાં માલ, ઈઝઝત, ઈલ્મ, ઔલાદ વિગેરે જે કંઈ નિયામતો આપેલ છે તેના ઉપર ફુલાઈ, અભિમાની બની પોતાની ફર્ઝોથી બે પરવાઈ કરવી નહી. પોતાની જવાબદારીનો ખિયાલ રાખવો. એવું ન થાય કે, અંતઃકાળે પસ્તાવું પડે.

દૂન્યા હય સપને કેરી રીતા રે,
ઝાહિર નયનુ એ હય દેખીતા રે.
તલ તલ બેરમાં મવત હય આતી રે,
સંસાર કેરી એ રિત દેખાતી રે.

જીવને કેરા એતેબાર નાંહી રે,
મવત પ્હોંચે પલ પલ કે માંહી રે.

અઝુઝ હુકમ નાંહી ફિરાના રે,
રબકુ જા એક દિન મ્હોં દિખાના રે.

અયસા ના કરના કે તબ લજાવે રે,
રબકા ગુસ્સા જબ તુજે આવે રે.

( હ૦ પીર મશાયખ ૨હ૦ )

અલ્લાહ તઆલાનું ફરમાન છે કે, **"જેઓ નમાઝને કાયમ રાખે છે અને અમે જે કાંઈ આપ્યું છે તેમાંથી (નેક કામોમાં) ખર્ચ કરે છે, એઓજ સાચા ઈમાનવાળા છે, તેમને માટે તેમના પરવરદિગારને ત્યાં મહાન દરજ્જા તથા બક્ષિશ અને ઈઝ્ઝતની રોઝી છે."** એટલે કિતાબો છપાવ્વામાં અને કવમી તબ્લીગ સારૂ દીની સાહિત્ય પ્રગટ કરવામાં પણ જે કાંઈ ખર્ચ કરવામાં આવશે તેનો પણ અલ્લાહ તઆલા બહુજ સારો બદલો આપશે.

આ "જીવન ચરિત્ર" છપાવ્વામાં પણ જે ભાઇઓએ ઈમદાદો કરેલી છે, તેમને તેનો સારો બદલો આપે એવી અલ્લાહ પાસે અમારી યાચના છે. હયસીયતવાળા સાહબો આવીજ રીતે દીની સાહિત્યમાં પણ ઈમદાદો કરતા રહે અથવા એકેક કિતાબનો ખરચ ઉપાડી લે તો વગર છપાએલ કિતાબો છપાઈ જાય; બલ્કે ખુલફાએ રાશેદીન, મોજિઝાત, ગઝવાત, ઈબાદત વીગેરે કિતાબો છપાયા છતાં ખલાસ થએલ હોવાથી તે પણ બીજી આવૃત્તિમાં છપાઈ જાય તો કવમી સાહિત્યનો સારો જેવો સંગ્રહ થઈ જાય અને તેનાથી કોમને મોટો લાભ થાય. સમજદારોએ પોતાની ફર્ઝથી ગાફિલ રહી બેપરવાઈ કરવી જોઈએ નહીં.

દેખોતો કહીએ દીનકી બાત અઝુઝ સમજાય કર,
કહીએ તો જાં તક જીવીએ, પયરવી તો સુન્નત મન ધર.

ગાફિલ હો બૈઠકર રેહવે, કયસી તો ઉમ્મતી રીત રે ?
જાનતે, નબીકે દીનકી લાગી નાંહી તુજે પીત રે.

(મેઅરાજનામા)

આપના ચરિત્ર અને ઉમદા બોધથી આપણે દીની અને દુન્યવી કાર્યોમાં સત્ય માર્ગ મેળવી શકીએ તેમ છે.

ખુદાતઆલા અમો સૌને સારી સમજ આપે કે, અમો સૌ હ૦ પીર મશાયખ (રહ૦) ના "જીવન ચરિત્ર" થી અને તેઓએ કિતાબોમાં બતાવેલ દીની નસીહતોથી ઈમાનદારી સાથે પોતાની આકેબતની ભલાઈ ખાતિર લાભ લઈએ. તેઓએ બતાવેલા અલ્લાહ તઆલાના હુકમો બરાબર માની તે ઉપર અમલ કરીએ તેમજ હ૦ રસુલે અકરમ (સલ૦) ની પૂરેપુરી પયરવી કરીએ. અસ્હાબો તેમજ બુર્ગોના મરતબાનો અને દીન માટેની એમની જાંફિસાનીનો ખિયાલ રાખી તેમની બુરાઈઓથી દુર રહીએ.

બહુજ ખુશનસીબ હતા આપણ, અને ખુદાની મોટી મેહરબાની હતી આપણા ઉપર કે, ગુમરાહીથી બચાવી રાહે રાસ્ત દેખાડવા હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦) જેવા પ્રવિણ વલી અને બુઝુર્ગ પીર આપણને મળ્યા. અને એક સારામાં સારા મુકમ્મીલ દીનના આપણ પયરવ બન્યા. હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે :—

ચાહીએ તમે શુકર કરો, પીર તો રબે અયસા દીયા,
જું નબીએ ફરમાઈયા મિશ્કાતમાં સુનકર લીયા.
સદ્દી તો સદ્દી પુરી હોતે ઉમ્મતી અયસા હોવે રે,
વે હોવે તો એક ટોળીમાં કુફર વે ઓનુકા ખોવે રે.
સુન્નત વે નવી કરે ઉસ્કી ટોળી કે માંહે રે,
રોશની કરે વે દીનકી કુફર રેહવે નાંહે રે.

(મેઅરાજનામા)

આપની ઉચ્ચ બુધ્ધી, મિલનસાર તબીયત અને બિન-સ્વાર્થી તબ્લીગથી કામ ઉપર બહુ સારો અસર પડયો હતો. આપે દીની કિતાબો યાને કુરઆન, હદીસો અને ફિકાહનું ઉચ્ચ જ્ઞાન મેળવેલ હોવા ઉપરાંત બીજા ધર્મ ગ્રંથોનો પણ અભ્યાસ કરેલ જણાય છે. એથીજ આપે ઈસ્લામી અહકામનો સારી રીતે ઉપદેશ આપવા ઉપરાંત વિરોધીઓને પણ સચોટ રદીયા આપેલ છે.

આપની કિતાબો આપણા માટે એક કામીલ રહબરની ગરજ સારે તેમ છે. ગુમરાહી ભરી રાહથી બચાવ્વા પુરી માર્ગ દર્શક છે. અમારે મઝકુર કિતાબોનો બ્હોળા પ્રમાણમાં પ્રચાર કરી તેમજ તેનો ઝિણવટ ભર્યો અભ્યાસ કરી ઈસ્લામના પવિત્ર માર્ગ ઉપર કાયમ રહેવું જોઇએ.

ખુદા તઆલા આપ ભાઇઓને તથા અમોને સારી સમજ આપે, સીધા માર્ગે ચલાવે અને દીની ખિદમત કરતા રહીએ એવી નેક તવફીક આપે એવી પ્રાર્થના છે. **" વમા તવફીકી ઈલ્લાહ બિલ્લાહ."**

## ૭૮૬

# સૈયદ મશાયખ ચિશ્તી (રેહ.)નું ટુંક જીવન ચરિત્ર

અને

# તેમની બોધદાયક નસીહતો

મશાયખ નામ જયસા મુજે રે ધરાવા,
તેરે કરમસુ વયસા દીજે મુજે ભાવા.
મેરે મુરીદકુ રાખ પનાહમાં રે તેરી,
દુશ્મન, દીનથી જિનું જલે હંય અનેરી.

* * *

તુ બખ્શનહારા હય સુરીજન મેરા,
તુ દૂઆ રે કબુલે હું બંદા રે બિચારા.
તેરે કરમસુ કુવ્વત ચારેકી રે આવે,
ખુબી બંદેકી તેરે કરમસુ દિખાવે.

(હ૦ મશાયખ-કિતાબ તુરનામા)

* * *

આકેબત કીજિયો ખયર તુ, સાહિબ તુ સત્તાર,
સો દોસ્તી ખાતિમ નબીકી, ભી ઓનુકે ચાર યાર.

(હ૦ મશાયખ-કિ. ખુલફાએ રાશેદીન)

## મોમિન કોમનું ઇસ્લામથી મુશર્રફ થવું.

મુંબઇ, ઉત્તર ગુજરાત, સ્વરાષ્ટ્ર (કાઠીઆવાડ), ઇંદોર, માલવા, દાંતા સ્ટેટ, ખેડા, સુરત, ભરૂચ વિગેરે જગ્યાએ વસ્તી મોમિન કોમને ઇસ્લામથી મુશર્રફ કરનાર હ૦ સૈયદ પીર કબીરૂદ્દીન હસન–કુફ્રે શિકન (રેહ૦) કે જેઓ હ૦ સૈયદ પીર મશાયખ ચિશ્તી (રેહ૦)ના લગભગ અઢીસો વરસ પેહલાં એટલે સાતેક પેઢીઓ અગાઉ થએલ છે. કેટલાક ઇતિહાસો, પુસ્તકો અને કિતાબો તેમજ દંત કથાઓના આધારે તે હકીકતને ટેકો મળે છે.

હ૦ સૈયદ પીર કબીરૂદ્દીન સાહેબે ગુજરાત વિગેરે જીલ્લાઓમાં હઝારો લોકોને ઇસ્લામનો બોધ આપેલ છે. અને એનાજ લીધે આપ કુફ્રે શિકન (કુફ્રને તોડનાર)ની અટકથી ઓળખાય છે. દીલ્લીના પ્રખ્યાત બુઝુર્ગ મૌલાના શેખ અબદુલહક મોહદ્દીસ દેહલ્વી સાહેબે ફારસી ભાષામાં લખેલ પોતાની કિતાબ "અખબારૂલ અખ્યાર"માં તો તેઓ એટલા સુધી લખે છે, કેઃ– "પીર કબીરૂદ્દીન હસન (રેહ૦) નો બોધ જે માણસ સાંભળતો, તે ઇસ્લામ કબુલ કર્યા વગર રેહતો નહિ."

વળી ઘણા ઇતિહાસો વિગેરેથી એ પણ હકીકત મળી આવે છે કે, હિંદુઓનો એક મોટો સંઘ કાશીનું તીરથ કરવા જતો હતો, તેમાં મોટો ભાગ કણબીઓનો હતો. પીર કબીરૂદ્દીન સાહેબની નઝર તેમના ઉપર પડી એટલે તેમને સમજાવ્યા કે, "આટલી લાંબી સફર ખેડવા કરતાં તમોને અહીંયાજ કાશી વિગેરેના દેવસ્થાનોના દર્શન કરાવું તો શું ખોટું ?" આથી તેઓ સઘળા કબૂલ થયા અને આપે કાશી વગેરેના દર્શન ત્યાંજ કરાવ્યા. લોકો આવો ચમત્કાર જોઇ અજાયબ થયા. અને વળી તેમના અસરકારક ઉપદેશથી સંઘના બધા લોકો આકર્ષાઇ મુસલમાન થયા અને તેઓ મુમના (મોમિન) કહેવાયા.

"તારિખૂલ અવલીયા" નામના ઇતિહાસમાં છે કે :– "હ૦ સૈયદ કબીરૂદ્દીન હસન (કદ૦) બુખારામાંના બુઝુર્ગ સૈયદોમાંના એક

મશહુર બુઝુર્ગ થઇ ગએલ છે. હ૦ મખદુમ જહાનીયાના ખાનદાનથી તેઓ ફયઝ હાસિલ કરી ઉંચા મરતબે પહોંચ્યા હતા. હ૦ શેખ નંસીરૂદ્દીન ચિરાગ દેહલ્વીથી પણ આપે ફયઝ હાસિલ કરેલ છે." હ૦ નસીરૂદ્દીન ચિરાગ દેહલવી હ૦ શેખ નિઝામુદ્દીન અવલીયા (રહ૦) કે જે દેહલીમાં મશહુર બુઝુર્ગ થએલ છે તેમના જાનશીન–ખલીફા હતા.

ઉપરના મહાન બુઝુર્ગો સુન્ની પંથના પયરવો હતા, અને મઝકુર બુઝુર્ગોથી ફયઝ પામેલ હ૦ પીર સૈયદ કબીરૂદ્દીન (રેહ૦) પણ સુન્ની પંથનાજ અનુયાયી હતા, તે તેનાથી સાબીતી મળી આવે છે. એમની વય ૧૬૦ વરસની હતી. વફાત સને હી૦ ૮૯૬માં થઇ અને એમનો મકબરો પંજાબમાં આવેલા ભાવલપૂર રાજ્યના ઉંચ ગામમાં આવેલ છે.

## ઇસ્લામના ખરા માર્ગે

હ૦ પીર કબીરૂદ્દીન સાહેબે મોમિન કોમને ઇસ્લામથી મુશર્રફ કર્યા; પરંતુ ખરી રીતે તે વખ્તે તેઓ ફકત નામનાજ મુસલમાન થએલ અને ઘણા ખરા રિવાજોનો તેઓમાં હિંદુ ધર્મનાજ પળાતા હતા.

પીર કબીરૂદ્દીન પછી તેમની બીજી પેઢીએ થએલ હ૦ સૈયદ મશાયખ સાહબ જેઓ "મોટા મશાયખ" ના નામે મશહુર છે, તેઓ મોમિન કોમને ખોટા રિવાજો અને હિંદુ રાહ રસ્મો પડતી મુકવાનો બોધ કર્યો અને આપના બોધથી મોટો ભાગ ઇસ્લામના ખરા માર્ગ તરફ દોરાયો. મોટા મશાયખ સાહેબ લાહોરથી ગુજરાતમાં કડી મુકામે વસવાટ કર્યો હતો અને ત્યાં મુમનોનો પણ વસવાટ થવાથી તેનું "મુમનપુરા" નામ રખાયું હતું અને અત્યારે પણ તે જગ્યા મુમનપુરાના નામથીજ ઓળખાય છે.

થોડાક વખત બાદ, કેટલાક જુનવાણી વિરોધીઓ કે જેઓ નમાઝ, રોઝા અને મસ્જીદોથી ભડકતા હતા, તેઓ તરફથી હ૦

સૈયદ પીર (મોટા) મશાયખ (રેહ૦)ની અમુક સતામણીઓ થવાથી તેઓ પોતાના બેટા હ૦ રહેમતુલ્લાહ સાહેબને કડીમાં મુકી લાહોર તરફ જતાં રસ્તામાં જુની દીલ્લીમાં વફાત પામ્યા અને ત્યાંજ આપને દફન કરવામાં આવ્યા હતા. આપ શહેનશાહ અકબરના સમયમાં થયા હતા.

## હ૦ સૈયદ પીર મશાયખનો સમય

મોટા મશાયખ (રેહ૦) ની પાંચમી પેઢી પછી થએલ હ૦ સૈયદ પીર મશાયખ ચિશ્તી (રેહ૦) કે, જેઓ મોમિન કોમને ઇસ્લામનો ચોકખો બોધ આપેલ છે અને દીનના ખરા માર્ગ તરફ વાળવા બહુજ જેહમત ઉપાડી છે અને સખત મેહનત લઇ ઇસ્લામના ચોકખા અહકામની કિતાબો લખી આપી છે, તે મહાન અવલીયા અને બુઝુર્ગનો જન્મ તા. ૧૩મી માહે રબીઉલ આખિર સને હિજરી ૧૦૬૦માં ગુજરાતમાં કડી કસ્બા પાસે આવેલ જંત્રાલ ગામમાં બાદશાહ ઔરંગઝેબ–આલમગીરના સમયમાં થયો હતો. એ વખતે હિંદુ-ઓની હોળીનો તેહવાર પણ હતો. નવ વરસની ન્હાની વયે આપના વાલિદે બુઝુર્ગવાર હ૦ સૈયદ ફાઝિલશાહ (રેહ૦) સાહેબ આ નાપાએદાર–ફાની દુન્યાથી રેહલત ફરમાવ્યા, અને હ૦ સય્યદ પીર મશાયખ (રેહ૦)ને યતીમીનું પારાવાર દુઃખ સહન કરવું પડયું. આપની પરવરીશ કડીમાં મોમિનપુરા મુકામે થઇ હતી અને તે પછી અમદાવાદ જઇ સારંગપુર દરવાજા બહાર જુનાં ચાર ટોડા નજદીક કાયમ માટે મુકામ કરી રહયા હતા.

## મોમિન કોમની હાલત.

મોમિન કોમ કે જેને આપના વડવાઓએ ઇસ્લામ ધર્મ તરફ વાળી હતી; પરંતુ આસપાસની અજ્ઞાનતા અને જેહાલત ભર્યા વાતાવરણના લીધે તેમજ દીની તાઅલીમની બ્હેવારૂ ઇશાઅત અને મોમિન કોમની સમજમાં આવે એવા દીની સાહિત્ય–કિતાબોની ખોટના લીધે ઇસ્લામી રાહરસમ અને ખુદા અને

રસુલ (સલ૦)ના એહકામથી ઘણી છેટે પડી ગઇ હતી. કુફર પણાની અને ગેર મઝહબીઓની લાલચો અને લાગવગોથી આડા માર્ગે દોરાવા લાગી હતી અને કુફરપણાની અનેક રાહ રસ્મોએ પગ પેસારો કર્યો હતો અને ઇસ્લામના થોડા ઘણા રહેલા અંશો પણ દિવસે દિવસે નાબૂદ થતા ચાલ્યા હતા. મોમિન કોમની આવી કફોડી અને ગુમરાહીભરી હાલત જોઇ હ૦ સૈયદ પીર મશાયખ ચિશ્તી રેહ૦ ને બહુજ લાગી આવ્યું અને તેને ઇસ્લામના ખરા માર્ગની હિદાયત કરવા અને ગુમરાહી ભર્યા માર્ગોથી બચાવી રાહે રાસ્ત તરફ વાળવાની આપને ત્રીવ ઇચ્છા થઇ :—

કે જીવને હો કેરા નાંહિરે ઉમ્મેદા,
જે મુરીદ કેહલાતે વે કાફિરોંકા ભેદા.
જો કરમ રે કરે આપ રે ઇલાહી,
તો કાફિરોં કે કુફરસુ હોવે રે જુદાહી.
કીતનેક દિન એ ફિકર રે રહી,
અપને રે જીવ બના કીસે કહી ના ગહી.
ઈલાહી નામ સુજે બુઝરૂગ દીતા,
"મશાયખ" નામસુ સુજે બંદા કીતા.
કે નામકીરે શરમ હય તુજસુરે રેહના
"મશાયખ" નામ સુજે સહીકર કેહના.
દોસ્તી અપને નબીજી હો કેરી,
શરમ તુ રાખે ખાલિક રે મેરી.

(હ૦ પીર મશાયખ–કીતાબ–નુરનામા)

## આપનું ઇલ્મ હાસિલ કરવું.

"તઝકેરતુલ અવલીયા" નામની કિતાબમાં હ૦ પીર મશાયખ (રેહ૦) વિષે હકીકત આવેલ છે કેઃ–"હ૦ સૈયદ પીર મશાયખ ચિશ્તી (રેહ૦) જિન્કે વાલિદે બુઝુર્ગવારકા નામ હ૦ સૈયદ ફાઝિલશાહ થા. આપકા ખાનદાની સિલસિલા હ૦ ઇમામ જાફરે સાદિકકે

ફરઝંદ હ૦ ઇમામ ઇસ્માઇલસે મિલતા હય. ઔર આપકા ખિલાફતકા સિલસિલા હ૦ શેખ ફરીદુદ્દીન ગંજે શકર (રેહ૦) તક પ્હોંચતા હય.

આપકી વિલાદત મુકામ જંતરાલ જો પટનકે કરીબ એક ગાંવ હય, ઉસ્મેં તા. ૧૩ માહે રબીઉલ આખિર સન ૧૦૬૦ હિજરીકો હુઇ. પરવરીશ કડી (કસ્બે) મેં પાઇ ઔર આખિર ઉમ્રમેં અહમદાબાદ તશરીફ લાએ.

જબ આપકી ઉમ્ર નવ સાલકી હુઇ, આપકે કિબ્લા વાલિદ સાહબકા વિસાલ હો ગયા. હ૦ પીર મશાયખ યતીમ હો ગએ. મુફારેકતે પીદરી શાક હુઇ. કિબ્લા મરહુમકે હઝારોં મુરીદ ઉન્કો માનતેથે લેકિન ઉન્મેં કુફ્રકા અંધેરા છાયા હુવા થા. આપ બીસ સાલ તક ઇલ્મકી તેહસીલસે મહરૂમ રહે. ચિરાગે હિદાયતકી રોશનીકી ઝુરૂરત થી, મુરીદોંકા હાલ દેખકર આપકો બહોત ફિક્ર હુઇ. ઇસ ફિક્રને કુછ અયસી તાસીર પયદા કી કે, હ૦ મશાયખ સાહબ રબ્બુલ ઇઝ્ઝતકી જનાબમેં આરઝુમંદ હુએ કે, " મેરી લાજ ઔર ઇઝ્ઝત તેરે દસ્તે કુદરતમેં હય, તુ મુજહે નવાઝ, મંય કયા કર સકતા હું જબતક તેરી રહમત ન હો." સચ હયઃ—

ઉસે ફઝલ કરતે નહીં લગતી બાર,
ન હો ઉસ્સે માયૂસ ઉમ્મીદવાર.

એક રોઝ ખાબમેં દેખા કે, રહમતે ઇલાહી નાઝિલ હુઇ ઔર હ૦ રસુલે અકરમ (સલ૦)કો દેખે કે, અપના લબે મુબારક મેરે લબસે લગા રહે હંય.

હ૦ પીર મશાયખ સાહબ ફરમાતે હંય કે, મંય યકાયક બેદાર હુઆ ઔર ઉસી વકત અપને મુરીદોંકો રાહે રાસ્તપર લાનેકે લીએ મુજહે તસનીફાતમેં માદ્દા હસિલ હુઆ. તેહસીલે ઉલુમ ફરમાને લગે, થોડેહી અરસેમેં આપને ઝુરૂરત કે મુવાફિક ઇલ્મ હાસિલ કર લીયા, ઔર બહોતસી કિતાબેં ઝુરૂરત

કે લિહાઝસે ગુજરાતી હુરૂફમેં ઔર પુરાની ઉર્દુ ઝબાનમેં લીખ્ખીં."

આપની વિસ વરસની વય થઇ ગઇ હતી, છતાં અગવડોના લીધે મઝકુર વય સુધીમાં પણ આપને ઇલ્મ હાસીલ કરવ નો કોઇ મવકો મળ્યો નહિ. દીની ઇશાઅતનો આપને પુરે પૂરો ખ્યાલ પયદા થયો હતો એથી આપે તઅલીમ લેવાનું શરૂ કીધું પણ વય વધુ થઇ જવાથી ઝબાન વળવામાં અડચણ આવવા લાગી. અંતે બારગાહે રબ્બુલ આલમીનમાં ઘણી આજિઝી અને ઇન્કેસારીથી દુઆ માંગતા કહયું કે-"અય ખુદાવંદે કારસાઝ ! તુ મુજ નાચીઝ ઉપર પોતાના લુત્ફો કરમની એક નઝર કર અને તારા હબીબ હઝરત મોહંમદ મુસ્તફા (સલ૦)ની તુફેલથી મારા "મશાયખ" જેવા નામની શરમ રાખ અને મારી નેક ઉમ્મીદને સફળ કર." આપની દુઆ કુબુલ થઇ અને અલ્લાહ તઆલાના ફઝલથી આપને હ૦ મોહંમદ (સલ૦)નો દીદાર થયો અને નેક બશારત મળી. આપ તાઅલીમ લેવા લાગ્યા અને થોડાજ વખતમાં આપને એવી પુરતી તા'લીમ હાસિલ થઇ ગઇ કે જેથી દીની ઇલ્મની આપને બહુજ વકફીયત થઇ ગઇ. આપની ઇલમીઅત બાબત આપ આપની લખેલ નુરનામા નામની કિતાબમાં લખે છે કે :—

તો દેખોને રે કયસા મુજે ઇલ્મ હય દીતા<br>
કે જયસે રે નામસુ મુજે 'મશાયખ' કીતા.

ઉસકી રે નીશાની તમે દેખો રે નયના,<br>
ઝાહિરકુ કયા કુછ લિખકર રે કેહના.

બદ્દીન દીન કાજ મુજ પાસ આવે,<br>
અને અકીદા ઢુંડનેકુ સહીકર લાવે,

તો કરમ રે અલ્લાહસુ ફુફ્ર ઉસકા જાવે,<br>
અને દીન કેરી રાહા વે સહી રે પાવે.

પિછે હોવે શરાવક હિન્દુ કે મેહશરિ,
કે હોવે રે મુનાફિક ટોળી મુમનો કેરી,
કે હોવે ઉસે મળીયા દીનકા ચોરા,
તો કુફરભી ઉસકા તોડું રે ન્હોતેરા.
શીયા મઝહબકા જો કદી રે આવે,
તો સુન્ની હો કેરી રાહા વે પાવે,
ઇતનીરે સમજન હય મુજ માંહાં,
વે નબીજીકી દોસ્તી, મુજસુ રે નાંહા.
જો જમીઅત દેવે સુરીજન મેરા,
તો ઉસકે કરમસું કહું મંય ન્હોતેરા.

## ઇર્ષાખોરોની વિરૂધ્ધતા અને કિતાબોની શરૂઆત

મતલબકે, દીની ઇલમ આપે બહુજ સરી રીતે હાસીલ કર્યું અને મોમિન કોમની હિદાયત સારૂં સને ૧૦૯૪ હીજરીમાં એટલે આપની ૩૪ વરસની વય થતાં શરૂઆતમાં આપ ન્હાની ન્હાની કિતાબો લખવી શરૂ કરી દીધી. કેટલાક દુન્યા પરસ્ત–માલ સમેટનારા કહેવાતા પીરો અને સય્યદો પોતાની આવક ઉપર કાપ પડતો જોઇ આપની વિરૂધ્ધતા કરવા લાગ્યા અને મોમિન મુરીદોમાં પણ એવી ખોટી હકીકતો ફેલાવવા લાગ્યા કે જેથી લોકો આપથી નારાઝ થઇ તેમની હક વાતને કબુલ કરે નહિ. આથી આપે શરૂઆતમાં "પીર કેવો જોઇએ" તેમજ "કામીલ પીર અને તેની તાબેદારીના બયાનોની "સીડીઓ" ની કિતાબ એટલે શરૂઆતની કિતાબ લખી, કે જેથી મોમિન કોમ કામીલ દીનદાર પીરને ઓળખે અને તેવા પીર તરફ આકર્ષાય અને મોહબ્બત થાય કે જેથી તેમને ઇસ્લામના સાચા માર્ગ તરફ દોરવી શકાય. "સીડીઓ"ની કિતાબ પછી આપે જઇન ધર્મના રદમાં "હાદી ધર્મ"ના નામે કિતાબ લખી. તેમજ "ન્હાનું નુરનામુ" "ન્હાનું મેઅરાજનામુ" અને "તરીકતી" કિતાબો લખી.

## મુસીબતોમાં વધારો અને કસોટી

આપના પ્રમાણીક બોધથી મોમિન કોમમાંના મોટા ભાગની ચાહત દિવસે દિવસે આપ તરફ વધતી ગઇ અને આપના બોધને બહુજ હેત-મોહબ્બતથી સાંભળવા લાગ્યા. લોકોની લાગણી જોઇ આપની હિમ્મત વધી અને ખુદાનું નામ લઇ સિલ સિલાવાર એક મોટું દીવાન (કે જે ૧૩ ફસલોમાં પુરૂં થએલ છે તે) લખવાનો ઇરાદો કીધો અને તેની શરૂઆત તરીકે આપે તેની પેહલી ફસલ " નુરનામા " નામની કિતાબ સને ૧૦૯૪માં એટલે આપની ૩૪ વરસની વયે લખવી શરૂ કીધી. આપે મઝકુર કિતાબની શરૂઆત ખુદાની સીફત અને હ૦ રસુલુલ્લાહ (સલ૦)ના નુરની તારીફ સાથે નીચે મુજબ બયાન કીધી :—

**"સીફત રે સુબ્હાનકી પેહલી હય કરની,**
**નબી નુર તારીફ સાથ મન ધરની."**

હ૦ પીર મશાયખ ચિશ્તી (રેહ૦) એ "નુરનામા" નામની પ્રથમ કિતાબની શરૂઆતની ૩૦ ગઝલો સુધીનું લખાણ પુરૂં કરવા સાથેજ આપનો કસોટીનો કાળ આવ્યો અને હક વાતના વેરી અને ધમના નામે ધુતી ખાનારા દીનના દુશ્મનો તરફની સતામણી અને મુસીબતોના લીધે લગભગ પાંચ વરસ સુધી હ૦ પીર મશાયખ ચિશ્તી (રેહ૦) કિતાબો લખી શકયા નહીં. આપને બેહદ મુસીબતોનો મુકાબલો કરવો પડયો. મઝકુર સખ્તીનું વર્ણન આપે તેજ "નુરનામા" નામની કિતાબમાં આગળ જતાં નીચે મુજબ કરેલ છે :—

**સુનો યુસુફ નબીકી સખ્તી હો જેસી,**
**વે દેખ સમજો, થી મુજકુભી વેસી**
**પણ દો રે નિશાની ઓછી ઓનુસુરે જાનો,**
**બોત બરસું સખ્તી, દુજા બિકા નારે માનો.**
**એ દો નિશાની મુજસુ રહી અનેરી,**
**હુઈ અવર સખ્તી યુસુફ નબીરે કેરી.**
**મુસીબત લિખની બહોત કામજ નાંહા,**
**સોચો પટોતરા યુસુફ નબી મન માંહા.**

એટલે આપને હ૦ યુસુફ પયગમ્બર (સલ૦)ની જેમ અ-સહ્ય મુસીબતો સહન કરવી પડી હતી. આપ લખે છે કે- હ૦ યુસુફ અલયહિસ્સલામ અને મારી મુસીબતોમાં ફકત બેજ વાતોનો ફરક રહયો હતો. એક તો હ૦ યુસુફ અલૈ૦ ઉપર વધુ વરસ મુસીબતો રહી અને બીજું તેમને મીસરના બાઝારમાં એક ગુલામની જેમ વેચાવું પડયું હતું; ત્યારે મજકુર બે વાતોની મારા દુઃખોમાં કમી રહી ગઇ હતી, બાકી તો બધી મુસીબતોનો ભોગ મ્હારે પણ બનવું પડયું હતું.

## કહેવાતા ઇમામો અને પીરોની અદેખાઈ.

કેટલાક ડોળઘાલુ માલ સમેટનારા અને ધર્મ ઢોંગી કહેવાતા ઈમામો અને પીરો કે જેઓ હઝારો અજ્ઞાનો અને ભોળાઓને તરેહવાર રીતે છેતરી મોક્ષ માર્ગના નામે નર્કાગાર તરફ ખેંચી રહ્યા હતા અને પોતાનો ગુપ્તી ધર્મ બતાવી હક વાતથી વેગળા રાખી છુપી રીતે શર્મભર્યાં કામોના ભોગ અજ્ઞાનોને બનાવી પોતે મોજ-મજાહ કરતા હતા, તેમને હ૦ પીર મશાયખ ચિશ્તી (રેહ૦)નો ખુલ્લો અને સાફ સાફ ઇસલામી અહકામ બતાવનારો બોધ બેહદ ખુંચવા લાગ્યો, અને તેથી પોતાનું ધાર્મિક ઢોંગીપણું ઉઘાડું પડી જવાની દેહશતથી કોઇ પણ રીતે આપને નુકસાન પહોંચાડવા આકાશ પાતાળ એક કરવા લાગ્યા અને જાત જાતના તોહમતો આપ ઉપર લગાડવા લાગ્યા. મઝકુર હકીકત વિષે હ૦ પીર મશાયખ (રેહ૦) ગઝવાત નામની કિતાબમાં લખે છે કે:—

તમો બડાઈ આપસકી હો રે ચાહતે,
અને અવરૂંકે ઉપર હસદ હો લાતે.
તમે અયસે તો ગુમાની હો રે સુનાતે,
અબ હમકો જુવાબ તમે કયું ના બતાતે
કામીલોંકે માંહા કયું હો આપકો ગણાતે,
હો આપસકી ટોલી કર ફરેબ બંધાતે.
અબ ઓનું માંહી તમારા કયા નામ ધરાતે
અને અવરૂંકી ટોલીકુ ભાન હો ડલાતે.

તો દગાબાઝ દોઝખી સહી તમે કહે જાતે
કે દુન્યાકે ખાતિર હો મકકર મિલાતે.
તો શયતાન તહકીક ન જાવે રે તમારા,
કે હમારે દીનકુ હય અલ્લાહકા આધારા.

(હ૦ પીરમશાયખ કી૦ નુરનામા)

બીજા અદેખાઓ અને ઇર્ષાળુઓ સાથે આપના કુટુમ્બીયો પણ હ૦ પીર મશાયખ (રેહ૦)ની બિનસ્વાર્થી તબ્લીગથી પોતાની આવકો ઉપર કાપ પડતો જોઇ ખળભળી ઉઠયા હતા અને તરેહવાર રિતે સતામણીઓ કરી ઇશાઅતે ઇસ્લામના કામમાં હરકતો નાંખવા કાંઇ ઓછો ભાગ ભજવ્યો ન્હોતો; પરંતુ આપની સ્વાર્થ વગરની ખાલિસ નિય્યતના લીધે દિવસે દિવસે આપ તરફ લોકોનો મોટો સમુહ આકર્ષાઇ આપના સાથે થઇ ગયો અને અદેખાઓ ધુળ ચાટતાજ રહી ગયા.

## "દીવાને મશાયખ" તેર ફસલોમાં.

લગભગ પાંચ વરસ સુધી મઝકુર મુસીબતોના ઘેરામાં આપને બેહદ ખમવું પડયું, આખરે ખુદાના દીનનો ખુદાજ મદદગાર હોવાથી તે મુસીબતો ઓછી થઇ અને આપે ફરી સને હીજરી ૧૦૯૯ ના જમાદીઉલ અવ્વલ માસની તારીખ ૨૦મીના રોઝથી કિતાબો લખવાનું શરૂ કીધું. ૨૩૫૮ ગઝલોનું નીચે પ્રમાણે ૧૩ ફસલોમાં એક આખું "દીવાને મશાયખ" ત્રણ વરસની ટુંક મુદ્દતમાં ખુદાના ફઝલો કરમથી આપ સાહબે પુરૂં કર્યું હતું.

## તેર ફસલોની મુખ્તસર હકીકત.

### નુરનામા (ફસલ પહેલી)

જેમાં ખુદાની હમ્દ અને વહદાનીયત બયાન કરેલી છે, તેમજ પયગમ્બર હઝરત મોહંમદ મુસ્તફા (સલ૦) ના નુરની હકીકત, પયદાઇશનું બયાન અને તે ઉપરાંત બીજા મહાન પયગમ્બરોનો એહવાલ બહુજ ખુલાસાથી આવેલ છે. હ૦ પીર મશાયખ (રહ૦)એ પોતાની ઝીંદગીનો કેટલોક એહવાલ પણ એમાં લખ્યો છે.

## મેઅરાજનામા (ફસલ બીજી)

હ૦ રસુલે અકરમ (સલ૦)ને અલ્લાહ તઆલાએ પોતાના પાસે આસમાન ઉપર તેડાવ્યા તેનું બહુજ વિગત સાથે બયાન લખેલ છે. તે સાથે જન્નત, દોઝખ, સાતે આસમાનનું બયાન ફરિસ્તાઓ તેમજ અર્શની હકીકત બહુજ ખુબી સાથે વર્ણવી છે. વળી અર્શની મોટાઇનું બયાન અને તેમાંની અસંખ્ય મખલુક કે જે હ૦ પયગમ્બર (સલ૦) ના અસહાબો પ્રત્યે દુશ્મની ધરાવનારાઓ ઉપર લાનત વરસાવે છે તે હકીકત ઇબ્રત કરાવનારી છે, સબક હાસિલ કરી અસહાબોની દુશમનીથી દૂર રહેવાની ઉમદા નસીહતો કરેલ છે. અલ્લાહ તઆલા સાથે ખાતિમુન નબી હ૦ રસુલે અકરમ (સલ૦) ની થએલ વાતો, ઉમ્મતની બક્ષીશ માટે આજિઝી, ઉમ્મત માટે નમાઝ રોઝાની ખુદા તરફથી મળેલ ન્યામતો, બીજા પયગમ્બરોની ઉમ્મતો કરતાં આખેરૂઝ ઝમાન પયગમ્બરની ઉમ્મતની ફઝીલત તેમજ હ૦ રસુલે અકરમ (સલ૦)એ મકકા મુકી મદીને હિજરત કીધી વિગેરે હકીકત બહુજ ખુલાસાથી બયાન થએલ છે.

## ગઝવાત (ફસલ ત્રીજી)

ઇસ્લામની શરૂઆતમાં હ૦ પયગમ્બર (સલ૦) અને સહાબા (રદી૦) સામે કુફ્ફારોએ ચઢાઇઓ કરી કેવી પજવણીઓ કરી છે, ઇસ્લામની ઇશાઅતને રોકવા કેવી સખત અટકાયતો ઉભી કરી હતી અને તેમના સામે તે મુઠ્ઠીભર અલ્લાહવાળાઓએ–મુસલમાનોએ કેવા કેવા દુઃખ–તકલીફો ઉપાડી પોતાના જાન માલ, બાળ બચ્ચાંઓ, ઘરબાર વિગેરેની પરવાહ ન કરતાં દીન માટે કેવા શુરા બની વીરતા અને દ્રઢતા સાથે દુશ્મનોથી મુકાબલો કર્યો છે તે બધું વર્ણન બદર, ઓહોદ, એહજાબ, બનુ કુરેઝા, બનુ મુસ્તલિક, ખયબર, ફતેહ મકકા, હુનૈન અને તાએફ વીગેરે મશહુર લડાઇઓના એહવાલ સાથે આમાં લખાએલ છે.

## ગીરદીયહ (ફસલ ચોથી)

જેમાં હ૦ રસુલે અકરમ (સલ૦)ના ખસાએલ, આપ (સલ૦)ની ઝીંદગીના ઉમ્મત માટે સબક લેવા લાયક કાર્યો, રિતભાત, આપની માયાળુ તબીયત, લોકોથી હળવું મળવું, બીજાઓ સાથેનું આપનું વર્તન, તે ઉપરાંત આપ (સ૦) ની બીબીઓ-ઉમ્મુલ મોમિનીનનો એહવાલ તેમજ તેમની ઔલાદ અને તેમના નિકાહ કોનાથી થયા, આપના હુલીયા મુબારકનું વર્ણન વિગરે હકીકતો બહુજ વિગતવાર લખેલ છે.

## મો'જિઝાત (ફસલ પાંચમી)

કુફફારોને રાહે રાસ્તની હિદાયત માટે હ૦ પયગમબર (સલ૦)એ ઘણા મો'જિઝાઓ-ચમતકારો બતાવ્યા હતા, તેનું વર્ણન આ કિતાબમાં આવેલ છે. ખાસ કરીને કુર્આને મજીદનો મો'જિઝો, શકકુલ કમર, બેનમાઝીથી ઉંટનું ન્હાસવું, આપ (સલ૦)ના બોધની ડુંગર પર થએલ અસર, મેઅરાજની શાહેદી, અબુ જેહેલના બેટાનું ન્હાસવું અને તેણે જોએલ મો'જિઝા અસરકારક છે. વળી તેમાં હ૦ પીર મશાયખ (રેહ૦)નો દખ્ખન તરફ જવાનો અને ત્યાં આલમગીર-ઔરંઝેબ બાદ-શાહના લશકર સાથે ગોળકોંડા અને બીજાપુર જઇ તેમની ફતેહ માટે ખુદા તઆલાથી દુઆ કરવાનો અને તેથી ફતેહ થવાનો એહવાલ પણ આમાં છે. ડોળઘાલુ અને મુનાફિકોને તેમાં બહુજ સરસ ચાબકા લગાવ્યા છે.

## વિસાલનામા (ફસલ છઠ્ઠી)

જેમાં હ૦ પયગમ્બર (સલ૦)ની આખિરી બિમારી અને વફાતનો એહવાલ તેમજ વફાત વખ્તે આપની ઉમ્મતની યાદ તેમજ હ૦ અબુબકર સિદ્દીક (રદી૦)ને પોતાની જગ્યાએ ઇમામત કરવાનું ફરમાવ્યું, હ૦ અબુબકર સિદ્દીક (રદી૦)ની ફઝીલત. હ૦ પયગમબર (સલ૦)ની વફાતની ખબરથી અસ-હાબોની થએલ હાલત. આપ [સલ૦]ના કફન દફન તેમજ

કબ્રની હકીકત, ઉપરાંત આપ [સ૦]ના જાંનીસારો, કાતીબો, ગુલામો, સગા સનેહીઓ તેમજ દરૂદ શરીફ પઢવાની ફઝીલત વીગેરેના બયાનો બહુજ ખુલાસાથી લખેલ છે.

### ખુલફાએ રાશેદીન (ફસલ સાતમી)

જેમાં ચારે બુઝુર્ગ ખલીફાઓ હ૦ અબુબકર સિદ્દીક [રદી૦], હ૦ ઉમર ઇબ્નુલ ખત્તાબ (રદી૦), હ૦ ઉસમાન બિન નુરૈન [રદી૦] અને હ૦ અલી (રદી૦)ની ફઝીલત, તેમની ખિલાફતની હકીકત, તેમના પ્રત્યે મોહબ્બત રાખવાની તા'કીદ અને તેમના દુશ્મનોનો અંજામ, આપની કરામતો ઉપરાંત શીયાઓને કેટલીક નસીહત અને સુન્ની મઝહબની ફઝીલત વિગેરે હકીકત મનન કરવા લાયક લખાએલ છે.

### મકતુલનામા જીલ્દ પેહલી (ફસલ આઠમી)

હ૦ રસુલે અકરમ (સલ૦)ના નવાસા હ૦ ઇમામ હસન (રદી૦) તથા હ૦ ઇમામ હુસૈન (રદી૦) તેમજ આપના સાથવાળાઓ અને ઘરવાળાઓ ઉપર ગુઝરેલી મુસીબતોનો એહવલ એમાં લખાયો છે. શરૂઆતમાં હ૦ ફાતેમા (રદી.)ની વફાતનું બયાન છે. બાદ હ૦ પીર મશાયખ (રેહ૦)એ મકતુલનામાના દીબાચાની જેમ આપે ખુલાસો લખતાં બતાવ્યું છે કે કેટલાક બેદીન રાફઝી અહીં ઘણા ફરેબ કરી ઇમામોને ખુદાના દરજે બતાવે છે તેમજ એ સબ્બીની વાતો સીખવે છે તો તેઓના ફરેબથી બચવાની આપે ઘણી ખુલાસાથી સમજ આપી છે. હ૦ ઇમામ હસન (રદી૦)ને યઝીદે ઝેહરથી શહીદ કરાવ્યા અને બાદ હ૦ ઇમામ હુસેન (રદી૦) અને તેમની એહલ કરબલામાં ઘેરાયા અને તેમના ઉપર અસહય ઝુલ્મ થયો તેની હકીકત વિગતથી લખી છે.

### મકતુલનામા જીલ્દ બીજી (ફસલ નવમી)

કરબલામાં યઝીદીઓ સાથે હ૦ ઇમામ હુસેન (રદી૦) અને તેમના સાથીઓનો મુકાબલો. દુશ્મનોએ આપનો રસ્તો રોકી

ખાવા પીવાથી અટકાવ્યા. થોડાક હક પરસ્તો ઉપર હઝારો દુશ્મનોના હુમલા. હક વાત ઉપર દ્રઢ રહેવું, ઘરવાળાઓ અને બાળ બચ્ચાંઓને સબ્રની આપેલ તાલીમ, ઝોરથી રડવા કુટવાની કરેલ મના. અને છેવટે આપ અને આપના ફરઝંદો, ભાઇઓ તેમજ સાથીઓએ હક ઉપર કાયમ રહી પોતાની આપેલ કુરબાની, બલ્કે હ૦ ઇમામ હુસેન (રદી૦)નું શહાદતના વખ્ત પણ નમાઝન ન ભુલવું અને ખુદાની યાદ સાથે કુરબાન કરેલો પોતાનો જીવ તેમજ તેમની એહલ ઉપર બાદમાં ગુઝરેલી મુસીબતે નો એહવાલ બહુ ખુલાસાથી લખેલ છે. તે ઉપરાંત શિયાઓ બાર ઇમામ અને ચૌદ માસુમ ગણવામાં ખોટા માર્ગે દોરાએલા છે તે બાબત હકીકત આવેલ છે. હ૦ પીર મશાયખ (રેહ૦)એ છેવટે પોતાનું પીર પેઢીનામું તથા નસબનામું આપેલ છે.

## ઈમાન જીલ્દ પહેલી (ફસલ દસમી)

આમાં હ૦ રસુલુલ્લાહ (સલ૦)ની હદીસો લખાએલ છે. શરૂઆતમાં મોમિન કોમને ઇસ્લામ અને કુફરની સમજ બતાવેલ છે. મુસલમાન બધા આપસમાં ભાઇઓ છે અને ખરી સગાઇ દીનનીજ છે. કાફિર સગો રહી શકતો નથી અને શરૂઆતમાં મોમિન કોમની હાલત પણ તેવીજ હતી, તેઓ મુસલમાન થયા એટલે તેમના કાફિર સગા બધા દુર થઇ ગયા હતા. હ૦ પીર મશાયખે મોમિનોને પોતાના દીનના ભાઇઓ કહી સંબોધ્યા છે. તે ઉપરાંત ઇમાનની હકીકત આપે બહુ સારી રીતે સમજાવી છે. વળી પીર શા માટે કરવા તેની પણ હકીકત બહુ ખુલાસાથી લખેલ છે. કાફિર અને મુનાફિકોથી દુર રહેવાની બહુજ તાકીદ કરેલ છે. અલ્લાહપર, ફરિસ્તાઓપર, આસમાની કિતાબોપર, પયગમ્બરોપર અને કિયામતપર ઇમાન લાવવાના અને કબીરા ગુનાહોથી બચવાની તાકીદ વીગેરેના બયાનો બહુજ સમજવા લાયક છે.

## ઈમાન જીલ્દ બીજી (ફસલ અગ્યારમી)

આમાં પણ હ૦ પયગમ્બર (સલ૦)ની હદીસોના બયાનો છે. શયતાનના ફરેબથી બચવા, વીયાજ, અને શરાબથી દુર રહેવા

તેમજ વેશધારી રાહબરોના ધોકામાં ન આવવાની ઉમદા તાઅલીમ છે. ખુદાની વાહદાનીયત અને મૌતની હકીકતના બયાન બહુજ સારી રીતે સમજાવ્યા છે, સુન્નતની પયરવી કરવાની તાકીદ અને બિદઅતોથી બચવાના બયાન, દીનદાર જમાઅત સાથે રહેવા અને જાહેલોની સંગતથી દુર રહેવાની તાકીદના બયાનો છે. હ૦ પીર મશાયખ (રેહ૦)એ મવકે મવકે મોમિન કોમને ગફલતમાં ન રહેવા અને ખુદા અને તેના રસુલ (સલ૦)ના ફરમાનો ઉપર અમલ કરવાની તેમજ ઇમાન મઝબુત રાખવા તથા દીન પાળવાથીજ નજાત થવાની બહુ સમજવા લાયક નસીહતો કરેલ છે.


## ઈબાદત જીલ્દ પેહલી (ફસલ બારમી)

હનફી મઝહબ અને બીજા મઝહબોનો ખુલાસો બહુ સારી રીતે લખેલ છે. ગુસલ, વુઝુ, તયમ્મુમ, અઝ‌ાન, નમાઝ, નમાઝના વખત, તેના ફર્ઝ વાજિબ સુન્નતો અને અદબ વિગેરે વિગતથી સમજાવ્યું છે. નમાઝ પઢવાની રીત, નમાઝ તોડનારી વસ્તુઓ, બીમારની નમાઝ, સફરમાં નમાઝ પઢવાની હકીકત, જુમ્આની નમાઝ, બન્ને ઇદોની નમાઝ, ગ્રહણ વખ્તે તેમજ વરસાદ વરસવા માટેની નમાઝ વિગેરે બયાનો બહુ ખુલાસાથી લખાયા છે.

## ઈબાદત જીલ્દ બીજી (ફસલ તેરમી)

આ કિતાબમાં ઇબાદતની પેહલી ફસલના બાકી અહકામ પુરા કીધાં છે. ઝકાત અને ફિતરાના મસલા બહુ વિગતથી સમજાવ્યા છે. રોઝાની ફર્ઝીઅત અને તેની કઝા વિગેરેની હકીકત, હજ અને તેની શર્તો તેમજ તેને અદા કરવાની રિત બહુ લંબાણથી લખેલ છે. નિકાહ માટે કઇ અવરતો હલાલ અને કઇ સગાઇના લીધે હરામ છે તેનું બયાન. નિકાહ કેવી રીતે તુટી જાય છે તેની સમજણ. મહેરની હકીકત. ઝિબ્હનું બયાન, હરામ હલાલની સમજણ તેમજ શિકારની બાબત બહુજ ઉમદગીથી અને વિગત સાથે લખેલ છે.

સૈ૦ પીર મશાયખ (૨૯૦) ની કિતાબ ' ગઝવાત ''ની જુની
હસ્ત લેખીત પ્રતનું એક પાનું



## આપની ઝિંદગીનું મહાન કાર્ય

મોમિન કોમની હિદાયત સારૂ આપે લખેલ કિતાબો જોતાં તે એક આપની ઝિંદગીનું મહાન કાર્ય ગણાય. મઝકુર કિતાબો લખવામાં આપે કેટલી મેહનત લીધી હશે અને કેટલી ઝેહમત વેઠી હશે તેની કદર તો કોઇ એવુંજ કામ કરનાર આલીમનેજ થઇ શકે. મઝકુર કિતાબો લખવામાં આપે મોટા ભાગે સહી બુખારી, મુસ્લિમ, ઇબ્ને માજા, મિશ્કાત, કંઝ, શરેવકાયા, મવાહેબે લદુન્નીયા ખુલાસતુસસિયર વિગેરે કિતાબોનો આધાર લીધો છે. મઝકુર પુરાવા આપે લખેલ કિતાબોમાંથી નિકળી આવે છે. આપે મઝકુર કિતાબોમાં સમાવેલો દીની ખઝાનો જોતાં, જાણે કુઝામાં દરીયો સમાવી દીધો હોય તેવું મહાન કામ આપે કર્યું છે. દીવાન પુરૂં કરતાં યાને ઇબાદતની ફસલની આખરમાં આપ લખે છે કે :—

જેતા જેતા ઝુરૂરીકા કામા રે તમે સુનો રે,
ઢુંઢ વે લિખા ઈસ ઠામા રે તમે સુનો રે.
મસલે સબ ના લખાએ રે તમે સુનો રે,
ઝરૂર થે લખે માંહે આયે રે તમે સુનો રે.
સબ કુભી લિખને જો ચાતા રે તમે સુનો રે,
લિખ લિખ ઉમર ગમાતા રે તમે સુનો રે.
તોભી ના છેહ સબ આતા રે તમે સુનો રે,
પિછે પઢાભી ના જાતા રે તમે સુનો રે.

યાને આપે ઝુરૂરી દીની બાબતોનો બની શકયો ત્યાં સુધી પુરતો સમાવેષ કરેલો છે. આપ પોતાની લખેલી કિતાબોની તા'રીફમાં લખે છે, કે જેવી રીતે હ૦ ઇમામ ગઝઝાલી (રેહ૦)એ પોતાની લખેલ કિતાબ એહીયા ઉલ ઉલુમ માટે લખ્યું છે કે "કદાચ દીની બધી કિતાબો દુન્યાથી નાબુદ થઇ જાય અને જો ફકત એહીયા ઉલ ઉલુમજ બાકી રહે તો પણ મુસલમાનો તેમાંથી જોઇતા ઝુરૂરી દીની અહકામ મેળવી શકશે અને ગુમરાહ થશે નહિ." એવીજ રીતે આ મ્હારી લખેલી કિતાબો પણ

સમજવી. આ કિતાબોથી પણ દીનની ઝુરૂરી બાબતો મેળવી ગુમરાહીથી બચી જશે. હ૦ પીર મશાયખ (રેહ૦) સાહેબ આપની કિતાબોને ધ્યાનથી અને તેનાથી દીન મેળવવાના ઇરાદેથી પઢનાર અને સાંભળનાર સંબંધી લખે છે કે :—

"સહી કૌલ દેતે હંય હમંના રે,
સુનતે પાક હોવે તેરા તંના રે.
તેરી મેહનત જાએ ના જાવે રે,
દાવે બના જો કાનુ સુનાવે રે"

(મોજિઝાત)

દીનકી હય અયસી બાતીરે, સુનો પાક હોતી હય જાતીરે.
મુરીદ જે કેહલાતા હૈ મેરારે, બેગે આવે સુનને સવેરારે.
સુનતે હોવેગી દાનાઈ રે, અકકલકુ હોવે રોશનાઇરે.
તો તુ છેતરા ના જાવેરે, દુરીજનું દગા ના પાવેરે.

(ઇમાન ફસલ)

## દીનની ઇશાઅતનો ઉત્સાહ

અલ્લાહ અને રસુલ (સલ૦)ના ફરમાન લોકો સુધી પ્હોંચે અને દીનની ઇશાઅત થાય તે માટેનો ઉત્સાહ આપની જવાન વંય થતાંજ પયદા થયો હતો. આપે દીની તાઅલીમ હાસિલ કીધી અને શરૂઆતની ન્હાની ન્હાની કિતાબો ઉપરાંત ૪૦ હઝાર બયતોનું દીવાનં ૧૩ ફસલોમાં ઇસ્લામી અહકામથી ભરપુર લખી નાખ્યું, તે દીની ઉત્સાહનુંજ પરિણામ હતું. આપના શરૂઆતના આ ઇરાદાઓજ તેની સાક્ષી પુરે છે.

યા ઇલાહી આલમીન કરમ તુ કીજે
તેરે રે બંદોમાં મુજકો ભી લીજે.
ખાતિમ નબીકા મંય ઉમ્મતી કેહલાઉં,
તવફિક તુ દીજે કે વયસી રે કમાઉં.
ઉમ્મીદ મેરા તુ પુરા રે કીજે.
દોઆ એ મેરી કબુલને લીજે.

(કી૦ નુરનામા. હ૦ મશાયખ.)

મોમિન કોમની હિદાયત સારૂ આપે "દીવાને મશાયખ" લખવાનું ઉપાડેલ સાહસ તે કાંઇ જેવું તેવું સાહસ ન હતું. તે દીની ખિદમત કરવાનું, પોતાની આકેબત ખયર થવાનું અને પોતાની પીરાઇનો હક અદા કરવાનું એક મોટામાં મોટું સાહસ હતું, બહુજ મુશકેલ કામ હતું; અને તેના માટે આપને કેવી ધગશ હતી, કેવો ઉત્સાહ હતો તેમજ મહાન કાર્ય પુરૂં થાય તે માટે અલ્લાહ પાસે આપની કેવી દુઆઓ અને આજિઝીયો હતી, તે નીચેના આપના લખેલા બયાનોથી સારી રીતે જણાઇ આવે છે :—

તુ બખ્શનહાર હય સાહિબ મેરા,
યા ઇલાહી આલમીન કર કરમ સવેરા.
સો દોસ્તી ખાતિમ નબીકી તેરી,
તુ બખ્શ ઈલાહી તકસીર મેરી.
યા ઈલાહી મેરા કર પુરા તુ ઉમ્મેદા,
પુરા "દીવાન" હોનેકા મેરા ઉમ્મેદકા ભેદા.
એ આજિઝ બંદા રબ એતા હૈ ચાહતા,
એ પુરા રે હોનેકા હય ઉમ્મેદ કરાતા.
મંય ચાહતા હું પુરા એ હોવે રે દીવાના
દુઆ કબુલને મેરી રબ તુ રહમાના
રબ દિલ ઈસ બંદેકા એતા હય ચાહવે,
કર તેરે રે કરમસુ પૂરા "દીવાન" લખાવે.
એ લિખના ગુજરીમાં મંય ચંત દીતા,
તુ કરને પુરા ઉમ્મેદ રે મીતા.
યા ઇલાહી તુ મુજકુ નેક તૌફીક દીજે,
તુ બંદે તે તેરૂંમાં હિસાબમાં લીજે.
સો ખાતિમ નબીકી ઉમ્મતી કાજા,
તુ રાખને ઇલાહી મેરી રે લાજા
કે આકેબત ખૈર હોવે રે મેરી,
સો દોસ્તી દીન નબી ખાતિમકી તેરી.

તુ ખાલિક મેરા સુરીજન હારા,
મંય આજિઝ હું બંદા તેરા રે બિચારા.
હય અયસા રે ઉમ્મેદા મુજે બંદોમાં ગણાહી.
સો દોસ્તી ખાતિમ નબીકી સાંહી.
સહી મોહમ્મદ મુસ્તફા હંય પયગમ્બર મેરા,
ઓનું દીનકી દોસ્તી કર કરમ સવેરા.

*  *  *

સુરીજનહારા તુ ખાલિક મેરા રે,
બહોત કરમ હય ચાવે સવેરા રે.
બંદા ઝઈફ હય તુજ પાસ ચાહવે રે,
ઉમ્મેદ પુરા તુ રબ કરાવે રે.
કરને કરમ તુ આપ રહમાના રે,
તુજસુ બંદા પાવે આસાના રે.
દોસ્તી સો ખાતિમ નબી કેરી રે,
તકસીર બખ્શ સાહબ મેરી રે.
ઉમ્મેદ પુરા તુ રબ કરાવે રે,
બંદા જે તુજ પાસ હય ચાહવે રે.
ઇતના ઉમ્મેદ પુરા તેં કીતા રે,
"દીવાન" મંય કુચ્છ હય લિખ લીતા રે,
ખુલાસતુસ સિયર કુછ હય લખાઈ રે.
તેરે નબીકી સો બુઝી બડાઈ રે,
એહવાલ ખાતિમ નબી કેરા રે,
વે મંય કુછકુછ લિખા સવેરા રે.
કરમ તેરેસુ હય એતા લિખાયા રે,
ઉમ્મેદ એતા તેં પુરા કરાયા રે.
ભી દિલ ઉમ્મેદ એતા હય ચાતા રે,
બંદા હય ઝઇફ આજિઝ જાતા રે.
"દીવાન" પુરા સબ એ લખાવે રે,
બીદદત કેરા બોલ ના આવે રે.

નુકસાન હોવે ના કુછ રાહા કેરા રે,
ઉમ્મેદ પુરા યું કર સવેરા રે.
નેક તૌફીક રબ તુ મુજે દીજે રે,
દુઆ મેરી કબુલ લીજે રે.
દોસ્તી ખાતિમ નબીકી તેરી રે,
દુઆ કબુલ રબ તુ મેરી રે.
માહમ્મદ કાજે કરમ તેં કીતા રે,
આદમ બખશા તેં સહી મીતા રે.
ઉસ નબીકા હું ઉમ્મતી કેહલાતા રે,
ઉસ દીન દોસ્તી દિલ હય ચાહતા રે.
કરને આકેબત રબ મેરી ખયરા રે,
મોહમ્મદ દોસ્તી કર તુ મેહરા રે.
ખાતિમ રસુલ એ નબી તેરા રે,
ઉસ દીન કાજ તુ બખશ સવેરા રે.
દોસ્તી ખાતિમ નબીકી તેરી રે,
કરને ઉમ્મીદ તુ પુરી મેરી રે.

( વિસાલનામા )

વળી, હ૦ પીર મશાયખ (રેહ૦) સાહબને ખુદને દીનની ઇશાઅતનો, ઇસ્લામી તબલીગનો જે ઉમંગ અને ઉત્સાહ હતો, તેવોજ ઉત્સાહ અને ઉમંગ મોમિન કોમમાં પણ થાય અને દીનની ઇશાઅતના કામમાં લાગી જાય એ માટે આપે "ઇમાન" ફ્સલમાં ઉત્સાહ અપાવતાં લખેલ છે કે :—

બાંધ કમર બેગે આહો ભાઈ રે
દીનકે કાજે સો દોડો ધાઈ રે.

અપન મિલ દીનકા કીજે સામાના રે,
બેર બેર નાંહી અયસા દાના રે.

અયસી ખુબી દીન કાજ કીજે રે,
દિલ મુનાફ્ક આતિશ દીજે રે.

કે મુનાફિક ખુબીકુ દેખના ચાવે રે,
કે અપની ખુબી દેખ લોભાવે રે.
માલકુ આહો ફનાકર દીજે રે,
દીન કેરા લે ખઝાના કીજે રે.
ભાઇ નેક સુનો બાતી રે,
એક તલ જપ મુજે નાંહી આતી રે.

ઉપરના બયાનથી જણાશે કે, દીનનો ફેલાવો કરવા અને ઘરેઘર ઇસ્લામ પહોંચાડી દેવા આપના ઇરાદાઓ કેટલા બધા ઉમંગી અને હિમ્મત ભર્યા હતા. આપ ઝીંદગીના સમયને અમૂલ્ય ગણી અને ફરી એવો વખત હાથ લાગવાનો નથી તે સમજી કાર્ય કરતા હતા. ઇમાનદારોને સંબોધી આપ કહેતા હતા કે, "દીનની ઇશાઅત માટે આપણો માલ કુર્બાન કરી દેવો અને દીનનો ખઝાનો હાસિલ કરવો." ઝીંદગીની કીમતી પળોને સમજીનેજ આપે લખ્યું છે કે "એક ઘડી પણ મને આરામથી બેસવું પસંદ આવતું નથી." ખરેખર જે કાંઇ મોમિન કોમની બેહુતરી અને ભલાઇ માટે આપે કાર્ય કર્યું અને મોમિન કોમને રાહે રાસ્ત તરફ દોરી અંધારા ગાર તરફ ઘસડાતા બચાવવા માટે અમુલ્ય દીની સાહિત્યનો ખઝાનો આપ્યો તે આપની બિનસ્વાર્થી ઇસ્લામી ખિદમતોનો ઉત્સાહ, ઉમંગ અને મોહબ્બતનો મઝબુત પુરાવો પુરો પાડે છે.

## આપે લખેલ કિતાબોની ભાષા

આપે લખેલ કિતાબોની ભાષા ગુજરી યાને ગુજરાતની જુની ઉર્દુ ભાષા છે. ત્રણુસો વરસ પહેલાના ગુજરાતના મુસલમાનોની ભાષા એવીજ હતી. મઝકુર કિતાબોમાં ઘણી જગ્યાએ ફારસી, અરબી વિગેરે ભાષાના શબ્દો વપરાયા છે; પરંતુ તે કઠણ શબ્દોને દોહરાવી તેના અર્થો અને ઉદાહરણો—દાખલા દલીલો આપી જુદી જુદી રીતે બહુજ ખુલાસાથી સમજાવેલ હોવાથી જલ્દી સમજમાં આવી જાય તેવી છે. ગામડીયાઓને

પણ પસંદ આવી જાય એવી રીતે પદ્ય પદ્ધતિથી સરળ, રસીક અને ઘટમાં ઝટ ઉતરી જઇ મનમાં ભાવ ઉત્પન્ન કરે એવી શૈલીમાં આપે દીની સાહિત્ય પીરસ્યું છે. અને તેથી મોમિન કોમને મઝકુર કિતાબો બહુજ પસંદ આવી છે અને તેની સારી રીતે હિફાઝત કરી ઘણા ઉલટ સાથે પઢે છે.

## બિન સ્વાર્થી કરેલી સેવા

આપે મોમિન કોમ માટે પોતાનું સુખ અને આરામ તજીને જે મોટી દીની ખિદમત અદા કીધી છે તે ખરેખર વખાણવા અને કદર કરવા કાબિલ છે. આપના વંશ તરફ નઝર નાંખતા આપની દીની ખિદમતોમાં બિન સ્વાર્થી બરોબરી કરી શકે એવું ભાગ્યેજ કોઇ નઝરે પડશે; બલ્કે અપવાદ રૂપે પણ કોઇએ એવી મહાન ખિદમત અંજામ આપી નથી. હ૦ પીર મશાયખ (રેહ૦) સાહબ મકતુલનામાની ફસલમાં લખે છે કે :—

**અયસા મેઠીરે નસલમાં નાંહી હુઆ કો' દેખાવે,**
**ઈમામ ઇસ્માઇલ સુધી જો ઢુંઢને જાવે.**
**અયસા કરમતો રબને હય મુજપર કીતા,**
**સો દોસ્તી નબીકી, કબી ચાવે રે મીતા.**

મતલબ કે, હ૦ પીર મશાયખ (રેહ૦)ના દીલમાં ઇસ્લામની ખિદમત કરવાનું સાચું દર્દ હતું. શરૂઆતમાં મોમિન કોમની કફોડી હાલત જોઇ આપને ઘણુંજ લાગી આવ્યું અને આપે મદદ માટે ખુદાથી દુઆ ચાહી. ઇલ્મ હાસિલ થયું અને દીની સાહિત્યનું એક મહાનમાં મહાન કાર્ય આપે કર્યું જેનો ફયઝ અત્યારે પણ મોમિન કોમને મળી રહ્યો છે. આવી સખત મેહનત ઉપાડવા છતાં આપે મોમિન કોમથી કોઇ પણ દુન્યવી લાલચ રાખી નહોતી. નાણા સમેટવાનો આપે ખ્યાલ વટીક રાખ્યો ન્હોતો. આપની કિતાબો પણ એ બાબતની ગવાહી પુરે છે. ગઝવાતની ફસલમાં આપે લખ્યું છે કે :—

સુન સુન ભાઈ દીનકે ચંચળ તો હોના સહી,
જાહીલ પીર તુજે ઠગશે રાહા ભુલાવે જે હય દહી.
દુનિઆ કમાને કારણે કરે તો બોતજ ઢંગરે,
આકેબત તેરી બગાડશે કરે જો ઓસકા સંગરે.

હ૦ પીર મશાયખ (રેહ૦) એ તો મોમિન કોમને ચેતવણી આપતાં સાફ સાફ ઝાહિર કરી દીધું છે કે, દુન્યા સમેટનારા અને માલ એકઠો કરનારા ઢોંગી પીરોથી દુરજ રહો. તેવાઓની સંગત તમોને ખોટા માર્ગે ઘસડી તમારી આકેબત ખરાબ કરશે.

## આજકાલના સ્વાર્થી પીરો

બહોત લોગ પીરોંકી ઔલાદ બનકર,
નહીં ઝાતે વાલામેં કુછ જિન્કે જવહર,
બડા ફખ્ર હય જિન્કો લે દે કે ઈસપર,
કે થે ઉન્કે અસલાફ મકબુલે દાવર,
કરિશ્મે હંય જા જાકે ઝુઠે દિખાતે,
મુરીદોંકો હંય લુટતે ઓર ખાતે.

( મવલાના હાલી )

ખરેખર, પોતાના વડવાઓના નામે કમાઇ ખાનારા આજકાલના કેટલાક પીરો બલ્કે હ૦ સૈયદ પીર મશાયખ ચિશ્તી રેહ૦ની ઓલાદમાં ગણાતા પીર સાહેબો મોમિન કોમને કંઇ પણ દીની કે આકેબતની બેહતરીનો ફયઝ પહોંચે એવી કોશીશ કે મેહનત કર્યા વગર ફકત દુન્યા સમેટવા અને સ્વાર્થ સાધવાની ફિકરમાંજ રાત દિવસ રહયા કરે છે.

પોતાના કેહવાતા મુમન મુરીદો પાસેથી જન્મ, પરણ, મરણ વીગેરે પ્રસંગો ઉપર તરેહવાર ટેક્ષો-કર ફર્ઝીયાત વસુલ કરાય છે; વળી વરસે બે વરસે ગામડે ગામડે ફરિ, પોતાનો ઢોલ, તાસા, સરણાઇઓ વાજીંત્રોથી તેમજ ઓરતોના વધામણાઓથી આવકાર કરાવી, હઝારો રૂપીઆ તે ગરીબ ગાડીમયાઓ પાસેથી પોતાના આડતીયા-ખાંધીયાઓ મારફત નઝરાણાના નામે વસુલ

કરાય છે. કદિ પણ દીની બાબતમાં આ પીરોએ રહબરી કરી હોય અથવા નમાઝ, રોઝા વીગેરેથી દુર ભાગનાર મુમન મુરીદોને તાકીદ કરી હોય તેમજ ગામડાઓમાં કે પોતાના રેહઠાણની જગ્યાએ પોતે ઇમામ બની નમાઝ પઢાવ્યું હોય તેવું જણાયું નથી. પોતે ઇમામ બની નમાઝ પઢાવે તો કહે છે કે પોતાની શાન બગડી જાય! પોતાની મોટાઇને ધકકો લાગે! એ કેવી કમનસીબી ગણાય? આપ ખુદ ઇમામ બની નમાઝ પઢાવે તો તેમના માનનારાઓમાં પણ નમાઝીઓની સંખ્યા બહુજ સારી વધી જાય; પરંતુ તેઓ સાહેબોનો વર્તાવજ એવો છે કે જાણે નમાઝ રોઝાથી તેમને વાસ્તેજ ન હોય! દીનના અહકામથી તેમને સંબંધજ ન હોય! એટલે મુરીદોમાં પણ જેહાલત સિવાય બીજું શું હોય?

હ૦ પીર મશાયખ (રેહ૦)ને, અલ્લાહની ફરીઝયત યાને નમાઝ બાબત કેટલી બધી લાગણી હતી અને નમાઝ ન પઢનારાઓ માટે આપ કેવો અભિપ્રાય ધરાવતા હતા તે નીચેના બયાનથી જણાશે :—

ઘર ઘર ગાફિલ જાને જગાહો રે,
એતી નસીહત ઓનુકુ બતાહો રે.

નમાઝ જે નાંહિ કરતા સુનાતા રે,
ઓસથી દેખો ઉંટ હય ન્હાસપાતા રે.

ખબર જનાવર હય મન લાતા રે,
ગાફિલ સેતીતો ભાગા હય જાતા રે.

ગફલત છોડને હો તુ દાના રે,
કેતા ક સો વે સુન નાદાના રે.

ગાફિલ હમ ના આવે તુજ પાસા રે,
ઉંટ રિતે હમ પાવે ન્હાસા રે.

જો તુ નમાઝ કીએ બના રેહવે રે,
નસીહત એતી ના સુનકર લેવે રે.

હો તુ દૂર ! હમુ દૂર જાના રે;
હય એ અયસા દીન રેહમાના રે.
આદમી હંય હમેં રબને બનાએ રે,
રસુલ કાજ હમારે હંય ભેજાએ રે.
નસીઅત ઓનુ હસુકુ કીતી રે,
કુછ કુછ ચોપગુંને સુનકર લીતી રે.
કુછ સુને કાજ હય વે ડરતા રે,
ગાફિલકી સંગત નાંહી કરતા રે.
કયસે હમ અબ ડર ના કીજે રે?
નસીઅત કયુંકર ચંત ના દીજે રે!
તો સહી મલના નાંહી હસુ તેરા રે,
જો તુ નમાઝથી રેહવે અનેરા રે.
જો કભી નસીઅત હમ છુપાવે રે,
ઉંટથી તો ઘેલે કેહલાવે રે.
યું તો નાંહી હોવે સુન તુ બાતી રે,
માને હુકમ હમ દિન ઔર રાતી રે.

( મોજિઝાત )

ઉપરના બયાનથી હઝરત પીર મશાયખ રેહ૦ ની નમાઝ માટે મુમન મુરીદોને કેવી તાકીદ હતી અને નમાઝ ન પઢનાર સાથે પીરી મુરીદીનો કંઇ સંબંધ રેહશે નહિ. તેમજ આપ કહે છે કે, જો નમાઝ માટે અમો નસીહત નહિ કરીએ તો અમો ઉંટ જેવા જનાવરથી પણ વધુ દિવાના અને ઘેલા કેહવરાવીએ. ત્યારે હાલના પીરો તો પોતાને પૈસા નહી આપનારાઓને તેમજ હ૦ પીર મશાયખ (રેહ૦)ની સુન્ની માન્યતાના ખિલાફ શીઆ અકીદા પ્રમાણે નહિ ચાલનારાઓને, અને સુન્નીઓને મસ્જીદમાં નમાઝ પઢવાથી નહી રોકનારાઓને ધમકાવે છે.

કયાં હ૦ પીર મશાયખ રેહ૦ની દીનના હુકમો ઉપર અમલ કરવા અને કરાવવાની લાગણી! અને કયાં હાલના કેહવાતા

પીરોનો માલ એકઠો કરવાનો તથા મુરીદોને નિચોવી પોતાના ઘર ભરવાનો ધંધો!! હ૦ પીર મશાયખ (રેહ૦) ફરમાવે છે કેઃ-

મોટે સુનો તમે દીનકે ભાઈ રે,
હમ તુમ દીનકી પીત સગાઈ રે.
નિત નિત વયસા કરો પીત કામા રે,
ભાઈ પણેકા તો રેહવે નામા રે.
વે ભાઈ મેરા, બુઝ મેરી પીતા રે,
તન દીન કાજે હય કુરબાન કીતા રે.

* * * * *

ભાઈ નેક સુનો બાતી રે,
એક તલ જપ મુજે નાંહી આતી રે.
તમ મલ હય યારી દેની રે,
હકીકત દીનકી સહી સુન લેની રે.
દીન કમાહીએ મલમલ ભાઈ રે,
દીન કાજે કરો ખુબ રોશનાઇ રે.

(ગઝવાત)

## જમાઅત સાથે નમાઝની તાકીદ

હ૦ પયગમ્બર સલ૦ તથા અસ્હાબો અને એહલે બૈત તથા ઇમામો વીગેરે જાતેજ મસ્જીદોમાં ઇમામ બની નમાઝ પઢાવતા હતા તે જાહેર છે. હ૦ ઇમામ હુસેન (રદી૦) એ મકકાથી કુફા તરફ જતાં દુશ્મન લશ્કર અને તેના સરદાર હુરનો ભેટો થતાં, ત્યાં રસ્તામાંજ હ૦ ઇમામ હુસેન (રદી૦)એ ઇમામ બની બન્ને પક્ષને ઝોહર અને અસરની નમાઝ પઢાવી હતી. દુશ્મનો છતાં તેમના પણ ઇમામ બનવામાં અને જમાઅત સાથે નમાઝ પઢાવવામાં આપે ઇન્કાર કર્યો ન્હોતો. હ૦ પીર મશાયખ (રેહ૦) સાહેબ એ બાબત લખે છે કે :—

તબ શેરઝાદેને ઉતર કર નમાઝરે કીતી,
કીતી હોરને ઇકતેદા સેતી લશ્કર સુનીતી.

યું લશ્કર દોનુને સાથે નમાઝ કરાઈ,
પીછે ઠાડે હુએ શેહઝાદે એસી બાતરે સુનાઈ.
(મકતુલનામા)

વળી આશુરાનો દિવસ યાને દસમી મોહર્રમની સવાર, હ૦ ઇમામ હુસેન (રદી૦) અને તેમની એહલે બૈત અને સાથવાળાઓ માટે કેવી કટોકટીની સવાર હતી ? કેવી મુસીબતોનો વખત હતો ? છતાં પોતાની જવાબદારીનો ખિયાલ ! અલ્લાહ તઆલાની ફર્ઝિયતનો વિચાર ! દીનદારીનું ભાન ! એટલે ફજરની નમાઝનો વખત થતાં તરતજ સઘળા નમાઝ માટે તૈયાર થઇ ગયા. હ૦ પીર મશાયખ રેહ૦ લખે છે કે :—

બાજ ફજરકી નમાઝ શેહઝાદેને કીતી,
સો અઝાં રે હિલાકર કીતી રે સુનીતી,
થે યારભી સારે હાઝિર રે આયે,
સબ તયમ્મુમ કરને કરતે નમાઝ રે સુનાયે
સો પાની તો હાઝિર થા રે નાંહા,
પાની ના થારે પીયા દિન દો તીન માંહા.
(મકતુલનામા)

## જમાઅતી નમાઝથી પીરોની દુશ્મની

હ૦ પીર મશાયખ (રેહ૦) સાહેબના ઉપરના બયાનોથી જણાયું કે, પેશવાએ ઇસ્લામ અને બુઝુર્ગાને દીન મુસીબતો અને આફતોમાં પણ જમાઅત સાથે નમાઝ પઢતા હતા, ત્યારે હાલના ફેશનેબલ અને અપટુડેટ કેહવાતા પીરો અને તેજ બુઝુર્ગાને દીનની ઓલાદ હોવાના દાવેદારો અલ્લાહની તે ફર્ઝિઅત નમાઝ અને રોઝાથી સો સો ગાઉ દુર ન્હાસે છે ! મસ્જીદોમાં પગ મુકતાં તેઓને કમકમાટી પેદા થાય છે ! જમાઅત સાથે નમાઝ પઢતાં પીરાઇમાં ફરક આવી જાય છે ! શાન અને આબરૂ ઘટી જાય છે ! અને કહે છે કે અમારી નમાઝો દેખાડવા માટેની નથી, ખાનગી નમાઝ છે ! ત્યારે શું, બુઝુર્ગાને દીન અને પયગમ્બરે

ઇસ્લામ, ઇમામ બની જમાઅત સાથે નમાઝ પઢાવતા અને મસ્જીદોમાં હંમેશ નમાઝ પઢતા હતા તે શું! લોકોને દેખાડવા માટે પઢતા હતા? તેમની શાન ન્હોતી ઘટી જતી? આ બધા ઢોંગ જાહેલ કોમને સમજાવવાના અને ઇસ્લામી અહકામથી પોતે દૂર ન્હાસવાના છે.

હ૦ પીર મશાયખ રેહ૦ સાહેબ જમાઅત સાથે નમાઝ પઢવાની તાકીદ કરતાં ફરમાવે છે કે:—

**સુનો જમાઅત રે કરની એ સુન્નત રે જાનો,**
**એ સુન્નત મોઅકકીદા હય રે પેછાનો.**
**એ તાકીદ કી સુન્નત હય જમાઅત કેરી,**
**એ સુન સુન સહી કર બુઝીઓ સવેરી.**

( ઇબાદત )

## પીર બાબત આપનો અભિપ્રાય

પીરી મુરીદી બાબત અને પીર કોને કહે છે તે વિષે હ૦ પીર મશાયખ રેહ૦ એ આપની લખેલ કિતાબોમાં બહુ લંબાણથી અને ઘણી જગ્યાએ બહુજ ખુલાસાથી બયાન આપેલ છે. પીરી મુરીદીનો સંબંધ દીન સમજવા અને ખુદા સુધી પહોંચવાનો છે. પીર પોતેજ દીનના હુકમો બરોબર પાળે, આગળ રહી ખુદ અલ્લાહ અને તેના રસુલ (સલ૦)ના ફરમાનો મુજબ દીની બાબતોમાં દોરવણી કરે, એવાજ પીર, પીર બનવાના લાયક છે. એથીજ હ૦ પીર મશાયખ (રેહ૦)એ એવા પીરના તાબે થવા અથવા તેમને પીર ગણવા માટે શરૂઆતમાં તેમની હકીકત સમજવાની ઘણી જગ્યાએ તાકીદ કરી છે. તરીકત નામની કિતાબમાં પીરની નિશાનીઓ બાબત લખતાં જણાવ્યું છે કે, જગતના પેશવા હ૦ પયગમ્બર (સલ૦)માં જે નિશાનીઓ હતી તેવી તેમના પયરવ બનનાર કોમના રાહબર પીરમાં પણ ઇલ્મ, હલીમી, સખાવત, સબ્ર વિગેરેની નિશાનીઓ હોવી જોઇએ. તરીકત કિતાબમાં આપ પીરની વધુ હકીકત સમજાવતાં લખે છે કે :—

જો પીરકુ દેખતે પયગમ્બર કહીએ,
તો સઝારે ઉસ્કી દોઝખ લહીએ.

*　　*　　*　　*　　*

જો પીર કેરી ઠામ પીયુજી કે કીજે,
તો કયુંકર અનુકુ દોઝખ ના દીજે.

યને જે કામ ખુદા અને પયગમ્બર (સલ૦) નું છે તે પીરના પાસે ચાહે અને પીરને ખુદા અને રસુલ (સલ૦) ના દરજે વધારી દે તો તેનું ઠેકાણું જહન્નમ છે. હ૦ પીર મશાયખ (રેહ૦) પીર બાબત તરીકતમાં લખ્યું છે કે, "ખુદા તઆલા એવો પીર આપે કે જેના ઉપર મને વિશ્વાસ થાય અને મોહબ્બત આવે." ખરેખર એવાજ પીરથી ખરો રસ્તો મેળવી શકાય છે. હ૦ પીર મશાયખ (રેહ૦) સાહેબ ઢોંગી અને દાવ પેચ રમનાર પીરો બાબબત તરીકતમાંજ લખ્યું છે કે :—

કાળા પીર ચરપટ રાખે આપ માંહા,
વે અઝાઝીલ કહીએ પીરજ નાંહા.
બહોત નામ પીર હંય જગ માંહા,
સુધી રાહા ઓનુસું પાવે રે નાંહા.

ફરેબી અને દુન્યા કમાનાર પીરને આપે અઝાઝીલ–શયતાન બતાવ્યો છે અને તેના તાબે થનારા દોઝખીજ બને એ દેખીતુંજ છે. એવાઓથી કદી પણ સીધો રસ્તો મેળવી શકાય નહીં.

## પીરાઈ કાંઈ વારસો નથી

હ૦ પીર મશાયખ (રેહ૦)એ આપની લખેલ કિતાબોમાં બતાવ્યું છે કે, સારા અમલોથી અને દીનદારીથી બુઝુર્ગી હાસિલ કરી શકે છે અને પીરાઇના કાબિલ બને છે. પીર બની જવું તે કાંઇ વારસો નથી કે પીરનો બેટો થયો એટલે તેને પીરજ માનવો જોઇએ. હ૦ શમસુલહક કે જેઓ હ૦ પીર મશાયખ (રેહ૦)ના વડવાઓમાંથી એક જાણીતા બુઝુર્ગ થઇ ગયા છે, તેમની અવલાદ બાબત આપ મકતુલનામા નામની ફસલમાં લખે છે કે :—

બ્હોત શમ્સકે ફરઝંદ કપુત રે કેહલાએ,
રીત બાપ હો કેરી કુછ મન રે ના લાએ.
ગએ દુન્યામાં લપેટા બહોત રે લુભાયે,
બહોત જાહિલ હોવડે વે રે સુનાયે.
સુનો જાહિલતો દીનકી ના બુઝેરે બાતી,
તો કયુંકર પાક કરે આપકી ઝાતી.
અને વયસે માંહે દુનિયા બહોત મન દીતી,
તો દીનકી બાત ના થી ઉન માંહે દેખીતી.
હોવે બેટે જો કપુત, બાંકે બાપકા નાંહા,
બાજ સુએ કુછ કેહનેકુ આવ સકે રે નાંહા.
જે જયસા રે, કરસી લેખા વયસા ભરસી,
કોઈ કિસીકે સાટે ના અઝાબમાં પડસી.
બેટા નૂહરે નબીકા, રબે કેહરમાં ડુબાયા,
નૂહ બેટા નાંહી તેરા યું રબને બતાયા.
અયસે બયાનથી સગાઈકી અયસી બુઝોરે રીતા,
કે દીન કાજ બાપ ને, હય બેટે કે પીતા.

આથી આપે ઝાહિર કરી દીધું છે કે, પીર કે બુઝુર્ગની નસબમાં પેદા થયા એટલે તેઓને પીરજ માની લેવા એવું કાંઇ નથી. દુન્યાથી મોજ-મજાહ અને માલ સમેટવા તરફ દોરાએલથી દીની ભલાઇની આશા રાખવી તે ફોકટજ છે. વળી તેજ કિતાબમાં આગળ જતાં પીર કબીરૂદીનની ઔલાદ સંબંધી પણ લખે છે કે:—

ઈઅને સૈયદ રેહમતુલ્લાહ નામ રે કહીએ,
ઈઅને કબીરૂદ્દીન, સદરૂદીન નસલમાં લહીએ.
સુનો બહોત થે ફરઝંદ ઓનુ હો કેરે,
વે જાહિલ હોવડે બહોત સુનીયો સવેરે.

( મકતુલનામા )

યાને પીર કબીરૂદ્દીન (રેહ૦)ના બેટાઓ પણ ઘણા ખરા જાહેલજ થયા છે અને મુમિનોને ખોટા માર્ગે દોર્યા છે. "તઝકેરતુલ અખ્યાર ફી ઈશરાકિલ અબરાર" નામની તવારિખમાં છે કે, "પીર સૈયદ કબીરૂદ્દીન સાહેબની ઔલાદમાં કેટલાક તો એવા થયા છે કે, જેઓ દુન્યાની હવસ અને સ્વાર્થમાં ફસાઇ બિદઅતો અને દીન વિરૂધ્ધનો બોધ લોકોને આપ્યો. ધર્મના નામે નવી નવી વાતો પયદા કરી લોકોને ઉંધે માર્ગે ચઢાવ્યા જેથી તેમના ખાનદાનને બદનામી અને તિરસ્કારના પાત્ર બનવું પડયું."

વળી તેજ હકીકત સંબંધમાં હ૦ પીર મશાયખ (રેહ૦) વધુ દાખલો આપતાં આપ મકતુલનામાના પેહલાજ બયાનમાં લખે છે કે :—

**સુનો બીબી ફાતિમા ઉમ્મત શેહઆદી,**
**જે સચ્ચ દોં કેરી બુઝો રે દાદી.**

**બીબી સાહબકે ફરઝંદ સય્યદ કેહલાએ,**
**સહી અતિશ સેતી પીછે રે રખાએ.**

**સો ફરઝંદ કરસી બીબી સાહબ કી રીતા,**
**કે દીન હો સેતી વેસી કરેગા પીતા.**

**વે ફરઝંદ બીબી સાહબ કેરા,**
**રબ દોઝખસું ઉસકુ દુર કીયા રે સવેરા.**

**કબી ફરઝંદ હોકર નાંહી દીન રે ચાવે,**
**સુનો વેરે કિસ રિતે ઉસ માંહે રે ગણાવે.**

**સુનો નુહ નબી કેરા બેટા પાણીમાં ડુબાયા,**
**વે ડુબતા નુહને, આપ નયનુ રે જોયા.**

હ૦ પીર મશાયખ (રેહ૦) એ સાફ સાફ બતાવી આપ્યું છે કે, હ૦ બીબી ફાતિમા (રદી૦)ની ઔલાદ એટલે સૈયદ ગણાવાથીજ તેમની નજાત કે છુટકારો થઇ જાય એ ખોટું છે. આપના જેવી દીનથી મોહબ્બત અને શરીઅતે મોહંમદી પ્રમાણે અમલ કરવાથીજ છુટકારો થશે. જેવી રીતે હ૦ નુહ પયગમ્બર (અલે૦)ના

બેટાને દીનના હુકમો પ્રમાણે અમલ ન કરવાથી અલ્લાહ તઆલાએ તેમની નઝર સામેજ પાણીના તુફાનમાં ડુબાવ્યો હતો. હ૦ નુહ (અલે૦) દુઆ માંગી કે, મારો બેટો મ્હારી અહલમાં છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, **"કાલા યા નુહો ઈન્નહુ લૈસા મિન અહલીક, ઈન્નહુ અમલુન ગયરો સાલેહ; ફલા તસઅલને મા લયસા લકો બેહિ ઈલ્મ."** એટલે ખુદાપાકે ફરમાવ્યું કે હે નુહ ! એ તારા (દીનદાર) એહલમાં નથી, તેના અમલ સારા નથી. ત્યારે જે વાતની તને ખબર નથી તે મ્હારી પાસે માંગીશ નહિ. હું તને બોધ આપું છું કે, રખેને તું નાદાનોમાં જઇ જાય.

કુરઆન શરીફની ઉપરની આયતથી જણાયું કે, પયગમ્બરની ઔલાદ પયગમ્બરજ થાય એવું નથી. એવીજ રીતે પીરની ઔલાદ હોવાથીજ પીર કેહવાય એવું પણ નથી. એના સાથે સારા અમલો અને હક માર્ગે અને બુઝુર્ગોના પગલે ચાલવાની જરૂર છે. હ૦ નુહ ( અલે૦ ) પયગમ્બરે પોતાના ગુમરાહ બેટા માટે દુઆ માંગી એટલે અલ્લાહ તઆલાનો હુકમ થયો કે, "જે વાતની તને ખબર નથી તે મ્હારી પાસે માંગીશ નહીં." ત્યારે આજકાલ તો એ રિવાજ થઇ ગયો છે કે, જેવી રીતે યઝીદને તેના બાપે પોતાની ગાદી ઉપર બેસાડી દીધો હતો તેવી રીતે, પીર સાહેબો પણ પોતાના બેટાનેજ પોતાની કેહવાતી પીરાઇની ગાદી ઉપર બેસાડી દે છે; પછી ભલે તે નાલાયકજ કેમ ન હોય ! દીનદારીથી માઇલો છેટું કેમ ન હોય ! પીરાઇ કાંઇ વારસામાં વ્હેંચાતી નથી. જો પીરાઇના લાયક બાપ હોય તો તેમનાથી લાયક બેટાને પીરાઇ મળી શકે છે અથવા કોઇ દીનદાર મુરશીદથી બયઅત કરી પીરાઇ હાસીલ કરવી પડે છે.

## હ૦ પીર મશાયખ (રેહ૦)એ પીરાઈ કેવી રીતે મેળવી?

હ૦ પીર મશાયખ (રેહ૦)ને પીરાઇ એક મુત્તકી પરહેઝગાર શેખઝાદા તરફથી મળી હતી. તે બાબત આપ જણાવતાં કેટલી બધી નરમી અને ખાકસારી પોતાની બતાવેલ છે તે નીચેના આપના બયાનથી જણાઇ આવે છે :—

બડાઈ તો મેરી નાંહિ દેખાતા,
મંય બયાનકી બોલને કરતા હું બાતાં.
કે ગમારેંકુ હકીકત મેરી રે જનાવે,
મેરી બોનુ દિલ ખુબી કલી રે આવે.
તબ ખુબી બુઝે, દીન ખાતિમ હો કેરી,
બેગે ઈમાન સેતી આવે દીનમાં સવેરી.
બોસ કાજ હકીકત મંય મેરી રે લખાઈ,
જે રબને કરમકી સુજે નઝર રે કરાઈ.
સો દોસ્તી ખાતિમ નબીજી હો કેરી,
સો મોહંમદ મુસ્તફા બુઝીબો સવેરી.
એ સુલતાન અંબીયા હંય રસુલ મેરા,
મંય ઉમ્મતી મોહંમદ નબી હો કેરા.
સહી મંય હું ખાકી, બંદા રે ઇલાહી,
અને ખાતિમકા ઉમ્મતી એ મેરી રે બડાહી.
એ બડાઇ મેરીકા તમે સુઝોરે ઠામા,
બુઝો સૈયદ "મશાયખ" મેરા રે નામા.
મંય ખનવાદે કેરી રઝા હય લીતી
સો પીરી રે મુરીદી સહી ચંત દીતી.
સુનો રાજ ધાન સારેસુ હય ઝોરસુ આતા,
હય ખનવાદે કેરા બયાન અવળા દેખાતા.
વે રઝા દીએ બના આવે રે નાંહા,
એ ખનવાદોં કેરી બાત બુજો મન માંહા.
તો ખનવાદે કેરી, મંય રઝા રે લીતી,
યું ખિલાફત કેરી બાત સહી મન દીતી.

* * * * *

સુનો એક શેખઝાદા ખુબ થા દેખાયા,
સો તકવા કરતા નઝરૂં રે આયા.

ઓનું ચિશતી કેરી થી ખિલાફત પાઈ,
વે શિજરે કેરી રીત મુજકુ દેખાઈ.
સો સહી કર ખિલાફત મંય ઓસકી જાની,
મંય ખિલાફત કેરી સબ દેખી રે નિશાની.
તબ ઓસ પાસે ખિલાફત મંયરે ચાહી,
તબ ખિલાફત ઓનું મુજકુ દિલાહી.
સો નેહ કર ખિલાફત ઓને મુજકુ દીતી,
મંય ખલીફે હો જયસી રીત રે કીતી.
ઓને ઈઝન મુજકું નેહ સુ દલાયા,
દેઓ તમારા શિજરા તમે રઝા સુ બતાયા.
સુનો અનુ એસી હકીકત હુઈ ખનવાદે કેરી,
મંય ચિશતીકી ખિલાફત પાયા રે સવેરી.
સુનો ખનવાદા યું કર મંય સહી રે કીતા,
જું બયાનતો ઓસકા હય લખકર લીતા.
શેખઝાદેને ખિલાફત થી જિસ્થી લીતી,
સો ઓનુ કેરી તારીફ બહોતથી કીતી.
વે પરદેશ સેતી ગુજરાત થે આએ,
દિન થોડે રેહને, ફિર ગએ રે સુનાએ.
શેખ તાઝુલ સાલેહ થા ઓનુકા નામા,
વે ચઉદ રોઝ રહે થે ગુજરાત ઠામા.
શેખ ઝાદેને ઓનુથી ખિલાફત લીતી,
એ હકીકત સહી કર મંય ચંત માંહે દીતી.

(મકતુલનામા)

હ૦ પીર મશાયખ (રેહ૦)ના ઉપરના બયાનથી સાફ જણાયું કે, પીરાઇ માટે આપે ચિશ્તીયા ખાનદાનના એક બુઝુર્ગ અને પરહેઝગાર શેખઝાદાના હાથ ઉપર બયઅત કરી, તેમની પાસેથી ખિલાફત મેળવી હતી અને ત્યારેજ તેઓ પીરાઇના લાયક થયા

હતા; ત્યારે આજકાલના કેહવાતા પીરોને તો એવી પીરાઇથી હઝારો ગાઉનું છેટું છે.

## ધુતારા પીરોથી બચો.

હ૦ પીર મશાયખ રેહ૦ ફરમાવે છે કે :—

**પાખંડ ચરપટ ના પીર માંહા કહીએ,**
**બેદ અપારા પીર માંહે લહીએ.**
**ચરપટ કરે વે ચેલા દજાલા,**
**દો જગ માંહા મુંહ કીયા કાલા.**

(કિતાબ તરીકત)

દવાં (વારસીક ટેક્ષ–ઘર દીઠ રૂા. ૨) તેમજ બીજા બહાના- ઓથી પૈસા પડાવવાના ધંધા લઇ બેઠેલા અને મુમિનોમાં ફાટફુટ પડાવી અમુકને સુન્ની અને અમુકને શીયા બતાવી બન્ને તરફથી નાણા એકાવવાનો વેપાર લઇ બેઠેલા કદી પણ પીર કેહવરાવવાના લાયક થઇ શકે નહીં. કેહવાતા પીરોની આવી પોલીસીના લીધે મુમિન કોમની કેવી ખરાબ હાલત કરી મુકી છે. સગાવ્હાલાં આપસમાં એક બીજાના દુશ્મન બની બેસે છે, એક બીજાના માથાં ફુટે છે, હઝારો રૂપીઆ કોર્ટમાં બરબાદ થાય છે તેમજ લોકોને ખોટા માર્ગે ભટકાવી–અંધારામાં રાખી ઇમાન અને આકેબત ખરાબ કરાવે છે એ તો જાદુંજ ! શું આવાજ લોકો પીરો થઇ શકે છે ? શું આવાજ કેહવાતા પીરો વગર કબરમાં અંધારૂં થઇ જશે ? શું આવાજ પીરોથી આકેબતમાં છુટકારો થશે ?

કેહવાતા પીરો અને તેમના અંધશ્રધ્ધાળુ માનનારાઓને હ૦ પીર મશાયખ રેહ૦એ આપેલ ચોકખી સમજ અને બોધથી કંઇક ફાયદો પહોંચવો જોઇતો હતો; પરંતુ ખરેખર અલ્લાહ તઆલાએ જેમના દીલો ઉપર મોહર કરી દીધી હોય અને જેઓ સ્વાર્થમાં ડુબેલા હોય અને વગર અમલે સેહલાઇથી નજાતનો માર્ગ શોધતા હોય તેમને કદી પણ નસીહત પહોંચતી નથી. મોજશોખ અને ખોટા ધતીંગોને દીનના કામ બતાવનારા કદી પણ રાહે રાસ્ત તરફ આવી શકતા નથી.

કુરઆન શરીફમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે :— **"સુમ્મુમ બુકમુન ઉમયુન ફહુમ લા યરજેઉન"** તેઓ બેહરા, ગુંગા, આંધળા છે જેથી એ લોકો કોઇ પણ રિતે માર્ગ ઉપર આવશે નહિ. યાને બેહરા હોવાની મતલબ એ છે કે, તેઓ દીનની હક વાત સાંભળશે નહિ, ગુંગા છે એટલે પોતાના સ્વાર્થના લીધે ખરી વાત કેહતા નથી, આંધળા છે એટલે આકેબતના નફા નુકસાન અને દીનની ચોકખી નસીહતો કિતાબોથી જોવા છતાં, તેના વિરૂધ્ધ વરતે છે. ત્યારે જે પીરો અને મુરીદો આવા હોય તે કેવી રીતે શહે રાસ્ત તરફ આવે ? એવી સ્થિતિમાં તેમને ગુમરાહીથી નીકળવાની જરાએ આશા નથી. **"યોખાદે ઉનલ્લાહા વલ્લઝીન આમનુ, વમા યખદઉના ઈલ્લા અન ફો સહુમ વમા યશ ઉરૂન"** યાને તેઓ ખુદાપાકથી તથા ઇમાનવાળાઓથી ચાલાકી કરે છે; પરંતુ અસલમાં પોતાની જાત સિવાય તેઓ કોઇને દગો દેતા નથી અને તેમને એનું ભાનજ નથી. **"ફી કુલુબેહિમ મરદુન"** તેમના દિલોમાં મોટી બિમારી છે. **"ફઝાદ હોમુલ્લાહો મરદા"** (તેઓની હઠધર્મીના લીધે) ખુદાપાકે તેમની બિમારીમાં ઓર વધારો કર્યો. **"વ લ હુમ અઝાબુન અલીમ"** અને તેઓ (ઇમાનનો દાવો કરી) જુઠી વાતો કરતા હતા તેથી તેમના માટે સખત અઝાબ છે.

બિમારીનો અર્થ એ છે કે, જ્યારે ઇમાનદારીનો દાવો કરી નમાઝ ન પઢે. રોઝા ન રાખે, માલદાર હોવા છતાં ઝકાત ન કાઢે, હજ્જ અદા ન કરે તેમજ દીનની હક વાતો ઉપર અમલ ન કરે અને ખોટી રસ્મો ઉપર અડી રહી પીરોને નાણા આપે અને તે લાલચોના આધારે જન્નતનું સર્ટીફિકેટ પીરો આપે અને તેને છુટકારાનો સબબ બનાવે તે ખુલ્લી ગુમરાહી–બીમારી અને રોગજ છે.

## ખોટા ઈલઝામોના અપાએલ જવાબ.

સને ઇસ્વી ૧૯૨૦–૨૧ના અરસામાં હ૦ પીર મશાયખ (રેહ૦) અને તેમને સાચા દિલથી માનનાર મોમિન કોમ

વિરૂધ પેપરોમાં, માસીકોમાં, પુસ્તકોમાં તેમજ ભાષણો દ્વારા શરાધાત ભર્યા ઇલઝામો અને તોહમતો મુકી અનેક રીતે તેમની વગોવણી થઇ રહી હતી. બહારની કેટલીક ઉશ્કેરણી અને કોમમાંના તેમના અમુક એજેંટો મારફતે સુન્નીઓને ઉંધા માર્ગે દોરવા અને દબાવવાની જોરદાર ચળવળ ઉપડેલ હતી. અને તેમાં મોમિનોના કહેવાતા પીર સાહેબ પણ મોટો ભાગ ભજવતા હોવાથી અને તેમની મોટી લાગવગો તેમજ સખત દબાવ હેવાથી મોમિન કોમ ગભરાટમાં પડી ગઇ હતી; બલ્કે કોમમાં મોટી ઉશ્કેરણી થઇ પડી હતી.

આવી કટોકટ સ્થિતિમાં પણ કોમના મોટા ભાગે અને તેમના સમજદાર આગેવાનોએ તે બીચકેલા મામલાને કાબુમાં રાખી વધુ ખરાબી થતી અટકાવી દીધી હતી. કોમના એવા નાઝુક મામલા વખ્તે "મોમિન મિત્ર" માસીકે મોટામાં મોટી સેવા બજાવી હતી. કોમને આ સખ્ત મુશ્કેલીઓમાંથી પોતાનો કેવી રીતે બચાવ કરવો તેના ઉપાયો સૂચવ્યા હતા; બલ્કે કોમને ગુમરાહ કરનારાઓને અને મોમિન કોમ જાહિલ છે અને તેમના પાસે સધ્ધર કિતાબો જેવું કંઇ નથી, તેમજ વગર આસરાની છે, એવું બહારવાળાઓને બતાવી–મદદો મેળવી પોતાના મત તરફ ઘસડવા પુરેપુરી કોશીશ કરતા હતા, ત્યારે શરારત કરનારાઓને દાખલા દલીલો સાથે સચોટ જવાબ અપાયા હતા.

હ૦ પીર મશાયખ (રેહ૦)ની કિતાબોમાંના બયાનો રજુ કરી, તેમજ ખાસ કરી "ખુલફાએ રાશેદીન" નામની તેમની લખેલી કિતાબમાંથી કેટલાક બયાનો પ્રગટ કરી "મોમિન મિત્ર" માસીકે સાબીત કરી આપ્યું હતું કે, મોમિન કોમ પાસે પોતાના મતના સજ્જડ પુરાવાવાલી કિતાબો હસ્તી ધરાવે છે અને તેમના પાસે તેના પુરાવામાં મોટું સાહિત્ય છે. મઝકુર લખાણોથી વિરોધીઓ શરારતોમાં ફાવી શકયા નહોતા, બલ્કે બહારવાળાઓ ઉપર પણ તેનો બહુ સારો અસર પડયો હતો, અને એ સાબીત

થઇ ગયું હતું કે, હ૦ પીર મશાયખ (રેહ૦)નો અકીદો સુન્નત જમાતનો હતો. અને મોમિન કોમ પણ બરોબર સુન્ની અકીદો ધરાવે છે.

## ખાલિસ ઇસ્લામી બોધ.

હ૦ પીર મશાયખ (રેહ૦) પોતાની ઇસ્લામી માન્યતા અને મોમિન કોમને આપેલ બોધ, કાંઇ પણ દાવ પેચ વગર સાફ સાફ ખુદા અને તેના પયગમ્બર (સલ૦)ના ફરમાનો મુજબ ઝાહિર કરી દીધો છે. નમાઝ, રોઝા, હજ, ઝકાત વિગેરે ઇસ્લામી અહકામ આપે લખેલ કિતાબોમાં ખુલાસાથી સમજાવ્યા છે. તવહીદ બાબત આપે ચોકખા શબ્દોમાં ઇમાન ફસલમાં બતાવી દીધું છે કે :—

**કહયા શરીક તો રબમાં કુછ કિજીયો નાંહા,**
**કભી મર રે જાહો કે જલો આગ માંહા.**

* * * *

**શિર્ક કિયા રબમાં તેરે રઇસકે કામ રે,**
**ચલેભી ગૅાર સાથ તમ, જાઓગે દોઝખ ઠામ રે.**

* * * *

**કે રસુલુલ્લાહ કેહને એતા ફરમાયા,**
**સો કબીરા ગુનાહ કરને બતાયા.**
**કે અલ્લાહ માંહી શરીક કુછ હય કરના,**
**એ કબીરા ગુનાહ મન હય ધરના.**

યાને ખુદાની ઝાતમાં કોઇને શરીક કરવો અને કોઇનાથી એવી રીતે કામ લેવું કે જેથી શિર્કની હદ સુધી પહોંચી જાય, એવા કામોથી દુર રહેવાની આપે સખ્ત તાકીદ આપી છે. આપે લખેલ ઇમાનની એ ફસલોમાં ખાસ એ બાબતનીજ નસીહતો કરેલ છે. તેની છેવટમાં કુરઆનના અમ્માના પારાની "કુલહો વલ્લાહ"ની સૂરહને સમજ સાથે વહદાનીયતની હકીકત સમજાવવા સારૂ આપે બહુજ બોધદાયક રિતે નીચે મુજબ લખેલ છેઃ—

અલ્લાહ અહદ બોલ રે કેહના,
કે એક હય અલ્લાહ યું સમજ ને લેના.
ભી અલ્લાહુસ્સમદ કહો રે બાતી,
કે હય બે નિયાઝ અલ્લાહકી ઝાતી.
કે સબ કો' ઉસ પાસ હય રે ચાહતા,
નાંહી ઉસ્કુ પરવાહ વે પાક હય ઝ તા.
ભી લમ ય લીદ બોલ રે આખો,
ભી વલમ યુ લદ કેહકર દાખો.
કે તવલ્લુદ રબને ના કો' ફરઝંદ કીતા,
ઉસે કેની નાંહી જાયા અયસા હય વે મીતા.
કેહયા વલમ ય કુલ્લહુ કોફોવન કેહના,
ભી અહદ કેરા બોલ સાથ રે લેહના.
કે નાંહી કો' કબીલા રબ હો કેરા,
વે એક હય આપ. યું બુઝના સવેરા.

## આપની મઝહબી માન્યતા.

હ૦ પીર મશાયખ ચિશ્તી (રેહ૦)નો મઝહબી અકીદો સુન્ની-હન્ફી હતો. તે બાબતમાં આપ ઇબાદતની ફસલની શરૂઆતમાં લખતાં જણાવે છે કેઃ—

ઇમામ આઝમ કેરા, હય મઝહબ મેરા,
અબી હન્ફી જે કેહતે હંય બુઝીઓ સવેરા.

હ૦ ઇમામ આઝમ (રેહ૦)ને આપ ઇમામ અને મુજતહિદ માનતા હતા અને તેઓ હક ઉપર હતા એવો અકીદો ધરાવતા હતા. મઝકુર ફસલમાંજ આપ લખે છે કેઃ—

કહીએ આપને ઇમામને હક હય પાયા,
જે હનફી મઝહબ હય રે કેહલાયા.

* * * *

સહી રહમત અનુકું કરે રે દહી,
અનુ ઈજતેહાદ કેરી બાત સહી રે લહી.

* * * *

એ મુજતહિદ ઈમામ આઝમ રે કહીએ,
જનુ મઝહબ કીતા એ સુન કર લહીએ.

* * * *

મઝહબ અપના હય અયસા રે,
ચહુચક જાને સબ વયસા રે.
શુકર હય કરના ઈલાહી રે,
અયસી રાહ સુધી હય પાહી રે.

* * * *

હન્ફી હોઇએ મોમિન કીજે ઈબાદત રીત રે,
જયસી ઈસ મઝહબમાં વે મન ધરતી પીત રે.

* * * *

બાંધા હાથે નમાઝે બાબત.

પીછે જમને રે હાથકુ ડાબે પર ધરના,
સો હુંટીકે તલે, કામ એ કરના.
સો ઉંગલીઆં હથેલી ખોલે હાથું હો કેરી,
સો હાથું પર હાથ જબ જોડે રે સવેરી.

* * * * *

ભી જમને હાથકૂ લે ડાબે પર ધરના,
સો હુંટીકે નીચે, હાથ મેલના સુનના.

* * * *

સુન્નત જમાતમાંજ વલી થયા છે.

એ અકીદા હય સુઝો સુન્નત જમાતા,
જે ખાણુ રે કહીએ વલીયુંકી ઝાતા.
તો વલીયું કેરા એ અકીદા કહાવા,
કે સુન્નત જમાતમાં હુએ વલી રે દેખાવા.

(ઇબાદત)

હ૦ પીર મશાયખ રેહ૦ સાહેબ પોતાના સુન્નત જમાઅતના અકીદાના સુબુતમાં તેમજ મોમિન કોમને તેજ અકીદા પ્રમાણે ચાલવાની હિદાયત માટે આપે લખેલ "ખુલફાએ રાશેદીન" નામની કિતાબ કે, જે "દીવાને મશાયખ"માંની સાતમી ફસલ છે, તેમાં હ૦ પયગમ્બર (સલ૦)ના ચાર બુઝુર્ગ અસ્હાબી યાને ખુલફાએ રાશેદીનની ફઝીલત અને તેમના પ્રત્યે મોમિન-મુસલમાનની કેવી માન્યતા હોવી જોઇએ તેના બયાનો લખેલ છે. તેમાંથી થોડાક અહીં આપીએ છીએ. હ૦ પીર મશાયખ (રેહ૦) મઝકુર કિતાબમાં લખે છે કે :—

કેહયા, નમાઝ ને રોઝે હજને ઝકાતા,
એ ફર્ઝ હય રબને કીયા મોમિનકી ઝાતા.

પિછે ચાર યારોં માંહે કિસે દુશમન જાને,
કે ચારોં માંહે કિસીપર ગુસ્સા મન આને.

કહયા, ઉસ્કી કબુલ ના હોવેરે નમાઝા,
ના રોઝે કબુલ, રબે કીયા યું અત્રાઝા.

ના રબ રે કબુલે હજ ને ઝકાતા,
જે ચારોં માંહે કિસી પર હય ગુસ્સારે લાતા.

અને હોવે જબ હશર કિયામત દંના,
વે નિકલે બહાર ગોરકે મંના.

તબ તુરતજ દોઝખમાં વે ડાલારે જાવે,
તલ ફુરસદ ગોરથી ના નિકલતે પાવે.

એ ફરમુદા અપને નબીજી હો કેરા,
એ સુન સુન ચંતમાં સહી દીયોને સવેરા.

એ સુન સુન દીનકે ભાઈ હોઓ ચાર યારી,
તલ મત રે છોડો નિસ દિનરે બિસારી.

* * * *

હ૦ પીર મશાયખ સાહેબ તેજ કિતાબમાં આગળ જતાં અસ્હાબોના દુશ્મનો બાબત લખે છે કે :—

સુનો હોવે જબ કિયામત-હશર કરાવે,
જબ વાહેદુલ કહહાર રબ આપ હે કહાવે.

તબ હાંકારે મારેંગે ઓસ ઠામ નુરી,
જબ કિયામત કેરી હોવે સખ્તી પુરી.

કહાં ગએ દુશમન અબુબકર કેરે,
યું નુરી તો નિદા કરેંગે સવેરે.

યું મારને હાંકા ખેંચ પકડને લાવે,
અને ગુસ્સે હો સેતી લે દોઝખમાં બાવે.

કહાં ગએ થે જે દુશ્મન ઉમરકી ઝાતી,
ઐસી ઐસી નુરી નિદાકી કરેંગે બાતી.

યું હાંકાંરે માર માર ઢુંડ ઢુંડ લાવે,
અને દોઝખમાં ચોરોંકી રીતે લેરે બાવે.

કહાં ગએ દુશમન ઉસમાન કેરે,
યું નુરી ભી નિદા કરેંગે સવેરે.

યું ઢુંડ ઢુંડ ઓનું યું પકડે જાતે,
જે દુશમન ઉસમાન કેરે હંય કેહલાતે.

અને દોઝખમાં ઓનુંકુ હંય નુરી બાતે,
સો જાં તક દુશમન હંય રે પાતે.

ભી અલીકે દુશમન કહાં હય રે ગહે,
યું હાંકાં મારેંગે નુરી ઠાડે રહે.

યું ઢુંડ ઢુંડ હાંકા માર પકડને લાવે,
અને દોઝખ માંહે ખેંચ રે બાવે.

સુનો દુશમન ચારોંકે યું દોઝખ બથાએ,
જે દુશમન ચારોં યારોંકે કેહલાએ.

અયસે ખુલફાએ રાશેદીન બુઝુર્ગ જાનો,
બહોત મરતબા ઓનુકા સહીરે પેછાનો.
સહી રઝીઅલ્લા અનહુમ કહો ઓનુકે નામા,
અને નિસદિન ઈતના કરો રે કામા.

* * * * *

સુનો અબુબકર સિદ્દીક રઝીઅલ્લા અનહો કહીએ,
સહી ખુબી ઓનુકી અયસી સુનકર લહીએ.
સો પેહલા પેહલ ઓનુ પર કરમ રબને કીતા,
ભી ઈમામ મુકદ્દમ નામ ઓનુકા સુનીતા.
ભી "સિદ્દીક"કી સિફત સહી ઓનુકી કેહલાઇ,
સહી અબુબકર સિદદીકકી એ બુઝોરે બડાઈ.
અને "ફારૂકે અકબર" રઝીઅલ્લાહ અનહો કહીએ,
સહી ઓનુકી સિફ્ત અયસી રે લહીએ.
સો અદલ ઓનુકા મશહુર જાના,
એ તો ફારૂક કેરી ખૂબીકા બયાના.
જનુ રઝીઅલ્લાહ અનહો કહીએ,
સુનો સિફત તો ઉસમાનકી અયસી સુન લઇએ.
કે શરમ ને હયા બહોત ઓનુંકી કેહલાઇ,
કે "ઝિન નુરૈન"કી સિફત રે સુનાઇ.
અને મુરતઝા અલી રઝીઅલ્લાહ અન્હો જાનો,
ખુબી તો ઓનુંકી અયસી રે પેહછાનો.
સહી એ તો "સખી" બહોત રે કેહલાએ,
સહી મુરતઝા અલી અયસી ખૂબીસુ સુનાએ.
તો ચાહીએ કે મોહબ્બત બંદા યારોંસુ રાખે,
કે નેહ હો સેતી નામ ઓનુકા આખે.
અને સીના ભી આપસકા પાક કરાવે.
કે દિલ હો સેતી યારેં યારેંકુ ચાહવે.

તુ ચારોં રે યારોંકી કર ચલનકી રીતા,
જો એક કર રબકુ હય ચંત રે દીતા.

* * * *

જો ઉમ્મતી હોનેકા તુજે હય રે ભાવા,
તો ચારોં યારોં કેરી રીતે કરની કમાવા.
અબુબકર જયસા તુજે સિદ્દક હય કરના,
કે સાચે હંય રે નબી, યું સહી મન ધરના.
જબ કુરેશી યોં આવકર કીયા રે દાવા,
તબ સિદ્દીકને નબી પર રાખા રે ભાવા.
જબ કુરેશી નબીજીકુ આવરે કુડાતે,
તબ સિદ્દીક દિલસુ થે નબીજીકુ ચાહતે.
જબ કુરેશીયોં આવકર ઘેરને ઘર લીતા,
અને હિજરત કેરા સોચ નબી મન દીતા.
તબ સિદ્દીક તો નબીકે હુએ રે હમરાહી,
હો નેહસુ કુરબાન ઝાત અપની રે કરાહી.
સુન, યાર ગાર સિદ્દીક ઉસ દિન રે કેહલાએ,
યું પેહલા પેહલ નબીકુ એ સહી કર પાએ.
તો ઓનુ કેરી રીત તુ કરને આવા
જો ખાતિમકી ઉમ્મતકા તુજે હય રે ભાવા.
અને ફારૂકે હો કેરી કર અદલકી રીતા,
સુન સુન ફારૂકને કયસા અદલ હય કીતા.
ઉન્હે આપૂસકે બેટેકી ના દયા રે આઈ,
સહી અદલ હો કેરી એ ખબર રે સુનાઈ.

* * * *

અને ઉસમાન કેરી કર શરમકી રીતા,
તુ વયસે અમલકી દિલ દેને પીતા.
ના મેહરમકે સામી ન થા ઓનુને દેખાયા,
અયસા શરમકા બયાન હય ઓનુકા સુનાયા.

તુભી ઓનુ હો જયસી કર શરમકી રીતા,
જો નબીજીકે ઉમ્મતકી તુજે હય રે પીતા.
અને મુરતઝા અલીકી જું સખાવત સુનની,
વૈસી પીતભી સુન સુન મન મનમાંહી ધરની.
કે સખાવત ઓનુકી બહોત થી રે સુનાહી,
બહોત થી રે સખાવત ઓનુકી રે પનાહી.
તો પનાહી ભી વૈસી સહી ધર ચંત માંહા,
કે ઉસકા ઉલટા દિલ લાવે રે નાંહાં.
યું ચાર યારેં કેરી રીત મન માંહે દેની,
અને રીત વેસી કરની જું સુન સુન લેની.
તો ખુલફાએ રાશેદીન તુજકુ રે ચાહવે,
અને શફાઅત તેરી સહી રે કરાવે.
જબ હશર રે હોવે આવે કિયામત દંના,
તબ કરે એ શફાઅત તેરી સુન રાખ મંના.
વે તેરે રે ચાહે સુ હોવે તુજે મેહરબાના,
વે શફાઅત તેરી કરે ચાર રે જાના.
સહી નબી બાજ ખલકત જગ કે માંહા,
સો ચાર યારેં બના અવર કો, નાંહા.
સો નબી પીછે ખુબી યું સુનકર લહીએ,
કે અબુબકર અફઝલ ખલાયક રે લહીએ.
અને પીછે ઉમર, પીછે ઉસમાન જાનો,
અને પીછે અલી સહી રે પેહછાનો.
રઝીઅલ્લાહ અનહુમ ઓનુ નામ રે જાનો,
ભી અમીરૂલ મોમેમીન ઓનુ નામ સુ પેહછાનો.
મુરતઝા અલી રઝીઅલ્લાહ અનહો કહીએ,
અને અમીરૂલ મોમેનીન ઓનુ નામ સુ લહીએ.

સુન એ હંચ કેહતે અયસે રે એના,
યું સુન સહી કરના દિલકે રે મેના.
કહયા બેહતર મરદ નબીજીકે બાજા,
સો અબુબકર કીયા યું રે અવાજા.
અને ઓનુ પીછે ઉમર, બાઅ ઉસમાન કહીએ,
કે અલીને કહા એ સુનકર રે લહીએ,
ફિર અલીને ઈતના કેહકર રે દાખા,
સુન સુન સહી મન માંહે રે રાખા.
કે દુશમની અબુબકર, ઉમર રે કેરી,
અને દોસ્તી મેરી કો' રાખે રે અનેરી.
એ મોમિન કે દિલમાં હોવે એકઠા નાંહા,
કે ઓનુકી દુશમની મેરે દોસ્ત દિલ માંહા.
કે દોસ્ત જો મેરા, વે સબુ હો કેરા
ઈતના અલીને, કહા રે સવેરા.
દુશમન શેખેન કેરડા, ચાહવે અલી સુ પીત,
તો અલી ના ઉસ્કે દોસ્ત હૈ, સબકી સરખી રીત.

(ખુલ્ફાએ રાશેદીન)

હ૦ પીર મશાયખ રેહ૦એ મજકુર કિતાબ "ખુલફાએ રાશેદીન"માં ચારે અસ્હાબ-ખુલફાએ રાશેદીનની તારીફમાં ૧૩૬ બયાન બહુજ ખુલાસાથી લખેલા છે. ચરે અસ્હાબોની ફઝીલત, તેમની આપસમાં એક બીજા સાથે મોહબ્બત તેમજ તેમનામાંથી કોઇ એકની પણ દુશ્મની કરનારા અને તેમના મ:ટે તબર્રા યાને બુરૂં કેહનારાઓના કેવા બુરા હાલ થયા છે, તે બહુજ દાખલા-ઓથી સમજાવ્યું છે. છેવટના ભાગમાં આપ દુઆ માંગતા લખે છે કે :—

બખશ તુ ઇલાહી સુરીજના હારા,
હમ બંદા આસી તેરા રે બિચારા.

પણુ તેરે રે કરમસુ હોવે રે સફાહી,
તુ કરમતો તેરા કર બંદેકુ ઇલાહી.

સો દોસ્તી ખાતિમ નબીજી હો કેરી,
તુ કરમકી નઝર કર ખાલિક સવેરી.

હય ઉમ્મીદ કે તૌફિક નેક રે આવે,
કે ચાર યારી મોમિન બંદા રે કેહલાવે.

કે ખુલફાએ રાશેદીન કેરા નેહ રે આવે,
અને સિફત ઓનુકી નિત દિલમાંહે લાવે.

યું ચાહતા હય બંદા તેરે કરમસું સાંહી,
કે ખતરા દિલમાં આવે રે નાંહી.

ભી હય જે ટોળે દુરીજનો રે કેરે,
રબ પનાહ માંહે ઓનુથી તુ રાખીયો સવેરે.

જે રાફઝી કેહલાતે હંય જગ માંહા,
કે શૈખેનકી* ખુબી ઉન્હેં ભાવે રે નાંહા.

ઓનુ ટોલેથી પનાહ તુ દીજીઓ ઈલાહી,
કે સાફ હોવે દિલ ના આવે ગુમરાહી.

ભી ખારજી ટોળા હય જે કેહલાતા,
કે ખતૅનન× સેતી નાંહિ નેહ રે લગાતા.

ઉસ ટોળેથીભી પનાહમાં રબ રાખીઓ સવેરી,
અને નબીજીકી દોસ્તી દુઆ કબુલને મેરી.

(ખુલફાએ રાશેદીન)

* પેહલા બે અસ્હાબો યાને હ૦ અબુબક્ર સિદ્દીક અને હ૦ ઉમર ફારૂક રદી૦

× બીજા બે અસ્હાબ—હ૦ રસુલુલ્લાહ સલ૦ના બે જમાઈ, યાને હ૦ ઉસમાન અને હ૦ અલી રદી૦.

વળી હ૦ પીર મશાયખ (રેહ૦) સાહેબે મોમિનોને ચેતવણી આપતાં બેદીનોથી દુર રેહવાની તાકીદ કીધી છે :—

**શાફ્ઝીસુ સંગત ના કરની રે તમે સુનો રે,**
**બોલી ઓસકી કાને ના ધરની રે તમે સુનો રે.**
**સુનતે ખતરા આવે રે તમે સુનો રે,**
**મોમિન તો કાનોકુ મુદાવે રે તમે સુનો રે.**

(ખુલફાએ રાશેદીન)

## વુઝુની બતાવેલી તરતીબ.

હ૦ પીર મશાયખ (રેહ૦)એ સુન્ની અકીદા મુજબ વુઝુની રીત બતાવેલ છે. તેમાં પગ છેલ્લે ધોવાનું લખેલ છે; ત્યારે મુમનોમાં કેટલાકોએ કાઢેલ ધર્મમાં પેહલા પગ ધોવાનું ચાલુ કરેલ છે, તે તદ્દન ખોટી રીત છે. કુરઆન શરીફમાં સુરએ મ એદહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે :— **"હે ઇમાન-વાળાઓ! જ્યારે તમે નમાઝ પઢવાનું કારે ત્યારે પ્રથમ વુઝુ કરો એટલે તમારૂં મ્હોં ધુઓ, અને તમારા હાથ કોણીઓ સુધી ધુઓ, અને તમારા માથાં ઉપર મસા કરો, અને પોતાના પગોને ઘુંટીઓ સુધી ધુઓ."**

એજ પ્રમાણે હ૦ પીર મશાયખ (રેહ૦) પણ કુરઆન શરીફના હવાલાથી ફરમાવે છે કે :—

**જું કુરઆનમાં આયત, હય બુઝોરે રબ્બાની,**
**સહી તરતીબ કેરી, યાદ રાખો વે નિશાની.**
**કે મુહ હય ધોના, પેહલા રે ફરમાયા,**
**અને હાથોંકા ધોના પીછે હય રે સુનાયા.**
**પીછે મસા હય કરના, હુકમ રે કીતા,**
**અને પગોંકા ધોના, પીછે હુકમ રે દીતા.**
**એ તરતીબ સેતી, વુઝુ રે કરની,**
**સો સુન્નત રે રીત, મન રે ધરની.**

(ઇબાદત)

કુરઆનના આવા ચોકખા હુકમ હોય છતાં તેને ઝુઠાડી તેના વિરૂધ વર્તન કરવું તે ઘણુજ ખોટું છે. તે સંબંધી કૂરઆન શરીફમાં છે કેઃ—"પછી તે માણસથી વધુ ઝુલમી કોણ હશે જે અલ્લાહ પર તોમત મુકે અથવા તેની આયતોને ઝુઠાડે ? બેશક એવા પાપીઓનો છુટકારો થનાર નથી." (સૂરએ યુનુસ)

## પાંચ નમાઝ ત્રણ વખતમાં પઢવી નહી.

હ૦ પીર મશાયખ (રહ૦)એ ઇબાદતની કિતાબમાં પાંચે વખતની નમાઝને કેવી રીતે તેના વખતોમાં પઢવી તેના ખુલાસાવાર બયાન લખેલ છે; છતાં પીર મેહરહુસેન સાહબના ખાસ મુરીદો હાલમાં ત્રણ વખતમાં તે નમાઝો પઢવા લાગ્યા છે. તે સંબંધી હ૦ પીર મશાયખ રેહ૦ ફરમાવે છે કેઃ—

**એક વખતમાં નમાઝાં, દો કરની નાંહા,**
**પણ ઇદકુ રવા હય, એ મકકે કે માંહા.**
**જો ઉઝર રે હોવે, ના એકઠી કરાહો,**
**એક વેળામાં દોનું, ના મન રે લાહો.**

(ઇબાદત)

આવા ખુલ્લા હુકમો છતાં તે વિરૂધ વર્તન કરવું અને સુન્ની અકીદાના વિરૂધ અમલ કરવા અને પછી હ૦ પીર મશાયખ રેહ૦ ની કિતાબોને માનવાનો દાવો કરવો એ કેટલો ખોટો ગણાય ? આવા લોકો કદીપણ હ૦ પીર મશાયખ (રહ૦)ને દિલથી અને ઇમાનદારીથી માનતા હોય એવું સાબિત થતું નથી. આ લોકો બીજા સ્વાર્થીઓ અને અધર્મીઓના કાવા દાવા તેમજ દાવપેંચમાં આવી જઇ કિતાબો વિરૂધ વર્તન શરૂ કરેલ છે અને ઉંધા માર્ગે દોરવાઇ ગયા છે. છેવટે તેમની આવી ચાલનો નતીજો એ આવશે કે, હ૦ પીર મશાયખ (રેહ૦)ની કિતાબો ઉપર ખોટી તોહમતો મુકી તેમજ શકની નજરે જોવા માંડી છેવટે તે કિતાબોને મુકી દેશે કે, જેવી રીતે કાણોદરવાળાઓએ અને મેતા, વાઘરોળ, રવીયાસણા વીગેરે ગામના મુમિનોએ તે કિતાબોને મુકી દીધી છે.

## ચારે અસ્હાબોના દુશ્મન.

હ૦ પીર મશાયખ (રેહ૦) લખે છે કે, નમાઝ, રોઝા અને તરાવીહની નમાઝથી દુર ન્હાસનારાઓ ચારે અસ્હાબોના દુશ્મન છે :–

ઉમર ખત્તાબકુ યાદ હે દિલાહી રે,
તરાવીહકી નમાઝ કરાહી રે.
તમે તો દેખો નાંહી નમાઝ કરાતે રે.
દોસ્તી અલી મન કયસી ધરાતે રે?

એ સબ કામ દુરીજન કેરે રે,
દુશ્મન અલી કે નામ અનેરે રે.
રોઝેભી તુમ નાંહિ ધરાતે રે,
તરાવીહકી નમાઝ નાંહી કરાતે રે,
દોસ્ત અલી કે હો કયસે કેહલાતે રે?
જુવાબ નાંહી કયું હમુકુ બતાતે રે?

રાફઝી નાંહી તમુ જુવાબ કી ઠામા રે,
તોબાહ કરો, છોડો રાફઝીકા કામા રે.

દૂશ્મન અલી કે હમ જાને રે,
તમ નિશાનીયું સેતી પેહછાને રે.
પોટ સેતી ચોર જું પકડા જાવે રે,
ઓસકી ચોરી માંહે, શક ના આવે રે.

તો તમું કામસું દૂશમન જાને રે,
દૂરીજન અલી કે સહી પેહછાને રે.
હમુ આગે તુમ કહાં છુપ જાહો રે,
દોસ્ત અલીકે ફાંસુ કેહલાહો રે.
શેખેનકુભી તુમ નાંહી ચાહતે રે,
અબ કેહો તુમ હો કયસે કેહલાતે રે?

ચારોં યારોં કે દૂશમન તમના રે,
તેહકીક એ સહી બુઆ હમના રે.
(ખુલફાએ રાશેદીન)

## અર્શ નીચેની કેટલીક વસ્તીઓ.

હ૦ પીર મશાયખ (રેહ૦)એ "મેઅરાજનામા" નામની કિતાબ કે જે દીવાને મશાયખમાંની ફસલ બીજી છે, તેમાં હ૦ પયગમ્બર (સલ૦)ની મેઅરાજની હકીકત લખેલ છે. હ૦ પયગમ્બર (સલ૦) સાતમાં આસમાન અને ઉપર અર્શે ઇલાહી પાસે પહોંચ્યા, ત્યારે અર્શના નીચે કેટલીક આલમ (વસ્તીઓ)ને જોઇ, કે જે અલ્લાહ તઆલાના હુકમ મુજબ ફકત ચાર બુઝુર્ગ ખલીફાઓની તારીફ કરતાજ જણાયા હતા. તે હકીકત નીચે પ્રમાણે આપે લખેલ છે :—

સહી તીનસો સાઠ પાઇએ અર્શકે કહીએ,
ઉસ થંબકી બડાઈ દેખો કયસીથી લહીએ.
સિત્તર હઝાર દુંનિયા ઉસ થંબમાં સમાવે,
થંબ એક એક બડા દેખો અયસારે કેહલાવે.
જો ઉડે રે પરંદા આવ ઝોરકે માંહા,
પહોંચે એંસી હઝાર બરસ બિન થંબ દૂજેનાંહા.
દેખો દોરે થંબો બીચ એતા છેટા કેહલાયા,
સહી તીનસો સાઠકા યું હિસાબ લખાયા.
હંય એક થંબ નીચે સિત્તર હઝાર મયદાના,
જાનો સેહરા કેરા નામ મયદાન કીના.
અને સિત્તરહઝાર જંગલ એક સેહરામાં બતાએ,
અને સિત્તર હઝાર આલમ એક જંગલ લખાએ.
સો જિન આદમ મલકર આલમ લેહના,
અયસા સિત્તર હઝાર આલમ રે કેહના.
વે આદમને ઇબ્લીસકી નસલ જાનતે હંય નાંહા.
અયસી ખલકત ખુદાકી હયઉન આલમોં કે માંહા.

અપને નબીકે ખલીફે વે ચારેંકુ પિછાને,
સો રબકે હુકમ સુ હંય ઓનુકુ જાને.
અબુબકેર ઉમર ઉસમાન અલી કેહીએ,
રઝીઅલ્લાહો અનહુમ એ ચારેંકુ લહીએ.
વે હંય બખ્શીશ ચાહતે જે દોસ્ત ઓનુકા,
સો ચાર યારી સુન્ની હંય નામ રે જિનુકા.
અને જે હંય ખલીફોંસુ દુશમની કરતે,
વે સારે હંય ઓનુ પર સહી લા'નત પડતે.
ઓનુ રબને હય દીતી ખબર ખલીફોં કેરી,
તો ઓનુકુ હય જાનતી વે ખલકત સવેરી.
અયસા સિત્તરહઝાર આલમ એક જંગલ માંહા,
કે શયતાનને આદમકુ વે જાને રે નાંહા.

* * * *

દેખો યારેંકી રબને કયસી કીતી હય ઝાતી,
ઉને પેહછાનનેમાં ટોળ હુએ તીન સુનો બાતી.
એક ચાર યારી સુન્ની, જે હંય મુસલમાના,
અને રાફઝી ને ખારજી દુજે દો એ પેહછાના.
જે અલ્લાહકુ એકકર, હંય નબીજીકુ માને,
અને રસુલ મોહંમદકુ સહી રે જાને.
એ તીન ટોળે સો ઓનુ કે રે માંહા,
બાકી કાફિરેંકે ટોળે કુછ છેહરે નાહાં.
જિનુ અલ્લાહકુ નાએકકર નાંહી નબીકુ પિછાને,
વે કાફિરોંમાં કેહીએ હંય રબકે બેગાને.
અબ સુન્ની મુસલમાન દેખો કયસે રે કહીએ,
કે ચાર યારી જિનુકુ કેહકર રે લહીએ.
વે શેખેનકુ તો હંય બુઝુર્ગ જાને,
મન દોનોરે ખુત્નોસુ બહોત દોસ્તી આને.

અબુબકર ઉમર રઝીઅલ્લા અનહુમા કહીએ,
નામ શેખેન કે રે સુ નો ઓનુકુ લહીએ.
અને ઉસમાન અલ્લી રઝીઅલ્લાહ અનહુમા જાનો,
તમે જમાઈ નબીકે સહી ઓનુકુ પિછાનો.
હય ઉમ્મેદ કે અકીદેમાં એ લખુંગા બાતી,
જો દેવેગા જમીઅત રબ મેરી ઝાતી.
અબ શેખેનકે નામસુ કોઈ ઝુબાં રે ચલાવે,
અને તોહમત કેરી કુછ બાત રે બનાવે.
અને જમાઇઓંકી તા'રીફ બહોત ઝુબાં પર લાવે,
અને શેખેનકે નામ ગુસ્સા રે દિખાવે,
તો વે હય રાફઝી લા'નત ઉસ્કે નામા,
લા'નત ભેજનેકી ખસલત જુંવે કરતીહયકામા.
અને જમાઇઓંકી તરફ જે ઝુબાં રે ચલાવે,
અને નરતે સુખૂનસુ લે બયત રે બનાવે.
યું દા'વા ખૂતનોસુ કરે દિન ઔર રાતી,
વે હય રે ખારજી લા'નત કેરી ઝાતી.
જું વે ખલકત રબકી હય લા'નત કરતી,
દેખો તીન ટોલુમાં એ હય બિગત પડતી.
અને સુન્ની જે મુસલમાન વે હોવે ચાર યારી,
વે તા'રીફ કીસીકી ના છોડે રે બિસારી.

રે તુહી

હોઇએ ચાર યારી મોમિન, સુન સુન લખેકી રીત રે;
તો બખશીશ માંગે તમંના, વે ખલકત કરે બોત પીત રે.

(મેઅરાજનામા)

## ઈમામોની બુઝુર્ગી અને મકતુલનામા.

હ૦ પીર મશાયખ (રહ૦)એ હ૦ ઇમામ હુસેન (રદી૦) સંબંધી કેવી માન્યતા હોવી જોઇએ, અને ઉંધા માર્ગે ચઢેલ

લોકો કેવા ઉલ્ટા રસ્તે દોરાયા છે તે સંબંધી "મકતુલનામા" માં આપે ખુલાસાથી બયાન લખેલ છે. અને તે સાથે "મકતુલનામા કિતાબ શા માટે લખવી પડી તે પણ આપે વિગતથી બહુજ ખુલાસા સાથે હકીકત નીચે પ્રમાણે લખેલ છે :—

સુનો મકતુલનામા એ ઈમામોં કેરા,
તમે મન ધર ઓસકુ સુનીયો સવેરા.
સુનો ઈમામોંકા કિસ્સા હું મંય લખારે ચાત,
સો કેતી રે બાતોંકા સોચ મન હું લાતા.
ઓસ કાજે હું લખતા એ મકતુલનામા,
સો પડા હય કહીં ઠામ ઓસકા કામા.
ઓસ કાજે લખના મુજે હુઆ રે ઝરૂરા,
તો ચાહતા હું કે લખું મંય બયાન રે પુરા.
રખે સુનતે ઔર કૂછ કરે દિલ રે ગુમાના,
કે કિસ કાજે કીયા અયસા રે બયાના.
કે શીયા ઓસકુ હય બહોત રે ચાહતે,
સો પડ પડ ઓસકૂ બહોત હય રે સુનાતે.
અને સુન્નત જમાત હય થોડા રે પડાતે,
સો તશયોં કાજ નાંહી બોત રે બતાતે.
રખે કોઈ સુનતે બહોત ખતરા લાવે,
અને તશીયા ટોળેકુ તરજીહ રે દિલાવે.
અને કેતનેક કાસુ કાજ મુજે લિખના હય પડીયા,
ઓસ કાજ બયાન એ સબ મન ધરીયા.
મત અકીદેમાં કોઈ શક રે લે આના,
કે સુન્નત જમાત બિન, મુજે રે બતાના.
મંય કિયામત દિન ઓસે દાવા હય કરાહું,
હો મુદઈ ઓસકા મંય હાહરે ચાહુ.
કે ચાર યારી મેરા અકીદા હય સહી,
મંય ગવાહી હું કરતા વે જે આપ હય દહી.

* * * * *

સુનો ઈમામોંકા લખીયા મકતુલનામા,
કેતે સબબોં હો કાજે, હુવા લિખનેકા કામા.

સો એકતો સબબ હય અયસા રે જાના,
સો સોચ ઓસ ફિકરકા મન તબ રે આના.

કે ઈસ રે મુલકમાં બહોત રાફઝી હંય રેહતે,
વે ખલકકૂ બદ રાહકી બાત હંય કેહતે.

અને ગવારેં હો સેતી મુજે પડયા હય કામા,
વે મુજથી હંય દુર રેહતે કહીં કહીં ગામા.

વાં રાફઝી ઓનુકૂ હય બદ રાહ આ કરતે,
સો ફરેબ ખાતિર હય ગામ ગામ ફરતે.

સો મકતુલનામેકા મંય બયાન ના આખું,
અને કિસ્સા એ સારા મંય છુપા રે રાખૂં.

તો ગવારેંકો રાફઝી એ બુઝાવે બાતી,
કે કતલ રે હોવડી યું ઈમામોંકી ઝાતી.

તો ગવારેંકે દિલમાં બાત અજબ રે આવે,
તબ રાફઝીયું સેતી વે નેહ રે લગાવે.

અને મુજ માંહે સમજન વે ઓછી રે જાને,
અને રાફઝીકૂ સમજુ વે કરને પિછાને.

કે ગવારૂં રે બુઝે ઈલમ મુજ માંહે નાંહા,
અને સમજન બહોત હય રાફઝીયું માંહા.

મુંહ તો મુજથી ફિરાકર રાફઝીકુ ચાવે,
કે રાફઝીકા કેહના વે ખાતિરમાં લાવે.

પીછે રાફઝી ચાવે ત્યું બયાન રે બતાવે,
બહોત કિસ્સે રે માંહા બાત જુઠી ભી મેલાવે.

સુનો મકતુલનામા ઓસ કાજ મંય લખાયા,
કે રાફઝીયોં કેરા મુંહ રે મુદાયા.

જો સુને એ ગવારૂં નાંહી ફરેબ રે ખાવે,
કે રાફઝીકી બાત નાંહી કાન રે લાવે.
સુને બા જ અચરત ઓનું લાગે રે નાંહા,
એ સચ કર જાનો સહી મન માંહા.

* * * *

ભી દિલ માંહે સોચ ઐસા રે આયા,
એ મકતુલનામા ઓસ કાજ મંય લખાયા.
હય ગવારૂં રે ઝાતી જે મુમન રે કેહલાતે,
વે ઈમામોંકુ ઔર રિત કુછ હંય રે ચાતે.
વે ઈમામોંકુ બંદેમાં નાંહી રે ગણાતે,
જયસે ગંવાર હંય વયસે બાત મન રે લાતે.
અને ઓનુ કાજ મંય એ "દીવાન" રે કીતા,
પેહલા સોચ તો ઓનુકા હય મન માંહે દીતા.
કે ખતરે ઓનુકે દુર કરને કે લીતે,
સો કહા કહી ઓઠે હંય લિખકર દીતે.
કે જો મકતુલનામા એ સુને રે કાના,
જું સહી રે સાચા હય રે બયાના.
તો ઈમામોંકુ બંદે કર રબ કે જાને,
હય ખાલિક કો, અપના યું કરને પિછાને.
તો અકીદા ઓનુકા સાચા રે દિખાવે,
જો ખાલિક ઓનુકુ સહી રે પાવે.
કે મકતુલનામા જો સુને એ કાના,
તો ઈમામોંકુ બુઝે બંદોંકી શાના.
તો નવાસે નબીકે કરને પિછાને,
અને સચ્ચદ ઓનુકુ કરને જાને.
તો સુરીજનહારકુ એ જાને રે સહી,
કે પયદા કરનાર કો, હય રે ઠહી.

સહી ઈસ કાજે લખીયા મંય મકતુલનામા,
ઓસ સબબ હો કેરા બહોત બુઝા રે કામા.
એ લિખનેકા સબબ ઓસ કાજે ચંત દીતા,
કે ગંવાર પિછાને જે હય અપના મીતા.
તમે સુનો ચાર યારી મેરે દીન કેરે ભાઇ,
એ ચંતા સહી હય અન માંહી આઈ.

* * * *

સુનો મકતુલનામા ઓસ કજ મંય લખાયા,
સો સોચભી અયસા હય મન માંહે આયા.
કે દીન માંહે ગંવાર હંય અયબ રે કરાતે,
અને હકીકત દીનકી એ નાંહી રે પાતે.
જબ પહોંચતી હય સખ્તી, કુછ ઓનુકી ઝાતી,
હય અજબ દિખાતી ઓનુ સખ્તીકી બાતી
અને તુરતજ દિલમાં હય ખતરા આતા.
અને દીન તો ઓનુકુ તબ નાંહી રે ભાતા.
તબ સખ્તીકે લીતે એ ફિર હંય જાતે,
જો મુરતદ દીનકુ છોટા હય રે કેહલાતે.
સહી મકતુલનામા ઓસ કાજે મંય લખાયા,
કે સબરકા બયાન લે ગવારૂં સુનાયા.
કે હક કેરી રાહાકી હય અયસી રે રીતા,
કે દુનિયાકે ઢંગસુ કીતી અવલી વે રીતા.
કે મુમન બંદીવાન દુનિયા કે માંહા,
અને બંદીખાનેમાં સુખ હોવે રે નાંહા.
તો નબીયોં કેરી રબે કીતી એ રીતા,
અને વલીયોંકા હાલ ભી વયસા રે કીતા.
કે સખ્તી પહોંચી બહોત વલીયોંકી ઝાતી,
સહી હક કેરી રાહાકી, અયસી બુઝી હય બાતી

સુનો ફરઝંદ નબી કે ઇમામ કેહલાએ,
બહોત સખ્તી હો સેતી શહીદ કરાએ.
એ ગંવારૂં સુનતે મન બુઝે રે સવેરી,
કે સખ્તી દિખાવે રાહા સહી હક કેરી.
અબ ગમારતો બુઝે કયસા હમારા હાલા,
જો નબીકે ફરઝંદ કીએ સખ્તી હવાલા.
યું ગવારૂંકુ સુનતે દિલ કરાર રે પાવે.
જબ સખ્તી પ્હોંચે એતા સોચ મન લાવે.

* * * *

બેગે બેગે ભાઈ દીન કેરે રે તમે સુનો રે,
નેહ આવો સુન ને સવેરે રે તમે સુનો રે.
મકતુલ નામેમાં લખાયા રે તમે સુનો રે,
અયસા સોચ દિલ માંહે આયા રે તમે સુનો રે.
દીન ચોર બહોત હંય દેખાતે રે તમે સુનો રે,
લોગોકુ હંય દીનથી ફિરાતે રે તમે સુનો રે.
અલી દોસ્ત આપ હંય કેહલાતે રે તમે સુનો રે,
હક કુછ દિલ નાંહી ચાહતે રે તમે સુનો રે.
ઓસ કાજે લખાયા બયાના રે તમે સુનો રે,
સહી કર લખેમ્રૂ જાના રે તમે સુનો રે.
ચોરૂં કેરા મુંહ હય સુહાયા રે તમે સુનો રે,
લાખ હુયા ઓનુ સુખ બાયા રે તમે સુનો રે.
નાંહી રેહવે બોલનેકી ઠામાં રે તમે સુનો રે,
ઠગાઈકા દૂર કીયા કામા રે તમે સુનો રે.
રાફઝી જુઠા દેખાવે રે તમે સુનો રે,
ફરેબ ના કામ કુછ આવે રે તમે સુનો રે.
ઓસ કાજ બયાન મંય કીતા રે તમે સુનો રે,
સહીકર જું સુન લીતા રે તમે રે સુનો રે.

ચાર યારી સુનો ભાઈ મેરે રે તમે સુનો રે,
સહી મન દીજીએ સવેરે રે તમે સુનો રે.
ચાર યારી અકીદા હય સાચા રે તમે સુનો રે,
નાંહી કુછ નેહ દિલ કાચા રે તમે સુનો રે.
સાહેબ મેરા વે હય મીતા રે તમે સુનો રે,
જેને સુજે જીવ હય દીતા રે તમે સુનો રે.
ચાર યારી હોનેકી હય બાતી રે તમે સુનો રે,
ઔર ચિંતા નાંહી દિલ આતી રે તમે સુનો રે.
મત કો' કરો કુછ ગુમાના રે તમે સુનો રે,
દાવા પડે હશર મયદાના રે તમે સુનો રે.
ભાઈ પણા હોવે તબ દુરી રે તમે સુનો રે,
દાવા પડે રિસ ચઢે પુરી રે તમે સુનો રે.
હક હય તુ, સહી તો પેહછાનો રે તમે સુનો રે,
ચાર યારી સુજે કર જાનો રે તમે સુનો રે.

( મકતુલનામા )

## મોહર્રમમાં થતા ઢોંગ સોંગ.

અત્યારે મોહર્રમમાં જે ઢોંગ સોંગ કેટલાક ઠેકાણે મોમિન કોમમાં થઇ રહયા છે, તે હ૦ પીર મશાયખ (રેહ.)ની લખેલ કિતાબોમાં કોઇ જગ્યાએ કરવાનું બયાન નથી. તાબુત (જરી), નિશાન વીગેરે બનાવવા, છાતી કુટવી, શરબતો પીવા, નૌબતો, ઢોલ તાંસા વગાડવા, નકલી ફકીર બની-વેષ કાઢી ગામે ગામ ફરવું અને છાતી કુટી શરબતો પીવા તેમજ પૈસા ઉઘરાવવા એ બધાં ઇમામોની શાનન વિરૂધ્ધ કામ થઇ રહયા છે. આપણા હાથે તાબુત બનાવી, તેના સામે હાથ જોડી મુરાદો માંગવી, તેના સામે ઝુકવું, નીયાઝો-નારએલ, મીઠાઇઓ ચઢાવવી એ બધાં ખુદાની ઝાતમાં શિર્ક કરવા જેવા કામો છે. હ૦ પીર મશાયખ (રહ૦) લખે છે કે :-

કેહા શરીકતો રબમાં, કુછ કીજીયો નાંહા,
કભી મર રે જાહો કે જલો આગ માંહા.
કે અલ્લાહ માંહે શરીક કુછ હય કરના,
એ કબીરા ગુનાહ મન હય ધરના.
કિસે ખુદાકે બરાબર, કેહા ખાતિમને ચાહવે,
એ ગુનાહ તો કબીરા હય રે કેહલાવે.

(ઇમાન ફસલ)

ઇમામો અને એહલે બૈતની મુસીબતો જોતાં, મન ઉપર અસર થવો જોઇએ, દિલ ગમગીન થવું જોઇએ, ઉમદા સબક હાસિલ કરવો જોઇએ; ત્યારે તેના બદલે ઠંડા મીઠા શરબતો પીવા, નિયાઝના બહાને મીષ્ટાનો ખાવા એ કેવી મોહબ્બત ગણાય? કેટલાક ઠેકાણે તો કરબલામાં બનેલ કરૂણ બનાવના નાટકો ભજવાય છે, અને તેમાં એક યઝીદીઓનું ટોળું બને છે અને એક હ૦ ઇમામ હુસેન (રદી૦)નું ટોળું, એમ બે પક્ષ બની કરબલામાં બનેલ ગમખ્વાર બનાવની નકલો કરી તેને તમાશા રૂપે ઔરતો, બચ્ચાંઓ અને મરદો બહુ ઉમંગથી જુએ છે! તેમજ મેળ (ટોળીઓ) કાઢી ગામે ગામ ફરી, ખાવા પીવાની મોજ ઉડાવે છે અને તેમની વાજાંઓ સાથેની નાચ કુદને જોવા ઔરતો મરદો ભેગા થાય છે, તેમાં કેટલીક ખરાબીયો અને ઠઠ્ઠા મશ્કરીયો થાય છે. તેમાં ઔરતો અને ખાસ કરીને જવાન છોકરીઓ ભપકાબંધ કપડાંઓમાં શ્રંગાર કરી પોતાનું પુરૂં પ્રદર્શન કરાવે છે. જોનારાઓ પણ એક તમાશાની જેમ મઝાક મશ્કરીઓ કરે છે, જે જોઇ કોણ કહેશે કે એમનામાં કરબલામાં બનેલ કરૂણ બનાવનું ઝરા પણ દર્દ હોય? આ તો ખુશાલીઓજ થઇ રહી છે, કે જેવી ખુશાલીઓ હ૦ ઇમામ હુસેન (રદી૦) અને તેમના બાલ બચ્ચાંઓ ઉપર ઝુલ્મ કરી યઝીદીયોએ શેહરે શેહર કરી હતી. નૌબતો અને ઢોલ તાંસા ખુશાલીમાં તેઓએજ વગાડયા હતા.

જ્યારે એહલેબૈતને યઝીદના દરબારમાં હાઝિર કર્યાં હતા ત્યારે નૌબત-નગારા કુટાયા હતા, અને તેથી યઝીદના લડકાએ ખુશાલી જાહેર કરી કે, “ જુઓ અમારા બાપ દાદાની નૌબત વાગે છે ! ” ત્યારે હ૦ ઝૈનુલ આબેદીન ( રદી૦ ) એ, તે નૌબત વાગતી બંધ થવા પછી અઝાન થતાં જવાબમાં કહયું કે :—

એતે નૌબત તો કુટાતી છાની રે રહી,
અને બાંગીએને આવકર બાંગ રે કહી.
અને બાંગ દીએ બાજ કહી રે સલાતા,
તબ યઝીદ કે બેટેકુ કહી સૈયદને બાતા.
એ નૌબત બાપ ને દાદેકી મેરી,
તું યઝીદકા બેઠા સુન ને સવેરી.
તેરે બાપકી હય નૌબત પાંચ દિન રે બજાવે,
દૂની ફાની કે માંહે વે ફના રે હો જાવે.
વે કિયામત દિન તક રેહવે નૌબત હમારી,
એ યઝીદ કે બેટે તુ સુનીયો સવેરી.

( મકતુલનામા )

હ૦ પીર મશાયખ (રહ૦) એ ઉપરના બયનમાં સાફ સાફ બતાવ્યું છે કે, “ નૌબત યઝીદની વાગતી હતી અને તેઓ ખુશી થતા હતા, ત્યારે એહલે બયતે અઝાનને પોતાની નૌબત બતાવી હતી, અને કિયામત સુધી તે બાકી રેહનારી જણાવી હતી.” છતાં એહલે બૈતની મોહબ્બતના હાલના દાવેદારો હ૦ ઇમામ હુસેન (રદી૦)નો તાબુત બનાવી તેના સામે યઝીદીઓની નૌબત હજુ સુધી પણ વગાડયા કરે છે ! શરબતો અને મીષ્ટાનો ઉડાવી કુદે છે અને ખુશાલીઓ કરે છે! આ બધાં યઝીદીઓના કામ છે. આવા કામોથી બચવું જોઇએ. ”

આશુરા યાને દસમી મોહર્રમનો દિવસ પહેલાથી બુઝુર્ગ ગણાયો છે, કેમકે તે દિવસે ઘણા પયગમ્બરો ઉપરથી મુસીબતો ટળી છે. તેમજ ઝમીન આસમાનમાંની ઘણી ખરી ખલકત તેજ દિવસે પયદા કીધી છે. વળી તેજ દિવસે હ૦ ઇમામ હુસેન (રદી૦) અને તેમના સાથીઓની શહાદત પણ થઇ છે. હ૦ પીર મશાયખ (રહ૦)એ મઝકુર બુઝુર્ગ દિવસે દસ કામો સુન્નત બતાવ્યાં છે, તેમાં નફિલ નમાઝ, રોઝું, રિસાએલાઓથી સુલાહ, યતીમો સાથે હમદર્દી વીગેરે કામો બતાવેલા છે; પરંતુ તે દિવસોમાં અત્યારે જે ઢોંગ થઇ રહયા છે, જરીયો-તાબૂત બનાવવામાં આવે છે, ઢોલ તાસાં અને નાચ કુદના ધતીંગ થાય છે, છાતીઓ કુટવાના દેખાવો થઇ રહયા છે, એવું તે કિતાબોમાં કરવાનું ક્યાંય લખેલ નથી. હ૦ પીર મશાયખ (રેહ૦) લખે છે કે:-

આપ ઉપાએ રે મનસુ જે કો' કરસે કામા,
નાંહિ વે સુન્નત કેરડા નાંહિ કિતાબ ઠામા.

મરદુદ કીયે વે કામ રે બાતિમને આખા,
બાતિલ હંય વે કામ રે હુકમ હય દાખા.

બાતિલ કીયે કામ રે, બાતિલ હોવે ઝાતી,
સુને જું હંય મુમિન કાફરા એ મનધર બાતી.

મુમિન કામ જે દીન કે સહી મન લાવે,
દીન બના જે કામ રે કામ કાફિર ચાવે.

તો વે કાફિર નામ રે હંય જો હક છુપાતે,
આપ તન સુખ કાજ હંય વે કામ બનાતે.

(ઇમાન ફસલ)

* * * *

આપ ગમે કામ કરો, નામ ધરાંઓ દીન રે,
દીનસુ હો દાવા બાંધતે, કયસી હૈ ચંતા કીન રે?

(ઇમાન ફસલ)

## આપ ઉપર તકીય્યાનો ઈલઝામ.

કેટલાક દ્વેષીઓ અને કીનાખોરો આપની ઉન્નતી અને તબલીગી કાર્યને ફતેહમંદ થતું જોઇ, અત્યરે બળી ઉઠે છે તેમ આપના સમયમાં પણ હિર્સથી તરેહવાર ઇલઝામો આપ ઉપર લગાડતા હતા; પરંતુ "હક સામે જુઠ ટકી શકતું નથી" તેમ તેમનું થુકેલ તેમના ઉપરજ પડતું હતું. હ૦ પીર મશાયખ (રહ૦) જેવી આ અસર અને બુઝુર્ગ હસ્તી સુન્ની મનાય, તો તેમના તરફ સદભાવ બતાવનાર હઝારો મોમિનોને શીયા તરફ ઘસડવાનું અશકય બને એથી, તે બુઝુર્ગને શીયા ઝાહિર કરી તેમની કિતાબોમાં "સુન્ની અકીદો લખેલ છે તે તકય્યાથી લખ્યો છે" એવું બતાવવા કેટલાક આપના દુશ્મનો તરફથી સખત કોશીશો થતી આવી છે. પરંતુ આપે તેઓના મોઢામાં ડુચા મારવા અને તેમના ફરેબથી લોકોને જાણીતા કરી દેવા પહેલાથીજ આપે લખેલ કિતાબોમાં તેવા કાવત્રાને ઉઘાડું પાડી દીધેલ છે. મકતુલનામામાં આપ લખે છે કે :-

મત અકીદેમાં કોઈ શક રે લે આના,
કે સુન્નત જમાત બિન સુજે રે બતાના.

મંય કિયામત દિન ઓસે દાવા હય કરાહું,
હો મુદદઈ ઓસકા મય દાહ રે ચાહું.

કે ચાર યારી મેરા અકીદા હય સહી,
મંય ગવાહી હું કરતા વે જે આપ હય દહી.

આપ ઉપર ખોટા ઇલઝામો ઠોકનારા દ્વેષીઓ તકીય્યો કરવાનો સબબ ઔરંગઝેબ–આલમગીર બાદશાહના ડરનો બતાવે છે; પરંતુ હ૦ પીર મશાયખ (રહ૦) ઇમાન ફસલમાં લખે છે કે :—

### સય્યદ પીર મશાયખ ચિશ્તી (રહ.)ની દરગાહ



અમદાવાદમાં સારંગપુર જુના ચારટોડા નઝદીક
આ દરગાહ છે.

દરગાહના સામેના ભાગનો દેખાવ.

★

અરે રેહના હમારા હય જિસ ઠામ, બુઝો મુલક હિંદુસ્તાના,
અરે ઉસ્કી રીત છુપી નહીં કિસથી, સુન સુન ઉસ્કા બયાના.
અરે પાદશાહ હમારા હય દીનદારા, નામ ચુગતા આતી,
અરે દીનદાર ભી મુલક હય ભરીયા સાચી સહી બાતી
અરે રોશન ચાંદા જું કયસા ઉજાલા, વેસી ઉસ ઠામ રીતા,
અરે રોશની યું નબી દીન સેતી, રબે એ હય કીતા.
(ઇમાન ફસલ)

યાને આલમગીર બાદશાહ અમારો દીનનો ભાઇ અને દીનદાર છે. વળી આપથી દુશમની કરનારા અને આપના મુરીદોમાં ખોટી વાતો ફેલાવી ફિસાદ ફેલાવનારાઓ સંબંધી આપ લખે છે કે :–

પાદશાહને તમુકુ પિછાને રે તમે સુનો રે,
મુનાફિક ફેર કર જાને રે તમે સુનો રે.
તોભી હો રેહતે નાંહિ છાને રે તમે સુનો રે,
પાદશાહને જો તમુ જાને રે તમે સુનો રે.
તોભી તમુ લાજ નાંહિ આતી રે તમે સુનો રે,
રાખતે હો ચોરી કેરા ચાવા રે તમે સુનો રે.
ગવારોંકુ હો કુસલાતે રે તમે સુનો રે,
ઇમાન ખાલી લે મિલાતે રે તમે સુનો રે,
ઓસમાં કેતે મુરીદ હંય મેરે રે તમે સુનો રે,
રેહતે હંય દૂર વે અનેરે રે તમે સુનો રે.
દીન ખુબ સુના નાંહી કાના રે તમે સુનો રે,
તો પંથ સુધા નાંહી જાના રે તમે સુનો રે.
તો બાત તમારી હંય સુનતે રે તમે સુનો રે,
કુછ કેહના મન નાંહિ ધરતે રે તમે સુનો રે,
જબ સુને દીનકી એ બાતી રે તમે સુનો રે,
સુન પાક કરે આપ આતી રે તમે સુનો રે.

તબ તમું છોડે એ નાંહા રે તમે સુનો રે,
મારે તસુ દેખે જિસ ઠાંહા રે તમે સુનો રે.
દુરીજન હોવે એ તમારે રે તમે સુનો રે,
તમનાકુ મેલે એ સવેરે તમે સુનો રે.
સાચે આગે ખોડકા ના ચારા રે તમે સુનો રે,
ફાંસુ ! કાએ હો અચબ કરાતે રે તમે સુનો રે.

(ઇમાન ફસલ )

હ૦ પીર મશાયખ (રહ૦) એ આલમગીર બાદશાહની દખ્ખણમાં ગોળકુંડા અને બીજાપુરની ચઢાઇ વખ્તે ફતેહ માટે દૂઆ માંગી હતી અને ફતેહ પણ થઇ હતી, જેના બયાનો આપે "મોજિઝાત" નામની કિતાબમાં બહુ લંબાણથી લખેલ છે જેમાંથી મુખ્તેસર નીચે રજુ કરીએ છીએ :—

તબ ફકીરને દોઆ માંગી રબ પાસા,
સો કર કર આજિઝી હોકર દાસા,
સો દોસ્તી ખાતિમ નબીજી હો કેરી,
ફતેહ ઔરંગશાહકુ તુ દેને સવેરી.

* * * *

તો ફકીરકુ કરમ રબ બોત રે કીતા,
કે દો મુલક લે એકસુ એકકુ દીતા.

* * * *

ફકીરકી અઝમત પાદશાહ, બુઝે લશ્કર સબરે,
ગોળકોંડા ને બીજાપુરા, ફતેહ કીયા થા તબરે.

* * * *

ઉમ્મતી ખાતિમ નબી કે, રબે બનાએ ખાસ રે,
કે મુલક લેનેકુ પાદશાહ, કરે હંય જિનકી આસ રે.

* * * *

મોગલોંને સહી કરામત જાની રે,
હજુ લગ નાંહી વે છુપી નિશાની રે.

જે કોઈ ચાહો સો પુછને જાહો રે,
લશકરમાં જા સહી કરાહો રે.
ઢુંઢતે એ સબ જાના જાવે રે,
તલ જેતી બાત નાંહિ છુપાવે રે.
એસી લખાયા તવારિખ માંહા રે,
બાત છુપી રેહવે કિસથી નાંહા રે.
એ બહોત જાગો લખાયા નામા રે.
તવારિખ કેરી કિતાબોંકે ઠામા રે.

( મોજિઝાત )

દખ્ખણ તરફ હ૦ પીર મશાયખ (રહ૦) ની જવાની અને ત્યાં આપની દુઆથી ગોળકોંડા અને બીજાપુર ઉપર બાદશાહ ઔરંગઝેબ–આલમગીરના લશકરની ફતેહ મેળવવાની હકીકત આપે "મોજિઝાત" નામની કિતાબમાં બહુ ખુલાસાથી લખેલ છે.

બિજાપુરનો સુલતાન દાનાશાહ તેમજ ગોળકોંડાનો શાહ અબુલહસન બન્ને શીઆ અકીદા ધરાવતા હતા. તેઓ આલમગીર સાથે કરેલ કરાર મુજબ ન વરતતાં બંડ જગાડવાથી તે બન્ને ઉપર ચઢાઇ કરવામાં આવી હતી. હ૦ પીર મશાયખ (રહ૦)ની તે બન્ને ઉપર આલમગીરના લશ્કરની ફતેહ માટેની દુઆથી જણાશે કે, હ૦ પીર મશાયખ (રહ૦) શીઆ અકીદો રાખતા હતા તે ખોટું છે.

વળી "બાદશાહ આલમગીર શીઆઓ ઉપર સખ્તાઇ કરી હતી" એવું તોહમત મુકનારા જુઠા છે; કારણ કે તે બન્ને રાજવીઓએ કરાર પાળવાનું કબૂલ કરવાથી, ફરિ તેમનેજ રાજ સોંપવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત બાદશાહ આલમગીરના ત્યાં ઘણા શીયાઓ ઉંચા ઓહ્દાઓ ઉપર હતા તે, " મિરાતે અહમદી " અને " આલમગીરના ઇતિહાસ " વીગેરે તવારિખોથી જણાઇ આવે છે.

" સાદી શિખામણ " નામના પુસ્તકના લખનાર શ્રી. મગનલાલ શંકરભાઇ પટેલ એક હિંદુ ગ્રહસ્થ છે. તેઓ હ૦ પીર મસાયખ (રહ૦) બાબતમાં પોતના મઝકુર પુસ્તકમાં લખે છે કે :–

" સૈયદ મશાયખ ચિશ્તી (રહ૦)નો જનમ ઔરંગઝેબ બાદશાહના સમયમાં સને હિજરી ૧૦૬૦ માં થયો હતો. "

" ઔરંગઝેબ બાદશાહ એમનું ઘણું માન અને આદર કરતો હતો. એક વખત બાદશાહે એમને પોતાની પાસે સન્માન સાથે મહેમાન રાખ્યા હતા. પુસ્તકોમાં લખેલું છે કે, આ સંત પુરૂષના આશિર્વાદથી ઔરંગઝેબ બાદશાહને દખણુ જીલ્લાના બિજાપુર તથા ગોલકોંડાની લઢાઇઓમાં વિજય મળ્યો હતો. "

" એમણે પોતાના મુરીદોના બોધ માટે ઘણા પુસ્તકો (કિતાબો) પદ્યમાં રચેલાં છે. જ્યારે કેટલાક સંકુચિત વિચારવાળા એમના વિરોધીઓ અને દુશ્મનોએ બાદશાહ આલમગીર આગળ એમના બોધ–ઉપદેશ વિષે ખોટી હકીકત જાહેર કરી ચાડીઓ કરી ત્યારે બાદશાહે હ૦ પીર મશાયખ (રહ૦) ને બોલાવી, મુરીદોને શું બોધ આપો છો? એવો સવાલ કરતાં, એમણે પોતાની રચેલી કિતાબો રજુ કરી. બાદશાહને કિતાબો વાંચતા સંતોષ થયો અને પોતાની પ્રસન્નતા પ્રદર્શીત કરી. એટલે એમના દુશ્મનો ઝંખવાણા પડી ગયા. બાદશાહ આલમગીરે એમને જાગીર આપવાનું કહયું, પરંતુ એમણે તે સ્વીકારવા સાફ ઇનકાર કર્યો હતો. "

" આ સંતપુરૂષે પોતાના કેટલાક અજ્ઞાન મુરીદોને વિરોધ, દૂશ્મની અને સતામણી હોવા છતાં પણ ઘણા કષ્ટ વેઠી પોતાના વડવાઓની માફક ધાર્મીક ઉપદેશનું મહાન કાર્ય કર્યું છે. અત્યારે પણ એમણે રચેલા ગ્રંથો, મોમિન લોકો ભકિતભાવ અને માન સાથે પઢે છે. "

(સાદી શિખામણ ઉપરથી)

હ૦ પીર મશાયખ (રહ૦) બાબતમાં કેટલાક તેમના વિરોધીઓએ ખોટી વાતો ઉપજાવી કાઢી, હલ્કી બાબતો રજુ કરી કહે છે કે, હ૦ પીર મશાયખ (રહ૦)ને બાદશાહ ઔરંગઝેબે બોલાવી બહુ ધમકાવ્યા અને તેમના ઉપર ઘણી સખ્તી કરી હતી. પરંતુ ઉપર રજુ કરેલ હિંદુ ભાઇના લખાણુથી જણાયું કે, **ઔરંગઝેબ બાદશાહ એમનું (હ૦ પીર મશાયખ રહ૦નું) ઘણું માન અને આદર કરતો હતો. "** ત્યારે ધમકાવ્વાની વાતજ કયાં રહી ?

આપનો અકીદો સુન્ની મતનો હતો અને આપે લખેલ કિતાબો પણ સુન્ની અકીદાની હતી એ ઉપરના લખાણુથી સાફ સાફ જણાઇ આવે છે, કારણ કે, "બાદશાહે હ૦ પીર મશાયખ (રહ૦)ને બોલાવી મુરીદોને શું બોધ આપો છો ? એવો સવાલ કરતાં, એમણે પોતાની રચેલી કિતાબો રજુ કરી. બાદશાહને કિતાબો જોઇ સંતોષ થયો અને પોતાની પ્રસન્નતા પ્રદર્શીત કરી, એટલે એમના દુશ્મનો ઝંખવાણા પડી ગયા. વળી "બાદશાહ આલમગીરે એમને જાગીર આપવાનું કહયું, પરંતુ એમણે તે સ્વીકારવા સાફ ઇન્કાર કર્યો હતો." એથી એ પણ જણાયું કે, આપ કેટલા બધા બિન સ્વાર્થી અને ખુદા પરસ્ત બુઝુર્ગ હતા. આપ જાગીર કે માલ મિલકતની લાલચ રાખતા ન્હોતા.

"આપે બાદશાહના ડરના લીધે શીયા અકીદો છુપાવ્યો અને સુન્ની અકીદાની કિતાબો લખી" એ કોઇ પણ સમજદાર કબૂલ કરે નહિ. જો કોઇ ડરપોક હોય તો તેને સખ્તીથી 'હા' અથવા 'ના' કેહવરાવી શકે; પરંતુ હ૦ પીર મશાયખ (રહ૦) એ તો સુન્ની અકીદાના હઝારો બયાનો લખી નાંખ્યા છે, તો શું, તે બધા બયાનો ઝબરદસ્તી અને હાથ પકડી લખાવ્યા છે ? વળી આલમગીર જેવો બાદશાહ પણ તે કિતાબો જોઇ તકીય્યો ન સમજી શકયો ? અને તે આજકાલના મતલબી અને

અધર્મી કેહવાતા શાક્ષરો (!) સમજી ગયા ? આવી બુઝુર્ગ હસ્તી ઉપર ખોટા ઇલઝામો મુકવા અને લોકોને ફરેબ આપી ઉંધા માર્ગે દોરવા એ બહુજ શર્મ ભર્યું અને ધિકકાર ભર્યું કૃત્ય કેહવાય

તકીય્યો કરવો યાને જુઠું બોલવું એને હક પરસ્ત અને દીનદાર બુઝુર્ગ કદી પણ કબુલ કરે નહીં. હ૦ રસુલે અકરમ (સલ૦)ને અબુ સુફયાન, અબુજેહલ અબુલહબ વીગેરે મકકાના કેટલાક સરદારોએ ચુપકીદી ઇખ્તેયાર કરવા અને બાપદાદાઓના ખોટા અકીદાઓ વિરૂધ્ધ કંઇ ન કેહવા માટે નાણા, ઔરતો અને હુકુમતની લાલચો આપવા કબૂલ થયા હતા. તો તે વખત તકીય્યો કરી કામ કાઢી લેત; પરંતુ આપ (સલ૦) એ તેને હરગીઝ કબુલ કર્યું નહીં. હ૦ પીર મશાયખ રહ૦ ફરમાવે છે કે :—

**અને ઝૂઠતો નબીજી કભી બોલે રે નાંહા,**
**કેહતે ફારિગ ના હુવે, હુકમ દીન કેરે માંહા.**
**જો તુજે ઉમ્મતીકા ચાવા, તો આપ અયસા બજાવા**
**તો તુ નિસ દિન દીનકી બાત અવરાં બતાવા**
**જો ખસલત નબીસુ તુ આપ અવળાં બજાવે,**
**તો તેહકીક ઉમ્મતી તુ નાંહિ રે કેહ લાવે.**

(મેઅરાજનામા)

વળી આપ (સલ૦)ના ચિચા અબુતાલીબે પણ મઝકુર કુરેશીઓની સખ્તીથી હ૦ પયગમ્બર (સલ૦)ને ચુપકીદી ઇખ્તેયાર કરવા કહયું, પરંતુ આપ (સલ૦)એ કહયું કે, "મ્હારાથી તેઓનું કેહવું કબુલ થશે નહીં, મ્હારા માટે અલ્લાહ બસ છે." એટલે હ૦ પયગમ્બર (સલ૦)એ તે લોકોની ધમકીમાં આવીને પણ, જાન બચાવ્વા માટે તકીય્યો કીધો નહી. કુરઆન શરીફમાં પણ જુઠું બોલનારાઓ માટે "લાઅનતુલ્લાહે

અલલ કાઝેબીન" યાને જુઠું બોલનારાઓ ઉપર ખુદાની લા'નત થાય એ ખુલ્લું છે. હ૦ ઇમામ હુસેન (રદી૦) ત્રણ દિવસ ભુખ્યા પ્યાસા રહી, ન્હાના ન્હાના બાળબચ્ચાં સહીત શહીદ થયા, પણ આપે તકીય્યો કરી જાન બચાવી નહીં.

ત્યારે હ૦ પીર મશાયખ (રહ૦) જેવા મહાન અવલીયાએ "ડરીને તકીય્યો કર્યો" એ સાવ ખોટું તોહમત છે. કુરઆન શરીફમાં છે કે. "**અલા ઈન્ના અવલીયા અલ્લાહે, લા ખવફુન અલયહિમ, વલા હુમ યહઝનુન**" હાં જેઓ અલ્લાહના દોસ્ત છે (અલ્લાહને ઓળખનારા છે) તેમને કંઇ ડર નથી અને ન તેઓ દિલગીર થશે. યાને બુઝુર્ગોને અલ્લાહ ઉપર ભરોસો છે અને હકને માનનારા હોવાથી તેઓ કોઇથી દુન્યામાં ડરતા નથી અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે કે, "વ તવક્કલ અલ્લલાહે, વ કફા બિલ્લાહે વકીલા" યાને ખુદા પર ભરોસો રાખ અને ખુદા કામોને પુરા કરનાર છે.

હ૦ પીર મશાયખ (રહ૦) તકીય્યો કરવાને યાને હક વાત છુપાવવાને તેમજ દીનમાં દાવપેચ કરવાને સખત રિતે ધિક્કારતા હતા; બલ્કે આપ દીની બાબતમાં કેટલા દ્રઢ અને મક્કમ ખિયાલના હતા તે વિષે આપ લખે છે કે :-

**કે કદમ તો સાબિત દીનમાં ધરના,**
**એક જીવ હય સો ફિદા રે કરના.**
**જો હોવે લાખ જીયા, તો વારને દીજે,**
**તો એક રે જીવકા, ના લોભ રે કીજે.**

(ઇમાન ફસલ)

"જો પીર મશાયખ સાહબ શીયા અકીદાના હતા અને બાદશાહના ડરના લીધે સુન્ની અકીદો કિતાબોમાં લખ્યો હતો" ત્યારે આલમગીર બાદશાહની વફાત બાદ હ૦ પીર મશાયખ (રહ.)ની ઔલાદે કેમ તે જાહિર કર્યું નહીં ? શું પીર મશાયખ (રહ૦)ના બાદ તેમની ઔલાદ પણ અઢી સો વરસ

સુધી આલમગીરના ડર અને ખૌફમાં દબાએલી રહી? અંગ્રેજી હુકુમત દોઢસો વરસ સુધી અહીં રહી ત્યારે શું હ૦ પીર મશાયખ રહ૦ ઉપર ઇલઝામો મુકનારાઓને આઝાદી મળીજ નહી? બાદશાહ આંલમગીરને બૂરો કેહવો અને મહાન બુઝુર્ગ હ૦ પીર મશાયખ રહ૦ ઉપર ખોટુ તોહમત લગાડવું એ બહુજ બૂરૂં કેહવ ય.

આ વિષે તેવા તોહમતો મુકનારાઓને ઘણી વખત જવાબો અપાયા છે; પરંતુ નફ્ટ અને શરારત કરનારાઓને કંઇજ લાજ શરમ હોતી નથી. હ૦ પીર મશાયખ સાહબ ફરમાવે છે કે :—

**અરે એક ઠામ જે કો' ઝુઠા પડતા, વે તો હય શરમાતા,**<br>
**ફિર નાંહી કીસે મુંહ વે દિખાતા, બહોત હય લાજ ચાતા.**<br>
**નાંહી લીલજ તમું જયસા, જગમાં હય કો' દેખાતા**<br>
**અરે દીન તમારા ઝુઠા પડયા, જેતી હો કરતે બાતા.**<br>
**બોલનેકી નાંહી તુમકુ ઠામા, લાજ નાંહી તોભી આતી,**<br>
**અરે ઝુઠા પડયા દીન તુમારા ફિર હો કરતે વે બાતી.**<br>
**અરે ભઠ જીવત તમારા જગમાં ના લાજે મુંહ કયું છુપાઓ,**<br>
**કુછભી લાજ હોવે તમુ ઝાતી, તો પાણી માંહી ડુબાઓ.**

(ઇમાન ફસલ)

શું તકીય્યો કરી, પોતાના જાનના ડરના લીધે હક વાત છુપાવી, પોતાના અકીદાના વિરૂધ્ધ કહે અથવા દાવ પેચવાળી કિતાબો લખે તે પીર થઇ શકે છે? તે બુઝુર્ગ તરીકે મનાઇ શકે છે? તે કદી પણ પીરાઇના લાયક રેહતો નથી. હ૦ પીર મશાયખ (રહ૦) જેવા મહાન બુઝુર્ગ કદી પણ પોતાના જાનના ખૌફના લીધે આવી ઠગબાજી કરે નહીં. આપે દીનની જે ખરી વાતો હતી તે ઉપર અમલ કર્યો છે અને તેજ પ્રમાણે આપે કિતાબો લખી આપી છે. આથીજ આપે મઝકુર કિતાબોમાં સુન્ની અકીદા પ્રમાણે પોતાને માનવા અને તે પ્રમાણે મોમિન કોમને અમલ કરવા ઉપર આપે ઘણી જગ્યાએ તાકીદ કીધી છે, જે હકીકત ઉપર આવી ગઇ છે.

## ખાજા હસન નિઝામીનો અભિપ્રાય.

દીલ્લીવાળા પ્રખ્યાત પીર ખાજા હસન નિઝામી સાહબ પોતાના "ફાતમી દાવત" નામના પુસ્તકમાં લખેલ છે કે :—

"અગરચે પાલનપુરમેં પીર મશાયખ સાહબકી ગદ્દીવાલે સૈયદ મેહરહુસેન સાહેબકા મઝહબ શીયા હય ઓર વહાં મુજકો યે બતાયા ગયા થા કે ઉન્કી જમાઅતભી શીયા અકાયદ રખતી હય! લેકીન બંબઇમેં આકર જબ પુરી તહકીકાત કી તો ઉસ્કે ખિલાફ સાબીત હુવા. પીર મશાયખ સાહબ ખુદભી સુન્ની થે ઓર ઉન્કી જમાઅતમેંભી બડી તાઅદાદ સુન્નીયોંકી હય. ચુનાંચે ખુદ પીર મશાયખ સાહેબકી ઇબારત મંગને પઢવાકર સુની તો માલુમ હુવા કે વોહ સુન્ની થે ઓર ચિશ્તીયા ખાનદાનમેં મુરીદ કરતેથે. ઉન્કો હઝરત શેખ તાજુદ્દીન સાલેહ ચિશ્તી સે ખિલાફત મિલીથી, જો હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર (રહ૦) કી અવલાદમેં થે."

## પીર મોટામીયાં સાહબનો અભિપ્રાય.

માંગરોળવાળા જાણીતા પીર મરહુમ મોટા મીયાં સાહબે પણ "પોલીટીકલ ભોમીઓ"ના તા. ૨૩–૯–૨૧ના અંકમાં લખતાં જણાવ્યું છે કે, "પીર મશાયખ (રહ૦) જેમનો રોઝો અમદાવાદમાં આસ્ટોડીયા દરવાજાની બહાર છે અને જેઓ મોમિન જમા'તના ખાસ પીર કહેવાય છે, તેઓ હઝરત બાબા ફરીદ શકરગંજ ચિશ્તી (રહ૦)ની અવલાદના એક બુઝુર્ગના હાથે મુરીદ થયા હતા, એવું કિતાબો ઉપરથી જણાય છે. તેઓ ઘણી મુદ્દત કડીમાં રહ્યા હતા. હઝરત બાવા ફરીદ શકરગંજ સાહબની અવલાદના એક બુઝુર્ગના હાથે મુરીદ થએલા તે કદી શીયા હોઇ શકે નહીં, કારણ કે ચિશ્તી ખાનદાન એ કાંઇ શીયા પંથનું ખાનદાન નથી. વળી તેમણે "ખુલફાએ રાશેદીન" નામની કિતાબ પણ લખેલી છે જેમાં ચારે અસહાબોની ફઝીલત તથા બુઝુર્ગી તેમણે બતાવી છે. જ્યારે પીર મશાયખ, ચિશ્તી ખાનદાનના

મુરીદ હોય તો પછી તેમના મુરીદો પણ એજ ખાનદાનના મુરીદ કેહવાય."

## વિરોધીઓની હઠધર્મી.

આવી પ્રખ્યાત વ્યકિતઓના ખરા અને ખુલ્લા પુરાવા છતાં, તેમજ આપ હ૦ પીર મશાયખ (રહ૦) એ પણ આપની લખેલ કિતાબોમાં જુદા જુદા ઠેકાણે ઘણી જગ્યાએ સુન્ની અકીદાના સેંકડો મસલાઓ અને ચોકખો બોધ આપેલ છે તેમજ આપ પોતે પણ સુન્ની-હન્ફી મઝહબ પ્રમાણે ચાલનાર અને તેવો અકીદો ધરાવનાર હતા, એવું કિતાબોમાં ચોકખું લખાણ હોવા છતાં, તેમને પરાણે શીઆ બતાવવા અને તેમને ડરપોક અને તકય્યાબાઝ કેહવા એ કેટલું બધું ખોટું અને હઠધર્મીભર્યું કેહવાય?

હ૦ પીર મશાયખ (રહ૦) કોઇના ડરથી હક વાતને છુપાવવાને ખુલ્લી બુઝદિલી ગણતા હતા. આપે લખેલ "ગઝવાત" કિતાબમાં તેવા બુઝદિલોને અને ડરપોકોને ઘણા ફિટકાર અને તાઅના દીધા છે. આપે લખેલ બીજી કિતાબોમાં પણ ઘણી જગ્યાએ હકથી મ્હોંડું ફેરવી જાન બચાવનારાઓને તેમજ રાહેરાસ્ત ઉપર ચાલતાં પડતી મુસીબતોથી ગભરાઇ જનારાઓને બહુજ ફિટકાર્યા છે. :—

હક છુપાવે રખે દીન, ડરને મન રે.
હોવે મુનાફિક દેખતે, તેરા તન રે.
હક છુપાએ બિન મરના, ભલા દીન કાજ રે.
રખે તુ દૂન્યા કેરી કરે લાજ રે.

* * * *

તુ સુનને ભાઈ મેરે દીનકે, હાં દીનકે,
બાત સમજ દીન ચેત રે;
ડર કીજે ના દીનમાં જીવકા, હાં જીવકા,
રહીએ સુખ નિચંત રે.

* * * *

સહી સર કે સાટે દીન કરેને પ્યારા,
અને પગતો માંડો, ખુબ કરને કરારા.
જો ડુંગર ખસે પણ પગ ના ખસાવે,
સહી દીન મોમિન, અયસા રે લાવે.

સો મોમિન જિસ દિલ હય સાચારે દીના,
હય કુડ જિસ દિલ વે મુનાફિક કીના.

(ગઝવાત)

## કિતાબોને બરબાદ કરવાની કોશીશ.

હઝરત પીર મશાયખ (રહ૦)નો મઝહબી અકીદો તથા મોમિન મુરીદોને તેજ પ્રમાણે અપાએલ બોધ કિતાબોમાં એટલો બધો ખુલ્લો અને મઝબુત છે કે, વિરોધીઓ તેને કોઇ રીતે છુપાવી શકે કે ઇન્કાર કરી શકે તેમ નથી, એટલેજ તે કિતાબોનો ફેલાવો થતો અટકાવવા બલ્કે તેને જ્યાં જ્યાં મૌકો મળ્યો ત્યાંથી મેળવી બરબાદ કરવાની કોશીશ કરી છે, કુવાઓમાં નાંખી દીધી છે, તેના ઘણા પુરાવા મોમિન કોમ આપી શકે તેમ છે.

કાણોદર ગામમાં હ૦ પીર મશાયખ (રહ૦)ની ઘણી કિતાબો તેમના માનનારાઓ પાસેથી બહાના કરી-મેળવી કુવાઓમાં નાંખી દીધી છે, તેની ઘણા લોકોને ખબર છે; બલ્કે અમો પચીસેક વરસ ઉપર કાણોદર ગયા હતા ત્યારે લોકોએ જાતે આવા બનાવો બન્યાની ખબર અમોને આપી હતી. રણુજમાંથી કિતાબો ઉપાડી ગયા તેની ફરિયાદીઓ પણ થઇ હતી. ગામડાઓમાંથી મોમિનોને છેતરી-બહાના કરી હાલના પીરોએ કિતાબો મંગાવી લીધી અને દબાવી દીધી છે, એ ઘણા ખરા સારી રીતે જાણે છે. વળી કિતાબો પઢનારાઓને પણ ખુલ્લો બોધ આપવાની મનાઇઓ કરેલ છે અને ધમકી ભર્યા ઓર્ડરો કર્યા છે જેના ઘણા પુરાવા છે.

હ૦ પીર મશાયખ (રહ૦)થી અને તેમની કિતાબોથી આવી દુશ્મની શા માટે થઇ ? એટલાજ માટે કે, તે કિતાબોમાં

સુન્ની અકીદાનો ચોકખો બોધ હતો; તેમજ દીની બાબતમાં ધતીંગો ચલાવનારા અને કોમમાં બુરાઇઓ ફેલાવનારાઓની તેમાં સારી રીતે પોલ ખોલવામાં આવેલ છે અને ઝાટકણી કાઢવામાં આવી છે. કેટલા બધા નીચતા ભર્યા કામો મઝહબની આડમાં થઇ રહયા છે, તે બાબતમાં હ૦ પીર મશાયખ (રહ૦) લખે છે કેઃ–

બચ્ચર તેરી હય અવરકુ દેતા રે,
એભી ખુશાલી હય દિલમાં લેતા રે.
એક બચ્ચર દુજેકુ જાવે રે,
દીન તેરેમાં અયસે ફેલ લખાવે રે.
એકઠી હો બચ્ચરાં તમારી કરાતે રે,
એક એક પાસ હો એક એક જાતે રે.
જે જિસ કેરી હય બચ્ચર ચાવે રે,
વે ઉસ પાસ બસ કો, જાવે રે.
ઓસકા તમારે હય ફયલ લખાવે રે*
અયસા પંથ તેરા તો કેહલાવે રે.
બાઘરી કોળી નાંહિ યું કરતે રે,
વેભી ગયરત હય મન માંહી ધરતે રે.
અયસે કામ તો ખુબી હય ચાહતા રે,
સય્યદ નામ હય આપ કેહલાતા રે.
લા'નત તેરે દીનકે માંહ્યા રે,
કોળી અયસે કરતે ના કામા રે.
કાફિર ભી મન શરમ લાતે રે,
બચ્ચરકુ હય રિસ કરાતે રે.
ઝાહિર હરામ નાંહી ચાહતે રે,
તેરે જયસે ભુંડે ના કોઇ દેખાતે રે.
કાફિર સેતી તુ ભુંડા દેખાવે રે,
કામ અયસે નઝરૂં આવે રે.

(ઈમાન ફસલ)

* આવા કામોથી તેઓ સવાબ મળવાનું સમજે છે.

આપ ફરમાવે છે કે, તમો એવા કામ દીન અને મઝહબના નામે કરી રહયા છો કે જેવા કામ કરવાથી કાફિર પણ શરમાય! લા'નત છે તમારા આવા દીન ઉપર કે તે તમોને આવો સબક આપે છે! પોતાની ઓરતો પાસે આવા નિચ કામ કરાવતા કાફિર પણ અચકાય છે, ત્યારે તમો તો કાફિર કરતાં પણ ભુંડા કામો કરી રહયા છો!

દીન અને મઝહબના નામે આવા નાજાઇઝ અને હરામ કામો કોમમાં ચલાવવા હોય! મોજ શોખ અને મન ભાવે તેવા કામો કરવાને દીનનું કામ ગણાવી ઉત્તેજન અપાતું હોય અને તેવા કામોને હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબો ફિટકારતી હોય; એટલે તે કિતાબો આંખોમાં કાંટાઓની જેમ ખટકે એ દેખીતુંજ છે. અને એથીજ આ કિતાબોને તેમની તરફથી ઉત્તેજન અપાતું નથી; બલ્કે તેમનામાંથી તે કિતાબોને નાબુદ કરવાની કોશીશો થાય છે.

## કુરઆન શરીફ સઉથી અફઝલ કિતાબ છે.

વળી હાલના પીરો અરબી ઉર્દુ પઢાવવાનો વિરોધ કરે છે, ત્યારે હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦)ની ખાસ તાઅલીમ અને તાકીદ છે કે, કુરઆન શરીફ ઉપર મોમિનનું ઇમાન હોવું જોઇએ. દીન અને દુન્યાની બધી ઝુરૂરી બાબતો તેમાં આવેલ છે. બીજી કોઇ કિતાબ તેના બરોબર નથી. બધી કિતાબોમાં કુરઆન શરીફ અફઝલ અને બુઝુર્ગ છે. બીજી કિતાબો કરતાં તેને પ્રથમ સ્થાન અપાવું જોઇએ. હ૦ પીર મશાયખ (રહ૦) લખે છે કે:—

> સો ખાતિમ નબીકુ ભેજા રે કુરઆના,
> સો કુરઆન મજીદ નામ રે જાના.
> એ કુરકાન કિતાબ જિસે કેહતે હંય નામા,
> એ નામ હંય કેહતે કુરઆનકે ઠામા.

એ અફઝલ દુજી કિતાબોંસુ જાનો,
એ દુજી કિતાબોંસુ ઉસે બુઝુર્ગ માનો.
કે ઈસમાં હય સઘળાં, લખાયા બયાના,
અયસા ખાતિમ નબીકુ નેહ કિયારે રેહમાના
સબ હકીકત દીનકી ઈસ કલામ માંહે પાવે,
દુજી કિતાબ અયસી નાંહિ રે સુનાવે.
(ઈમાન ફસલ)

* * * *

કુરઆન ઉપર લાહો ઈમાના રે,
સુન્નત કામ કરો મન ધ્યાના રે.
કુરઆન ભેજા હય અપના દહી રે,
ઈમાની બુઝો એ મન સહી રે.
(ઈમાન ફસલ)

* * *

ખુબ બેહતર સુખન કહે નબીજીને જાનો,
સો કિતાબ ખુદાકી કહયા રે પિછાનો.
સો કુરકાન મજીદ કુરઆન રે નામા,
એ કિતાબ હય ખુદાકી સહી બુઝ દિલ ઠામા.
(ઈમાન ફસલ)

* * *

ભી એહાનત કરને જે કુરઆન ઉચાવે,
એભી ગુનાહ કબીરા હય રે કેહલાવે.
અને બિસારને છોડે પઢને કુરઆના,
એભી ગુનાહ કબીરા હય રે જાના.
(ઈમાન ફસલ)

કુરઆન શરીફની ફઝીલત અને બુઝુર્ગી પછી, હ૦ પયગમ્બર (સલ૦)એ ફરમાવેલી હદીસો ફઝીલતમાં બીજા નંબરે આવે છે. આથી હ૦ પીર મશાયખ (રહ૦)એ કુરઆન અને

હદીસો ઉપર ચિવટ સાથે અમલ કરવાની તાકીદ કીધી છે. અને તેમાં ફરમાવ્યા મુજબ અમલ કરવાથી મોમિનો કદી પણ ખોટા માર્ગે દોરાશે નહીં. નિર્લજ અને શરમ ભર્યા કામોથી તેમજ ગુમરાહીથી બચી જશે હ૰ પીર મશાયખ (રહ૰)એ લખ્યું છે કેઃ-

કહયા નબીજીને મંચ છોડીયાં દો ચીઝાં તમું માંહા,
તો ગુમરાહ તમંના હોં ગે રે નાંહા.
સો જબતક ઓસ્સુ ચંગ મારો રે તમંના,
કે હુજજત ઓસ્કી તમુ રાખો રે મંના.
વે અલ્લાહ કેરી કિતાબ એક કુરઆન રે જાનો,
અને હદીસાં નબીકી દુજી રે માનો.
એ ખાતિમ નબીને હદીસ રે આખી,
સો મોમિન સુન સુન સહી રે રાખી.
સુન હદીસાં નબીકી દિલ માંહી રે લીજે,
અને કુરઆનકે બયાન સુન સહી ચંત દીજે.
તો ગુમરાહ ના હોવે મોમિનકા તંના,
એ સુન સુન સહી કર રાખો રે મંના.

(ઈમાન ફસલ)

મોમિન કોમને માલ ધનથી નિચોવવામાં આવે, તેમની લાજ આબરૂ લુટાય, દીન અને ઇમાન બરબાદ થાય અને તે વિરૂધ હ૰ પીર મશાયખ (રહ૰)ની કિતાબો ચેતવણીઓ આપતી હોય, ગુમરાહીથી બચવાની હિદાયત કરતી હોય, રાહે રાસ્તની તાઅલીમ આપતી હોય એટલે તે કિતાબોથી દુશમની કરવામાં આવે! અને તેને બરબાદ કરવાના કાવત્રા થાય! એ કેટલું બધું ભયંકર ગણાય ?

કિતાબોએ ઉમદા રહબરી કરી છે.

મોમિન હો નામ કેહલાતે રે,
બાત દીન નાંહિ લાતે રે,
બયાન ઈમાન નાંહિ ચાહતે રે,
કહો તમે કયસે હો કેહલાતે રે?

(ઇમાન ફસલ)

શરૂઆતમાં મોમિન કોમની હાલત બહુજ કફોડી હતી, પુરા ગુમરાહીમાં ફસેલા હતા, ફકત નામના મુસલમાન બની ફરિ કુફર તરફ ઘસડાવા લાગ્યા હતા, દીનદારીથી સેંકડો માઇલ દુર હતા; પુરા જાહિલ અને ખોટા માર્ગે ચઢી ગએલ હતા. હ૦ પીર મશાયખ (રહ૦) એ વખતના મુમનોની હાલત વિષે લખે છે કેઃ—

એ ઝુઠે રે મુનાફિક ઔર કો' નાંહા,
જો સબ ઢુંઢ દેખો, હિંદ મુલકકે માંહા.
અયસે બદદીન ઝુઠે, કોઇ નાંહિ રે ઠગારે,
અને એહમક ને ગમાર હય દેખીતે બિચારે.
એ ટોળી માંહે રબને સુજે ખૂબી રે દીની,
જું હદીસ નબીકી સુનકર રે લીતી.
અયસા મેરીરે નસલમાં નાંહિ હુવા કો' દેખાવે,
ઈમામ ઇસ્માઇલ સુધી જો ઢુંઢને જાવે.

(મકતુલનામા)

કેવી ખરાબ હાલતમાં મોમિન કોમ સબડતી હતી? કેવી ગુમરાહી તરફ ઘસડાઇ રહી હતી? એવા મોમિન કોમના ખરાબ વખતમાં હ૦ પીર મશાયખ (રહ૦) જેવા બુઝુર્ગ મળ્યા, તે આ કોમની ખુશનસીબીજ ગણાય. હ૦ પીર મશાયખ (રહ૦)એ લોકોને ઇસ્લામના ખરા માર્ગ પર લાવવા પુરી ઝેહમત ઉપાડી; બલ્કે કિતાબો સારી સંખ્યામાં લખીને આપી, તે મોમિન કોમ ઉપર મોટામાં મોટો ઉપકાર કર્યો કે જેથી આપના બાદ

પણ મોમિન કોમને ભટકાવવા અને સખ્તીથી જાહેલ રાખી ગુમરાહ કરવા ઘણી કોશીશો થઇ; પરંતુ અલ્લાહના ફઝલથી તે કિતાબોના લીધે વિરોધીઓ ફાવી શકયા નથી. એવા મુનાફિકો બાબતમાં આપે લખ્યું છે કે :—

એ નસીહત સુનને તુ મુનાફિક મેરી,
તુ કાહેકુ ચિંતા કુછ કરે હય અનેરી,
અને નાંહિતો દા'વેસુ તુજે હય મર જાના,
પણ ચંદ જે ઉગ્યા, વે નાંહિરે છુપાના.
(મોજિઝાત)

આપે લખેલ કિતાબોમાં, હ૦ પીર મશાયખ (રહ૦)એ ચોકખી વહદ્દાનીયતનો, શિર્કથી બચવાનો, નમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરે ફર્ઝીયતપર બરોબર અમલ કરવાનો, હરામ હલાલની સમજણનો, મોમિન અને મુનાફિકોની ઓળખનો, ઢોંગી –સ્વાર્થી પીરોથી બચવાનો, દીન વિરૂધના ઢોંગ સોંગ અને ખોટા રિવાજોથી દૂર રેહવાનો, શયતાની જાળોમાં ન ફસાવાનો તેમજ પાકા ઇમાની અને દીનદાર બનવાનો બહુજ ખુલાસાથી અને સાધારણ ભણેલાઓની પણ સમજમાં આવે એવી રીતે બયાનો લખેલ છે. સારામાં સારી કિતાબોના મુકાબલામાં મુકી શકાય એવા દીની અહકામ એમાં લખાએલ છે. આપે કુરઆનથી તથા હદીસો અને ફિકાહની મોઅતેબર કિતાબો સહી બુખારી, મુસ્લીમ, ઇબ્નેમાજા, મિશ્કાત, કંઝ, શરે વકાયા, ખુલાસતુસ સિયર વિગેરે કિતાબોથી બયાનો લીધેલ છે, તે તેમની લખેલ કિતાબોમાંથી હકીકત મળી આવે છે.

આપે લખેલ કિતાબો બાબત માંગેલ દુઆ અને કિતાબો યાને "દીવાને મશાયખ" પુરૂં થવા માટેની આપની આજિઝી બહુજ અસરકારક છે, જે નીચે રજુ કરીએ છીએ :—

તુ બખ્શનહાર સાહિબ રે મેરા,
યા ઈલાહી આલમીન કર કરમ સવેરા.

સો દોસ્તી ખાતિમ નબીકી તેરી,
તુ બખ્શ ઈલાહી તકસીર મેરી.

યા ઈલાહી મેરા કર પુરા તુ ઉમ્મેદા,
પુરા દીવાન હોનેકા મેરા ઉમ્મેદકા ભેદા.

એ આજિઝ બંદા રબ એતા હય ચાતા,
એ પુરા રે હોનેકા હય ઉમ્મેદ કરાતા.

મંય ચાહતા હું પુરા એ હોવે રે દીવાના,
દુઆ કબુલ ને મેરી રબ તુ રેહમાના.

રબ દિલ ઓસ બંદેકા એતા હય ચાવે,
કર તેરે રે કરમસુ પુરા દીવાન લખાવે.

એ લિખના ગુજરી મંય ચંત હય દીતા,
તુ કરને પુરા ઉમ્મેદ રે મીતા.

યા ઈલાહી તુ મુજકો નેક તૌફીક દીજે,
તુ બંદે તેરોંમાં હિસાબમાં લીજે.

સો ખાતિમ નબીકે ઉમ્મતી કાજા,
તુ રાખને ઇલાહી મેરી રે લાજા.

કે આકેબત ખયર હોવે રે મેરી,
સો દોસ્તી દીન નબી ખાતિમકી તેરી.

તુ ખાલિક મેરા સુરીજન હારા,
મંય આજિઝ હું બંદા તેરા રે બિચારા.

હય અયસારે ઉમ્મેદા મુજે બંદોમાં ગણાહી.
સો દોસ્તી ખાતિમ નબી કી સાંહી.

સહી મોહંમદ મુસ્તફા હય પયગમ્બર મેરા,
અનુ દીનકી દોસ્તી કર કરમ સવેરા.

* * * * *

મુરીજન હારા તુ ખાલિક મેરા રે,
બહોત કરમ હય ચાહવે સવેરા રે.

બંદા ઝઈફ હય તુજ પાસ ચાવે રે,
ઉમ્મેદ પુરા તુ રબ કરાવે રે.

કરને કરમ તુ આપ રેહમાના રે,
તુજસુ બંદા પાવે આસાના રે.
દોસ્તી સો ખાતિમ નબી કેરી રે,
તકસીર બખ્શ સાહિબ મેરી રે.

ઉમ્મેદ પુરા તુ રબ કરાવે રે,
બંદા જે તુજ પાસ હય ચાહવે રે.
ઇતના ઉમ્મેદ પુરા તેં કીતા રે,
દીવાન મંય કુછ હય લિખ લીતારે.
ખુલાસતુસ સિયર કુછ હય લખાઈ રે,
તેરે નબીકી સો બુઝી બડાઇ રે.
એહવાલ ખાતિમ નબી કેરા રે,
વે મંય કુછ કુછ લિખા સવેરા રે.
કરમ તેરેસુ હય એતા લખાયા રે,
ઉમ્મેદ એતા તેં પુરા કરાયા રે.
ભી દિલ ઉમ્મેદ એતા હય ચાહતા રે,
બંદા હય ઝયીફ આજિઝ આતા રે.
દીવાન પુરા સબ એ લખાવે રે,
બીદઅત કેરા બોલ ના આવે રે.
નુકસાન હોવે ના કુછ રાહા કેરા રે,
ઉમ્મેદ પુરા યું કરે સવેરા રે.
નેક તૌફીક રબ તુ મુજે દીજે રે,
દુઆ મેરી કબુલ લીજે રે.

દોસ્તી ખાતિમ નબીકી તેરી રે,
દુઆ કબુલ રબ તુ મેરી રે.

મોહંમદ કાજે કરમ તેં કીતા રે,
આદમ બખ્શા તેં સહી મીતા રે.

ઉસ નબીકા હું ઉમ્મતી કેહલાતા રે,
ઉસ દીન દોસ્તી દિલ હય ચાહતા રે.

કરને આકેબત રબ મેરી ખયરા રે,
મોહંમદ દોસ્તી, કર તુ મેહરા રે.

ખાતિમ રસુલા એ નબી તેરા રે,
ઉસ દીન કાજ તુ બખ્શ સવેરા રે.

દોસ્તી ખાતિમ નબીકી તેરી રે,
કરને ઉમ્મીદ તુ પુરી મેરી રે.

(વિસાલનામા.)

અલ્લાહના ફઝલથી હ૦ પીર મશાયખ (રહ૦)એ લખેલ કિતાબો અત્યાર સુધી ટકી રહી છે અને હઝારો અટકાયતો અને વિરોધો છતાં મોમિન કોમની તેનાથી બહુજ ઉમદા રહબરી થઇ છે, મોમિન કોમમાં સારી રીતે તે પઢાય છે અને કદર થઇ છે.

## કિતાબોને ઉત્તેજન અપાયું નથી.

હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોનો ફેલાવો કરવો અને ઘરે ઘર તેની નકલો પહોંચી જાય તે માટેનું ખરૂં કામ તો તેમના નામે કમાઇ ખાનારી તેમની કેહવાતી ઔલાદનું હતું. કિતાબોની જેમ બને તેમ વધારે હાથની લખેલ નકલો, લખનારાઓને રોકી–બનાવીને ગામે ગામ ફેલાવો કરવો તે તેમની ફર્ઝ હતી. તે બુઝુર્ગના નામે તેઓ લોકો પાસેથી નાણા કઢાવતા હતા, તેમના નામે કમાઇ ખાતા હતા. એટલે એ કામ તેઓએજ કરવું જોઇતું હતું.

વળી તેમનું લોખંડી તંત્ર એટલે જમાતી બંધારણ એટલું બધું મઝબુત હતું કે તેઓ ધારે તે કામ કરી શકતા હતા. લોકોના ઘરો, માલમિલકતો, કુટુંબો સગાઓ વીગેરે પર એટલો બધો કાબુ હતો કે, તેમના સામે ઝરા પણ કોઇ બોલી શકે તેમ નહોતું અને તેઓ ગમે તેવા હુકમો કરી શકતા હતા, પરંતુ તે સત્તાનો ઉપયોગ તેઓએ પોતાના સ્વાર્થ સાધવામાં અને કિતાબોમાંની હિદાયતના વિરૂધ યાને સુન્ની અકીદાના ખિલાફ પ્રચાર કરવા અને દબાવવામાંજ કર્યો છે. જો તેજ સત્તાનો અને લાગવગનો ઉપયોગ દીનની ઇશાઅતમાં અને હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોની હાથની લખેલ નકલોનો કલમી તેમજ છપાવીને ફેલાવો કરવાનો કર્યો હોત તો, તેમના આસરે પડી રેહનારાઓની અને તેમનાથીજ દુન્યા આકેબત સુધરવાની બુદ્ધી ધરાવનારાઓની મઝહબી બાબતમાં જે કફોડી અને ગુમરાહી ભરી હાલત અત્યારે છે, તે બહુજ સુધરી જાત. તેઓ ઉપર લોકોનો બહુજ વિશ્વાસ અને મોહબ્બત થતે અને તેમને માનનારાઓની પણ આકેબત સુધરતે.

વરસોના બાદ હાલના કેહવાતા પીરોના માનનારાઓ તરફથી અને મઝકુર પીર સાહેબોની "દુઆ અને પ્રેરણાની બરકતથીજ!" "હિદાયતનામા" નામે પીરોની તારીફ વિગેરેના પરચુટન બયાનો વાળી એક કિતાબ પ્રગટ કરી છે. તેમાં જે પરચુટન બયાનો લીધા છે તે મોટા ભાગે હ૦ પીર મશાયખ (રેહ૦) એ શરૂઆતમાં "દીવાને મશાયખ" ની કિતાબોનો સીલ સીલો શરૂ કર્યો તેના પેહલાના લખાએલ છે. તેમાં પીરોની તારીફ છે, પરંતુ અગાઉ અમે જણાવી ગયા છીએ તેમ હ૦ પીર મશાયખ (રેહ૦)એ તે આપ જેવા બુઝુર્ગ અને નેક નીય્યતવાળા બિન સ્વાર્થી પીરોની તારીફમાં બયાનો લખેલ છે.

મઝકુર પરચુટન બયાનોના બદલે "સીડીઓની" પરચુટન બયાનની આખી કિતાબ છપાવી હોત અથવા "દીવાને મશાયખ" માંની છપાયા વગર બાકી રહેલ કિતાબો છપાવી હોત તો બેહતર

થતે; પરંતુ પીરોની તારીફનાજ બયાન શોધી શોધી છપાવવાનો મકસદ પોતાની તારીફનોજ અને લોકો પાસે પોતાની પુજા કરાવવાનો બલ્કે સ્વાર્થનો હોય, ત્યાં સારૂં સુજેજ કયાંથી?

વળી તે "હિદાયતનામા"માં મોટી શરારત તો એ કરી છે કે, "ઇમામ" ઇસ્માઇલના બદલે, "સૈયદ" ઇસ્માઇલ કરી, હેર ફેર કરેલ છે. આવી શરારત કરવાનો મતલબ એજ છે કે, સુન્નીઓ બાર ઇમામ ઉપરાંત બીજાઓને પણ ઇમામ માને છે; પરંતુ શીયાઓનો તે અકીદો નથી એટલે ઇમામના બદલે સય્યદનો હેરફેર કરેલ છે. અને તે બાબતમાં ચુડી ગામના મરહુમ પ્યારા બયાની જે મઝકુર "હિદાયતનામા" પ્રગટ કરનારી મંડળીમાંના એક હતા તેઓએ મઝકુર હેરફેર કરવાનું અમારા સામે કબુલ પણ કર્યું હતું. સુન્નીઓ વિરૂધ્ધ પોતાના અકીદાને ઠસાવવા જ્યાં આવી બે ઇમાનીઓ કરાય અને હ૦ પીર મશાયખ (રેહ૦)ની કિતાબોમાં હેરફેર કરી તેમની રૂહ મુબારકને દુઃખ પ્હોંચાડે તે હ૦ પીર મશાયખ (રેહ.)ના કેવા ચાહનારા અને ઓલાદની ફર્ઝ બજાવનારા ગણાય?

## કિતાબો વિરૂધ્ધજ વર્તન કર્યું છે.

કોમને સિધા માર્ગે દોરવા અને કિતાબોનો ખરો પ્રચાર કરવા, બલ્કે તેનાથી ચોકખો બોધ આપવાના બદલે તેમાં હેર ફેર કરવો અને હ૦ પીર મશાયખ (રેહ૦) ઉપર પણ તોહમતો મુકવા અને તકીય્યાબાજ યાને ડરપોક બતાવવા અંને તેવું સમજાવવું એ કેટલું ખોટું ગણાય? હ૦ પીર મશાયખ (રેહ૦) લખે છે કે:-

**અરે નસીહત ઉબોટ બાટ તેરી, રખે કીસીકુ કેહના,**
**અરે આપકા બોઝ ઉચા નાહિ સકતા, ઐારોંકા કયું હે લેના?**
**અરે પાપકે પોટલે બહોત બંધાવે, નસીહત કીએ સારૂ,**
**અરે એસી બોલીસુ જીભ કદાની, દીસે ઓસથી વારૂ.**

અરે ગોંગારે બેહરા હોકર રેહના, હક બના બોલ ના કેહના,
અરે કહે તેરેકુ ભુંડા કમાવે, વયસા તુજે હય સેહના.
અરે ઉબોટ નસીહત બહોતોંકુ કરતે, પાપ બંધાવે પોટા,
અરે તબ તુ રઇસ દોઝખ માંહા દીસે ઓસથી મોટા.
અરે નસીહત સેતી જો બહોત ફિરાહે, ઉબોટ રાહા ચલાએ,
અરે વેતો ગુનેહગાર એક એક હુએ, અમલ જજુએ કમાએ.
અરે વે સબ તેરે સીસ લખાએ, ગુનેહ સારે કેરે,
અરે એ સહી સાચા મનધર ગાફિલ, ડરના હય રે સવેરે.

* * * *

વળી તેજ કિતાબમાં આગળ જતાં એવા માલદાર અને રઇસ થઇ બેઠેલા પીરો સંબંધમાં લખે છે કે:-

સુન સુન મુરખ ગાફિલ કયસી ચિંતા કરતા,
તલકીન ઉબોટ રાહપર, હંય તુ અવરાં કરતા.
રઈસ પણેકી ખૂશાલીયાં હય તુ મન માંહી ધરતા,
આપ ખુશી હો તુ નેહસુ, હય તુ દોઝખ પડતા.
ઓસથી ભલા થા કે બોબડા, હય તુ ઘેલા રેહના,
ઉબોટ બદદીન રાહકા, કિસે બોલ ના કેહના.
હંય સબ જગ દેખ માનવી આપ તન કસાતે,
દોઝખ સેતી નાઠતે, હંય જન્નત રે ચાહતે.
જો દીન પાસ તેરડે હંય પુછને આતે,
પુછે ઓસ કાજ તુજકુ, આપ છુટક ચાતે.
તુ નાંહિ છુટક આપકી, તલ ચાહવે રે ચાહવે,
તો બાટ ઉબોટ કેરડી લે અવરાં બતાવે.
કીએ બાણાં તો પાપકે જે કરની કમાહી,
મુરખ રાજી કરતે તુજે ચિંતા નાંહી આહી.
ઉબોટ રાહા કમાયેસી વે હંય કરસી પાપા,
વે તુંજ સીસ લખાયેસી ના લાગે તાપા ?

ફટ ફટ મુરખ ગાફિલ, કયસી કીતી એ ચિંતા.
નારાજ હોકર જગથી હયફ ને નિચિંતા.
રઈસ પણે કેરી ખુશીયાં, તુ હય જગમાંહી ચાતા,
દોઝખ કેરે ડર રે, તલ મન નાંહિ લગાતા.
(ઇમાન ફસલ)

*  *  *  *

તો ભલા હય કે ધુળ કયું આપ પેટ નાંહિ બાતે?
કે હો દુન્યા કે ખાતિર મકકર રે મિલાતે.
તો દેખોને હોવે જબ કિયામત દંના,
તબ નાક ભર તમુકુ ડાલે જાવે ઓસ દંના.
અને દોઝખ કી તરફ તમે ખેંચાએ જાહો,
સહી વયસે તમના આજ હો રે દેખાહો.
(ગઝવાત)

આવા વિરૂધ વર્તનના લીધે, કોમની તરકકી થવાના બદલે કેટલું બધું નુકસાન થયું છે? કોમની આબરૂ બગાડી છે અને દુન્યામાં પણ ખરાબી કરી છે. મસ્જીદોમાં ઇબાદત કરતા લોકોને અટકાવ્વામાં આવ્યા, ખુનો થયાં, માંથા ફુટયા, ભાઇ ભાઇના અને બાપ બેટાના દુશ્મન થયા છે. પોતાના મુરીદોમાં અડધાઓને શીયાનો બોધ અપાય અને તે માટે સખ્તીથી અમલ કરવાની ધમકીઓ અપાય અને અડધાઓને ફાવી ન શકવાથી પીર મશાયખ (રેહ૦)ની કિતાબો પ્રમાણે ચાલવાનું કહે એ શું કેહવાય? અડધા મુરીદો શીયા અને અડધા સુન્ની! એવી ઠગબાજી શા માટે? આવી પોલીસીના લીધેજ કોમમાં કુસંપ રહયા કરે છે અને દરેક રીતે બરબાદી થાય છે. આ ખરાબીઓની જવાબદારી તેઓના શીરે પણ રેહવાની અને કાલે કિયામતમાં તેઓને ભોગવવું પડશે. આવી ખુનામરકી કોમમાં થાય છે અને કોમ બરબાદ થાય છે, તે વિષે તેમને દયા કે રેહમ નહી આવતી હોય? તેઓએ આવી બેઢંગી ચાલ બંધ કરી, હ૦ પીર

મશાયખ રહ૦ની કિતાબો પ્રમાણે સુન્ની અકીદાનો ખુલ્લે ખુલ્લો બોધ આપવો અને તે પ્રમાણે ચાલવાની હિદાયત કરવી અને તે પ્રમાણે તેમને પસંદ ન હોય તો તેઓ ગમે તે રિતે ચાલે પણ લોકોને અંધારામાં રાખી પોતાના સ્વાર્થ ખાતિર કોમને લડાવવાનું બંધ કરે, એમાંજ એમની બેહતરી છે.

**દો પખા દુરીજન ઓસ્કુ જાનો, ઓસથી ડરો સવેરા,**
**મેલાવેમાં વે દગા કરાવે, ઠગ જાવે બ્હોતેરા.**
(ઇમાન ફસલ)

* * * * *

**બો બબુલ કે બીજ, આમ ખાનેકુ હય ચાતા,**
**તો ઉસ જયસા ગેલા, ના કો' દુનીમાં કેલાતા.**
(મેઅરાજનામા)

## કિતાબોને કોઇ મિટાવી શકવાનું નથી.

હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોને બરબાદ કરવાના કાવત્રા રચનારા ખુદ બરબાદ થઇ ગયા અને થઇ જશે. કિતાબોને કદી પણ કંઇ દાગ લાગનાર કે નુકસાન થનાર નથી. ખુદાના ફઝલથી હ૦ પીર મશાયખ (રહ૦)ના લખવા મુજબ "અમારી આ કિતાબો રેહશે ત્યાં સુધી તે કિતાબો સાચા દિલે પઢનાર અને તેના ઉપર અમલ કરનારાઓને કોઇ ફરેબ આપી શકશે નહિ" તો તેની સાચા દિલે કદર કરનારા ત્રણસો વરસમાં થતાજ રહયા છે અને ગમે તેવા દુશમનો અને તોફાનો વચ્ચે પણ તે કિતાબોને સલામત રાખતા આવ્યા છે.

એક તરફ કિતાબોની ઇશાઅત–ફેલાવો ન થાય એવી સખ્ત કોશીશ અને બીજી તરફ આપણાજ માલદારો અને લોકો તરફથી કિતાબો ખરીદવાની અને તે પાછળ કંઇ ખરચ કરવાની બેપરવાઇ; એટલે તેની શરૂઆતમાં તેમજ તેને આગળ નિભાવવામાં બહુ મોટો ભોગ અપાયો છે. વરસો સુધી તેને ખરીદવામાં બેપરવાઇ બતાવી હતી; બલ્કે કેટલાક માલદારોએ તો તેને

મફતમાંજ મેળવી હતી. અને કેટલાક ઠેકાણે જથાબંધ વેચવા આપેલ, તેની પણ રકમજ વસુલ મળી નહોતી.

હ૦ પીર મશાયખ (રહ૦) ના ઉપકારો અને એહસાનો જોતાં, બહુજ બેપરવાઇથી તે તરફ ધ્યાન અપાયું હતું. જો માલદારો પોતાના તરફથી અકેક કિતાબ પણ બહાર પાડવા હિમ્મત કરી હોત, તો કયારનીએ બધી કિતાબો છપાઇ જતે; પરંતુ માલદારોને પોતાના પૈસાની કિમ્મત અને કદર છે તેટલી બીજાઓની મેહનતની તેમને કદર ન્હોતી. પૈસાઓ કરતાં પણ મેહનત વધુ થએલ છે, તે તો તેવા કામ કરનારાઓજ તેની કદર કરી શકે છે.

## વધુ ઇશાઅતની ઝરૂર.

ખુદાના ફઝલથી હવે લોકોમાં ઉમંગ વધ્યો છે અને કિતાબોનો મોટો ભાગ છપાઇ ગયો છે. લોકોમાં કિતાબોની કદર થઇ છે એ બહુ ખુશી થવા જેવું છે. છપાએલ કિતાબો પણ હવે ખુટી પડી છે, એટલી બધી લોકોમાં માંગ વધી છે. માલદારોને અને સોસાયટીઓને અમારી વિનંતી છે કે, છપાએલ કિતાબો ખલાસ થઇ જવાથી મળતી નથી, એની બીજી આવૃત્તિઓ છપાવવા તેઓ બહાર આવે. કિતાબોનો જેમ વધુ ફેલાવો થશે તેમ કોમમાંથી ફિસાદ નાબુદ થશે અને લોકો દીનના ખરા માર્ગ તરફ દોરાઇ ખુદા અને હ૦ પયગમ્બર (સલ૦) ના હુકમોને સમજી તેના ઉપર અમલ કરશે. એનાથી તેમાં ખરચ અને મેહનત કરનારાઓને પણ સવાબ થશે. તેમજ હ૦ પીર મશાયખ (રહ.) ની મેહનતની કદર થશે અને તેમની રૂહ મુબારક પણ ખુશ થશે.

## આપથી ઝાહિર થએલ કરામતો.

હ૦ પીર મશાયખ (રહ૦) ને નવ વરસની બાળ વયમાં સ્વપ્નામાં બશારત થઇ અને આપના મોઢામાં એવી કાંઇ વસ્તુ મુકવામાં આવી હતી કે જેથી મહીનાઓ સુધી તેની મીઠાસ મ્હોંઢામાં રહી હતી. આપે લખ્યું છે કે, “બાલપણામાં ખ્વાબમાં

કેટલીક વખત મકકામાં ગયો અને ઝમઝમમાં ગુસલ કર્યું હતું.” વીસ વરસની વયે આપને ઇલ્મ હાસિલ કરવાનો શોખ થયો ત્યારે પણ હ૦ રસુલે અકરમ (સલ૦)નો દીદાર થયો અને આપ તરફ બહુ મોહબ્બત બતાવી તે સંબંધમાં આપ લખે છે કે :–

મેરી ઉમર જબ હુઈ નવ દસ સાલા,
તબ બશારત હોવડી મુજે બહોત ઓસ હાલા.
થી ખ્વાબમાં મિઠાસ મેરે મુંહ માંહે બાઈ,
સો શેર્કુર હો જયસી થી ગલી દેખાઈ.
બહોત મિઠાસ કે કાજ જીવે કરાહત ખાહી,
કે મહીને એક દો તક મિઠાઈ ના ભાહી.
અયસા ગલા તો મેરા હુઆ મીઠા રે જનાયા,
ઓસ મિઠાસ કેરા કુછ છેહ રે ના પાયા.
અને કહી બાર સુનેમાં મંય મકકે થા ગયા,
સો ઓસજ ઉમરમાં એ બુઝ બહોત લહયા.
અને કહી બાર પાણીમાં મંય ગુસ્લ કરાહી,
હય એ ઝમ ઝમ પાણી અયસી સુરત સુનાહી.
કે સુણે માંહે પાણીમાં મંય થા જો ઝિલતા,
એ હય ઝમ ઝમ પાણી અયસા અવાઝ હોતા.
અયસે કેતી બાર મુજે સુને થે આએ,
સો ઓસીજ ઉમરમાં થે રે દેખાએ.
તબ પરગત મેરી થી રે બાલા,
કુછ સોચ ના કરતા ઉસ સુને કે હાલા.
અબ ઓસ કે કરમકી ખુબીરે દેખાહી,
થા કરમ વે કિયા મંય બુઝા વે ઈલાહી.

* * * *

અને બાલેગ હુએ બાજ મંય અયસા રે દેખ લીતા,
કે ખાતિમ નબીને મુજે દિદાર દીતા.

વે કરમકી બાત મુજે અબ હય જણાતી,
ઓસ વેળામાં અયસા ના બુઝતા થા બાતી.

અને ઓસ બાજ મેરે મુખ, કોને પાન થે બાએ,
સો બુઢેસે મરદ, થે મુજકુ રે દેખાએ.

ઓનુ મુજકુ ગલે થા રે લગાયા,
અને રંગ તો પાનુકા મેરે મુખરે બાયા.

મંય ઓનું દિનુમાં કુછ ભેદ ના પાયા,
વે બશારત કેરા આજ ભેદ હય દેખાયા.

કદી મકકે કી હજુ લગ હું બશારત પાતા,
કે ઓસ ઠામ સુનેમાં હું મંય ગયારે જણાતા.

અને પાણી માંહે ગુસલ હું રે કરાતા,
એ હય ઝમ ઝમ પાણી અયસા અવાઝ સુનાતા.

ખુબ કા'બેકી બિના મુજે નાંહી રે દેખાઈ.
પણ ઇસ જયસી રીત મંય હૈ બશારત પાઈ.

મંય ગુનેહગાર બંદા હું રબ કેરા,
ખાતિમ નબીકી દોસ્તી મુજે બખ્શે સવેરા.

સુનો નબીયોં સુ ગુનાહ હુઆ રે નાંહા,
ઓસ ખુબીકુ ના પ્હોંચે, કો' જગકે માંહા.

હય ઉમ્મતી ઓસે રબ બખ્શનહારા,
કરે ખાતિમ નબીકી દોસ્તી કરમ સત્તારા.

(મકતુલનામા)

## બીજાપુરની ફતેહની બશારત.

વળી આલમગીર–ઔરંગઝેબ બાદશાહના લશ્કરની દખ્ખણની ચઢાઇ વખતે હ૦ પીર મશાયખ (રહ૦) બીજાપુર તરફ ગયા હતા. ત્યાં આપથી કેટલીક કરામતો ઝાહિર થઇ હતી. બાદશાહ આલમગીર પણ લશ્કર સાથેજ હતા. અને નઝદીકમાંજ હ૦ પીર

મશાયખ (રહ૦) સાહબનું પણ મુકામ થએલ હતું. લશ્કરના સિપાહીઓને આપથી મુલાકાતો થતી અને આપને "ફકીર" ના નામેજ ઓળખતા, તેમજ નેક અને બુઝુર્ગ જાણી આપની પાસે હંમેશ આવતા હતા. તે વખતે બીજાપુરના કિલ્લા ઉપર બાદશાહના લશ્કરે ઘેરો નાખેલ હતો. કેટલાક ખાસ બાદશાહના સિપાઇઓ આપથી લડાઇની ફતેહ માટે બશારત ચાહી. ખુદા તરફથી બશારત થઇ અને 'થોડાક વખતમાં ફતેહ થશે" એવી આપે સિપાહીઓને ખબર આપી. મઝકુર ખબર બાદશાહ સુધી પ્હોંચી અને તેઓ આપની ખબરનું શું પરિણામ આવે છે તેની વાટ જોતા રહયા. ખુદાના ફઝલથી બશારત મુજબ આલમગીરના લશ્કરની ફતેહ થઇ અને ત્યાંનો સુલતાન સીકંદર કેદ પકડાયો. આથી આપની ત્યાં કામીલ ફકીરના નામે બહુ શોહરત-ખ્યાતી થઇ.

## ગોળકોંડાની ફતેહની પણ આપેલ ખબર.

બિજાપુરની ફતેહ બાદ તરતજ હ૦ પીર મશાયખ ચીસ્તી (રહ૦)ને બશારત થઇ અને આપે લશ્કરી સરદારો સામે ઝાહિર કર્યું કે, "તા. ૨૪ માહે ઝિલકાદ સને હી૦ ૧૦૯૮ ના દિને ગોળકોંડા ઉપર બાદશાહ અવરંગઝેબનું લશ્કર જીત મેળવશે અને ત્યાંનો સુલતાન અબુલહસન તાનાશાહ સામે આવી મળશે." આવી ખબરથી સઘળાઓને આશ્ચર્ય થયું કે, બાદશાહનો ચઢાઇનો ઇરાદો પણ નથી તો પછી ફતેહની હકીકત કેવી રીતે ખરી માનવી.

થોડાક દિવસ પછી બાદશાહે સરદારોથી મસલત કરી અને ગોળકોંડા ઉપર ચઢાઇ લઇ જવાનો ઇરાદો ઝાહિર કર્યો. તેથી સરદારોએ હ૦ પીર મશાયખ (રહ૦)ના ઝાહિર કરવા મુજબ બાદશાહનું ફરમાન સાંભળી સઘળી હકીકત બાદશાને ઝાહિર કરી દીધી. બાદશાહ અવરંગઝેબે તરતજ માણસો મોકલી હ૦ પીર મશાયખ (રહ૦) પાસેથી ખબર મંગાવી કે લડાઇમાં કેવી રીતે અને કયારે ફતેહ મળશે. આથી આપે બશારત મુજબ બધી હકીકતથી વાકિફ કર્યા.

## હ૦ પીર મશાયખની કસોટી અને ગોળકોંડા ઉપર આખરે થએલ જીત.

હ૦ પીર મશાયખ (રહ૦) તરફથી ખબર મળવા બાદ અવરંગઝેબે ગોળકોંડા ઉપર ચઢાઇ કરી અને ઘેરો નાખ્યો. ભોગ જોગે એવામાં વરસાદ બહુ થયો અને અનાજની તંગી તથા ઘોડા વિગેરે મરી જવાથી તેમજ અવરંગઝેબના એક ખંડીયા રાજ્યે મથુરા તરફ બળવો કરવાથી લશ્કરમાં ઘણો ગભરાટ થયો અને સામેવાળા લશ્કરની જીત દેખાવા લાગી. આથી અવરંગઝેબે પોતાના લશ્કરનો ઘેરો ઉપાડી લઇ પાછા ફરવાનો હુકમ આપ્યો.

બશારત મુજબ ફતેહ ન મળવાથી, હ૦ પીર મશાયખ (રહ૦) બહુજ આજિઝીથી ખુદાની જનાબમાં દુઆ ચાહી અને ફરી તેજ મુજબ બશારત થઇ. આથી આપે બાદશાહ અવરંગઝેબને ખબર મોકલાવી કે, ઘેરો ઉપાડવો નહિ અને જરૂર ફતેહ થશે. શરૂઆતમાં વરસાદ રહી જશે, બાદ ખંડીયા રાજ્યનો બળવો શાંત થવાની ખબર આવશે અને ત્યાર બાદ ગોળકોંડાનો સુલતાન અબુલ હસન પણ કિલ્લાની બહાર આવી પનાહ માંગશે. અને થયું પણ તેમજ કે, તરતજ વરસાદ બંધ પડયો, અને આથી અવરંગઝેબને આપની ખબરમાં કાંઇક ભરોસો થયો. અવરંગઝેબે લશ્કરને થોભવાનો હુકમ કર્યો. બીજે દિવસે મથુરા તરફથી બળવાખોર ખંડીયું રાજ્ય તાબે થવાની ખબર મળી. તેમજ તા૦ ૨૪ માહે ઝિલકાદ સને ૧૦૯૮ હીજરીના દિને અવરંગઝેબના લશ્કરે ગોળકોંડાની ફતેહ મેળવી અને અબુલહસન તાનાશાહ તાબે થયો. મઝકુર ફતેહની તારીખ "ફતેહે કિલ્લયે ગોલકોંડા મુબારક બાદ" છે, જેનાં અદદથી હી૦ ૧૦૯૮ માં ફતેહ થઇ એમ નિકળે છે. ગોળકોંડા પાસેજ હયદરાબાદ આવેલું છે અને ત્યાં પણ બાદશાહ અવરંગઝેબની જીત થઇ.

હ૦ પીર મશાયખ (રહ૦) એ ખુદા તઆલાથી દુઆઓ ચાહી અને ફતેહ થઇ, તે સંબંધી આપ લખે છે કે :—

કે અવરંગશાહને ફતેહ બ્હોત ખુબી રે પાઇ,
સો ફકીરકી દુઆસુ એ ખબર રે સુનાઈ.
તબ ફકીરકી કરામત સબુ રે જાની,
કુછ લશ્કર માંહે નાંહિ રહી રે છાની

* * * * *

અયસી અવર વલીકી, નાંહિ અઝમત જાની,
જયસી રબને ફકીરકુ, દીતી રે નીશાની.
દેખો સુએથી જીવતે, બહોત વલીયોંને દીએ,
પણ મુલક પાદશાહોંકે, ના કેને થે લીએ.
તો મુગલોંકુ બાત અજબ રે લગાઇ,
જબ અવરંગશાહને ફતેહ દો મુલકોંકી પાઇ.
અયસી અઝમત રબને, ફકીરકુ દીતી,
કે અવરોં હો સેતી, બહોત ખુબી હય દેખીતી.
કે કો' વલીએ અયસા નાંહિ કીયા રે કામા,
જયસા ફકીરકુ રબને દીયા અઝમત ઠામા.

( મો'જિઝાત )

હ૦ પીર મશાયખ (રહ૦) ની આવી કરામતો અને સાચા બનાવો જાણી અવરંગઝેબ બાદશાહ ઘણા પ્રસન્ન થયા હતા અને આપને બહુજ માન અને ઇઝઝત આપતા હતા. આ હકીકત આપે "મોજિઝાત" નામની ફસલમાં બહુજ ખુલાસાથી લખેલ છે. છેવટે આપ લખે છે કે :—

હુઇ ફકીરકી શોહરત લશકર રે સારે,
થે વેલી ખુઝતે જે રેહતે રે કિનારે.
બાઝ ફકીરકે ઉપર કો' ખતરા રે લાતા,
દેખો સુને માહે* ઓસકે ફકીર રે જાતા.

* સ્વપ્નામાં.

અને જુવાબ તો ઓરકુ ઓસ બાતકા દિલાતા,
યું ખતરા ઓસકા દુર રે કરાતા.

વે સબાં ફકીરકુ સબ યાદ રે આતા,
અને વે ભી બુઝતા જિસ્કે સુનેમાં જાતા.

તો સબાકું મલતે વો અચરત હોતે,
અને કિસ તરેહ ફકીરકુ આવને જોતે.

થા ખિઝમતગાર ચોબદાર સબુંસુ મિલાતા,
કે સુનેમાં જાકર બાતાં રે કરાતા.

ભી અયસા રે હાલ થા મુતસદ્દીયોં+ કેરા,
સો સુનેમાં ઓનુસુ જા મલતા સવેરા.

ભી પાદશાહકે પાસે, ગયા સુનેમાં રાતા,
સો પાદશાહકુ યાદ, વે રહી રે બાતા.

યું ફકીર મલતા કહીં કહીં બારા,
ઓસે મલને કેરા ના બુઝારે શુમારા.

યું ખુબી ફકીરકી સબુંકુ દેખાઈ,
રહી લશ્કર માંહે ના કિસીથી છુપાઈ.

જું બુતન મુલકમાં હય મુશ્ક કેહલાતી,
અયસી ફકીરીકી ખુબી હુઇ રે બાતી.

સો નંના ને બડા, સબ ફકીરકુ ચાહતા,
યું ફકીર કી ના છુપી થી બાતા.

પણ ઈખ્તેયાર ફકીરકા થા રે નાંહા,
કે બુઝને જાવે, કીસી સુને કે માંહા.

પણ રબકે ચાહેસુ એ હોતા રે કામા,
કે ફકીર જા મલતા બ્હોત સુનેકે માંહા.

+ અધિકારીઓ.

સો બરકત ખાતિમ નબીજી કે દીના,
કે વલી એક રબને અયસા રે કીના.

કે અઝમત એસકુ બ્હોત રબને દીતી,
અયસી કેની રે વલીને નાંહિ ખુબી રે લીતી.

અયસા વલી રે દેખો, ઈસ સદદી રે કેરા,
સો સિફત ફકીર કી સુન બુઝો રે સવેરા.

એ દો તીન બરસકી હય રે બાતી,
સબ લશ્કર હય બુઝતા મોગલોંકી ઝાતી.

જો યકીન ના આવે તો જા લશ્કર માંહા,
તબ તલ જેતી બાત છુપી રેહવેગી નાંહા.

અયસે ખાતિમ નબીકે ઉમ્મતી કહલાએ,
કે સુન સુન મુમિનો, મન એતના લાએ.

* * * * *

મુનાફિક સાચી એ નિશાની રે તમે સુનો રે,
ચંદ જોત નાંહિ રેહવે છાની રે તમે સુનો રે.

કુડ કુડ તુજે હય મર જાના રે તમે સુનો રે,
ફટ ફટ પાપી રે નાદાના રે તમે સુનો રે.

કર તોબા પાપી તુ સવેરી રે તમે સુનો રે,
એ સાચી બાત સુનને તુ મેરી રે તમે સુનોરે.

(મોજિઝાત)

જે બાદશાહ આપના ઉપર ઝુલ્મ કરે અને દીની બાબતમાં દબાવ કરે, તેના સાથે હ૦ પીર મશાયખ (રહ૦) આવો સારો વર્તાવ કદી પણ કરે ? અને વળી તેની ફતેહ માટે દુઆઓ પણ માંગે ? તેને પોતાના દીનનો ભાઇ કહે ? એક નાદાન પણ સમજી શકે છે કે, આપના વિષે બાદશાહ આલમગીરની દબાણની

હકીકત અને તેમનાથી દબીને-ડરીને આપને સુન્ની અકીદાની કિતાબો લખવી પડી છે, એ બિલકુલ ખોટા તોહમતો છે. એ તદ્દન મન ઘડત અને જાણી જોઇને ખોટી હકીકતો, બન્ને બુઝુર્ગોને (હ૦ પીર મશાયખ રહ૦ તથા બાદશાહ અવરંગઝેબ આલમગીર)ને બદનામ કરવા માટેજ ફેલાવવામાં આવે છે.

## આવી કિતાબો કરામતજ કહેવાય.

વળી હ૦ પીર મશાયખ (રહ૦) માટે બહુજ અગવડો અને તકલીફોનો સામનો હોવા છતાં, બહુજ ટૂંક સમયમાં સંગ્રહ કરેલ દીની ખઝાનો યાને આટલી બધી કિતાબો, સહી અને મોઅતેબર દીની મસલાઓથી ભરપુર લખી નાંખવી એ કોઇ આસાન કામ નહોતું, એ પણ આપની કરામતજ કેહવાય.

મઝકુર કિતાબો ૪૦ હઝાર ઉપરાંત બયતોની બનેલી છે. વળી મોટી ખુબી તો એ છે કે, તે તમામ પદ્યમાં યાને શાએરીની ઢબથી રદીફ કાફીયા સાથે લખાએલી છે.

શરીઅત પનાહ ઔરંગઝેબ આલમગીર જેવા દીનદાર બાદશાહે તે કિતાબોની હકીકતથી વાકિફ થઇ દાદ આપી હતી અને બહુજ વખાણી પસંદ કરી હતી.

આપના ઇલ્મમાં થએલ તરક્કી અને મળેલ ખુબી, એ હ૦ પયગમ્બર (સલ૦)નું ખ્વાબમાં આવી આપેલ બશારતનું પરિણામ હતું. વળી આ દીની ખિદમત સારી રીતે પુરી થાય તે માટેની આપની અલ્લાહ તઆલાની જનાબમાં આજિઝીઓ પણ એવીજ ઇન્કેસારીભરી હતી. એથીજ આવા મહાન અને મુશ્કેલી ભર્યા કાર્યમાં આપ ફતેહમંદ થયા. ઉપરાંત વિરોધીઓનો સખત સામનો હોવા છતાં, મઝકુર કિતાબો દુશ્મનોના નાશકારક કાવત્રાઓથી બચી, સેંકડો વરસ સલામત હાલતમાં રહી તેમજ તેનાથી હઝારો-લાખો લોકોને ફયઝ પ્હોંચતો રહયો. આ પણ એક મોટી કરામતજ ગણાય.

## અગ્યારમી સદ્દીના મુજદ્દિદ.

જ્યારે કોઇ કૌમ ગુમરાહી તરફ ઘસડાય છે અને રાહે રાસ્તથી ભટકી જાય છે ત્યારે તેને દીનનો ખરો માર્ગ બતાવવા માટે અલ્લાહ તઆલા દરેક સદીના છેડે એક મુજદદિદ પયદા કરે છે. હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦)ને પણ અલ્લાહ તઆલાએ તેવીજ બુઝુર્ગી આપી હતી. મઝકુર હકીકત લખતાં આપ ફર્માવે છે કે :—

સુનો રબને મુજે અયસા રે બનાયા,
જું ખાતિમ નબીને હય રે ફરમાયા.
સો મિશકાત કિતાબમાં વે હદીસ લખાઈ,
વયસી નબીકી દોસ્તી મંય પાઇ રે બડાઈ.

હર સદ્દી સદ્દી છેડે રબ કરે રે બંદા,
ઉસે રબ તો ખુબી હય રે દેહંદા.
એક ટોળી માંહે ઉસ્કુ રબ પયદા રે કરાવે.
વે નબીજીકી સુન્નત બયાન રે કરાવે,

સો દોસ્તી ખાતિમકે દીન હો કેરી,
મુજે રબને વયસા બનાયા સેવેરી.
દેખો રબને મુજકો જીભે નિયામત દીતી,
અયસી કરમકી નઝર રબે મુજપર કીતી.

કભી હર રીત કેરા તુ કરે રે દાવા,
અને જુવાબ તો વયસા આવ મુજકુ પુછાવા.
અયસા રબકે કરમસુ જુવાબ દિલાહું,
કે કુફ્ર તો તેરા ભાન દુર રે કરાહું.

### હ૦ પીર મશાયખ (રહ૦)નું નસબનામું.

હ૦ સય્યદ પીર મશાયખ ચિશ્તી (રહ૦)નું નસબનામું "ખુલફાએ રાશેદીન"માંના ચોથા ખલીફા હ૦ અલી કર્રમલ્લાહુ

વજહહુથી જઇ મળે છે. આપનું નામ "મશાયખ"જ છે, જે તેમની લખેલી કિતાબોથી સાબિત છે. આપનું નસબનામું એટલે પેઢીનામું નીચે પ્રમાણે છે :—

૧ સય્યદ મશાયખ, બિન
૨ સ. મોહંમદ ફાઝિલશાહ બિન
૩ સ. સદરૂદ્દીન, બિન
૪ સ. ઝયનુદ્દીન બિન
૫ સ. અબુલહસન, બિન
૬ સ. મશાયખ (મોટા), બિન
૭ સ. રહમતુલ્લાહ, બિન
૮ સ. કબીરૂદ્દીન હસન કુફરે શિકન,....બિન
૯ સ. સદરૂદ્દીન, બિન
૧૦ સ. શહાબુદ્દીન, બિન
૧૧ સ. નસીરૂદ્દીન, બિન
૧૨ સ. શમસુલ હક, બિન
૧૩ સ. સાલેહુદ્દીન, બિન
૧૪ સ. ઇસ્લામુદ્દીન, બિન
૧૫ સ. મોમિનશાહ, બિન
૧૬ સ. ખાલિદ, બિન
૧૭ સ. હાશિમ, બિન
૧૮ સ. અહમદ હાદી, બિન
૧૯ સ. મુસ્તફા, બિન
૨૦ સ. અબ્દુલ મજીદ, બિન
૨૧ સ. ગાલેબુદ્દીન, બિન
૨૨ સ. મોહંમદ મનસુર બિન
૨૩ સ. ઇસ્માઇલ સાની, બિન
૨૪ સ. નુરમોહંમદ, બિન
૨૫ ઇમામ ઇસ્માઇલ, બિન
૨૬ ઇમામ જાફરે સાદિક, બિન
૨૭ ઇમામ મોહંમદ બાકિર બિન
૨૮ ઇમામ ઝેનુલઆબેદીન, બિન
૨૯ ઇમામ હુસૈન, બિન
૩૦ હઝરત અલી મુરતઝા કર્રમલ્લાહો વજહહુ.

## આપની પીરાઈ અને પીર પેઢીનામું.

હ૦ પીર મશાયખ (રહ૦)એ ચિસ્તીયા ખનવાદાથી ખિલાફત હાસિલ કીધી હતી. આપ મકતુલનામાની આખિરમાં ફરમાવે છે કે, "પીરી મુરીદી માટે મેં ચિસ્તીયા ખનવાદાથી રઝા લીધી હતી, જ્યાં સુધી રઝા નહોતી મેળવી ત્યાં સુધી પીરી મુરીદીથી હું દુરજ હતો. રાજ ધન ઝોર જુલ્મથી પણ હાસિલ કરી શકાય છે; પરંતુ પીરાઇ મેળવવા માટે ખનવાદાથી રઝા ન મળે ત્યાં સુધી પીરાઇ મળી શકતી નથી." આપને ખિલાફત એક પરહેઝગાર મુત્તકી શેખઝાદા તરફથી મળી હતી. તેઓ પ્રભાવશાળી

અને ભલા બુઝુર્ગ હતા. ચિશ્તીયા ખનવાદાથી તેઓએ ખિલાફત મેળવી હતી. હ૦ પીર મશાયખ (રહ૦)એ તેમને, તેઓએ ખિલાફત કિયા બુઝુર્ગો પાસેથી મેળવી હતી તે બધી હકીકત બરોબર જાણી, તેમનો શિજરો જોયો અને ઠીક લાગવાથી આપે તેમનાથી બયઅત કરી લીધી. આપે પીરાઇ હાસિલ કીધી તેમની પીરાઇનો સિલસિલો નીચે પ્રમાણે છે :—

૧—હઝરત સય્યદ પીર મશાયખે .... ...., તેમના પીર—
૨—એક પરહેઝગાર શેખઝાદાથી, .... તેઓએ તેમના પીર—
૩—શેખ તાજુસ સાલેહથી, .... .... તેઓએ તેમના પીર—
૪—તાજદીન મોહંમદ ઇબ્રાહીમથી, તેઓએ તેમના પીર—
૫—શેખ ઇબ્રાહીમથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૬—શેખ મોહંમદથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૭—શેખ અહમદથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૮—શેખ હારૂનથી .... .... ...., તેઓએ તેમના ભાઇ—
૯—શેખ યુસુફથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૧૦—શેખ મનસુરથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૧૧—શેખ ફાઝિલથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૧૨—શેખ સુલૈમાનથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૧૩—શેખ યુસુફથી .... .... ...., તેઓએ તેમના બાપ—
૧૪—શેખ બદરૂદ્દીનથી .... .... ...., તેઓએ તેમના બાપથી—
૧૫—શેખ ફરીદ શકરગંજથી, .... .... તેઓએ તેમના પીર—
૧૬—ખ્વાજા મોઇનુદ્દીન મુખ્તાર અશઅસથી, તેઓએ તેમના પીર—
૧૭—ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી હસન સંજરીથી,
તઓએ તેમના પીર—
૧૮—ખ્વાજા નસીરૂદ્દીન યુસુફ ચિશ્તીથી, તેઓએ તેમના પીર—
૧૯—મોહમ્મદ સમઆનીથી, .... .... તેઓએ તેમના પીર—
૨૦—મુમશાદ અલવી દીનવરીથી, .... તેઓએ તેમના પીર—
૨૧—ખ્વાજા અબી હુબયરા બસરીથી, .... તેઓએ તેમના પીર—
૨૨—શેખ હુઝયફા મરઅશીથી, .... તેઓએ તેમના પીર—

૨૩--ખ્વાજા ઇબ્રાહીમે પુઝેલ અયાઝથી, તેઓએ તેમના પીર--
૨૪--ખ્વાજા હસન બસરીથી, .... તેઓએ ચોથા ખલીફા--
૨૫--હઝરત અલી કર્રમલ્લાહો વજહહુથીઃ અને તેમણે--
૨૬--હઝરત રસુલે અકરમ (સલ૦)થી.

હ૦ પીર મશાયખ (રહ૦)ના ઉપર બતાવેલ પીર પેઢી-નામાથી સાફ સાફ જણાઇ આવે છે કે, તેમના પીરાઇના સિલસિલાના તે મહાન બુઝુર્ગો, અજમેરવાળા પ્રખ્યાત હ૦ ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી (રહ૦), હ૦ શેખ ફરીદ શકરગંજ (રહ૦), હ૦ ખ્વાજા મોઇનુદ્દીન મુખ્તાર અશઅસ (રહ૦), હ૦ ખ્વાજા હસન બસરી (રહ૦) વીગેરે મહાન બુઝુર્ગો, સુન્ની પંથના મહાન અવલીયા થઇ ગએલ છે. ત્યારે તેજ સિલસિલાના એક બુઝુર્ગ શેખઝાદાથી હ૦ પીર મશાયખ (રહ૦)એ કરેલ બયતથી એ સાબિત થઇ જાય છે કે, આપ પણ સુન્ની અકીદો ધરાવતા હોવાથીજ તેમના મુરીદ થયા હતા. આ હકીકત આપે ખુલાસાથી "મકતુલનામા" નામની કિતાબમાં લખેલ છે.

## આપની વફાત

હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦)ની ઝિંદગીનો આખરી મોટો ભાગ અમદાવાદમાં પસાર થયો હતો. ઘણું કરી આપ બહુજ સાદી ઝિંદગી ગુઝારતા અને શોહરત તેમજ દેખાવને પસંદ કરતા ન્હોતા. આપ પોતાને દીનના એક અદના ખિદમત ગુઝાર અને સેવક ગણતા હતા. આપને ઝિંદગીએ બહુજ થોડી યારી આપી હતી; છતાં તે ટુંક મુદ્દતમાં આપે વિરોધીઓના સખતમાં સખત મુકાબલાઓની પરવાહ ન કરતાં, મોમિન કોમને રાહે રાસ્તપર દોરવા હર તરહથી સમજાવ્યા અને ઇસ્લામનો ખરો માર્ગ સાફ સાફ રીતે ઝાહિર કરી દીધો. અવતારી એતેકાદ અને ઇસ્લામ વિરૂધની રસમોની આપે સખ્ત મુખાલિફત કીધી અને ચોકખા વહદાનીયતના સબકવાળી કિતાબો લખી મોમિન કોમને તે મુજબ ચાલવાનો બોધ આપ્યો.

અત્યારે જ્યાં આપનો રોઝો છે ત્યાંજ છેવટનો કાળ આપે વિતાવ્યો અને ત્યાંજ લગભગ બેતાળીસ વરસ ઉપરાંતની ઉમરે મોહર્રમ માસની તા૦ ૨૧મી એ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો અને તેજ મુકામમાં આપને દફન કરવામાં આવ્યા હતા. આપને બે ફરઝંદ હતા. સય્યદ અબ્દુલ્લાહ અને સય્યદ ફાઝિલ શાહ. સય્યદ અબ્દુલ્લાહ સાહબે પણ મોમિન કોમને હિદાયત કરવામાં બહુ ઉમંગથી કામ લીધું હતું અને કેટલાક દીની નસીહતોના બયાનો પણ લખી આપ્યા હતા.

## આપ તરફ લોકોની મોહબ્બત.

હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦) મુત્તકી–પરહેઝગાર અને બહુજ દીનદાર હતા. આપના રહેઠાણ પાસેજ એક આલીશાન મસ્જિદ બનાવી હતી અને ઘણો વખત ઇબાદતે ઇલાહીમાં આપ ત્યાંજ ગુઝારતા હતા. બાકીનો વખત લોકોને વઅઝ–નસીહતમાં તેમજ દીની કિતાબો લખવામાં વિતાડતા હતા. આપનું પવિત્ર જીવન તેમજ ખાલિસ બોધથી આકર્ષાઇ ઘણા લોકો આપ પાસે ભેગા થતા. આપના બોધનો લોકો ઉપર બહુ સારો અસર થયો હતો અને ઘણા લોકો આપથી ફયઝ હાસિલ કરતા હતા. આપની નસીહત કેટલી બધી અસરકાર હતી, તે બાબે આપે લખ્યું છે કે :—

કભી કાફિર રે આવે, કે રાફઝી કેહાતા,
કભી તશીયા આવકર પુછે દીનકી બાતા.
ભી કોઈ બદદીન મુજે પુછનેકુ આવે,
અને દા'વા તલભી મન રે ના લાવે.
દીન ખાતિમ નબીકી દોસ્તી વે ઈમાન રે પાવે,
સહી કુફરકી રાહાસુ હો બેઝાર રે જાવે.

(મકતુલનામા)

## અલ્લાહથીજ મદદ ચાહવી.

હ૦ પીર મશાયખ (રહ૦) એ દરેક મદદ અલ્લાહથીજ ચાહી છે અને લોકોથી આપે કંઇ પણ સ્વાર્થ ચાહયો નહોતો, જે તેમની "તુરનામા" નામની ફસલમાં લખેલા નીચેના વિચારોથી સારી રીતે જણાય છે :—

બંદા ઉમ્મીદ ચાહે સહી, તુ હય પુરનહાર,
ખુબી બંદેકી તુજસુ, તુ સબકા સરજનહાર.

આપનો એ ચોકખો બોધ છે કે, જે કાંઇ કામ કરો તે અલ્લાહ માટેજ કરો અને દીનના માટેજ ભાઇબંધી વધારો, દુન્યાનો ખ્યાલ વચ્ચે લાવો નહિ. ઇમાન ફસલમાં આપ લખે છે કે :—

નેહ કરો વાસ્તે અલ્લાહી રે તમે સુનો રે,
દીન કાજ ચાહો કીસે ભાઈ રે તમે સુનો રે.
ગુસ્સા કરો વાસ્તે રહમાના રે તમે સુનો રે,
દુની કાજ નાંહિ બિચ લાના રે તમે સુનો રે.

## મોમિનો સાથે સંબંધ.

આપનો બુઝુર્ગ ખાનદાનથી સંબંધ હતો, મહાન વલીઅલ્લાહ હતા; છતાં પણ મોમિનોને પોતાના દીની ભાઇ, દોસ્ત તેમજ સંબંધી બતાવેલ છે :—

તુ સુન રે ઇમાની દીન કે રે ભાઈ,
હય હમના ને તુમના દીન કેરી સગાઈ.
બુઝો હમ તુમ દીન કાજ દોસ્ત હંય કેહલાએ,
દીન કાજે હમ તુમ ભાઇ રે ગિનાએ.

આપનો દીન પ્રત્યે કેટલો સાચો પ્રેમ હતો તે મોમિનોની સગાઇના રૂપમાં આપે બતાવેલ છે :—

હમ તો તુમકો કયું ચાહવે રે,
દીન તુમમાં જો ના દેખાવે રે.
હમ તો હંય દીનકે કાજે ભાઈ રે,
અપને ઔર કુછ નાંહિ સગાઈ રે.

( ઇમાન ફસલ )

## અમારાથી સાચો સંબંધ રાખો.

હ૦ પીર મશાયખ (રહ૦) મોમિન કોમને પોતાનાથી સાચો સંબંધ રાખવા અને બીજા ઢોંગી ધુતારાઓ પાછળ ન ઘસડાવા તાકીદ કરતાં લખે છે કે :—

દુરીજનો સાથે ના સંગત કરની રે,
પીત હમારી જો મન ધરની રે.
હમના હો જયસા તો ભાઈ પાહો રે,
ગયર જો દિલથી દૂર કરા હો રે.
ભાઇ તો હમના તમના કેરા રે,
અયસા ના પીર કો' પાહો અનેરા રે.
નસીઅત કેરી એ સુનો બાતી રે,
સમજન એ મન કયું નાંહિ આતી રે!

( ગઝવાત )

આપે કેટલી બધી ચોખવટ કરી દીધી છે કે, જો અમારાથી તમારી સાચી મોહબ્બત હોય અને અમોને ખરા દિલથી ચાહતા હો, તો બદીનો તેમજ દુરીજનોની સંગત કરો નહિ. ત્યારેજ અમારા જેવો ભાઇ મેળવી શકશો કે જ્યારે પરાયાઓને પોતાના દિલથી દૂર કરશો.

આ અમારી નસીહતો સાંભળો અને સમજદાર બનો. અમો તમારા ભાઇ છીએ, અમારા જેવો બિનસ્વાર્થી પીર અને રહબર તમોને કોઇ બીજો મળનાર નથી.

હ૦ પીર મશાયખ (રહ.) ફરમાવે છે કે, તમો એક તરફ અમોને પીર તરીકે કબુલ કરો છો, અમારી કિતાબોને માનવાનો દાવો કરો છો અને બીજી તરફ અમારા વિરોધીઓને સાથ આપી, અમોને તથા અમારી કિતાબોને બદનામ કરો છો યાને "બાદશાહના ડરથી જુઠું લખ્યું છે અને તકીયો કર્યો છે !"

તમારી આવી મુનાફિક જેવી બેઢંગી ચાલથી અમારા દુશ્મનો આપસમાં ખુશી મનાવે છે, અને કલીયો ખીલે તેમ

ખીલી ખીલીને હરખે છે. આથી સાબિત થાય છે કે, તમો અમોને જુઠા મને ચાહો છો; બલ્કે એ ફંદા કરનારાઓ ! તમો અમોને બુઝદિલ અને ડરપોક બતાવી ખોટી રીતે બદનામ કરો છો!

આપ ફરમાવે છે કે "હું એવા દગાબાઝોનો દુશ્મન છું ! અને તે લોકો ખુલ્લી રીતે પ્રપંચીઓના ટોળીમાંના સભ્યો છે !!

બાત તો દુરીજન ભાવે રે તમે સુનો રે,
મુજે ભુંડા કરને દેખાવે રે તમે સુનો રે.
પીર કર મુજે જીભે આખે રે તમે સુનો રે,
ભુંડાભી તુ ઓસ જીભે દાખે રે તમે સુનો રે.
દુરીજન કરે તબ રળીયા રે તમે સુનો રે,
ખુશી હોવે ખીલે જું કલીયા રે તમે સુનો રે.
જુઠે દિલું પીર મુજે ચાહતે રે તમે સુનો રે,
ફાંસુ બદનામ હય કરાતે રે તમે સુનો રે.
દુશ્મન મંય ઓસ કેરા રે તમે સુનો રે.
દુરીજન માંહી વે સવેરા રે તમે સુનો રે.

(ઇમાન ફસલ)

આપ ફરમાવે છે કે, અમારાથી મ્હોઢું ફેરવનારનું દિલ સખત થઇ જાય છે અને તેને દીનની મોહબ્બત રેહતી નથી તેમજ તે કુફર તરફ ભટકી જાય છે અને તેમની એવી વર્તણુંક એ કુફરની નિશાની છે.

એ કુ નિ શા ની સ હી જા નો રે,
બાત તો મેરી સ ચ કુ ર માનો રે.
લી દેખો હય કૌ' છુટકર જાતા રે,
નરમી દિલકી વે હય ગમાતા રે.
સખ્તી ઓસ દિલમાંહી આતી રે,
બાત તો દીનકી ના ઓસે ભાતી રે.

એભી નિશાની હય કુફ્ર કેરી રે,
એ મન બેગે બુઝો સવેરી રે.
જયું જયું દિન અદકા જાવે રે,
ત્યું ત્યું ઓસમાં કુફ્ર આવે રે.
(ગઝવાત)

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, "હું ઇસ્લામના ફરમાનો મુજબ સાફ સાફ હકીકતો ઝાહિર કરૂં છું, અધર્મીઓના ગુપ્તી કારસ્તાનોને ઉઘાડા પાડું છું: એટલે તેઓ મ્હારાથી અને મને માનનારાઓથી વધારે દુશ્મની કરે છે. મ્હારી વિરૂધ્ધતા ઘણી થાય છે. અને જ્યાં મ્હારા મુરીદો વસે છે, ત્યાં ત્યાં પ્હોંચી જઇને તેમને અમારા વિરૂધ્ધ ખોટી વાતો બતાવી ભરમાવે છે, ઉંધા માર્ગે દોરવાની અને આસાન તેમજ મોજ મજાહવાળા ધર્મ તરફ ઘસડવાની શરારતો કરે છે.

એથી મને પીર તરીકે માનનારાઓ અને ચાહનારાઓએ એવા સ્વાર્થીઓથી ચેતી મ્હારી નસીહત ઉપર અમલ કરે કે જેથી એવાઓ દગો કરી શકે નહી અને તેમના ફરેબમાં આવવાથી બચી જાય. આપ ફરમાવે છે કે:--

અરે મેરે દુરીજન બ્હોત હંય જગમાં, સુન સુન દીનકે ભાઈ,
અરે મેરા મુરીદ જો તુજકો જાને, તુરત કરે બદરાઇ.
અરે જેતે ટોળે ગુજરાત માંહા, હંય જે બદદીન કેરે,
અરે ઉન્કી બાતાં છાની જેતી, ખોલ કહેતા હું સવેરે.
અરે ઓસ કાજે વે દાવે પડીએ, મુજકુ નાંહી ચાહતે,
અરે વે જયાં જયાં મુરીદ મેરા સુનતે, ઉન્કુ બદરાહ કરતે.
અરે ઉસકાજ સુન ચેતના ભાઈ, મુજે પીર જો ચાહવે,
અરે સુન સુન દીન હય રે બયાના, દગા નાંહી પાવે.
(ઇમાન ફસલ)

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, "અમારા જેવો અમારા વંશમાં કોઇ થયો નથી અને થશે પણ નહિ. અમારા વંશમાં બધાઓની હકીકતને બરોબર જોશો તો, તે બાબત સાફ તમોને જણાયા વગર રહેશે નહિ."

અમો જેવો રે કોઇ અમારા વંશમાં,
હુઓ નથી ના કોઇ હોશે;
જે મરતબા કાજે વંશ રે ખોળશે,
ઈમામ ઈસ્માઈલ સુધી જોશે.

(સિડીઓની કિતાબ)

## મુનાફિકોથી દુર રહો.

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે બે તરફ રેહનાર અને બે મ્હોંડે વાત કરનાર યાને કોઇ વખત સુન્ની અને કોઇ વખત શીયા એમ બે તરફ ઢોલક વગાડનારા મુનાફિકોથી દૂર રહો. દીનની ખરી વાત મુનાફિકોને ભાવતી નથી બલ્કે અમારી નસીહતો તરફ તેઓ ધ્યાન આપતાજ નથી અને બળી બળીને મરે છે, ત્યારે દીનદારો અમારી વાતોને સારી માની સાંભળી બહુજ ખુશ થાય છે :—

મોમિનકુ બાત એ ભાતી રે,
મુનાફિકકી છાતી જલ જાતી રે.
સુન. કરે મોમિન રલીયા રે,
મુનાફિક ભાગ ફિરે ગલીયા રે,
મોમિનકુ જમીઅત આતી રે,
મુનાફિકકુ દાઝ હય લગાતી રે.
કરો ભાઇ દીન મેળા ચાવા રે,
મુનાફિક ફુટ ફાટ જાવા રે.

દીન કાજ ભાઇ મળ ટોલી રે,
મેલ દો ને મુનાફિક બોલી રે.
દીન ભાઇ બયાન હય સુનતા રે,
મુનાફિક જલ હય મરતા રે.
(મોજિઆત)

મુનાફિક બ્હોત બુરી હય આતી રે,
મત તસુ કીજીઓ ઓસ સંગ બાતી રે.
સિત્તર કાફિરોં મલ ને જાનો રે,
એક મુનાફિક વયસા પિછાનો રે.
મુનાફિકો સેતી તો રહીયો દુરી રે,
આસ હોવે કબી બહિશ્તકી પુરી રે.
(ગઝવાત)

આપ લખે છે કે, સીત્તેર કાફિરોના બરાબર એક મુનાફિક ગણાય છે. મુનાફિકો બહુજ દગાબાઝ છે જેથી તેમની સંગતથી દુર રહેશો તોજ જન્નતના હકદાર બની શકશો.

## દીનના બધા હુકમ માનો.

આપ ફરમાવે છે કે, કિતાબોમાં બતાવેલા દીનના બધા હુકમ દિલથી માનો. એક માનો અને એક ન માનો, એ તો સગવડીયો ધર્મ પાળનાર કેહવાય. અને તે મુનાફિકજ છે. તે કદી પણ મુમિન કેહવાય નહિ.

કે દિલસુ સહીકર હુકમોંકુ જાનો,
સો હુકમ રે જેતે, દીન કે માનો.
કર હુકમ રે સાચા સહી કર દીજે,
જું દિલ તો અપના સહી રે પતીજે.
જો ના તુ કબુલે દિલકે માંહા,
તો મોમિનોં માંહે તુ હુવા રે નાંહા.

સુનો વેતો કેહલાતી હય મુનાફિક ટોલી,
જો દિલે ના કબુલે કર જીભેરે બોલી.

(ઈમાન ફસલ)

* * * * *

ગાફિલ સુન તુ આપકા, ચાવે જો મોમિન નામ રે;
શિશ ચઢાને દીનકુ, કરને ભી વયસે કામ રે.
બાત કરે એક મનસુ, અને એકકુ નાંહી કરે રે;
કયું તન ખુશાલી આપકી, તુ દીનમાં આગે ધરે રે.
નાંહિ હુવા તુ મુમના, કરે હય મુનાફિક કામ રે;
ગાફિલ બેગે ચેતીએ, નાંહિ તો દોઝખ ઠામ રે.
દીનકી તો જયસી બાત હય, સબ હય સરખી સહી રે;
એકકુ કબુલે એક ના, અકકલ કયું તેરી ગહી રે.
દીનતો નબીકા સાચા હય, સાચે નબીજી આપ રે;
છોડતે તો બાત કો' દીનકી, દેખત હોવે પાપ રે.

(ગઝવાત)

* * * * *

ગાફિલ નામ તુ આપકા, કેહવે મુસલમાન ઝાત રે;
કુછ કુછ કરે પયરવી, છોડે ભી દીનકી બાત રે.
તુ તો સહી હય કાફિર, મોમિન ધરીયા નામ રે,
મુનાફિક તો તેરા નામ હય, દોઝખ માહે ઠામ રે.

(ગઝવાત)

## કિતાબો પ્રમાણે અમલ કરો.

આજકાલના કેહવાતા પીરો કહે છે કે, "કિતાબોને ધોઇ પીયો ! અમો જીવતી જાગતી બોલતી કિતાબ છીએ !" એવા મતલબી પીરોના ઢોંગોથી બચવા અને કિતાબોને સાચી માની તે પ્રમાણે અમલ કરવા, હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે :—

સહી સુન્નત હો કેરી, મન ધરે રે રીતા,
અને કિતાબોં સેતી પુરી રાખે રે પીતા.
કે કદમ સાબિત રાખ રાહા માંહા,
દીન બના રિત અવર બુઝે રે નાંહા.

* * * * *

ઐસા તો કામ કર ચાવસુ, જયસે લખીએ બયાન રે,
સહી એ રીત હય પીતકી, સાચા એ બુઝો કેન રે.
મંય લો કૌલ દેતા હું સહી, મેહનત જાએ ના જાએ રે,
કરો જો નસીઅત મેરડી, તો સહી પીત તુજે આએ રે.
(ઇમાન ફસલ)

જ્યારે હાલના પીરો હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોને ધોઇ પીવાનું કહે છે. ત્યારે હ૦ પીર મશાયખ (રહ૦) નું ઉપરના બયાનમાં સાફ સાફ ફરમાન છે કે, હ૦ રસુલે અકરમ (સલ૦)ની સુન્નત પ્રમાણે ચાલો અને અમારી કિતાબોથી સાચા દિલની મોબ્બત રાખી, તેના બયાનોના બોધ પ્રમાણે અમલ કરો. અને વળી આપ ફરમાવે છે કે, "તમો તે મુજબ વર્તશો તો અમો વચન આપીએ છીએ કે, તમારી તે મેહનત કદી પણ વ્યર્થ જનાર નથી."

## કિતાબોના બયાનો જવાહિરો જેવા છે.

આપે લખેલ કિતાબોના બયાનોનો શાન્ત મને, અને સાચી મોહબ્બતથી અભ્યાસ કરવામાં આવે અને પઢે તો, તે માણક મોતી અને જવાહિરો કરતાં પણ કિમતી સાબીત થશે. દુન્યા અને આકેબત માટે તે અમૂલ્ય ખઝાનો છે. તેનાથી ચોકખા મને લાભ લેનાર બન્ને જહાંનમાં માલામાલ થઇ જશે.

ખરેખર તે કિતાબોની કદર ઝવેરી અને સમજદારોજ કરી શકે છે. જાહિલ-બેવકુફ અને પાપી દુષ્ટ મનોવૃત્તી ધરાવનારા તો તેને બનાવટી હિરા અને ઇમીટેશન કાચજ માનવાના.

જેમકે અત્યારે કેટલાક દુષ્ટો આપની તે કિતાબોને "તકીઅ્યાવાળી અને બાદશાહની બીકથી ખરૂં છુપાવી ખોટું લખેલ છે" એવા જૂઠા તોહમતો મુકી, કિતાબોને ખોટી ઠરાવી, માણુક અને મોતીને અચબ લગાડી પત્થર બતાવવાની કોશીશ કરી, તે કિતાબોને માનનારાઓના દિલોમાં વ્હેમ ઉત્પન્ન કરવાની શરારતો કરી રહ્યા છે. અને તેમને તે કિતાબોથી છોડવી ગુમરાહ અને બેઇમાન બનાવ્વાનું કાવત્રું રચાએલું છે. જેમ મોમિન કોમ કિતાબોથી દુર રહી જાહેલ રહે તેમ તેમને નિચોવ્વાનું અને ઉંધા માર્ગે ચઢાવી બેશર્મી ભર્યા તેમજ ગુનાહ ભર્યા કામો કરાવવામાં સારી રીતે ફાવી શકાય. એથીજ તેમની દુન્યા અને આકેબત બન્ને બરબાદ કરવામાં નિચમાં નિચ પગલા ભરાઇ રહયા છે. અને તેમાં કેટલાક જાહિલો ફસાઇ, કિતાબો વિરૂધ તેજ પ્રમાણે બકવાટ કરવા લાગી પણ ગયા છે. અને શિર્ક તેમજ ગુનાહભર્યા કામોમાં પુરેપુરા ફસાયા છે. હ૦ પીર મશાયખ (રહ૦) આપની કિતાબોના બયાનો સંબંધી લખે છે કે :—

અરે સુન યે બયાન હંય ઝવેર રે જયસે,
સુન ચુન ચુન લીજે, જું મોતી રે વયસે.

* * * * *

સુનો દીનકે રે ભાઈઓ, એ હય માણુક બયાના,
ઓસે ચુન ચુન લેકર, કહો દિલકી રે શાના.
(ગઝવાત)

આવી ચોકખી રીતે હ૦ પીર મશાયખ (રહ૦) એ, આપે લખેલ કિતાબોને દાદ આપી, તેના બયાનોને હિરા, જવાહિરો જેવા કિમતી બતાવ્યા છે; બલ્કે તેનાથી ફાયદો હાસિલ કરવા મોમિન કોમને પોતાના દીનના ભાઇ કહી નસીહતો કરેલ છે. કિતાબો વિરૂધ બકવાટ કરનારાઓ અને આપ ઉપર તોહમતો લગાડનારાઓ સંબંધી આપ ફરમાવે છે કે :—

અલ્લાહ નબીકુ ખલકે, તોહમત લગાઈ જાન રે,
તોહમત લગાઈ જાન;
તો, મંય તો હું ઉમ્મતી ઉન્કા, સહીકર મુજે માન રે,
સહીકર મુજે માન
( નુરનામા )

વળી, હ૦ પીર મશાયખ (રહ૦) એવા તોહમતો લગાડનાર પાપીઓ સંબંધી સખ્તી સાથે લખે છે કે :—

કુડ કુડ મરો, નિસ દિન જલો, દીનતો છૂપનેકા નહી,
લાઅનત લાગી તમન્ના, એ બાત હય સાચી કહી.
( મેઅરાજનામા )

* * * * *

તો નશતાન તેહકીક જાવે રે તમારા,
હમારે દીનકુ હય અલ્લાહકા આધારા.
( નુરનામા )

## કિતાબોતો સલામતજ રેહવાની.

કિતાબોની વિરૂધ્ધતા બહુ થઇ, બરબાદ કરવાની ઘણી કોશીશ કરવામાં આવી, તેના ખિલાફ બકવાટ ઘણો કરવામાં આવ્યો, તેના સામે ધુળ ઘણી ઉડાવવામાં આવી; પરંતુ ખુદાના ફઝલથી અને દીનદારોના સારા નસીબે તે કિતાબો તો સલામતજ રહી ગઇ. અને તેનાથી લોકો બરાબર ફયઝ હાસિલ કરી રહયા છે. હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે :—

કુવે પર ઘડે કંઇ ભાંગીએ, ભી ભાંગે ઘડ માલ રે,
ભી ભાંગે ઘડ માલ;
કુવેકુ ના જોખમ હુવા, રહા સલામત હાલ રે,
રહા સલામત હાલ.
( મકતુલનામા )

* * * * *

જ્યું ધુળ નાંખની ચાંદકે સામી, ઉસે પ્હોંચે નાંહા,
પીછીતો ધુળ આવકર પડે, ઉસહી આંખો માંહાં.
( મેરાજનામા )

હય યું આંખા મીચ મીચ તુજે રે મરજાના,
પણ ઉગ્યા રે ચંદા, ના રેહવે રે છાના,
( મોજિઝાત )

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, કિતાબોને મિટાવ્વાની કોશીશ કરનારા ખુદ પોતેજ મટી ગયા, અને હજુ જે લોકો એવા ખોટા સાહસો કરે છે તે પણ બન્ને જહાનમાં તેનો ખરાબ નતીજો ભોગવવાનાજ. ચંદ્રમા સામે ધુળ નાંખનારા-ઓની આંખોમાંજ ધુળ આવી પડવાની. ચંદ્રમાંની રોશની પોતાની આંખો બંધ કરવાથી છુપાવાની નથી. એવી બળતરા કરી કરીને આખરે તુજ મરી જવાનો છે. રોશની તો કાયમજ રેહવાની.

જાહેલ થવાથી બચાવ થશે નહિ.

તાઝીયાઓ બનાવે, મન્નત માનતાઓ કરે, શિર્કના કામો પાછળ ઘસડાય, નમાઝ રોઝાથી મ્હોંઢું છુપાવે, કેહવાતા પીરોના આસરે વગર અમલે છુટકારો થવાનું માને, એ બધું કિતાબોના વિરૂધ્ધ છે. "દીનના હુકમો જાણતા નથી અને જાહેલ છીએ," એવો બચાવ શોધનારાઓ માટે હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે:

લોહાર પાસે ના ખાટ ઘડાહો રે,
સુંથાર પાસે કસામા કઢાહો રે ?
મોચીકે પાસે લે જામા × સીલાહો રે ?
પયજાર * દરજીકે પાસે સંધાહો રે ?
કામ દુની કસબી૦ દેખ કરતે રે,
ઔર કે ડેરે નાંહિ ફરતે રે.

× કપડાં. * જોડાં. ૦ કારીગર.

દીન કાજે કયું ના અયસા ચાહો રે ?
ગયર કસબી કાહે બતાહો રે ?

એ સબ કાજ દાવેકે હો કરતે રે,
દીનકુ ઢુંઢને ઉલ્ટે હો ફરતે રે.

કામ દૂનીકે હો ડાએ કેહલાતે રે,
દીનકે કામમાં ઘેલે દેખાતે રે ?

( મકતુલનામા )

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, દુન્યાના કારોબારમાં અને રસ્મો રિવાજમાં બધી રીતે ડાહયા છો, કયા કામ કોના પાસે કરાવી શકાય એ બધું સમજો છો, ત્યારે દીનના કામમાં ગાંડા ઘેલા બની જાવ અને અમલ કરવાથી મ્હોઢું છુપાવો એ કેવી રીતે ચાલી શકે ?

વળી નીચેના બયાનમાં આપ બહુ સખ્તી સાથે સાફ સાફ ફરમાવે છે કે, તું પોતાની મા સાથે વિવાહ કરવાનું પસંદ કરતો નથી, પોતાની બેટી અને બ્હેનને ઓળખે છે, અને દુન્યાના સગા સંબંધીઓની સગાઇને બરાબર સમજે છે; ત્યારે દીનના હુકમો પાળવામાં અને ખુદા અને રસુલ (સલ૦) ના ફરમાનો ઉપર અમલ કરવામાં પોતાને જાહેલ અને વગર સમજનો બતાવી હઠી જવા માંગે છે, તે કેવી રીતે બચાવ થઇ શકે ? દુન્યાની સગાઇઓ ન પાળે તો તું ભુંડો ગણાય, તેમ દીનના હુકમો ન પાળે એટલે પણ ભુંડોજ ગણાવાનો.

કામ એવું કર, અમલો એવા કર, દીનના હુકમોની એવી ચીવટથી ફરમાબરદારી કર કે જેથી બંને જહાનમાં તારૂં ભલું થાય અને સુખી થાય. છતી આંખે આંધળો બની કુવામાં પડીશ નહી.

પાલે બના મોમિન ના હોના રે,
પાલે બના ઈમાન હય ખોના રે.

મા સંગે બિયાહ નાંહિ કરતા રે,
એ બાત મન હય ધરતા રે.
બેટી સાથે કરે નાંહિ બિયાહ રે,
એ હય પાલા ગયા રે.
વે સબ તુ હય પાલતા રે,
ઇસે નાંહિ પાલના કયું ચાતા રે?
વે ના પાલે ભૂંડા તુ કેહલાવે રે,
એ ના પાલે વયસાભી દેખાવે રે.
( ઇમાન ફસલ )

* * * * *

કાય હય વયસા કરના, નફા હોવે દો જગ,
અંધે હો ગિર ના કુવે, ફાંસુ ભર ભર ડગ.
( કિતાબ-તરીકત )

* * * * *

જે ટોળી હય જાહેલોં, દીન જાને ના બાતી,
વે પશું હય ચોરકે, દૂર રાખો ઝાતી.
જાહેલ જંગલ કેરડે, વયસી ઓસકી રીતા,
બયાન જિનું દીનકે, નાંહિ ચંત દીતા.
( ઇમાન ફસલ )

## કિયામતમાં શું જવાબ આપશો ?

ખુદાના હુકમ માન્યા વગર તેમજ હ૦ રસુલે ખુદા (સલ૦)ની તાબેદારી વગર કોઇ પીર સાહેબ, ગમે તેવી શિફારીશ કરી છોડવવાનો દાવો કરે, મૌત વખત, કબરમાં અને કિયામતમાં છુટકારો કરાવ્વાની વાતો કરે એ તદ્દન ખોટું છે. અને એ બધી પૈસા પડાવવાની ઠગબાજી છે. હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કેઃ-

વાજીબ હય કરે મોમિન અયસી રીત રે,
રસુલને કામ કીયા વયસી કરે પીત રે.

ચાકર સાહબ સામી, કરે દેખ કામ રે,
જે જે કામકા લેવે સાહબ નામ રે.

ગાફિલ કયું તેં છોડીયા રબકુ બિસાર રે,
હુકમ નાંહિ માનતા મનકે પિયાર રે.

ગાફિલ તુજે હય જાના રબકે હુઝુર રે,
હશર દિન જબ હોવેગા માઅસુર રે.

તબ તો કયસી કરેગા રબસુ બાત રે,
દુશ્મનો આજ મિલાતા હય તુ ઝાત રે!

અરે ગંવાર! કર વયસા, રીઝે રબ રે,
જું જું કિયા જેતે નબી હુવે સબ રે.

નબીસુ ડાયા હો કયું કરે હય કામ રે,
લાગે કરમ ભોગ તુજકો, દોઝખ ઠામ રે.

(ગઝવાત)

## એવી ઝિંદગી શું કામની ?

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે અમલ કરવામાં જેના હાથ, પગ અને આંખો કામ ન આવે તો તે અવ્યય નકામા છે; બલ્કે પોતાના જીવના સાટે પણ અલ્લાહને રાઝી કરી શકીએ તો તે બહુજ સ્હેલું ગણાય:—

જો પગરે પંથી કે, પીયા રાહા ના જાવે,
તો કાએ ના કાટકર, દુર રે નંખાવે.

* * * * *

વે કો' દિવાના જો પીયા રાહા ના જાવે,
તો કાહે ના અંધા આપ રે કહાવે.

જો ઓનુરે આંખું પીયા રાહા ના દીસે,
તો આંખુકે સાથ કાટ નાંખે શિશે.

• • •

જિસ તન નાંહિ, પીયુજી નેહા,
અગન જલાદે વે રે સબ દેહા.

* * * *

સુનો ભાઇ જીવ હો દેતાં, આ રબકુ પાહીએ,
તો ભી સેહલા કરી મન લાહીએ.

* * * *

કે દુન્યાકે કામો, પંથે ઉઠ ધાએ,
તો પીયા કેરી રાહા. બયઠા ના પાએ.

* * * *

અકકલ બના જે, એ બાત ના પાવે,
ઢોરૂં માંહે વે, હય રે ગણાવે.

( તરીકત )

"તરીકત" નામની કિતાબમાં હ. પીર મશાયખ (રહ.) એ ઉપરના બયાનોમાં અલ્લાહના હુકમો ઉપર અમલ ન કરનાર અને બેપરવાઇ બતાવનારાઓ માટે કેવી ગંભીર વાતો કહી છે? આપ ફરમાવે છે કે, અલ્લાહ તઆલાને રાઝી કરવામાં જો પોતાનો જીવ પણ કુરબાન કરવો પડે તો, તે પણ કોઇ મોટી કુરબાની કહેવાય નહી! અને એમજ સમજવું કે, બહુ આસાનીથી અલ્લાહને રાઝી કરી શકાયો.

વળી આપે બતાવ્યું કે, જ્યારે દુન્યા મેળવવા માટે પુરી દોડધામ કરે છે, ત્યારે વગર અમલે, બેઠાં બેઠાં અલ્લાહના માર્ગ ઉપર કેવી રીતે પ્હોંચી શકીશ? આવી ચોકખી અને સાફ સાફ વાતો છતાં જે અકકલ વગરના છે અને જેમના દિલ સાફ નથી તે કદી પણ સમજી શકવાના નથી! અને તેઓની ગણત્રી ઢોરોમાં અને જાનવરોમાંજ થઇ શકે!

## ઈમાનનો કંઇ વારસો નથી.

હ૦ પીર મશાયખ (રહ.) ફરમાવે છે કે, બાપ દાદાના નામે કમાઇ ખાવું અને પોતે ખુદા રસુલ (સલ.)ના ફરમાનોથી

દૂર રહે એ ખોટુંજ કેહવાય. પોતે નેક અમલ કરશો, દીનના હુકમો પ્રમાણે ચાલશો તોજ ઇમાનદાર ગણાશો અને છુટકારો થશે. બાપનું ઇમાન બાપ સાથે અને બેટાનું ઇમાન બેટા સાથે રેહશે. માબાપ તરફથી ઇમાનનો કંઇ વારસો મળતો નથી. હ૦ નુહ (અલે૦) જેવા મહાન પયગમ્બરનો બેટો નાફરમાનીક રવાથી અલ્લાહના કેહરમાં–પાણીમાં ગારત થઇ ગયો, તો પછી બીજાઓ શી ગણત્રીમાં ?

**મોમીન કે પુત એ સુનના રે, નસીઅત મન ધરના રે.**
**ઈમાનસુ મોમિન કેહલાતા રે, વારસા નાંહિ આતા રે.**

**ઈમાનકા વારસા નાંહા રે, સુન સુન બુજો દિલ માંહા રે.**
**બાપકા ઈમાન બાપ પાસા રે, ઓસ્કી ના કીજે પુત આસા રે.**

**જો તુ રાખેગા ઈમાના રે, હોવેગા મોમિનકી શાના રે.**
**બેટા નુહ નબીકા ડુબાયા રે, હુકમ માંહે જો વે ના આયા રે.**

( ઇમાન ફસલ )

## મુસીબતના વખતે દીનને વધુ ચાહો.

આખર ઝમાનામાં લોકો બેદીન બની દીનના હુકમો ઉપર અમલ કરવાથી દુર ન્હાસશે, બલકે દીની બાબતોમાં મઝાક ઠઠ્ઠા કરશે, તેમજ દીનદારોને દબાવવાની કોશિશ થશે, એટલે એવા વખતમાં દીનદારોએ અલ્લાહ પર ભરોસો રાખી, અલ્લાહ અને રસુલ (સલ૦)ના હુકમો ઉપર વધુ ચીવટાઈથી અમલ કરવાથી વધુ સવાબ થશે:—

**ધન ધન મોમિન વે મુજ ભાઈ રે,**
**દીનસુ પીત કરે અદકાઈ રે.**
**જ્યું જ્યું કસની તન કસાવે રે,**
**ત્યું ત્યું દીનસુ નેહ લાવે રે.**
**જાહેલોં માંહે હોવે કળી પડીયા રે,**
**કાફિર ઝોર હોવે કળી કરીયા રે.**

દીનસુ અયસે તક, રાખે પીતા રે,
જયસી પતંગીએ કેરી રીતા રે.

જયું જયું કસની શિશ કસાવે રે,
ઓત ઓત દીનકુ ત્યું ચાવે રે.

સુન્નત રાખે તબ મંના રે,
ફેર ફેર રાખે તબ મંના રે.

આખિર હોવે જબ ઝમાના રે,
હોવેગી સખ્તી તબ નિશાના રે.

તબ બ્હોત કરના હય દીનસુ નેહા રે,
બ્હોત બ્હોત કસ કસ આપકી દેહા રે.

ઓસ્કા અજર બ્હોત પાવે રે,
મેહનત ઝાએ તલ ના જાવે રે.

જયું જયું ગરીબી ઓસે આવે રે,
ઝાલિમ ઝોર જયું બ્હોત દેખાવે રે.

ત્યું હોવે બ્હોત સવાબા રે,
સાચા એ સહી બુઝો સિતાબા રે.

હુકમ ખાતિમ નબી કેરા રે,
ઓસથી એ બુઝો સહી સવેરા રે.

ખુશી બ્હોત ગરીબીકી ઝાતી રે,
અંત ઈમાની સુનો બાતી રે.

કસની માંહે રાખે ઈમાના રે,
ગરીબ હોવે જિસ ઝમાના રે.

ગરીબ બહોત ખુશાલી લાવે રે,
બહિશ્તમાં નિત ખુબી પાવે રે.

( ઈમાન ફસલ )

## હ૦ પયગમ્બર (સલ૦)ની પયરવી કરો.

હ૦ પીર મશાયખ (રહ.) ફરમાવે છે કે, હે દીનના ભાઇ! તુ, આપણા નબી હ૦ મોહંમદ (સલ.)ની પયરવી કર અને દીન સમજાવવામાં તેમજ ઇસ્લામની ઇશાઅતમાં પુરા ઉમંગ અને ઉત્સાહથી કામ કર.

ઉમ્મતી કરે વયસી સુન્નત રીતા રે,
જું કામ અપને નબીજીને કીતા રે.
સુન એ, ભાઇ ધસ ધસ જાહો રે,
તલકીન કર કર દીન માંહે લાહો રે.
હાથ પ્હોંચે તાં છોડો નાંહા રે,
ખેંચ પકડ લાહો દીનકે માંહા રે.
ભાન કુફ્ર, કરો અપના ભાઈ રે,
ઇસ ઈસ બાત માંહે હય બડાઇ રે.
એ કામ તો, નબીજીકુ થા ભાતા રે,
ઉમ્મતી હોવે, પીતસુ વે હય ચાતા રે.

( મોજિઝાત )

આપ ફરમાવે છે કે, દીનની ઇશાઅત અને તબલીગી કામ કરવું એમાં તમારી ઇઝઝત અને મોટાઇ છે. હ૦ પયગમ્બર (સલ૦) ને એ કામ બહુ પસંદ હતું જેથી તે માટે પુરી કોશીશ કરો. તે બાબતમાં ચીવટ અને મોહબ્બત સાથે પયરવી કરો. હ૦ રસુલે અકરમ (સલ૦) નું ફરમાન ન માનનાર આપ (સલ૦) ના કાકા અબુતાલિબના આખિર કેવા હાલ થયા? તે બાબતમાં હ૦ પીર મશાયખ (રહ૦) લખે છે કે :—

અબુ તાલિબકુ દોઝખકા દેખો કિયા રે હવાલા.
તો મુનાફિકો તમારા કયસા હોવે રે હાલ?
જે ચિચારે નબીકે કરતે નબીકા કામા,
એ ઓનુકી રેહનેકી તમો સુનોરે ઠામા

અલી (રદી૦) કે, જે બાપ રે કહીએ,
વે અબુ તાલિબ, નામ સુ રે લહીએ.
(મેઅરાજનામા)

વળી આગળ જતાં હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, તમોને ખોટા માર્ગે દોરનારા અને તેમના ભરોસે પોતાનો છુટકારો સમજનારા ! ઇબ્રત પકડો !! કે, જ્યાં અબુતાલિબ જેવા યાને હાથી જેવાના આ હાલ થયા ત્યાં તમોથી ઠગબાજી કરનારા તેતરાઓના શા હાલ થશે ? અને કબરમાં અને કિયામતમાં તમોને છોડવવા તેઓ કયાંથી આવી શકવાના હતા ?

દેખો અબુ તાલિબ ચિચા નબીકે કેહલાએ,
દેખો દોઝખ કે માંહે વે રે લિખાએ.

જાં હાથી જયસે ડુબે, વાં તિતર તાગ ના પાવે,
તો મુનાફિક બાત કયું, ના મન માંહે લાવે ?
તો તમારે રઈસકા કયસા હોવે રે હાલા ?
જાં અબુ તાલિબકુ લખીયા હય દોઝખ હવાલા.

તો વેતો દોઝખમાં કહાં લપેટા જાવેગા,
તસું ઢુંઢતે તો ઓસ્કા કહીં ઠામ ના પાવેગા.
(મેઅરાજનામા)

અને એ બીચારા તેતરાઓ ? અલ્લાહ અને હ૦ રસુલે અકરમ (સલ૦)ની ના ફરમાનીના લીધે તેમજ દીનના હુકમોને ઠુકરાવવાના લીધે અને લોકોને ગુમરાહ કરવાના લીધે કિયામતના દિવસે કોણ જાણે દોઝખના કીયા પડમાં લપેટાઇ જશે કે જ્યાં તમારી પુકારો અને મદદ માટેની ફરિયાદો તેમના કાન સુધી પણ પ્હોંચી શકવાની નથી.

એથીજ હ૦ પીર મશાયખ (રહ૦) એ ઉપરના બયાનમાં ફરમાવ્યું છે કે, તમો મુનાફિકપણું મુકી દઇ હ૦ પયગમ્બર (સલ૦) ની પયરવી કરો અને તેમના બતાવેલા દીનના માર્ગપર

ચાલો. કુફ્ર અને શિર્કના કામોથી બચો. સાચાઓ અને દીન–દારોનો સાથ આપો. ગુમરાહો અને ઉંધા માર્ગે દોરનારાઓ તેમજ કબરમાં અને કિયામતમાં છોડાવવાની ખોટી ખોટી લાલચો આપનારાઓના ભરોસે રહી, ખુદા અને હ૦ રસુલુલ્લાહ (સલ૦)ના ફરમાનો ઉપર અમલ કરવાથી બેપરવાઇ કરો નહીં. દીનના હુકમોથી ગાફિલ રહો નહીં, નહિં તો તમારેજ તેનો અઝાબ ભોગવવો પડશે. પછી પસ્તાવું કંઇ કામ આવશે નહીં. અત્યારેજ ચેતીને સારા અમલ કરો.

પોતાના સ્વાર્થ ખાતર લોકોને ભટકાવનારાઓ અને ગુમરાહ કરનારાઓને ચેતવણી આપતાં હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે :—

**અવરકુ સિખાવન કરતે હો ઉલ્ટી બાત રે,**
**ભારી અવરકે બારસૂ, કાએ કરો તુમ ઝાત રે.**
**તમુકુ ના દીન બના છૂટના, એ બાત હૈ સાચી સહી,**
**ભાર કયું અવરાં સર કરો, અકકેલ હય તમના ગહી.**

(મેઅરાજનામા)

વળી એવા લોકોના ફરેબમાં આવી, આસાનીથી અને વગર અમલે છુટકારાની આસમાં રેહનારા, તેમજ પૈસા આપી કબર અને કિયામત માટે નજાતનું સ્ટીર્ફીકેટ મેળવનારાઓ વિષે હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે :—

**તમે સુનો રે મુનાફિક ટોળી મુમનો કેરી,**
**તમે દોઝખ જાઓગે એ સુનો રે સવેરી.**
**નામ મુમન તમારા, મુનાફિક રે નિશાની,**
**જો મુમન કેહલાકર, રાહા દીન રે ના જાની.**

(મેઅરાજનામા)

આગળ જતાં આપ ફરમાવે છે કે, "જો તારે અલ્લાહને રાઝી કરવો હોય અને તેનો ફરમાબરદાર અને હુકમ માનનારો

બંદો બનવું હોય તો, નેક લોકોની જેમ સારા અમલ કર અને જેમના ઉપર અલ્લાહની રહમતો અને બરકતો નાઝિલ થઇ છે, તેઓની જેમ બરાબર દીનના બધા હુકમો ઉપર ચાલવાની કોશીશ કર" :—

**જો ખાસે બંદે હોનેકા તુજે હય રે ચાવા,**
**તો દેખ દેખ ખાસોંકી રીતે દીન રે કમાવા.**
**વે ખાસે તો હુવે, જે ખાસે અમલ કમાએ,**
**ખાસે હોને કાજ, ખાસોંકી રીત બંદે મન લાએ.**

( મેઅરાજનામા )

## હ૦ પીર મશાયખ (રહ૦)ની દરગાહ.

હ૦ પીર મશાયખ (રહ૦)ની વફાત, અમદાવાદમાં જ્યાં અત્યારે આપની દરગાહ આવેલી છે ત્યાંજ થઇ હતી. આપના બેટા હ૦ અબ્દુલ્લાહ અને હ૦ ફાઝિલશાહ સાહેબ તેમજ મોમિન મુરીદોએ મળી હ૦ પીર મશાયખ (રહ૦)ની દરગાહ ત્યાં બનાવેલ છે. તે ઉપરાંત ત્યાં લોકોની આવ જાવ વધુ હોવાથી કેટલાક મકાનો અને આસપાસ રેહવાની બીજી સગવડો પણ કરેલ છે. તે તમામ જગ્યાના આસપાસ ભવ્ય કોટ બનાવેલો છે.

ત્યાં દર વરસે આપની વફાતની તારીખે એટલે મોહર્રમ માસની ૨૧ મીએ મોમિન કોમની મોટી સંખ્યા ઉપરાંત બીજા મુસ્લિમ ભાઇઓ પણ ફાતેહાખાની માટે ભેગા મળે છે અને બીજા દિવસોમાં પણ તે બુઝુર્ગ તરફ મોહબ્બત ધરાવનારાઓની હાઝરી ચાલુજ રહે છે. મઝકુર સંસ્થા ધર્માદા–વકફ છે અને તેથી નાં૦ સરકાર તરફથી પણ તે જગ્યાનો કર બહુજ નજીવો લેવામાં આવે છે. તે ઇન્આમી સ્થાન ગણાય છે. મઝકુર બુઝુર્ગના માનનારા સુન્ની મોમિનો સદરહુ સંસ્થાની દેખરેખ તેમજ મરમ્મત માટે દરેક વખ્તે મોટા ફાળાઓ આપતા રહયા છે; બલ્કે તેના કામકાજમાં મોટો હિસ્સો લેતા રહયા છે.

## સદર વક્ફ સંસ્થાપર ધાડ !

કમનસીબે તેમની કેહવાતી હાલની ઔલાદમાંના પીર મેહરહુસેન સાહબ મઝકુર વકફ–ધર્માદા મિલ્કતના માલિક બની બેઠા હતા. તેમના વાલિદ મરહુમ પીર અહમદહુસેન સાહબ સુધી તે દરગાહ અને તેના લગતી મિલ્કત ધર્માદા હતી, અને સરકારી દફતરોમાં પણ તેઓ તેના કારોબારી–ટ્રસ્ટી તરીકે લેખાતા હતા; ત્યારે પીર મેહરહુસેન સાહબે ટ્રસ્ટીની જગ્યાએ પોતાનું નામ સને ૧૯૧૯માં માલિક તરીકે ઠસાવી દઇ, સરકારી દફતરોમાં ફેરફાર કરાવી દીધું હતું.

વળી સુન્નીઓને ત્યાં આવતા મનઇ હુકમના પાટીયાં લગાડયાં હતાં; બલ્કે સેંકડો માણસોને ઉશકેરી ત્યાં ભેગા કરી સુન્નીઓને અટકાવવાની કોશિશો કરી હતી. તેમજ મઝકુર વકફ મિલ્કતને પોતાની માલિકીની ઠરાવવા બહુ ધમપછાડા કર્યા હતા. તેમાં મોમિન કોમનું હઝારો રૂપીઆનું પાણી કરાવ્યું હતું.

લાચારીએ સુન્નીઓને અમદાવાદની કોર્ટમાં ફરિયાદ દાખિલ કરાવવી પડી હતી. પીર મેહરહુસેન સાહબે તેમાં પોતાની સ્વાર્થી મુરાદ બર લાવવા માટે, ત્યાં દરગાહના કમ્પાઉન્ડમાં આવેલી મસ્જીદને મસ્જીદજ નથી. તેમજ હૌઝને બગીચો પાવાની ટાંકી બતાવવાની હદ સુધી ગયા હતા !

મસ્જીદમાં નમાઝીઓના આવ્વા માટે જુદો દરવાજો છે અને ત્યાં ઠેરવા માટે મકાન છે, તેને પીર મેહરહુસેન તરફથી "ગાડીનો તબેલો બતાવ્વામાં આવ્યો હતો."

આ બધી ખોટી હકીકત કોર્ટમાં એટલા માટે રજુ કરવામાં આવી હતી કે, મઝકુર વકફ સંસ્થા પોતાની માલીકીની થઇ જાય અને ત્યાં સુન્ની મોમિનોને લાભ લેતા અટકાવવામાં આવે.

અહમદાબાદની ડીસ્ટ્રીકટ કોર્ટમાં પાંચ વરસની લાંબી મુદ્દત સુધી કેસ ચાલ્યો હતો અને તા. ૨૨–૧૦–૨૭ ના દિવસે તે કેસનો ચુકાદો થયો હતો. "ફરિયાદીઓ ન્યાત બાહર મુકાએલા

છે" એવું પીર મેહરહુસેન તરફથી બતાવ્વામાં આવ્યું હતું; પરંતુ કોર્ટે તેને કબુલ રાખ્યું ન હતું. બલ્કે નાo જોઇન્ટ જજ શ્રીo એસ. જી. ખારકર સાહબે મસ્જીદ અને હોજ કબુલ રાખ્યા હતાં. પીર મેહરહુસેનની તે સંબંધીની વિરૂધ્ધ વાતોને ખોટી ઠરાવી હતી.

પીર મેહરહુસેન સાહબે "ત્યાં પીર મશાયખ (રહo)ને ફરવા માટે રાખેલ ગાડી ઘોડાનો તબેલો હતો" એવું કેસમાં બતાવેલ, તેના જવાબમાં નાo જજ સાહબે બતાવ્યું હતું કે :—"પીર મશાયખ સાહબ એક મુસલમાન રઇસ (માલદાર)ના ભપકાથી રેહતા હોય એવી સૂચના મને આખા કેસ દરમિયાન મળી આવતી નથી. પીર મશાયખ બહુજ સાધરણ જગ્યામાં રેહતા હતા, કે જે જગ્યામાં બીજી ઘણી ગરીબ વસ્તી રેહતી હતી. બગીચા અને ગાડીઓ વીષે, પીર મશાયખ સાહબની બાબતમાં જે સૂચના (પીર મેહરહુસેન તરફથી) થઇ છે તેને માની શકાય નહિ."

## પીર સાહબનો મસ્જીદનો ઇન્કાર.

હo પીર મશાયખ ચિશ્તી (રહo)ની દરગાહ પાસે આલીશાન મસ્જીદ છે. આસપાસ મુસલમાનોની વસ્તી હોવાથી ત્યાં પાંચે વખત બરાબર નમાઝ થાય અને મસ્જીદ આબાદ રહે અને તેથી હo પીર મશાયખ (રહo) ની રૂહ મુબારિક પણ ખુશ થાય; પરંતુ હાલના કેહવાતા પીર મહેરહુસેન સાહબ મસ્જીદમાં આવ્વા માટેનો દરવાજો બંધ રખાવે છે અને નમાઝીઓને પેસવા દેતા નથી; બલ્કે તેઓએ તો મસ્જીદનોજ ઇન્કાર કરી દીધો હતો ! નાo જજ સાહેબે તે મસ્જીદ સંબંધી ચુકાદામાં જણાવ્યું છે કે :—

"કોઇ પણ રીતે વિચાર કરતાં મારૂં માનવું એવું છે કે, આ મુસલમાની કાયદા મુજબ જેને મસ્જીદ કહે છે તે એ, મસ્જીદની દરેક જુરૂરતો આ મકાન સંતોષકારક રિતે પુરી પાડે છે. વરસોથી ઉરસના પ્રસંગે આ મસ્જીદની અંદર જમાત સાથે નમાઝ થાય

છે. આ મસ્જીદમાં મેહરાબ આવેલી છે, જે મકકા શરીફની (કિબ્લાની) દીશા બતાવે છે. સેહનની મઘ્યમાં હોઝ આવેલું છે, જે નમાઝ પઢતાં પેહલાં સફાઇ માટે ઝુરૂરી છે."

## ના૦ જજ સાહબનો છેવટનો હુકમ

"આ કોર્ટ ઝાહિર કરે છે કે, સરવે નં૦ ૧૩૬ ની અંદર આવેલ સંસ્થા કે જે પીર મશાયખ (રહ૦) ના રોઝાની તથા તેના સાથેની મસ્જીદની તથા બીજા મકાનો અને દરવાજાઓ તેમજ ચારે તરફની દિવાલની બનેલી છે, તે ટ્રસ્ટની વકફ મિલ્કત હોઇ, પબ્લીકના (બધાઓના) લાભ માટે બંધાવેલી છે; એટલે કે, મસ્જીદનો મસ્જીદ તરીકે ઉપયોગ થવા અને દરગાહનો એક રોઝા તરીકે મોમિન કોમના ઉપયોગ કરવા માટે છે."

## મુંબઈ હાઈ કોર્ટનો ચુકાદો.

હ૦ પીર મશાયખ (રહ૦)ની દરગાહ, મસ્જીદ વિગેરે વાળી મઝકુર સંસ્થાનો અમદાવાદ કોર્ટે આપેલ "વકફ"નો ચુકાદો પીર મેહરહુસેન સાહબને ગમ્યો નહિ. અને તેને પોતાની માલીકીનીજ ઠરાવવા માટે મુંબઇ હાઇ કોર્ટમાં સને ૧૯૨૮ માં તેમણે અપીલ દાખિલ કીધી. તા. ૨૦-૧૧-૩૩ના દિને બેંચ સનમુખ સુનાવણી શરૂ થઇ અને તા. ૨૭-૧૧-૩૩ ના દિને દરગાહ, મસ્જીદ વીગેરે કમ્પાઉન્ડમાં આવેલ બધી જગ્યા વકફ હોવાનોજ ચુકાદો અપાયો હતો.

મુંબઇ હાઇ કોર્ટના જજો ના૦ બેકર અને બ્રુમ ફિલ્ડ સાહબે બહુ લંબાણથી ચુકાદો આપેલ છે. તેમાં તે વિદ્વાન જજોએ જણાવ્યું છે કે, "પીર મશાયખ (રહ૦) સત્તરમી સદી (ઇસ્વી)માં થએલા મહાન મુસ્લીમ બુઝુર્ગ હતા. તેઓ પ્રખ્યાત ધર્મગુરૂ હતા. તેઓએ લોકોને ધર્મનો ઉપદેશ આપેલ હતો."

"મારા માનવા પ્રમાણે રોઝો અને મસ્જીદ લોકો ઉપયોગી થવાથી વકફ બનેલ છે. અને મકાનો તેમજ કોટ પણ વકફમાં ગણવામાં આવેલ છે. અને આ બાબતમાં નીચલી કોર્ટે ( એટલે અમદાવાદની ડીસ્ટ્રીકટ કોર્ટે) ખુલાસો કરેલ છે તે બરાબર છે."

"પ્રતિવાદી (પીર મેહરહુસેન) મસ્જીદ ખાનગી છે તેમ સાબીત કરી શકતા નથી. મસ્જીદના મકાનમાં ૧૫૦ થી ૨૦૦ માણસોનો સમાવેશ થઇ શકે તેવી મોટી છે."

"દરગાહની પશ્ચિમે મસ્જીદ છે. પાણીનો હૌઝ છે તે હાલમાં ખાલી છે. પેહલાં પાણી રેહતું હતું. હાલમાં કુવા અને પાઇપથી પુરૂં પાડવામાં આવે છે."

"મેહરહુસેનની અપીલ નં૦ ૨૧૭ (હાઇ કોર્ટમાં કરેલી) ખરચ સાથે રદ કરવામાં આવે છે. નીચલી કોર્ટનો (અમદાવાદની ડીસ્ટ્રીકટ કોર્ટનો) ચુકાદો હું કાયમ રાખું છું. આ કેસમાં આગળ કંઇજ કેહવાનું નથી. આ કેસની લંબાણ સુનાવણી બાદ સરવે નં૦ ૧૩૬ ને વકફ તરીકે ઝાહિર કરવામાં આવે છે. કારણ કે, ત્યાં દરેક વરસે ઉર્સ થાય છે અને સેંકડો લોકો ભેગા થાય છે."


છેવટે ના૦ જજ સાહબ જણાવે છે કે, "ઉપરની તમામ હકીકતો ધ્યાનમાં લેતાં નીચલી કોર્ટના જજમેન્ટ સાથે હું સંમત થાઉં છું અને તેનો ઓર્ડર કાયમ રાખું છું."

## મઝકુર વકફ સંસ્થામાં ગેર વ્યવસ્થા.

બહુજ અફસોસની બીના છે કે. ફરી સદર વકફ સંસ્થામાં પીર મેહરહુસેન સાહબ તરફથી ગેરવ્યવસ્થા થવા લાગી છે. તેમનો ઇરાદો હ૦ પીર મશાયખ (રહ૦)ના સુન્ની અકીદા વિરૂધ્ધ ત્યાં તાલીમ આપવા અને તે સંસ્થામાં લાભ ધરાવતા સુન્નીઓનું દિલ દુઃખાવવા જેવી સ્કીમો ઘડાતી હોવાનું સંભળાય છે. જો કોઇ આવું પગલું ભરાય તો સુન્નીઓને તે બાબત કાયદેસરના તરતજ પગલા ભરવાની ઝરૂર પડશે.

વળી મઝકુર ધર્માદા ટ્રસ્ટમાં પોતાની મનગમતી કેટલીક ભાંગતોડ થયાનું પણ સંભળાય છે, તેમજ ત્યાં હ૦ પીર મશાયખ (રહ૦) સાથે અકીદતમંદી ધરાવતા આવનાર લોકોની સગવડ પણ સચવાતી નથી તેમજ દરગાહ અને મસ્જીદમાં સાફ સફાઇ પણ રાખવામાં આવતી નથી. હોઝમાં પાણીની સગવડ પણ રખાતી

સય્યદ પીર મશાયખ ચિશ્તી (રહ.)ની દરગાહ



અમદાવાદમાં સારંગપુર જુના ચારટોડા નઝદીક
આ દરગાહ છે.

દરગાહનો પશ્ચિમ તથા દક્ષિણ તરફનો દેખાવ

★

નથી તેમજ તેમની બેપરવાઇથી હોઝની હાલત ખરાબ થતી જાય છે. મસ્જીદ પાસે નળ વિગેરે નંખાય તો નમાઝીઓને વુઝુની અડચણ પડે નહિ. ધર્માદા અને પબ્લીક સંસ્થાઓનો પોતાની મરઝી મુજબ ઉપયોગ થશે તો તે માટે તેઓ જવાબદાર ગણાશે.

મસ્જીદમાં નમાઝ પઢવા માટે આસપાસના મુસલમાનો માટે પણ કોટનો દરવાજો, તે તરફનો ખુલ્લો રાખવો જોઇએ જેથી મસ્જીદમાં પાંચે ટાઇમ જમાત સાથે નમાઝ થાય અને મસ્જીદ આબાદ રહે. ત્યાં પાંચે વખત નમાઝ થવાથી અને અલ્લાહની ઇબાદત થવાથી હ૦ પીર મશાયખ (રહ૦)ની રૂહ મુબારક ખુશ થશે અને આપને પણ સવાબ થશે.

## અત્યારે તેમની ઓલાદમાં કોણ છે ?

હાલમાં હ૦ પીર મશાયખ (રહ૦)ની ઓલાદમાં ગણાતા મરહુમ પીર અહમદ હુસેન સાહબના ત્રણ બેટા છે.

૧—મોટા બેટા સૈયદ પીર ગુલામઅલી સાહબ કે, જેઓ સને ૧૯૪૬ ના ઓગષ્ટ માસની તા. ૨૦ મીએ એટલે; હિજરી સન ૧૩૬૫ ના રમઝાન માસની તા. ૨૧ મીએ ૬૫ વરસની વયે વફાત પામ્યા હતા.

આપનો ઇન્તેકાલ આપના રેહવાના સ્થળેજ થયો હતો. અને આપની ઇચ્છા મુજબ માહીમમાં હ૦ પીર મખ્દુમઅલી શાહની દરગાહ પાસેના કબ્રસ્તાનમાં આપને દફન કરાયા હતા.

આપની પયદાશ મહીકાંઠા જીલ્લાના ઇલોલ ગામે હી. સ. ૧૩૦૦માં થઇ હતી. તે વખ્તે આપના વાલિદ મરહુમ પીર અહમદ હુસેન સાહબનો મુકામ પણ ત્યાંજ હતો. તે વખ્તે મોમિન કોમ તરફથી અને મરહુમ પીર અહમદ હુસેન સાહબની ફરમાયશથી ઘણી ખુશી મનાવ્વામાં આવી હતી.

પીર ગુલામઅલી સાહબ મોટા ભાગે મુંબઇમાં દાદર સ્ટેશન પાસે રહેતા હતા. ત્યાંજ આપના રેહઠાણ પાસે મસ્જીદ બનાવી હતી અને તે મસ્જીદમાં પાંચે વખત આપ ઇમામ બની નમાઝ પઢાવતા હતા.

તેઓ બહુજ પરહેઝગાર, દીનદાર અને પ્રભાવશાળી બુઝુર્ગ હતા. સુન્ની-હનફી અકીદો ધરાવતા હતા અને તેજ અકીદા મુજબ લોકોને બોધ આપતા હતા. ઇલોલ કાંઠાના ગામડાઓમાં અને પાટણવાડાના ગામડાંઓમાં તેમજ ગઢામણ, ભાગળ, વદ્દાણી ડેડલોલ, ભીલવાન વિગેરે ગામોમાં આપના ઘણા મુરીદો છે.

૨-બીજા બેટા સૈયદ પીર મેહરહુસેન સાહબ છે. તેઓ પ્રથમ પાલનપુરમાં રહેતા હતા; પરંતુ હાલમાં તેઓ ધોળકા તથા અમદાવાદ રહે છે. તેઓ પોતાના બાપદાદાઓ અને હ૦ પીર મશાયખ (રહ૦)ના સુન્ની અકીદાના ખિલાફ શીયા અકીદા તરફ ઘસડાયા છે. અને તેમાં કાણોદર તેમજ લખનવી મોલ્વીઓ અને ખાસ કરી ઝુલફિકારઅલી નામના એક મોલવીએ મોટો ભાગ ભજવ્યો છે અને ન્હાન પણથીજ તેમને સુન્ની અકીદાના ખિલાફ તઅલીમ અપાએલ છે અને તેથી મોમિન કોમમાં મોટો ફિસાદ ઉભો થએલ છે.

હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબોના વિરૂધ્ધની તેમની તાઅલીમ અને તે કિતાબો વિરૂધ્ધ ચલાવ્વાના તેમના દબાણમાં મોમિન કોમનો મોટો ભાગ ન આવ્વાથી તેઓ અને તેમના કેટલાક માનનારાઓ જુદા પડી ગયા છે. તેઓ સાહેબ ! તેમના માનનારાઓને સુન્ની અકીદાના ખિલાફ તઅલીમ આપે છે; પરંતુ કેટલાક મોકાઓ ઉપર પોલીસીથી કામ લઇ ગોળ ગોળ વાતો કરે છે. કારણ કે તેમના દબાણથી થોડાકોએજ શીયા અકીદો કબુલ રાખેલ છે. ત્યારે તેમના સાથેનો કેટલોક ભાગ હજુ સુધી સુન્ની અકીદા પ્રમાણે ઇમાનદારીથી ચાલનારો છે તેમજ હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોને અત્યાર સુધી હેત અને મોહબ્બત સાથે પઢે છે. મઝકુર મહાન બુઝુર્ગના એહસાનોનો ખિયાલ કરી તેમનાથી બેઇમાની કરવી અને કિતાબો વિરૂધ્ધ ચાલવું એ તેઓ ગુનાહભર્યું અને નગુણાપણું સમજે છે.

હાલના પીર મેહર હુસેન સાહબ જો મઝકુર કિતાબો વિરૂધ્ધ શીયા અકીદા પ્રમાણે ચાલવાનું તેમના ઉપર દબાણ કરે તો તેઓ

કબુલ કરે નહીં અને આવકમાં મોટું ગાબડું પડી જાય એ બીકથી તેઓ સાહેબને બેઢંગી ચાલ ચલાવવી પડે છે. એટલે કે, "એક મિયાનમાં બે તરવારો"ની જેમ તેમના માનનારાઓમાં કેટલાકોને શીયા બનાવેલ છે, તેમ સ્વાર્થ ખાતિર સુન્નીઓને પણ નિભાવી રાખ્યા છે.

૩–ત્રીજા બેટા સૈયદ પીર રિયાઝહુસેન સાહબ છે. તેઓ સુન્ની હન્ફી અકીદો ધરાવે છે. તેઓ પાલનપુરમાંજ રહે છે. તેમના માનનારાઓ મહીકાંઠાના ગામડાઓમાં તેમજ પીરોજપુરા સેદરાણા, મેતા, ડુંગરીયાસણા, ડેડલોલ, વાઘણા, રસલુપુર વોગેરે ગામોમાં રહે છે.

પીર મેહરહુસેન સાહબના મોટા બેટા ઝહીરહુસેન સાહબથી મોમિન કોમને ઉમ્મીદ હતી કે, તેઓ સારી જગ્યાએ તઅલીમ લીધેલ હોવાથી હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબો પ્રમાણે લોકોને બોધ કરશે અને તેમના મહાન બુઝુર્ગ વડવાની કરેલ મેહનતને કાંઇક દાદ આપી કિતાબોને ઉત્તેજન આપશે; પરંતુ તે ધારણા પણ તેમના માનનારાઓની કમનસીબીના લીધે ખોટીજ પડી છે. તેમના તરફથી દીનની દોરવણીના બાબતમાં સારી આશા રાખનારાઓમાં વધુ બેચેની ફેલાઇ છે કારણ કે, આ સાહબ પણ મઝકુર કિતાબોને ખોટી ઠરાવવા લાગ્યા છે; અને "હ૦ પીર મશાયખ (રહ૦)એ બાદશાહની બીકથી તકીય્યો કરી સદર કિતાબો લખી છે એટલે તે કિતાબો પઢવા જેવી નથી" એવું બતાવવા લાગ્યા છે.

વળી સખ્તી સાથે સુન્ની અકીદાના ખિલાફ દોરવણી કરવા લાગ્યા છે. તેમના માનનારા સુન્નીઓને દબાવી–ધમકાવી તેમજ કેટલાક લાલચુ આગેવાનોને કોહાડાના હાથા બનાવી તેમની મારફતે ગામડાઓની મસ્જીદો અને મદરેસાઓમાં રહેતા સુન્ની મોલવીઓને કઢાવી નખાવી તેમની જગ્યાએ શીયા મોલ્વીઓને ઠસાવી, હ૦ પીર મશાયખ (રહ૦)ની તઅલીમના ખિલાફ શીયા અકીદાની તાલીમ અપાવવાની કોશીશ થઇ રહી છે. આથી જ્યાં ત્યાં મુમિનોમાં ઉશ્કેરાટ અને બેચેની વધી ગઇ છે તેમજ બખેડા થવા લાગ્યા છે.

કેટલાક મોમિનો પણ તેમની લાલચોમાં તેમજ દબાણમાં આવી—મોટાઇમાં તણાઇ મુનાફિકો જેવી ચાલ ચલાવે છે. એક તરફ પીર મશાયખ (રહ૦)ની કિતાબોને માનવાનો દાવો કરે છે, પોતાને સુન્ની અકીદાના ગણાવે છે, શેહરોમાં મસ્જીદોમાં બાંધા હાથે નમાઝ પઢે છે; ત્યારે ગામડાઓમાં તેઓ જૂદીજ પોલીસી ચલાવી સુન્નીઓના ખિલાફ શીયા અકીદાની તઅલીમને ટેકો આપે છે. સુન્નીઓને નુકસાન પ્હોંચાડવાની કોશીશ કરે છે. "હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોને ધોઇ પીવાની અને કુવામાં નાંખી દેવાની" તાલીમ આપનાર હાલના પીર સાહબના તેઓ એજંટ બની, મહાન બુઝુર્ગ અને વલી હ૦ પીર મશાયખ (રહ૦) થી બેવફાઇ કરી તેમની કિતાબોને અને તેમની તાલીમને નુકસાન પ્હોંચાડવા સાથ આપી રહયા છે.

વળી કેટલાક ઠેકાણે તો સદર પીર સાહબ તેમના અંધ-શ્રધ્ધાળુ મુરીદોને એવી તાલીમ આપી રહયા છે કે જેથી ત્યાંની મસ્જીદોમાં તકરારોજ થયા કરે છે અને સુન્નીઓને નમાઝ પણ પઢવા દેતા નથી. શોર બકોર કરી અથવા નમાઝીઓના આડા બેસી જઇ અલ્લાહની ઇબાદતમાં હરકતો કરે છે. અલ્લાહ તઆલાનું તે વીષે ફરમાન છે કેઃ–

**વમન અઝલમો મિમ્મન મનઆ મસાજેદલ્લાહે અંય યુઝકરા ફી હસમોહુ વસઆ ફી ખરાબેહા** (સૂરએ બકરહ) તે માણસ મોટામાં મોટો ઝુલ્મી છે કે જે અલ્લાહની મસ્જીદોમાં તેનું નામ લેવાથી રોકે, અને તેને વિરાન કરવાની કોશીશ કરે." યાને મસ્જીદોમાં શરારત કરે અને નમાઝીઓને નમાઝ પઢવામાં હરકત કરે, એ મોટામાં મેટો ઝુલ્મી છે. કુરઆન શરીફમાં આ ખુલ્લી ચેતવણી આવી છે, છતાં ન માને તો તે ખુદા તઆલાનો ખુલ્લો દુશ્મન છે.

બલકે, એમના મુરીદોમાં એવી હિદાયત થાય છે કે, જુમ્આનું નમાઝ, ઇદોનું નમાઝ તેમજ દર રોજનું ફર્ઝ નમાઝ પોતાના ગામો સિવાય બીજા કોઇ ઠેકાણે સુન્નીઓ સાથે પઢવું નહીં.

જ્યાં આવી સંકુચીત દ્રષ્ટીથી દોરવણીનો પ્રચાર થતો હોય, જ્યાં આવા વિચારો ફેલાવ્વામાં આવતા હોય અને તે પ્રમાણે વર્તવાનું દબાણ થતું હોય ત્યાં કોમની હાલત કેવી રીતે સુધરે ? ત્યાં કુસંપ વધે અને ફિસાદ ફેલાય એ દેખીતુંજ છે ! ખુદા તઆલા આવા લોકોને સારી સમજ આપે કે, જેથી કોમ આપસમાં હળી મળીને રહે અને દુન્યા તથા દીનના કામોમાં તરક્કી કરી શકે.

## આપને માનનારી મોમિન કોમ.

હ૦ પીર મશાયખ (રહ૦) તરફ અકીદત ધરાવનાર અને તેમની કિતાબોને માનનાર મોમિન કોમ ગુજરાત અને કાઠિયાવાડના ઘણા જીલ્લાઓમાં ફેલાએલી છે. ખાસ કરી સિધપુર, પાટણ, પાલનપૂર પાસે ઘણી મોટી વસ્તી મઝકુર બુઝુર્ગને માનનાર સુન્ની મોમિનોની છે. મુંબઈમાં પણ મોટી સંખ્યામાં હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦)ને માનનારા સુન્ની મોમિનો વસે છે.

ખુદાનો ફઝલ છે કે, હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦)એ મોમિન કોમની બેહતરી માટે જે મેહનત ઉપાડી હતી અને દીની કિતાબો લખી, કોમની દીની હાલત સુધારવા માટે પોતાની ઝિંદગીનો મોટો હિસ્સો તેમાં ખપાવ્યો હતો, અને પોતાના ખુનનું પાણી કર્યું હતું, તેનું બહુજ ફળદાયક પરિણામ આવેલ છે. લાખો મોમિન ભાઈઓ ગુમરાહીથી બચી રાહે રાસ્તના પયરવ બન્યા છે. વિરોધીઓના દબાણ અને સખત ધમપછાડા છતાં ગામે ગામ અને ઘરે ઘર લોકો ખુદા અને તેના રસુલ (સલ૦)ના ફરમાનોને, તેમજ હક નાહકને સમજતા થઈ ગયા છે. બલકે દીનની તબ્લીગમાં પણ સારો હિસ્સો લઈ રહયા છે. તા'લીમ માટે કોશીશો થઈ છે. હાજીઓની તથા નમાઝીઓની સંખ્યા વધી અને મસ્જીદો આબાદ બની છે. મતલબ કે, હ૦ પીર મશાયખ (રહ૦) એ કરેલ મેહનત અને ખુદા પાસે માંગેલ દુઆઓ બર આવી છે અને તેમના દુશ્મનો તેમના બદ ઇરાદાઓમાં ફાવી શકયા નથી; છતાં "હારેલ જુગારી બમણું રમે"ની

જેમ જ્યાં ત્યાં જે મળે તે લુંટવાની કોશીશ થઇ રહી છે, ગામડાઓમાં પોતાના વધુ દાવ અજમાવી રહયા છે, વધુ બળ વાપરે છે, તરેહવાર ઢોંગબાજીઓ અને ચાપલુસીઓથી અસર પાડવાની કોશીશો થાય છે; પરંતુ કેટલાક જાહેલો અને તેમના સ્વાર્થી ખાંધીયાઓ સિવાય તેમની જાળમાં હવે કોઇ સપડાય તેમ નથી અને છેવટે હાર ખાઇ હેઠા પડવાના છે.

આ કૌમ પસીનાનું પાણી કરી, પોતાનું લોહી સુકવી નાંખી, પોતાને અને બચ્ચાંઓને અર્ધા ભૂખ્યા રાખી, ચીથડે હાલ રહી માંડ માંડ પોતાનું ગુઝરાન કરતી હોય ત્યાં ધનના લોભી ધર્મ ગુરૂઓ કનડી, દબાવી, છુટકારાની ખોટી ખોટી લાલચો આપી ધન ભેગું કરવામાંજ રચ્યા પચ્યા રેહતા હોય,. એટલે કોમનું શું ભલું થાય ? આ કોમથી તેઓએ લાખો રૂપીઆ કમાઇ લીધા છે અને તેનાથી પોતાને અને પોતાના બચ્ચાંઓને ફુલતા ફુલતા રાખ્યા છે, મોજ મજાહ કીધી છે, લાખો રૂપીઆના ધંધા કરી લીધા છે, પોતાના બચ્ચાંઓને મોટા મોટા ધંધાઓમાં લગાડી દીધા છે; એટલે હવે તો કોમને નિચોવવાનું અને ગામે ગામ તેમજ ઘરે ઘર ફરી પૈસા કઢાવવાનું બંધ કરે એજ બેહતર છે; કે જેથી મોમિન કોમ બે પૈસે સુખી થઇ, પોતાનું અને પોતાના બચ્ચાંઓનું ભલું કરી શકે. તઅલીમ માટે પૈસા ખરચી તરક્કી તરફ આગળ વધે, વેપાર ધંધામાં ઉન્નતિ કરે અને બીજી ભાઇબંધ કોમોની જેમ સારી રીતે ઝિંદગી ગુઝારી શકે.

પછાત ગણાતી કવમો, અત્યારે દરેક રીતે આગળ વધી ઉંચા ઓધ્ધાઓ ભોગવ્વા લાગી છે અને ઇઝઝત પ્રાપ્ત કરી છે, ત્યારે આ કોમને એવી કફોડી અને પસ્ત હાલતમાં મુકી દીધી છે કે, તે આબરૂભરી ઝિંદગી ગુઝારવાના કાબીલ પણ રહી નથી અને તેને દરેક જગ્યાએથી હડધુત થવું પડે છે. હવેતો કોમ ઉપર કંઇક દયા કરો ! અને પોતાના આ સ્વાર્થી તેમજ ફિસાદી ધંધાને બંધ કરો કે જેથી કોમનું કંઇક ભલું થાય.

## મોમિન કોમના ઈતિહાસની ઝરૂર.

મોટા ભાગે મુંબઇ ઇલાકામાં તેમજ બીજી જગ્યાએ વસ્તી મોમિન કોમ એક લાખ કરતાં વધુ તઅદાદમાં હસ્તી ધરાવે છે. વરસોનો તેમનો ઇતિહાસ-તવારિખ જાણવા લાયક છે. આ કવમ સખત આંધીયોના તોફાનમાં પસાર થવા છતાં, પોતાની હસ્તીને ઇઝઝત સાથે ટકાવી રાખેલ છે. અને હજુ તે કટોકટ સ્થિતિમાં હોવા છતાં, પોતાની નાવ સહી સલામત કિનારે પ્હોંચી જાય એવી આશા સેવી રહી છે.

સંગઠનના અભાવે, અને ભણેલાઓ તથા માલદારોએ કોમની **પસ્ત** હાલતને ઉન્નતી તરફ આગળ વધારવા ધ્યાન ન આપેલ હોવાથી, અત્યારે આ કોમ વેર વિંખેર હાલતમાં છે. મુખ્લીસ આગેવાનોની દોરવણીના અભાવે જેવી જોઇએ તેવી તરક્કી કરી શકી નથી. કોમ સારી રીતે પગભર થાય એવી દીની કે દુન્યવી કોઇ સંસ્થા હસ્તીમાં આવી નથી.

વળી જે કોમનો ઇતિહાસ કે, તેના પેપરો નથી, તે કોમને આપસના વિઘ્ન સંતોષીઓથી તેમજ બહારના સ્વાર્થીઓથી ઘણું ખમવું પડે છે. મોમિન કોમનું એકનું એક માસિક "મોમિન મિત્ર" બાર વરસ ચાલ્યું હતું. તેનો કોમમાં અને બહારનાઓ ઉપર સારો અસર પડયો હતો અને અત્યારે તેની ખોટ પણ સમજદારોને જણાઇ છે; પરંતુ તે વખતે તેને બહુજ મુશ્કેલીઓમાં પસાર થવું પડયું હતું.

વિરોધીઓ માટે ગમે તે લખાય; પરંતુ આપણા સડા બાબત કાંઇ પણ લખાતાં તરતજ માસિકને ગુંગળાવવાની કોશીશો થતી. જ્યાં સુધી આપણી કમઝોરીયો દૂર ન થાય ત્યાં સુધી બહારની મુશ્કેલીયોને પ્હોંચી શકાય નહીં.

ઇતિહાસની ઝરૂર. વિષે "મોમિન મિત્ર" માં વરસો અગાઉ કોશીશ થઇ હતી. ગામે ગામ હકીકત એકઠી કરવાના ફારમ છાપેલા મોકલાયા હતા; પરંતુ થોડાક ફારમ સિવાય બીજા ભરાઇ

આંવ્યાજ નહીં. હ૦ પીર મશાયખ (રહ૦)ના જીવન ચરિત્રની પ્રથમ આવૃત્તિ જે બારેક વરસ ઉપર પ્રગટ થઇ હતી તેમાં પણ અમોએ ઇતિહાસની જુરૂરત બાબત જોર આપ્યું હતું, છતાં કેટલાક ભાઇઓની મોંઢેની હમદર્દીભરી વાતો સિવાય તે બાબત કંઇ પણ રચનાત્મક પગલું ભરવાની કોશીશ થઇ જ નથી.

"ઇતિહાસ"ની રચના માટે મોમિન કોમનો જ્યાં જ્યાં વસવાટ છે, ત્યાં ત્યાં ફરિ ફરિને હકીકતો એકઠી કરવી જોઇએ. જુના માણસોની જુબાની વાતો—દંતકથાઓ તેમજ તે બાબતમાં બીજા જે પુરાવા હોય તે જમા કરવા અને ઇતિહાસો તથા પુસ્તકોમાં જે આધાર મળે તે ભેગા કરવા જોઇએ. આ માટે ભણેલાઓ અને માલદારો સહકારથી કામ કરે અને તે સારૂ એક સારા જેવા ફંડની જોગવાઇ કરે તોજ આ મહાન કામ પાર પાડી શકે. આવા ઇતિહાસથી ઘણી જાણવા લાયક હકીકતો બહાર આવે તેમજ ભાઇબંધ કોમોમાં કેટલાકો આપણા વિષે જે વિરૂધ અભિપ્રાય ધરાવે છે તે દુર થાય. આ કામ અગત્યનું હોવાથી તેના માટે તાત્કાળીક ધ્યાન આપવું જોઇએ.

અત્યારે ખુદાના ફઝલથી આપણામાં ઘણા લોકો સારી હય-સીયત ધરાવતા થયા છે. આગળની ગરીબી હાલત કરતાં હઝારો ઘણી હાલત સુધરી છે. ખોટા રોદણાઓ બંધ કરી, જો કોમના ઝરૂરી કામો તરફ ધ્યાન આપે તો ઘણું કામ થઇ શકે તેમ છે. માલદાર માટે હજ કરવી એક વખત ફર્ઝ છે. ત્યારે ડબલ ટ્રીબલ હજો માટે જવા કરતાં અહીંજ દીનની ઇશાઅતમાં અને કોમની ભલાઇમાં તેજ નાણા ખરચે તો મોટા સવાબના હકદાર બની શકે તેમ છે. એવીજ રિતે આપણી કે.મમાં અત્યારે ભણેલાઓની પણ સારી સંખ્યા થઇ છે; એટલે તેઓ કોમની બેહતરી માટે પોતાનો થોડોક વખત આપતા રહે તો તેઓથી પણ ઘણો લાભ થાય તેમ છે. ભણેલાઓ અને માલદાર બન્ને સાથે મળી કામ કરે તો મોમિન કોમ ટુંક વખતમાં સારામાં સારી તરકકી કરી શકે.

આટલી મોટી કોમ માટે એકાદ માસીકની તો ઝરૂર છેજ. જેથી તે સારૂ તરતમાંજ સારા પાયાપર કોશીશ થવી જોઇએ. ખુદાના ફઝલથી અત્યારે આપણામાં સારી તઅલીમ પામેલા ઉત્સાહી જવાનો તૈયાર થયા છે, એટલે લેખકો તરીકે પણ તેઓ બહાર પડી કોમની ઘણી સેવા બજાવી શકે તેમ છે.

મોમિન કોમ ધંધા રોજગારમાં સારી આગળ વધી છે, તઅલીમમાં સારી તરક્કી કરી છે; છતાં તેને વધુ ઉન્નતિ તરફ આગળ વધારવા અને આબરૂ સાથે બીજી કૌમોની હરોળમાં રેહવા મોમિન કોમને સાહિત્ય, અને સંસ્થાઓની ઝરૂર છે.

· મુંબઇ જેવા શહેરમાં એક પણ મસ્જીદ સુધ્ધાં પોતાના ખરચે કાયમ કરી શકયા નથી. મુંબઇ, સિધપુર, પાલનપુર, છાપી અને પાટન કે જે મોમિન કોમના મધ્ય-સેન્ટર જેવા શેહરો છે, ત્યાં પણ કોઇ એક બોર્ડીંગ અથવા મોમિન કોમ આસરો લઇ શકે એવી એક પણ સંસ્થા કાયમ કરી શકયા નથી. તઅલીમ મેળવવા માટે એક પણ પુરી સગવડવાળી દર્શગાહ નથી, એ કેટલું બધું અફસોસકારક છે !

બહારના કેટલાક ચાપલુસી ભરી વાતો કરનારા અને ખુશામદ કરનારાઓના ભપકાઓમાં આવી તેમને સારી જેવી ઇમદાદો કરાય છે, મદદો અપાય છે; ત્યારે પોતાની કોમમાંજ એવી મદદોની કેટલી ઝરૂર છે ? અને એવી મદદોના અભાવે ઝરૂરી સંસ્થાઓ અને સાહિત્યની કેટલી બધી ખોટ છે ? એ તરફ સમજદારોએ ખાસ ધ્યાન આપવાની ઝરૂર છે. આપણે વાતો તો ઘણી કરી છે અને કરીએ છીએ; પરંતુ હવે તો કંઇ રિતસર કામ કરાય તોજ કંઇક સારૂં પરિણામ આવે.

## જુના અને નવા.

હ૦ પીર મશાયખ (રહ૦) ને માનનારાઓમાં શીયા સુન્નીની તકરારો થોડાક વર્ષોથી ઉભી થઇ છે. અને તેમાં પણ હાલના કેહવાતા પીરોએજ તે મડાગાંઠ ઉભી કરવામાં મોટો ભાગ ભજવ્યો છે.

હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોથી દરેક શખ્સ એ કબુલ કરે છે કે, હ૦ પીર મશાયખ (રહ૦) કે જેઓ ત્રણસો વરસ ઉપર આલમગીર–અવરંગઝેબ બાદશાહના સમયમાં થઇ ગયા છે તેઓ પોતે સુન્ની અકીદાના પયરવ હતા અને તેમની કિતાબોમાં પણ તેમના માનનારાઓને તેજ પ્રમાણે ચાલવાની હિદાયત કરેલ છે; એટલે તે પ્રમાણે સુન્ની અકીદા મુજબ ચાલનારા મોમિનો જુના ગણાય એ દેખીતુંજ છે. ત્યારે હાલના પીરોએ અને બીજા બહારના કેટલાકોએ મળી શીયા મઝહબનો સડો મોમિન કોમમાં ૩૦-૪૦ વરસથીજ ઘુસાડયો છે એટલે શીયા અકીદા તરફ ઢળેલા લોકો નવા ધર્મીજ ગણાય.

કેટલાક શીઆ અકીદા તરફ ઢળેલા મોમિન ભાઇઓ પોતાને "શીઆ મશાયખી મોમિન" કેહવરાવે છે, અને તેમ કરી પોતાને જુના સાબિત કરવાની કોશીશ કરે છે; પરંતુ હ૦ પીર મશાયખ (રહ૦)ને શીઆ અકીદા સાથે કોઇ સંબંધ ન્હોતો; બલ્કે આપે તેના રદીયા આપી સુન્ની અકીદાની હિદાયત કરેલ છે.

શિયા કેહવરાવનાર મોમિન ભાઇઓને અમો ચેતવણી આપીએ છીએ કે, તેઓ બીજાઓની દોરવણીથી જે શીયા અકીદા તરફ ઢળ્યા છે, તે શીયા અકીદામાં તો પીર કરવાજ જાયઝ નથી. તેઓની કિતાબો અને પેપરોથી તેઓ જોઇ શકશે કે, તેમાં પીરોને તેઓ માનતાજ નથી; બલ્કે પીરો વિરૂધ્ધ હંમેશા લેખો આવ્યા કરે છે. ત્યારે હાલના પીરો તો શું પરંતુ હ૦ પીર મશાયખ (રહ૦)થી પણ તમો છુટા પડી ગયા છો ! પછી "શીયા મશાયખી મોમીન"નો દાવો તમો કેવી રીતે કરી શકો છો ?

સુન્ની અકીદોજ એક એવો મઝહબ છે કે, જેમાં પીર કરવાની અને પીરોને માનવાની હિદાયત છે. અને તેથીજ હ૦ પીર મશાયખ (રહ૦) એ દીનદાર પીરોની તારીફ કરી છે. સુન્નીઓ હંમેશા સાચા પીરોને યાને ખુદાના હુકમો પ્રમાણે ચાલનારા અને હ૦ રસુલુલ્લાહ (સલ૦)ની પયરવી કરનારા અને

તે પ્રમાણે હિદાયત કરનારા દીનદાર પીરોને માનતા આવ્યા છે. અને તેથીજ તેઓ હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોની જેમ બને તેમ વધુ ઇશાઅત કરી રહયા છે. તેમજ તેની સારી રીતે કદર કરી બધી કિતાબો પઢે છે અને તેના ઉપર અમલ કરે છે.

સુન્ની મોમિન ભાઇઓ વગર શકે, અને કોઇ પણ તરહનો તેના ઉપર વ્હેમ લાવ્યા વગર હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબોને સાચી સમજે છે. ત્યારે શીયા બનેલા ભાઇઓ તેને "તકીય્યાવાળી" ગણી શકની નઝરે જુએ છે; એટલે તેમનો સંબંધ હ૦ પીર મશાયખ (રહ૦) અને તેમની કિતાબો સાથે કદી પણ જળવાઇ શકે તેમ નથી. તેથીજ હાલના પીરો તે કિતાબો ખેંચી લે છે અને તેમનામાંથી તે કિતાબો નાબુદ થતી જાય છે. તેના બદલે લખનવ તરફ છપાએલ બીજી કિતાબો દાખલ થતી જાય છે અને તેમના મોલ્વીઓ પણ તેનાજ ઉપર ઝોર આપે છે. તેમની મજલીસોમાં પણ વધુ ભાગે તેજ કિતાબો પઢાવા લાગી છે. હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબો તો તેમનામાં ફકત થોડીકજ નામની રહી ગઇ છે અને તે પણ કયારે ગાયબ થઇ જાય એ કંઇ કેહવાય નહીં.

આથી જણાશે કે, કાણોદરવાળાઓની કોશીશથી તેઓએ ધારણ કરેલ ધર્મ, એ હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોમાં બતાવેલો ધર્મ નથી. તેઓએ તો કિતાબો વિરૂધનો કાણોદરવાળાઓનો ધર્મ ઇખ્તેયાર કર્યો છે, એટલે તેઓ નવા ધર્મીજ ગણાય અને હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબો પ્રમાણે ચાલનારા સુન્નીઓ જુના ગણાય એ હકીકત સાચીજ સાબીત થએલ છે.

## નવા ધર્મના નુકસાનો.

હ૦ સય્યદ પીર મશાયખ (રહ૦) ની કિતાબો વિરૂધ્ધ, હાલના પીરોની મદદથી અને તેમની દોરવણીથી મેતા, વાઘરોળ, રવીયાસણા વીગેરે ગામોના કેટલાક મોમિન ભાઇઓએ ઇખ્તેયાર કરેલ નવો ધર્મ, દીન અને દુન્યા બન્ને બરબાદ કરનારો છે.

અમારા તે ભાઇઓને અત્યારે તેમાંના નુકસાન અને ખરાબીઓ દેખાતી નથી; પરંતુ જેમ જેમ વખત જશે તેમ તેમ હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબો વિરૂધ ઉંધા માર્ગે ચઢાવનારાએ, તેમના ઉપર પુરેપુરો કાબુ જમાવી દીન અને નીતી વિરૂધના બેશર્મીભર્યા તેમજ ગુનાહ ભર્યા કામો કરાવવા મજબુર કરી દેશે. પછી તેઓ ગુનાહને ગુનાહ સમજશે નહીં અને તેને દીનના કામો માની સવાબ સમજી કરવા માંડશે. તેઓમાંના કેટલાક સમજદારો પાછળથી પસ્તાવો કરશે; પરંતુ તે વખતે પસ્તાવો કરવો કાંઇ કામ આવશે નહીં.

હ૦ સય્યદ પીર મશાયખ (રહ૦)ને ખોટા ઠરાવવા અને તેમની કિતાબોને ખોટી ઠરાવી તેના ઉપરથી એતેકાદ અને મોહબ્બત હઠાવી લેવા એક મોટું કાવતરૂં કયારનું રચાઇ ગયું છે. સદર કિતાબો હ૦ સય્યદ પીર મશાયખ (રહ૦)એ આલમગીર બાદશાહના ડરથી ખોટી રીતે લખેલ છે એવું આપના કેટલાક દુશમનોએ અને હાલના મુમિનોના પીર સાહબોએ ઘણા લોકો સામે જાહિર કરેલ છે.

એટલે, હ૦ સય્યદ પીર મશાયખ (રહ૦) એ મોમિન કોમની ભલાઇ અને બેહતરી માટે કરી ગએલ કામોની વગોવણી કરી, તેમના માન મરતબાને ઉતારી પાડવા તેમજ તેમને હલકી નજરે જોવાની તાઅલીમ અપાઇ રહી છે. અને એમ કરવાનું કારણ એજ છે કે, મોમિન કોમના દિલમાંથી હ૦ સય્યદ પીર મશાયખ (રહ૦)નું માન અને મોહબ્બત ઘટી જાય એટલે તેમની કિતાબો પઢે નહી. અને તેમ થવાથી પછી પોતાની મરજી મુજબ કોમને ઉંધા માર્ગે દોરવી શકાય. અને જાવરાની જયારતો માટે મોકલી તેને મોટો સવાબ ગણાવે એ કેવું અધર્મીપણું કેહવાય?

## બુઝુર્ગોને ગાળો ભાંડવાનેજ ધર્મ ગણે છે !

તેમનું નવા ધર્મનું મંડાણજ એવું કરેલ છે કે, જેમાં હ૦ સય્યદ પીર મશાયખ (રહ૦)ને તેમજ દીનના બીજા બુઝુર્ગોને, અને હ૦ રસુલુલ્લાહ (સલ૦)ના મહાન અસ્હાબો યાને ખુલફાએ રાશેદીનને ખોટા ઠરાવવા, તેમના ઉપર તબર્રા કરવા અને તેમની

વગોવણી કરવી તેમજ બેશર્મીભર્યા કામો કરવા એને સવાબ ગણવામાં આવે છે. આવા એતેકાદ અને ક્રીયા કરમ ઉપરજ તેમના નવા ધર્મનો પાયો રચાએલો છે. અંધશ્રધ્ધાળુઓ અત્યારે એવા સગવડીયા અને રંગીલા ધર્મમાં એટલા બધા અંજાઇ ગયા છે કે, તેઓ તેના બુરા અંજામ અને નુકસાનને જોઇ શકતા નથી અથવા જાણવા છતાં ખરી હકીકતને છુપાવે છે.

ખુલફાએ રાશેદીન યાને હ૦ પયગમ્બર (સલ૦) ના ચાર મહાન અસ્હાબોમાંથી પેહલા ત્રણ અસ્હાબો હ૦ અબુબકર સીદીક, હ૦ ઉમર ફારૂક અને હ૦ ઉસમાન ઝિનુરૈન (રદી૦)ની વગોવણી કરી, તેમનાથી દુશ્મની રાખી ફકત ચોથા ખલીફા હ૦ અલી (રદી૦) થીજ મોહબ્બત કરવાની તેઓ તાઅલીમ લઇ રહયા છે. અત્યારે તેઓએ ખોલેલ મદ્રસાઓમાં પણ બચ્ચાઓને એવીજ તાઅલીમ અપાઇ રહી છે. આવી તાઅલીમ તેમને ઉંધા માર્ગે દોરનારી અને અઝાબના પાત્ર બનાવનારી છે.

## નાલાયક કામોથી બચો.

હ૦ સય્યદ પીર મશાયખ ચિશ્તી (રહ૦) એ આવા ગુનાહભર્યા કામો કરનારાઓને સખત રીતે વખોડીયા છે. આવા નાલાયક કૃત્યો પ્રત્યે આપે બહુજ અણગમો બતાવ્યો છે. એથીજ હ૦ સય્યદ પીર મશાયખ (રહ૦) વિરૂધ તેમના દુશ્મનોએ બળવો જગાડયો છે. અને તેમના એહસાનોથી મ્હોઢું ફેરવી તેમને, તેમજ તેમની કિતાબોને ખોટી ઠરાવવા અને તે કિતાબોને નાબુદ કરવાની કોશીશો થઇ રહી છે.

એવા આડા રસ્તે ભટકેલાઓ અને તેમને ઉંધા પાટે ચઢાવનારાઓ, બન્ને હાથે કરીને તેમની દુન્યા તથા આકેબત બરબાદ કરી રહયા છે. જ્યારે એક તરફ નમાઝ રોઝા વીગેરે ઇબાદતો પણ કરે છે ત્યારે બીજી તરફ તેઓ જાનવરો કરતાં પણ બદતર નિર્લજતાના અને બેશર્મીભર્યા કામો કરી રહયા છે.

અને તે સાથે હ૦ અલી (રદી૦)ના મોહીબ અને ચાહનારા બનવાનો દાવો કરવો એ તદ્દન ખોટો છે. તમારા આવા ખોટા

કરતુતોથી તો હ૦ અલી (રદી૦) ના ગુસ્સાના અને નારાજીના તમો હકદાર બનો છો. હ૦ પીર મશાયખ (રહ૦) એ વિષે ફરમાવે છે કે :—

**ભી હો તમે બેગલામી કરતે રે ! તમે સુનો રે,**
**રોઝે ને નમાઝ હો મન ધરતે રે, તમે સુનો રે.**

**હરામ હો શરાબ પી કરતે રે ! તમે સુનો રે,**
**અયસા અવલા હો ચલતે રે ! તમે સુનો રે.**

**અલીએ અયસે કીએ કભી કામા રે ? તમે સુનો રે.**
**હય કહીં દેખ લીતા કીસી ઠામા રે, તમે સુનો રે,**

**દોસ્ત હો ભી અલીકે કેહલાતે રે ! તમે સુનો રે,**
**કામ સબ હો અવલા બનાતે રે, તમે સુનો રે.**

**અલી કે ગુસ્સેકી રીતા રે, તમે સુનો રે,**
**ફરેસુદા મન જો ના દીતા રે, તમે સુનો રે.**

(ખુલફાએ રાશેદીન)

કુરઆન શરીફમાં એવા બેશર્મી ભર્યા કામો કરનારાઓને ચેતવણી આપી છે કે, **અનિલ ફહશાએ વલ મુનકરે, વલ બગયે યઈઝોકુમ લઅલ્લકુમ તઝકકરૂન.** અલ્લાહ તઆલા "નિર્લજતા ભર્યા તેમ બુરા કામોથી તથા (તેના ઉપર) બડાઈઓ કરવાથી મના કરે છે. (સૂરએ નહલ). યાને એ શમી ભર્યા અને બુરા શયતાની અસરવાળા કામો કરવાથી બચો.

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, તમો હ૦ અલી (રદી૦)ની પયરવી અને તાબેદારીનો દાવો કરો છો, પરંતુ તે તદ્દન જુઠો છે, કેમકે ખુદ હ૦ અલી (રદી૦) નું ફરમાન છે કે, "હ૦ અબુબકર સીદીક અને હ૦ ઉમર ફારૂક (રદી૦) થી દુશ્મની રાખનારા મ્હારા પણ દુશ્મન છે, તેઓએ જાણે મારાથીજ દુશ્મની કરી છે.

અબુબકર ઉમરકા દુશ્મના રે, તમે સુનો રે,
દુશમન વે ભી મેરે તન્ના રે, તમે સુનો રે.

આથીજ હ૦ પીર મશાયખ (રહ૦) એ સાફ સાફ એવા બેદીન અને ઢોંગીઓ બાબત લખ્યું છે કે "ખરી રીતે જોતાં એ લોકો ચારે અસ્હાબોમાંથી એકને પણ ચાહતા નથી. અને હ૦ અલી (રદી૦) ની દોસ્તીનો તેમનો દાવો તો બીલકુલ બનાવટી અને મકરથી ભરેલો છે. તેમના આવા ઢંગ દુશ્મનો જેવા છે."

કીએ કામ દુરીજન કેરે રે, તમે સુનો રે,
દુરીજન તમે હો સવેરે રે, તમે સુનો રે.
ચાર યારમાં કિસે નાંહી ચાહતે રે, તમે સુનો રે,
અલી દોસ્ત હો મકરૂંકર રખાતે રે, તેમે સુનો રે.

(ખુલફાએ રાશેદીન)

### અસ્હાબોના. દુશ્મનો ઉપર લઅનત

અસ્હાબોથી દુશ્મની રાખનારાઓ ઉપર અલ્લાહ તઆલા અને ફરિશ્તાઓ બેહદ નારાઝ થાય છે; બલ્કે તેના ઉપર સખત ગુસ્સો ઉતરે છે. હ૦ પયગમ્બર (સલ૦) નું ફરમાન છે કે, એવાઓની ફર્ઝ, સુન્નત કોઇ ઇબાદત કબુલ થતી નથી :—

એ શૈખેન* રઝીઅલ્લાહ અનહુમા રે જાનો,
જે દુશ્મન ઓનુકે હોવે રે પિછાનો.
હુવા ઓનુકે હકમાં અયસા નબી ફરમાના,
તમે સુનો રે ઉસ્કા કાન ધર એ બયાના.
કેહયા અસ્હાબો તરફ જે જીભ રે ચલાવે,
સો નામાઅકુલ સુખન× જીભ પર લાવે.

* હ૦ અબુબકર રદી૦ તથા હ૦ ઉમર રદી૦
× ખરાબ શબ્દો કેહવા. ગાળો દેવી.

ઉસે લા'નત ખુદાકી હોવે નિસ દંના,
અને નુરીભી લા'નત ભેજે નિસદિન મંના.
ભી લા'નત ખલકત સારી હો કેરી,
સો ઉસપર હમેશા હોવે રે સવેરી.
ના કબુલે ફરઝ ને સુન્નત ઇલાહી,
જિતની અયસી વે કરે રે કમાહી.
એ ફરમુદા અપને નબીજી હો કેરા,
એ સુન સુન મનમાં દેઓ સહી સવેરા.
ઈમામ શાફઈસુ ભી બાત અયસી રે સુનાઈ,
જયસી નબીજીકી હદીસ હય ઓનુને પાઇ.
કહયા જે કોઈ અસ્હાબોંકુ સબ હય કરતા,
વે મેરે રે નામકુ હય ગાલી મન ધરતા.
અને જે કોઈ મુજકુ ગાલી રે દિલાવે,
વે રબકુ હય દેતા ગાલી, એતા મન લાવે.
અને જાન કે'ને રબકુ ગાલી રે દિલાઇ,
ઓસે લા'નત ફરિશતાં કેરી રે આઇ.
ભી લા'નત ખલકત સારી હો કેરી,
સહી ઉસ્કે ઉપર હુઇ રે અનેરી.
એ ફરમુદા અપને નબીજી હો કેરા,
એ સુન સુન મનમાં દો'ને સવેરા,
રે તુહી.

રખે મુરખ સબ બોલતે, કો' અસ્હાબી કેરી ઝાત રે,
કો' અસ્હાબી કેરી ઝાત;
બયાન સુન પેહલે હદીસકા, સમજને કીજે બાત રે,
સમજને કીજે બાત.

(ખુલફાએ રાશેદીન)

## મરવા પછી થએલ બુરા હાલ.

હ૦ અબુબકર સિદ્દીક (રદી૦) અને હ૦ ઉમર ફારૂક (રદી૦) સાથે દુશ્મની રાખનારા અને તેમની શાનમાં ખોટું ખોટું બકનારાઓ ઉપર દુન્યામાં પણ કેવા કેવા ભયંકર અઝાબો ઉતર્યા છે, અને વળી આકેબતમાં શિક્ષાઓ ભોગવવી પડશે તે તો જુદીજ !

એ વિષે હ૦ પીર મશાયખ (રહ૦)એ "ખુલફાએ રાશેદીન"ની કિતાબમાં ઘણા બયાનો લખેલ છે. તેમાંના એકો બયાન અહીં રજુ કરીએ છીએ; જેનાથી અસ્હાબોની બુરાઇ કરનારા અને તેમના ઉપર ખોટા ખોટા તોહમતો મુકી તેમના વિષે હલ્કી વાતો કરનારા સબક લઇ, ચેતી તોબાહ કરે એજ બેહતર છે.

એક મરદ હંય કેહતે અયસે રે સુનાએ,
વે મોહમ્મદ બિન સીરીન નામસુ બતાએ.

વે દેખોને અયસા બયાન હંય કરતે,
સો દલીલ પુરી હંય મન ધરતે.
સો શૈખેન કે હકમાં કો' સબ×રે બોલાવે,
વે દુશ્મન નબીજી કેરા રે કેલાવે.

અને નબીજીકા દુશમન વે તો કાફિર નામા,
ઉસે દોઝખ હો બના, નાંહી ઓર રે ઠામા.

સુનો બુખારામાં મોહદ્દીસ થે રે કેહલાતે,
સો હદીસકે પઢનારે બહોત થે સુનાતે.

સુનો ઓનુસુ એકને વફાત રે પાઈ,
કે અજલ હો પ્હોંચી મૌત રે આઇ.

તબ ગસ્સાલકુ* ઉસ્કે કાજ નિલાને બુલાએ,
તબ ગસ્સાલ તો ઉસ્કુ ના નિલાના પાએ.

---

× ગાળો દેવી–ખરાબ શબ્દો બકવા. * મ.ય્યતને નવરાવનારને.

ઉસ મુએકુ દેખકર વે પિછારે ફરિયા
કુછ બયાન તો ખોલકર ના ઉસ્કા કરિયા.
ભી ઉસ પિછે અવર કહી ગસ્સાલ બુલાએ,
સહી વેભી ઉસ મુએકુ ના નિલાને પાએ.
યું ફિર ફિર ગએ સારે રે ગસ્સાલા,
ઉસ મરદ હો કેરા દેખ દેખ હાલા.

* * *

ભી ઓનુ બાજ ગસ્સાલ એક ઔર રે આયા,
ઓનું કપડા મુંહ થી દૂર રે કરાયા.
ખોલ દેખા તો સાંપને ઉસે ઘેરા રે દીતા,
સુન, ઉસ્થી પનાહમાં આપ રાખે રે મીતા.
કે સાંપ ઉસ મુએકુ, હય રે લપેટાયા.
અને મુંહ લે ઉસ્કે, હય મુંહમાં રે બાયા.
તબ ગસ્સાલને સાંપકુ દેખ કીતી રે બાતી,
સો મય્યત કે ઉપરથી જા સાંપકી ઝાતી.
કે તુજે હય હુકમ અઝામકા રે કીતા,
અને ગુસલકા હુકમ હય મુજકુ રે દીતા.
તુ સાઅત એક દૂર હો, તુ ઉસ્કી ઝાતી,
કે દું મંય ગુસલ, અયસી કહી રે બાતી.
પિછે ફિર કર આહીયો તુ ઉસ્કે પાસા,
સો જું તુજે હુકમ હય વે કરનેકી આસા.
એ સુન સાંપ, દૂર હુઆ ઉસ તંના,
તબ ગુસલ તો દીયા, ઈતને રે મંના.
સો સાંપ તો છુપકર ગયા કિસ ઠાંહા,
કે નિલાને લપેટા, ઉસે કફન કે માંહા.
એતે ફિર કર સાંપ, કહીં થી આયા,
અને કફનમાં પેઠ કર ફિર લપેટાયા.

એ સુન સુન બાતી, પાક કરો આપ ઝાતી,
અને નેહ સૂ કહો, દિન ઔર રાતી;
રે તુહી;
સાંપ ઘેરા ડાલકર, ફેર દિયા ઉસ તન રે,
ફેર દિયા ઉસ તન;
જે મુમનથા કેહલાએતા, મૈલ થા ઉસકે મન રે,
મેલ થા ઉસકે મન.

* * *

કે સાંપ જબ ફિર કર પેઠ કફનમાં ગયા,
એ દેખ ને લોક ફિર અજબ હો રહયા.
તબ સણુંને પુછી ખલક ને બાતી,
કિસ ગુનાહોં સેતી પાવે આઝાર એ ઝાતી.
તબ સાંપ ને માંહેથી જુવાબ રે દીતા,
સો ખલકત સણું ને સુનકર રે લીતા.
કે શૈખેન સેતી એને કિયા થા દાવા,
અબુબકર ને ઉમરકુ ના કરતા ભાવા.
કે ઓનુકી ઝાતસૂ એ દુશ્મની ચાતા,
એ અદબીયાં હો સેતી થા ઝુબાં રે ચલાતા.
અબ ઓસ્કી સઝા એ હય રે પાતા,
યું સાંપને લોગોંસુ સુન કીતી રે બાતા.
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી,
મત તલ રે બિસારો, દિન અવર રાતી.
તો શૈખેન હો સેતી અદબ હય કરની,
અને ફઝીલત ઓનુકી મન માંહે ધરની.
અને નાંહીતો પરતગ જયસા દેખીયા હાલા,
વયસા અઝાબ હો કેરા હોવે રે હવાલા.

પીછે ઝાહિર દિસે કે, નઝરૂં ના આવે,
પણ અઝાબ તો તેહકીક, વસા રે પાવે.
ભાઈ દીનકે સુનની એ મન ધર બાતી,
અને દુર રાખો આપસું રાફઝીકી ઝાતી.
કે રખે રે સંગત કુછ બોલ દિલ આવે,
યું સુમન ડર ડર મન એતના લાવે.
ફઝીલત શૈખેન જાનકર, અદબ કરો દિન રાતરે,
અદબ કરો દિન રાત;
નહિતો અઝાબ પાહસી, સુની જૂં પહેલી બાત રે,
સુની જૂં પેહલી બાત;
( ખુલફાએ રાશેદીન )

## ઝિંદગીમાંજ બદલાએલી સૂરત.

અસ્હાબોનું બુરૂં બોલનારા સંબંધી બનેલ એક એવોજ બીજો ઇબ્રતનાક બનાવ હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબથી નીચે રજુ કરીએ છીએ:—

ભી સુનને અયસી હય બાત રે સુનાહી,
સો મોમન સાલેહથી* હય રે સુનાહી.
કે એક થા મરદ કુફે માં રેહતા,
અને શૈખેન કે સામી ના સઝા× રે કેહતા.
અબુબકર ને ઉમર રઝીઅલ્લાહ અનહુમા જાનો,
એોનુ હક માંહે બોલતા, ના સઝારે માનો.
વે સાલેહ કે સાથ હુવા હમરાહી,
મિલ રાહા માંહે ચલીએ અયસી ખબરરે પાહી.
અને રાહા માંહે આદતથી ત્યું બાત એોને કીતી,
તબ સાલેહને સુનકર વે બોલી રે લીતી.

* નેક મોમિનથી. હલક × શબ્દો.

તબ ઓસકુ બ્હોતેરા ઓને અને રે કરાયા,
પણ નસીહત બોલ, કુછ ખાતિર ના આયા.
તબ સાલેહ કે દિલમાં બ્હોત ગુસ્સા રે લગાયા,
તબ ઓસકૂ આપથી લે દુર રે કરાયા.
ભી સફરથી ફિરતે દેખા ઉસ્કા ગુલામા,
તબ ખબર પૂછી, લે ઉંસ્કા નામા
તબ ગુલામને સાહબકી કહી રે બાતી,
કે આઝાર હય પ્હોંચી, મેરે સાહબકી ઝાતી.

* * * *

તબ ગુલામકુ પુછા, કેહ તુ અઝાબકી રીતા,
કે આઝાર કયસે, હય દિયા રે મીતા.
કે હાથ દોનો ઉસકે, હુવે સુવ્વર હો જયસે,
પગ સુવ્વર કે જયસે, હાથ હુવે રે વયસે.
એ સાહબકી ખબર, ગુલામ ને બતાઇ,
તબ સાલેહકૂ સુનતે, દિલગીરી રે આઈ.
ઉસ ગુલામકે સાથ હો, ગએ ઉસ્કે પાસા,
સો ખબર આઝારકી, પુછને ખાસા.
તબ જાકર પૂછા, કયા હાલ હય તેરા,
તબ જુવાબ તો ઓને, દિયા રે સવેરા.
કહયા હાદેસા+ હય પડીયા, અઝીમ* સુનાયા
હાલ દોનુ હાથોં કેરા, સબ રે દેખાયા.
એતી બાત કેહ સાલેહકૂ, વે ઉઠકર ચલીયા,
અયસા ઓને કુછ સોચ મન રે ધરીયા.
તબ સાલેહ ને ગુલામ દોનો ઉસ સાથ ગહે,
સો ઓસ સૂ જુદે તબ રે રહે.

+ મુસીબત * મોટો

સો બ્હોત રે સુવ્વર થે, એ ગયા ઉસ ઠામા,
અને બદલના ઝાતકા ઉને કિયા રે કામા.
સો સુવ્વર હો જયસી ઝાત ઉસ્કી હો ગહી,
સો દેખતેમાં ઝાત બદલી રે સહી.

સો સુવ્વર હો જયસા, વે સુવ્વરમાં મલીયા,
ફિર પિછાના ના ગયા, અયસા તન રે કરીયા.

તબ સાલેહ લે ગુલામકુ, અને મતા રે સારી,
સો કુરે માંહે ઉસ્કે, ડેરે લાએ રે સવેરી.
ઉસ ડેરે વે મતા દે, સબ ખબર રે બતાઈ,
એ સુનતે મુમિન, દિલ ચિંતા એ આઈ.

રે તૂહી

શૈખેનકુ ભૂંડા થા બોલીયા, હુઇ વે સુવ્વર ઝાત રે
હૂઇ વે સુવ્વર ઝાત;
ભાઇ દીનકે સુનના, મન ધર એ સબ બાત રે,
મન ધર એ સબ બાત.

*   *   *   *

બેગે બેગે ભાઇ દીનકે આહો રે તમે સુનો રે,
બાત સહી દિલ એ લાહો રે તમે સુનો રે.

ફઝિલત શૈખેનસૂ જાનની રે તમે સુનો રે,
લિખે જયસી રિત પિછાનની રે તમે સુનો રે.
તાંઝીમસુ નામ લે બુલાઓ રે તમે સુનો રે,
સહી બાત એ મન લાઓ રે તમે સુનો રે.

મૂએ બાઝ સાંપ અયસા આયા રે તમે સુનો રે,
નઝરે સબોંકી દેખાયા રે તમે સુનો રે.

શૈખેનકુ જીભ જે ચલાતા રે તમે સુનો રે,
બોલ સબ+ ઝુબાં થા લાતા રે તમે સુનો રે.

+ પેહલા બન્ને ખલીફાઓ સંબંધી ખરાબ શબ્દો બોલવા.

સાંપ લગા દેખા સબ નયના રે તમે સુનો રે,
મુંહ થા બાયા ઉસ મુખ મેના રે તમે સુનો રે.
હુઇ અયસી અઝાબકી રિતા રે તમે સુનો રે,
ખલકત દેખ વે લિતા રે તમે સુનો રે.

બાકી બુઝે અયબ ઇલાહી રે તમે સુનો રે,
ઉસ તન જે સખ્તી બનાહી રે તમે સુનો રે.
એક હુવા સુવ્વરસી ઝાતી રે તમે સુનો રે,
બુરી કરતા શૈખેનકી બાતી રે સુનો રે.

દેખતેમાં સુવ્વર હો ગયા રે તમે સુનો રે,
નઝરૂં વે દેખ રૂબું લહયા રે તમે સુનો રે.

'સબ' સેતી ઝુબાં થા ચલાતા રે તમે સુનો રે,
હૂઇ જયસી સુવ્વરસી ઝાતા રે તમે સુનો રે.

(ખુલફાએ રાશેદીન)

અસ્હાબોનું બુરૂં બોલનારાઓ સંબંધી આવા ઇબ્રતનાક બનાવો ઘણા બનેલ છે. એથીજ હ૦ પીર મશાયખ (રહ૦) એ એવા ખરાબ કામોથી દુર રેહવા અને હ૦ રસુલે અકરમ (સલ૦)ના અસ્હાબોની બુઝુર્ગી તેમજ દીને ઇસ્લામ માટે આપેલ તેમના ભોગોનો ખિયાલ રાખી, માન સાથે વરતવા તાકીદ કરેલ છે.

ઉપરના બનાવોમાં પેહલો બનાવ એક બુખારાના રહીશ સંબંધી છે. જે એક મોહદ્દીસ હતા. યાને હ૦ પયગમ્બર (સલ૦)ની હદીસો યાદ રાખી બયાન કરનારા હતા; છતાં અસ્હાબોથી દુશ્મની રાખી તેમના વિષે બુરૂં બોલવાના લીધે તેઓને કેવા ઇબ્રતનાક–કમકમાટ ઉપજાવનારા અઝાબમાં સપડાવું પડયું એ ઘણા લોકોએ ઝાહિર રીતે જોયું.

બીજો બનાવ કુફામાં રેહનાર એક શખ્સ સંબંધી છે. તે પણ એક નેક શખ્સના મના કરવા છતાં અસ્હાબોનું બુરૂં બોલવાથી બાઝ ન આવ્વાના લીધે તેની કેવી ખરાબ રીતે સુરત

તેમજ આખુ શરીર એક બદ જાનવરના રૂપમાં બદલાઇ ગયું; બલકે તે બદ જાનવરોમાં એવી રીતે જઇ મળી ગયો કે, પાછો ઓળખાઇ પણ શકાયો નહીં.

## સખત અઝાબોમાં સપડાવું પડશે.

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, શૈખેન યાને બન્ને બુઝુર્ગ અસ્હાબોનું બુરૂં બોલવાનું પરિણામ બહુજ ખરાબ ભોગવવું પડે એમાં નવાઇ જેવું પણ નથી. કારણ કે, તે બન્ને અસ્હાબો સાથે હ૦ પયગમ્બર (સલ૦)ની કેટલી બધી ચાહત હતી. તે સંબંધી આપ ફરમાવે છે કે:—

**થે મસ્જીદ મદીનેં બયઠૈં મુબારક ઝાતી,**
**અબુબકર ને ઉમર થે પાસ સુનીયો બાતી.**

**થે જમણે પાસે સિદ્દીક રે સુનાએ,**
**થે ડાબે પાસે ફારૂક રે કેલાએ**

**તબ પકડે મુબારક હાથ દોનો કે હાથા,**
**જે શૈખેન દોનો થે રે સાથા**

**પિછે યું પકડને એતા નબીજીને આખા,**
**રહીએ એગઠે જાં જીવીએ. યું કેહ કર દાખા.**

**અને મરતે બાઝ કબરમાં રહીએ સહીએ રીતા,**
**યું નબીજીને આખ્યા, કર બ્હોત રે પીતા.**

**અને ઉઠાવે જાવે જબ કિયામત દંના,**
**વેલી એ રીતે ઉઠેંગે સુન રાખ્યો મંના.**

**યું નબીજીને નેહસુ શૈખેન બતાએ,**
**સો હાથ થે પકડે દોનો કે સુનાએ.**

* * * * *

**ભી ફરમુદા અપને નબીજી હો કેરા,**
**સો સુનકર ચંતમાં દીજીઓ સવેરા**

દો વઝીરોંસુ ઝમીંમાં હય પયગમ્બર કીતા,
અને વઝીર દો દીએ ઉસે આસમાન મીતા.
કહયા મુજકો વઝીર દો, જે હંય આસમાના,
વે જીબ્રઈલ મીકાઈલ, નામ રે જાના.
અને અબુબકર ઉમર, એ દો ઝમીંમાં વઝીરા,
એ ફરમુદા નબીકા, સુનો મન કર ધીરા.
તો શૈખેન વઝીર, નબી કે કેહલાએ,
એ સુન સુન મુમિન, મન એતના લાએ,

* * * * *

ભી અબુ સઈદ ખુદરી રઝીઅલ્લા અનહો કહીએ,
એ હદીસ નબીકી હંય કેહતે રે લહીએ,
કહયા કોઈ 'સબ' કરેગા મેરે રે અસ્હાબા *
ઉસે નાંહી રે પ્હોંચે કુછ રે સવાબા.
કહયા શૈખેન દોનો વઝીર હંય મેરે,
કે તસુથી ઓનુકુ કરે 'સબ' રે સવેરે.
અને વે દેવે ખયરાત, ખરચ રે કરાવે,
તો અજર ઉસકા કછુ હે ના પાવે.
તબ ઓહોદ રે ડુંગરકા લીયા રે નામા,
જે મકકે રે મદીને બીચ હય જિસ્કી ઠામા.
કહયા એતના ખરચ કભી કરે રે માલા,
તો સવાબ ના પ્હોંચે મુદ × કેરે રે હાલા.
કુછ માપ કેરા કહા મુદ રે નામા,
સહી ઉસસુ અનાજકા ભર કરતે હંય કામા.
કહયા ડુંગર હો જેતા, ખરચ ભી કરાવે,
તો મુદ ભી જેતા, ના સવાબ રે પાવે.

* અસ્હાબોની શાનમાં ખરાબ શબ્દો બોલવા.
× મુદ એટલે આસરે બે રતલ.

અને અમલ તો ઉસકે હો જાવે રે ફેના,
સહી દોઝખી હોવે ઉસ્કા રે તના.
સો હિસાબ હો બના વે દોઝખી કેલાયા,
વે 'સબ' કીએ કાજ, લે દોઝખમાં બાયા.
એ નબીજી અપને, કેરા રે ફરમાના,
હય કાન ધર સુનના, દિલ કેરે ધ્યાના.
સહી સુન એ ગંવારો, બાત ખાતિરમાં લાહો,
નામ સહાબી નબીકે, સબ અદબે બોલાહો.
એ સુન સુન બાતી, પાક કરો આપ ઝાતી,
અને એક ફર કહો, દિન ઔર રાતી;
રે તુહી.

શૈખેન વઝીર હંય નબીકે, સુન એ રાખો મન રે,
સુન એ રાખો મન;
'સબ' જો ભુલે કો' કરસી, દોઝખી હોસી તન રે,
દોઝખી હોસી તન.

( ખુલફાએ રાશેદીન )

હ૦ પીર મશાયખ (રહ૦) એ ઉપરના બયાનમાં હ૦ અબુ સઈદ ખુદરી (રદી૦) નામના મશહુર સહાબીથી રિવાયત થએલ હ૦ રસુલે અકરમ (સલ૦)ની હદીસ બયાન કરેલ છે કે, શૈખેન યાને હ૦ અબૂબકર સિદ્દીક તથા હ૦ ઉમર ફારૂક (રદી૦) તેમજ બીજા અસ્હાબો સંબંધી કોઇ 'સબ' યાને ખરાબ શબ્દો કેહશે, તેની "ઓહોદ"ના પહાડ બરાબર ખયરાત કરેલી હશે છતાં પણ સવાબ તેને થશે નહીં.

હ૦ પયગમ્બર (સલ૦)એ આ બન્ને અસ્હાબોને દુન્યામાં પોતાના સાથી બતાવ્યા છે. તેમજ મરવા પછી પણ સાથે રેહશું અને કિયામયમાં પણ સાથે ઉઠવાનું આપ (સલ૦) એ ફરમાવ્યું. વળી આસ્માન ઉપર જીબ્રઈલ અને મીકાઈલ ફરિસ્તાઓને

પોતાના વઝીર બતાવ્યા તેવીજ રિતે દુન્યામાં હ૦ અબૂબક્ર અને હ૦ ઉમર (રદી૦)ને પોતાના વઝીર બતાવ્યા. તેમજ આપ (સલ૦) એ ફરમાવ્યું, કે, અસ્હાબોની શાનમાં અપ શબ્દો બકનારાઓના બધા અમલ બરબાદ જશે. અને તેમની કાંઇ પણ ફરિયાદ સાંભળ્યા વગર તેમને દોઝખમાં નાખવામાં આવશે.

હ૦ પીર મશાયખ (રહ૦)એ ઉપરના બયાનની આખિરમાં ફરમાવ્યું છે કે, હે ગંવારો! આ ફરમાન આપણા પયગમ્બર હ૦ રસૂલે અકરમ (સલ૦)નું છે. દિલથી તેમજ કાન બરોબર લગાડી સાંભળો! અને તેના ઉપર અમલ કરો. અસ્હાબોની શાનમાં બુરૂં ન બોલો અને તેમના વિષે ખોટી શંકાઓ ન કરો. વળી હ૦ પીર મશાયખ (રહ૦) એ ઉપર બયાનમાં એ પણ બતાવ્યું છે કે, "અસ્હાબોનું બુરૂં બોલનારાઓ સંબંધી કેટલાકોને ઝાહિરમાં પણ અઝાબ અને હાદેસા થએલ છે અને કેટલાકોને બીજી રિતે પણ તેનો નતીજો ભોગવ્વો પડયો છે; પરંતુ ઝાહિરમાં અઝાબ દરેકને ન દેખાય એટલે એમ ન સમજવું કે, તે અઝાબથી બચી જશે. ઝાહિરમાં અઝાબ દેખાય કે ન દેખાય પરંતુ અસ્હાબોનું બુરૂં બોલનારાઓને દરેકને શિક્ષા તો ઝરૂર ભોગવ્વીજ પડશે."

## ખોટાઓને સાથ ન આપો.

બલ્કે આપ ફરમાવે છે કે, "અય દીનના ભાઇ! તુ એવાઓના સંગતથી પણ દૂરજ રહેજે; કારણ કે, તેમના સંગાથના લીધે રખે તને પણ કંઇ ભોગવવું પડે." વળી આપ નસીહત કરતાં ફરમાવે છે : —

**કે ચાર યારી હોઈએ અયસા અકીદા કરના,**
**સો "ખુલફાએ રાશેદીન" સુ, નેહ મન ધરના**
**સહી ચાર રે ખલીફે યાર નબીજી હો કેરે,**
**એ "ખુલફાએ રાશેદીન" બુઝો નેહસૂ સવેરે.**

• • •

**ચાર યારી હોના સુનો ભાઈ દીન કેરે,**
**સુન્નત જમાત અકીદા, એ સુનીયો સવેરે.**
**સો યાર રે ચારોંકી સિફત રે પિછાનો.**
**સો "ખુલફાએ રાશેદીન" નામ સૂ જાનો.**
**રખે રાફઝી હો કેરા બોલ સુનો કાના,**
**મત ખારજીયોં કેરા સુનો રે બયાના.**
(ખુલફાએ રાશેદીન)

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, એવા અઝાઓથી બચવા માટે હ૦ પયગમ્બર (સલ૦) ના બુઝુર્ગ અસ્હાબો અને ચાર ખલિફાઓની બુઝુર્ગીનો ખિયાલ કરી ચારોથી મુહબ્બત રાખવી. એ અકીદો સુન્નત જમાતનો છે. અને એજ પ્રમાણે બરોબર વર્તવું.

રાફઝીઓ અને ખારજીઓની બનાવટી વાતો સંભળી તેમના ફરેબમાં આવ્વું નહી. વળી આપ ફરમાવે છે કે, આવા દીનના બયાનો દિલથી સાંભળી અસ્હાબો વિષે મનઘડત વાતો કરવા અથવા સાંભળવાથી પોતાના મનને પાક અને સાફ રાખો.

હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, મોમિનનું દિલ આરિસા–આયનાની માફક વગર દાગનું તેમજ ખરાબ ખતરાઓ અને બુગઝોથી બિલકુલ સાફ હોવું જોઇએ. તેની રવીશ અને ઢંગ બધી બુરાઇઓથી ચોકખાં હોવા જોઇએ.

**સુન સુન બાતી, પાક કરો આપ ઝાતી,**
**દિલ ખતરે કેરી, મત રાખો રે બાતી.**
**હોવે મોમિનકા દિલ, જયસા સાફ રે અરિસા,**
**નાંહી પાતગ કેરી, હોવે મોમિનકી રિસા.**
(ખુલફાએ રાશેદીન)

## ચોકખું સંભળાવી દેવું જોઇએ.

ઉપરના બયાનો અને હકીકતોથી આપણને જણાયું કે, હ૦ પીર મશાયખ (રહ૦) ની તાઅલીમ અને બોધ શું છે ?

ત્યારે હાલના પીરો તથા તેમના નવા ધર્મમાં ઘસડાઇ રહેલા મોમિન ભાઇઓ અત્યારે શું કરી રહયા છે? હ૦ રસુલે અકરમ (સલ૦) ની હદીસ છે કે, "અસ્હાબોના વિરોધી તે મ્હારા વિરોધી છે, અને મ્હારા વિરોધી તે અલ્લાહના વિરોધી છે."

ત્યારે હાલમાં તેમણે કાઢેલ નવા ધર્મમાં અસ્હાબોને વગોવવામાં આવે છે, તેમના ઉપર ખોટી તોહમતો મુકવામાં આવે છે અને તેમની શાનમાં ખરાબ ખરાબ શબ્દો બકવામાં આવે છે, તેમજ નિર્લજ અને બે શર્મી ભર્યા કામો થઇ રહયા છે. હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબોથી એ ખુલ્લો વિરોધજ છે. તેઓએ તો સાફ સાફ પોતાની કિતાબોમાં તેવા લોકોને સખ્ત ચેતવણીઓ આપેલ છે; બલ્કે બતાવ્યું છે કે, "તેઓ અસ્હાબોના દુશ્મન બનવામાં હ૦ અલી (રદી૦) ના પણ દુશ્મન બન્યા છે." કારણ કે, હ૦ અલી (રદી૦) ની તઅલીમના પણ ખિલાફ તેઓ કામ કરી રહયા છે."

કેટલાક કહેવાતા સમજદારો, હાજીઓ અને શહેરોમાં સારી રીતે ધંધો વેપાર કરનારા પણ એવા ખોટાઓનો સાથ આપી, હ૦ પીર મશાયખ (રહ૦) ની વિરૂદ્ધ શરારતો કરવામાં આગળ પડતો ભાગ લે છે. અને વળી હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબોને માનવાનો દાવો પણ કરે છે, એ ખુલ્લું મુનાફિકપણું છે. એવા લોકોનેજ હ૦ પીર મશાયખ (ર૦) એ બીજી કિતાબોમાં તેમજ ખાસ કરીને ખુલફાએ રાશેદીનમાં ચેતવણી આપી છે કે, અસ્હાબોની વગોવણી કરનારાઓના દુન્યામાં પણ કેવા બુરા હાલ થયા છે અને આખેરતમાંતો તેથીએ સખ્ત અઝાબ ભોગવ્વો પડશે; માટે તેવાઓની સંગતથી પણ તમો દુરજ રહેજો. નહિંતો કદાચ તેમની સંગત અને સાથના લીધે તમોને પણ તેવા સખત અઝાબોમાં ફસાવું પડશે.

તેઓએ તો હાલના પીર સાહબોને તથા તેમના એવા ગુનાહભર્યા ધર્મમાં સાથ આપનારાઓને સાફ સાફ કહી દેવું જોઇએ કે, 'અમો હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબોના

વિરૂધ તમારા કાઢેલા મઝહબમાં અને અસ્હાબોની બુરાઇ કરનારા ધર્મમાં તેમજ રંગીલા ખોટા શર્મભર્યા કરતુતોમાં સાથ આપીશું નહીં. જ્યારે એક તરફ તમો હ૦ પીર મશાયખ (રહ૦) ની કિતાબો પ્રમાણે ચલાવ્વાનો ઢોંગ કરો છો, ત્યારે બીજી તરફ તમારી સૂચનાઓથીજ એવી તઅલીમ મદ્રસાઓમાં, મસ્જીદોમાં અને ઝાહેરી વર્તણુંકથી અપાઇ રહી છે કે, જે હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોના વિરૂધ છે.'

'આવી રીતે દહીમાં અને દુધમાં એમ બે તરફ હાથ રાખી બેઢંગી ચાલ ચલાવો અને કિતાબો વિરૂધની તાઅલીમ અપાય, તે અમો કબુલ રાખી શકીએ નહી ભલે તમારે જેમ ચાલવું હોય તેમ ચાલો; પરંતુ અમારા ઇમાન શા માટે ખરાબ કરો છો ? અમારી દુન્યા અને આકેબત શા માટે બરબાદ કરો છો ? એવું સમજદારોએ ચોકખે ચોકખું સંભળાવી દેવું જોઇએ.'

કેટલાકો, હાલના પીર સાહબોનો ખોટો બચાવ કરી પોતાનું મુનાફિકપણું છુપાવવા કહે છે કે, "પીર સાહબતો શીયા હોવાનું કંઇ કેહતા નથી, મુમનજ તેમને બદનામ કરે છે." એ કેવી રીતે માની શકાય ? ચોકખી રીતે તેઓએ ઘણી વખત લોકો સામે પોતાના શીયા અકીદા બાબત ઝાહેરાત કરેલ છે. તેમજ તેમના ખાસ માનનારા ગામડાઓ ( મેતા, વાઘરોળ, રવીયાસણા, કાકોસી, સેદરાણા, મોળી બાદરપુર વીગેરે)માં શીયા મદ્રસાઓ ચલાવવામાં આવે છે; બલ્કે સુન્ની મોલ્વીઓને ત્યાંના મુમનો ઉપર દબાણ કરી કાઢી મુકાવે છે. 'છતાં ખોટા બચાવ કરવા એ ખુલ્લી ઠગબાજી નહીં તો બીજું શું કહેવાય ?

દીલ્લીવાળા પ્રખ્યાત પીર ખાજા હસન નિઝામી સાહબે "ફાતમી દા'વત" નામના તેમના પુસ્તકમાં સાફ ઝાહિર કરેલ છે કે, "પાલનપુરમેં પીર મશાયખ સાહબકી ગદદીવાલે સૈયદ મેહર હુસેન સાહબકા મઝહબ શીયા હય ઔર વહાં (પાલનપુરમેં) મુજકો યે બતાયા ગયા થા કે, ઉન્કી જમાઅતભી શીયા અકાયદ રખતી હય" આ શું તેઓએ ખોટું લખેલ છે ? જો ખોટું

હોય તો તે બાબત પીર મેહર હુસેન સાહબે કદી તેનો જવાબ આપ્યો છે? તેમના માનનારા કહેવાતા સુન્નીઓએ પણ કદી તેનો કોઇ પેપરમાં વિરોધ કરેલ છે? બધું જાણવા છતાં આવો ખોટો બચાવ કરવો અને હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબો વિરૂધ ચાલનારાઓને સાથ આપવો તે બહુજ ખોટું કૃત્ય ગણાય. આવા વિરૂધ વર્તનમાં સાથ આપનારાઓને પણ ગુનાહ કરનાર જેટલો જ અઝાબ ભોગવવો પડશે, જે હ૦ પીર મશાયખ (રહ૦) એ આગળ આપેલ બયાનમાં સાફ સાફ જણાવેલ છે.

## સવેળા ચેતવાની ઝરૂર.

દુન્યાની ઝિંદગી તો આઝમાયશ અને કસોટીની ઝિંદગી છે. ખોટા માર્ગે ચાલનારા અને બીજાઓને ગુમરાહ કરનારા પોતાની સુખી હાલત જોઇ એમ ન સમજે કે; અમો જે કાંઇ કરીએ છીએ, એ બરોબર છે. અને અમો એનાજ લીધે માલદાર, ઔલાદવાળા અને ઇઝઝતવાળા છીએ.

અલ્લાહ તઆલાનું કુરઆનમાં ફરમાન છે કે :—"મુનકિરો એમ ન સમજે કે, અમો તેઓને જે ઢીલ આપીએ છીએ તે તેઓને માટે કંઇ બેહતર છે. અમે તેમને એટલા માટે ઢીલ આપીએ છીએ કે, જેથી તેઓ (પોતાના) ગુનાહોમાં વધારો કરે, અને (આખેરતમાં) તેમને માટે ફજેત કરનાર અઝાબ છે." (સૂરએ આલે ઇમરાન). યાને સુખેથી જીવન ગાળવાથી, અને માન મરતબો મેળવવાથી એમ ન સમજવું કે, અમે જે કંઇ કરીએ છીએ, તેનાથી ખુશી થઇ ખુદાતઆલાએ તે અમોને આપ્યું છે; બલ્કે જે કંઇ સુખ અને આરામ આપ્યો છે. (તેનાથી ન ચેતે તો પછી) સારી રીતે દિલના અરમાન પુરા કરી પોતાના પાપોમાં વધારો કરે કે, જેથી મરવા પછી તેને તેની પુરે પુરી શિક્ષા મળે.

અલ્લાહના ફરમાન અને બુઝુર્ગોની નસીહતોથી સવેળા ચેતી, એવી અઝાબમાં સપડાવનારી બુરાઇઓથી દુર રહેવું, બલ્કે એવી ખરાબીઓમાં ફસેલાઓનો કોઇ રિતે પણ સાથ આપવો નહીં.

## મોમિન કોમ માટે આપની દુઆઓ.

મોમિન કોમ બુરાઇઓથી બચે અને ગુનાહભર્યાં કામોથી દુર રહે, તેમજ આપની કિતાબોથી મોમિન કોમને ફયઝ મળે અને નેક તથા દીનદાર બનાવે, એ માટે અલ્લાહ પાસે આપની કેવી પ્રાર્થનાઓ અને દુઆઓ હતી; તે આપની કિતાબોના બયાનોથી સાફ જણાઇ આવે છે. હ૦ પીર મશાયખ (રહ૦) મોમિન કોમ સારૂ દુઆ માંગતા ફરમાવે છે કે :—

હિદાયત ઓનુકુ તુ પુરી રે દીજે,
તેરે ખાસોં બંદોમાં ઓનુકુ રે લીજે.

તેરે કરમસૂં મંય જે હુવા વે કિતા.
વે બંદે હંય તેરે તુ ઓનુકા રે મિતા.

હિદાયત દીનકી તુ દીજે ઓનુ માંહા,
કે મુજ રે બંદેકા ઘણા ચારા રે નાંહા.

પણ તુજસૂ જે હોવે વે અજબ ના જાનુ,
તેરે કરમસૂ ચારા બહોત રે પિછાનુ.

ભી ઉમ્મેદ ઈતના હોવે પુરા એ "દીવાના",
જે ઇસે સુને વે લાવે રે ઈમાના.

* * *

તો પઢે હો બના દીન સમજા કયું જાવે ?
તો મુજ પિછે મુનાફિક રાહા કયું પાવે ?

* * *

તો પઢે રે બના સબ ઉમ્મેદ રે કાચા,
સુન ને બતાના વે તો પંથ નાંહી સાચા.

* * * * *

તો પઢે રે બના પીયુ કયું કર પા'સે ?
અને કાફિરોંકા કુફર કયું કર જા'સે ?

* * * * *

કે જિવને હો કેરા નાંહી રે ઉમ્મેદા,
જે મુરીદ કેહલાતે વે કાફિરાંકા ભેદા;
જો કરમ રે કરે આપ રે ઈલાહી,
તો કાફિરાંકે કુફરસુ હોવે રે જુદાહી.

* * * *

ઉમ્મેદ પુરા કીજે ખાલિક તુ મેરા,
ઈલમ તુ દીજે રાહ કા બ્હોતેરા.

( નુરનામા )

## આપની યાદગીરી અને વારસો.

હ૦ પીર મશાયખ (રહ૦)એ પોતાની ઝિંદગીમાં સુખ અને આરામની પરવાહ કર્યા વગર, વિરોધ કે દીનના દુશ્મનોની ધમકીઓનો ડર રાખ્યા વગર મોમિન કોમની ભલાઇ અને બેહતરી સારૂ દીને ઇસ્લામના સાફ સાફ ફરમાનો ઝાહિર કરી તે મુજબ બોધ આપતા રહયા હતા.

વળી આપના બાદ કૌમ ગુમરાહીમાં ન ફસાય અને બદદીન –સ્વાર્થીઓ ઉંધા માર્ગે ન ઘસડી જાય તે માટે કિતાબો "દીવાને મશાયખ" તેર (૧૩) ફસલોમાં તેમજ પાંચેક કિતાબો બીજી મળી દીનનું સારૂં જેવું સાહિત્ય આપ લખીને મુકતા ગયા છે.

આપે ઝિંદગીમાં આપની તબ્લીગી ફર્ઝ—સારી રીતે અદા કીધી તેમજ આપના પાછળ પણ મોમિન કોમ માટે કિતાબોનો સારો કિમતી વારસો અને યાદગીરી આપતા ગયા છે.

હ૦ પીર મશાયખ (રહ૦) ના આ "જીવન ચરિત્ર" માં અમોએ તેમની ઝિંદગીની તેમજ બીજી જરૂરી હકીકતો આપવા ઉપરાંત તેમની કિતાબોમાંથી મવકે મવકે નસીહતો અને બોધ-દાયક બયાનો આપેલ છે, તે ધ્યાનપૂર્વક પઢવા અને સાંભળવાથી દુન્યા તેમજ આખેરતના ઘણા ફાયદા હાસિલ થાય તેમ છે.

ખુદાના ફઝલથી હવે તો "દીવાને મશાયખ" ની તેર ફસલોમાંથી અગ્યાર ફસલો તો છપાઇ પણ ગઇ છે. અને બાકીની બે ફસલો તથા તેમની બીજી પરચુટન પાંચ કિતાબો પણ અલ્લાહના ફઝલો કરમથી ટુંકમાંજ કેટલાક દીનદાર અને હમદર્દ ભાઈઓ છપાવી બહાર પાડવાની કોશીશમાં છે. અને તે કોશીશમાં ખાસ કરી પીરોજપુરાવાળા ભાઇ હાજી ગની હાજી નસીરૂદ્દીન સાહેબ બહુજ ઉમંગથી હિસ્સો લઇ રહયા છે. ઉમ્મીદ છે કે, તેઓની કોશીશમાં અલ્લાહ તઆલા બહુજ જલ્દી કામયાબી બક્ષે.

છેવટે અમારી ખાસ અર્ઝ છે કે, હ૦ પીર મશાયખ (રહ૦)થી દિલી અને સાચી મોહબ્બત ધરાવનાર દરેક દીનદારના ઘરમાં આપની બધી કિતાબોનો સંગ્રહતો હોવોજ જોઇએ. આપ બુઝુર્ગની ખાસ કરીને મોમિન કોમ માટે તો આ મોટામાં મોટી યાદગીરી અને તોહફો છે; બલ્કે સારામાં સારો કિમતી વારસો છે. તેને દરેક મોમિન ભાઇ મેળવી ઘરોમાં રાખે અને ધ્યાનથી બધી કિતાબો પઢે તો તેનાથી દુન્યા તેમજ આખેરતનો મોટો લાભ થશે. ફરેબીઓ અને ગુમરાહોના ફરેબ તથા ફંદામાં ફસાતા જરૂર બચી જશે.

# હ૦ પીર મશાયખ (રહ૦) ની શાનમાં થએલો ભવ્ય મુશાએરો.

આજથી લગભગ ૩૮ વરસ પેહલાં એટલે તા. ૧૦ જમાદીઉલ આખર સને ૧૩૩૪ હિજરીમાં ગામ ગઠામનના કેટલાક ભાઇઓ તરફથી હ૦ પીર મશાયખ (રહ૦) ની શાનમાં એક ભવ્ય મુશાએરો ગોઠવાયો હતો.

મુંબઇમાં ભીંડી બઝારપર તે વખતે મરહુમ હાજી જાનમુહમ્મદ મીયાંજી ગઠામનવાળા સાહબનું ગાડીઓનું કારખાનું હતું, તેની ખુલ્લી જગ્યામાં મઝકુર મુશાએરો થયો હતો. મુશાએરાના મેલાવડામાં મોમિન કોમ ઉપરાંત બીજા મુસ્લિમ બિરાદરો તેમજ શાએરો સારી સંખ્યામાં એકઠા થયા હતા.

સદર મુશાએરામાં હ૦ પીર મશાયખ (રહ૦) ની શાનમાં લગભગ પચીસ શાએરોએ બહુજ જોશીલી બત્રીસ (૩૨) નઝમો અને મનકબતો કહી હતી. અને તેમાં હ૦ પીર મશાયખ (રહ૦) ની કારકીર્દી તેમજ દીની ખિદમતને બહુ સારી રીતે દાદ આપવામાં આવી હતી.

મોમિન કોમમાંથી પણ બે જણાઓએ, એટલે મરહુમ જનાબ અલીમોહંમદ ફતેમોહંમદ "રાઝ" સાહબ તથા અમોએ હ૦ પીર મશાયખ (રહ૦) ની શાનમાં નઝમો અને મનકબતો કહી હતી, જે બન્ને નીચે મુજબ હતી :—

## જલ્વા મશાયખ પીરકા.

(મરહુમ જનાબ **અલીમોહંમદ "રાઝ"** સાહએ કહેલી નઝમ)

બજ રહા હય હર તરફ ડંકા મશાયખ પીરકા;
પીર હંય પીરોંકે, કયા કેહના, મશાયખ પીરકા !
એક ઝમાના કયું ન હો શયદા મશાયખ પીરકા,
હય બડી ઇઝઝત, બડા રૂત્બા મશાયખ પીરકા !
સરમેં સવદા આપકા, દિલમેં મોહબ્બત આપકી,
હો ગયા હું દિલસે મંય શયદા મશાયખ પીરકા !
મિસ્લે મેહરો માહ રવશન હય કરામત આપકી,
નૂર હય ચારો તરફ ફયલા મશાયખ પીરકા !
અચ્છે અચ્છોંને ઝુકાએ અપને સર સરકારમેં,
અલ્લાહ ! અલ્લાહ ! રોઅબ થા અયસા મશાયખ પીરકા !
માલો ઝરકી કયા હકીકત જાનો દિલ કુરબાં કરૂં,
કાશ આ જાએ નઝર જલ્વા મશાયખ પીરકા !
કયું ન મેરે હાલપર ખાલિકકા હો ફઝલો કરમ,
ચાહને વાલાહું મંય, કિસકા ? મશાયખ પીરકા !
દિલ બહલ્તાહી નહીં હય, બમ્બઇમેં "રાઝ"કા,
જબસે રવઝા દેખકર આયા મશાયખ પીરકા !

## "રૂત્બા બડા હ૦ મશાયખ પીરકા"

**(ઈબ્રાહીમ પીર મુહમ્મદ** સાહએ કહેલી નઝમ)

કયું ન હો દિલ શેફતા હઝરત મશાયખ પીરકા ?
હુસ્ન હય નૂરે ખુદા, હઝરત મશાયખ પીરકા !
ઇફતેખારે દેહર હય ઝાતે ગિરામી આપકી,
વસ્ફ કિસ્સે હો અદા, હઝરત મશાયખ પીરકા ?
આપ આલે મુસ્તફા હંય ઔર ઔલાદે અલી,
કયું નહો રૂત્બા બડા, હઝરત મશાયખ પીરકા ?
સુન લિયે હંય જિસ્ને ઔસાફે હમીદા આપકે,
વાલા ઓ શયદા બના, હઝરત મશાયખ પીરકા !
આપકી શાને વિલાયત પર મુસખ્ખર હો ગયા,
હર દિલે શાહો ગદા, હઝરત મશાયખ પીરકા !
હો નસીબ અયસી કોઇ શબ, યા ખુદા ! મંય દેખલૂં,
ચેહરએ અનવર ઝરા, હઝરત મશાયખ પીરકા !
લુત્ફે ખ્વાજા કયું ન ઉન્કે હર મુરીદોં પર રહે,
"ચિશ્તીયા" હય સિલસિલા, હઝરત મશાયખ પીરકા !
આજ ઇસ જલ્સેકી રૌનક દેખકર ખુશ હો ગયા,
હર મુરીદે બા સફા, હઝરત મશાયખ પીરકા.
ખાદિમે દરબારે વાલા કમતરીં "ઇકબાલ" હય,
જાન ઔર દિલસે ફિદા હઝરત મશાયખ પીરકા !

## અશઆરોં પર મળેલી દાદ.

સદર જલ્સામાં નીચેના અશઆરોંપર પબ્લીક તરફથી શાએરોને બહુજ સારી દાદ મળી હતી :

મશઅલે ઇસ્લામ રૌશન હો ગઇ,
નૂર ફયલા સર બસર ગુજરાતમેં.
અહદે પાકે શાહે આલમગીરમેં,
રહ ગએ વોહ ખુશ સિયર ગુજરાતમેં.

(જનાબ "ઝબીહ" સાહબ)

* * *

જલવગર હો ગયા ગુજરાતમેં નૂરે ઇસ્લામ,
જબ હુએ જલ્વનુમા પીર મશાયખ સાહિબ.
બરઝખે શવકમેં હસ્તીકો મિટાકર અપની,
હો ગએ મહવે લકા, પીર મશાયખ સાહિબ.

(જનાબ "અય્યુબ" સાહબ)

* * *

કૌન હય ગુજરાતમેં અયસા વલી,
વા હ રે રૂત્બા મશાયખ પી ર કા.
ઇશ્કે મ હ બુ બે ખુદાસે આપકો,
મિલ ગયા રૂત્બા મશાયખ પીરકા.

(જનાબ "સય્યદ" સાહબ)

* * *

ચશ્મે રહમતસે હઝારોંકો નવાઝા તુમને;
ઇસ તરફભી નઝરે લુત્ફો અતા, પીર મશાયખ !
અહમદાબાદકો તુમને જો કિયા હય આબાદ,
નામે અહમદ (સલ૦)સે રહી ખુબ વિલા પીર મશાયખ !

(જનાબ "સિદ્દીક" સાહબ)

• • •

હઝરતકા તરીકા હય શરીઅતકે મુતાબિક,
બે શુબ્હ હંય મકબૂલે ખુદા પીર મશાયખ.
હાલાતસે, આદાતસે, યે સાફ હય ઝાહિર,
હંય વાકિફે ઇસરારે ખુદા પીર મશાયખ !

(જનાબ "કયસ" સાહબ)

* * * * *

શરીઅત, તરીકતકી રાહેં દિખાના,
યેહી હય હકીકતમેં કામે મશાયખ.
ખુલા સરબસર ઉસપેં રાઝે હકીકત,
પિયા શૌકસે જિસને જામે મશાયખ.

(જનાબ "મહમુદ" સાહબ)

* * * * *

બહોત મશહુર હંય અવસાફ ઉન્કે બઝમે આલમમેં,
ઝિયાએ દીદએ અહલે બસર પીરે મશાયખ હંય.
હમે 'રવનક' પતા મિલ્તા હય તસ્નીફાતે વાલાસે;
બડે હી બા ખુદા અહલે નઝર, પીરે મશાયખ હંય.

(જનાબ "રવનક" સાહબ)

* * * * *

ગુજરાતમેં હંય આપ, ઝમાનેમેં હય શોહરત,
પહોંચા હય કહાં તક અ સ રે પીર મશાયખ.
અવસાફ સુનો અહલે અકીદતકી ઝબાંસે,
હક કેહતે હંય, હક બહરા દરે પીર મશાયખ.
તસ્બીહમેં મસરૂફ ગુબાં આપકી હરદમ,
સિજદેમેં રહા ખમ, જો સરે પીર મશાયખ.
હોતા નહીં હર ઝર્ફ કભી કાબિલે બાદા,
પયદા કોઇ કરલે જિગરે પીર મશાયખ.

(જનાબ "મિન્નત" સાહબ)

# શાને મશાયખ (૨૭૦)

(૭૦ પીર મશાયખ ૨૭૦ની શાનમાં 'મોમિન મિત્ર" માસીકમાં પ્રગટ થએલ નઝમ બહુજ બોધદાયક હોવાથી અહીં લેવામાં આવેલ છે :)

હઝરતે પીર મશાયખકા ભલા કયા કેહના !
જિનસે આગાહ હય ગુજરાતકા હર ફર્દ બશર,
આલમે શરએ નબી વાકિફે ઇસરારે ખફી,
આપકે ઇલ્મકા ફૈલા હય ઉજાલા ઘર ઘર.
ફખરે સાદાત થે અવર મુરશિદો હાદી ભી, મગર,
ખિદમતે કૌમમેં કી આપને કુલ ઉમ્ર બસર.
ભર દીયે સારે શરીઅતકે ખઝાને ઇસ તૌર,
બંદ દરીયાકો કીસી તરહ કરેં કુઝેમેં ગર.
હર કિતાબ આપકી હય શમ્એ હિદાયત લારૈબ;
સુનને વાલોંપે હુવા કરતા હય જાદૂકા અસર.
તાલિબે હકકે લીયે નુર દલીલે હુજ્જત;
જો કે ગુમરાહ હંય, ઉન્કે લીયે હાદી, રહબર.
કુફ્રો બાતિલતો ઠહરતાહી નહીં પાસ ઇસ્કે,
ખાક હો જાતે હંય બેદીન સરાસર જલકર.
બદ–અકીદા હો, મુનાફિક હો, કોઇ હો શીઆ;
બુગઝો શુબ્હા ન રહે દિલસે પઢે ઇસ્કો અગર.
એહલે સુન્નતકે અકાયદકા બજાયા ડંકા,
એહલે બિદઅતકી જડેં કાટદીં બા તેગે ઝફર.
વો ઝબાને ગુજરી યા કે વોહ ઉર્દુએ કદીમ.,
ઉસ્મે ઇસ તર્ઝસે એહકામે શરીઅત લિખકર.
એક બચ્ચાભી બા આસાની સમજલે મતલબ,
એક જાહિલભી સમજ જાયે બિલા ખૌફો ખતર.
કામ ઇસ્લામકે ઇસ તૌરસે અંજામ દીયે,
એહલે ઇમાન ફિદા કયું ન કરેં જાનો જીગર?

"કલીમ"

# ہدایاتِ ارکانِ اسلام

حضرت سیّد پیر مشایخ چشتیؒ نے اپنے مومن مریدیں کی ہدایت کیلئے ہزاروں بیان گجراتی حروف میں لکھے ہیں۔ جنمیں سے ایک بیان ہم نیچے پیش کرتی ہین

کہ عبادت کر رب ہو کے ری
یہ فرمودہ نبی کا تم سُنیو سویری
کہ رب ماں ہی شریک کچھ کرے رنا ہل
کہ ایک کر رب کو صحیح بوجھ مَن ماہل
اَنے نیہہ سو قیام کرے رے صَلوٰتا
اَنے بھی فرمایا دیوے رے زکوٰتا
اَنے رمضان کے رے روزے رے دھراوا
اَنے بیت اللہ کو حج کرنی رے چاوا
بھی مبارک زباں سُوں کہا صدقہ دینا
یہ بجھاتا ہے گناہوں کو سمجھنے لے نا
سو جیسا پانی ہے آگ کو بجھاتا
یوں صدقہ گناہوں کو ہے ٹھنڈا رے کراتا

(کتاب ایمان فصل پہلی)

# ઉર્દુમાં છપાએલ બયાન.

ઉર્દુ લીપીમાં આ પેજ પાછળ છપાએલ બયાન હ૦ સૈયદ પીર મશાયખ (રહ૦)ની કિતાબમાંનું બયાન છે. ઉર્દુ હરફોમાં પણ તે સાફ સાફ સમજાઈ શકે તેવું છે. વળી તે બયાનની હકીકતથી આપનો ઈસ્લામ પ્રત્યેનો કેવો ચોકખો એતેકાદ હતો તે સાફ જણાઈ આવે છે. આવા હઝારો બયાન આપે લખેલ છે. મોમિન કોમ માટે આ બધું ખુશ નસીબીભર્યું ગણાય. મજકુર ઉર્દુમાં છપાએલ બયાન અહીં નીચે ગુજરાતીમાં પણ રજુ કરીએ છીએ:—

**કે ઈબાદત કર રબ હો કેરી,**
**એ ફરમુદા નબીકા તુમ સુનીયો સવેરી.**
**કે રબ માંહી શરીક કુછ કરે રે નાંહાં,**
**કે એક કર રબકો સહી બુઝ મન માંહા.**
**અને નેહસૂ કયામ કરે રે સલાતા,**
**અને ભી ફરમાયા દેવે રે ઝકાતા.**
**અને રમઝાન કેરે રોઝે રે ધરાવા,**
**અને બયતુલ્લાહકો હજ કરની રે યાત્રા.**
**ભી મુબારિક ઝુબાંસુ કહા સદકા દેના,**
**યે બુઝાતા હય ગુનાહોંકો સમજને લેના.**
**સો જયસા પાની હય આગકો બુઝાતા,**
**યું સદકા ગુનાહોંકો હય ઠંડારે કરાતા.**

(કિતાબ ઇમાન ફસલ પેહલી)

## કિતાબો વિરૂધ્ધના રિવાજોથી દૂર રહો.

થોડા હય જિવના જગમાં, અંતે અમરકી રીત રે,
નિસ દિન નેકજ કામસુ, જન્નતસુ કરે પીત રે.
વયસે કરો રિઝે પીયૂ, નિસ દિન મનમાં ભાવ રે;
મત મન ભાતી બાત હય ઉસ્કા તુ રાખે ચાવ રે.

(ઇમાન ફસલ)

હ૦ પીર મશાયખ (રહ૦) એ કુરઆન અને હદીસોથી બતાવેલ દીનના અહકામ પાળવા અને તે મુજબ બરોબર અમલ કરવા, ખાસ કરીને અમારા સુન્ની ભાઇઓએ તો પુરેપુરો ખિયાલ રાખવો જોઇએ શાદી-વિવાહમાં થતા ગાનતાન જો કે, ઘણા ઠેકાણે બિલ્કુલ બંધ થઇ ગયા છે; છતાં કેટલાક કેહવાતા સમજદારોને હજુ સુધી તેવા ટાંકણે ગાંડપણ આવી જાય છે; દીનના હુકમોની પરવાહ ન કરતાં ઓરતો ગાવા મંડી પડે છે અને મરદો વાજિંત્રો વગાડી રાગ પુરાવે છે. આવા ઢાંગ સોંગ શાદી વિગેરે ટાંકણે તદ્દન બધ થવા જોઇએ. શરીઅતના ફરમાનો મુજબ બહુજ સાદગીથી ઉત્સવો ઉજવાવા જોઇએ.

વળી કેટલાક ઠેકાણે ઘરોમાં રેડીઓ અને ગ્રામોફોન ઉપર નાટકી અને સીનેમાના બિભત્સ અને પ્રેમ ચેષ્ટાના ગાયનો ગવાય છે અને તેને મોટા ન્હાના સઉ સાંભળવામાં બહુજ ધ્યાનપૂર્વક રસ લે છે, એ કેટલું બધું ખરાબ કહેવાય? એવા ગાયનો અને ચેષ્ટા સાંભળી ઘરના ન્હાના મ્હોટા આડા માર્ગે દોરાય તો પછી તેમાં કોનો વાંક કહેવાય?

જે ઘરોમાં અલ્લાહની ઇબાદતો થવી જોઇએ, કુરઆન શરીફનો દોર થવો જોઇએ (કેમકે તેમાં ઘણી બરકતો રાખેલ છે) ત્યારે ત્યાં ન્હાના મ્હોટાના મ્હોંઢે સીનેમા નાટકોના ગાયનો અલાપવા સિવાય બીજો વિર્દજ ન હોય, અને તેવા ગાયનો સાંભળી મા બાપ પણ ખુશ થાય અને બચ્ચાંઓના વખાણ કરે; એટલે તેનું પરિણામ સારૂં આવવાની આશા જ કેવી રીતે રાખી શકાય?

કેટલાક ઠેકાણે હજુ છોકરીઓના બદલા અને રૂપીઆ લેવાય છે, તે ગુનાહ ભર્યું કૃત્ય છે. તેવા બદલાઓથી સુખી થવાની આશા રાખવી ફોગટજ છે. અમુક લોકો કંઇ વિઘ્ન ઉભું ન થાય એના બંધન તરીકે ડીપોઝીટના કહીને રૂપીઆ લેવાના ઝાહિરમાં ઢોંગ કરે છે; પરંતુ ખરી રીતે તે બહાનાથી મઝકુર રકમ હડપ કરવાનીજ દાનત હોય છે.

આ બધા ખોટા કામો અને મુશરીકોના રિવાજોથી અમારા સુન્ની ભાઇઓએ બચવું જોઇએ. ખોટા કામોનું પરિણામ છેવટે ખોટું જ આવે છે. જેવા કૃત્ય કરવામાં આવશે તેવા ફળ ભોગવવા પડશે. જ્યારે સારા કામોનો બદલો જન્નત, અલ્લાહનો દીદાર વિગેરે છે; ત્યારે ખરાબ કૃત્યો તેમજ શરીઅત વિરૂધ્ધના કામોનો નતીજો અલ્લાહની નારાઝી, કબર અને કિયામતની સખ્તીઓ તેમજ દોઝખનો ભયંકર અઝાબ છે.

અલ્લાહ તઆલાએ સારાનો સારો અને ખરાબનો ખરાબ બદલો આપવાનો જે વાયદો કર્યો છે, તે કદી પણ ઝુઠો પડવાનો નથી. અલ્લાહ તઆલાના બધા વાયદા સાચા માનવા એ દરેક મુસલમાનનું ઈમાન છે. અલ્લાહના તે વાયદાઓ અને દીનના હુકમોથી બેપરવાઇ કરવી તેમજ મઝાક ઠઠ્ઠા કરવા એ ઇમાનની કમઝોરીની નિશાની છે. હ૦ પીર મશાયખ (રહ.) ફરમાવે છે કેઃ—

હય બોલ સાચા, અલ્લાહજી હો કેરા,
જે કરે વાયદા, ખાલિક રે મેરા.

હય વાયદા કીયા કે, બહિશ્ત દેવેગા,
જે બંદા આબિદ, સો જા લેવેગા.

ભી બહિશ્તકી નિયામતકા હય વાયદા કરીયા,
વાયદાભી દીદાર કેરા, હય મન ધરીયા.

ભી અવર રે વાયદે, અલ્લાહજી હંય દાખે,
વે સાચે રે વાયદે, સાચે સહી આખે.

ભી ઝાંસે હંય સાચે, અલ્લાહ કે રે કહીએ.
જો કહયા સો કરેગા, સહી મન લહીએ.
કે કિયામત આવે એ સાચા રે ઝાંસા,
ગુનાહ રે પુછેગા, જું હિસાબ તપાસા,
અવરભી ઝાંસે, જે દોઝખ રે ફેરે,
ઓસ બના દુજે હંય રે બહોતે રે,
એ સાચે હંય ઝાંસે, જે કહયા સો કરેગા,
તબ દેખ બંદા, બહોત રે ડરેગા.

ઝુઠા રે ઝાંસા ઉસકા ના કહીએ,
એ સાચા હય બોલ, સાચા રે લહીએ.
ઝુઠા રે ઝાંસા, અલ્લાહ કેરા નાંહા,
તો સાચા હય બોલ, વાએદોં કે માંહા.
અયસા હય ખાલિક, મન માંહે રાખો,
અકીદા રે સાચા યું કર દાખો.

(મોજિઝાત)

## ઇસ્લામી શરીઅતની મઝાક નકરો.

ગાફિલ દીન કેરા જો તુજે ચાવ રે,
હુકમ માન રાઝી હો મન ભાવ રે.
દેખ તુ કોઈ કોઈ કરે દીન બાત રે,
જે બાત હય ખુશ આવતી તેરી ઝાત રે.
કોઈ હુકમ નાંહિ માનતા કયું ગંવાર રે,
બુઝા ને હમના ઉસ્કા તુ બિચાર રે.

(ગઝવાત)

અલ્લાહની ઇબાદતના અને તેની ફરમાબરદારીના ચોકખા અને સાફ સાફ હુકમો છતાં, કેટલાક સજ્જાદા નશીનો અને રહબરીનો ડોળ બતાવનારા કેહવાતા સંત પુરૂષો એક તરફ

કુરઆન શરીફ અને હદીસોને માનવાની વાતો કરે છે, અલ્લાહ અને પયગમ્બરો ઉપર ઇમાન હોવાનો ડોળ બતાવે છે, તેમજ નમાઝ, રોઝા, હજ. ઝકાત વીગેરે અરકાન કહી સંભળાવે છે; પરંતુ તે સાથેજ તેના ખોટા અર્થ કરી જાહેલો અને ગમારોને ઉંધુ સમજાવી પોતાના સાથે નર્કાગાર તરફ ઘસડવાનુજ ઉત્તેજન આપી રહયા છે.

"નમાઝ એટલે દિવસમાં પાંચ વખત ઝમીનપર પેશાનીઓ રગડવાનું નામ નમાઝ નથી, રોઝા એટલે ભૂખ્યા રેહવાનું નામ રોઝા નથી, હજ એટલે દૂર દરાઝ સફર કરી મકકા—કાબતુલ્લાહ સુધી જવાનું નામ હજ્જ નથી, ઝકાત એટલે માલનો ૪૦ મો ભાગ ગરીબોને આપવો એતું નામ ઝકાત નથી; પરંતુ અમો બતાવીએ તે પ્રમાણે રકમ કાઢી અમોને આપો ! અમોને તથા અમારા ઘરવાળાઓને ફલતા પુલતા રાખો ! અમારી પૂજા સેવા કરો ! અમારા સામે ઝુકો ! ! એજ ઇસ્લામી અરકાનનો અર્થ છે ! એજ દીની અહકામ છે ! ! અને એમાંજ તમારી મુકતી અને નજાત છે ! ! !"

નમાઝ, રોઝા દરેક મુસલમાન પુરૂષ અને ઔરતો ઉપર ફર્ઝ છે. તે ઉપરાંત હયસીય્યત ધરાવનાર દરેક ઉપર હજ્જ અને ઝકાત પણ ફર્ઝ છે; ત્યારે કેટલાકો શરીઅતના તે બુનયાદી હુકમોને બાજુએ રાખી તરીકત, હકીકત અને મા'રેફતની સુફીયાની વાતો કરી, સુફીઝમના ઓઠા હેઠળ નમાઝ, રોઝા, હજ, ઝકાત વિગેરે ઇસ્લામના મુખ્ય અરકાન ઉપર અમલ કરવાના અખાડા કરી તેનાથી દુર રહી પોતાના બચાવ શોધે છે અને ઇસ્લામી અહકામને ઉપર જણાવ્યા પ્રમાણે જુદાજ રૂપમાં રજુ કરી તેને ઉતારી પાડવાની કોશીશો કરે છે.

બલ્કે ઇબાદતમાં અવતારી એતેકાદના પાઠોનું રટન કરાવવામાં આવે છે, તેમજ અમુક લોકોને અલ્લાહ તઆલાના અવતાર મનાવી તેમના સામે ઝુકવાના અને તેમનાથીજ દુન્યા અને આખેરતનું ભલુ થવાનું મનાવે છે. આ ઇસ્લામી તૌહીદની

માન્યતાનું ખુલ્લું ઉલંઘન નહીં તો બીજું શું કેહવાય ? આ હડહડતો શિર્ક નહિં તો બીજું શું મનાય ?

આ ખુલ્લો ગુમરાહીભર્યો સબક છે. આ ખુલ્લી બેદીની છે. ઇસ્લામના ચોકખા અને સાફ સાફ હુકમોને મારી મચડીને, પોતાના મનગમતા અને પોતાની મતલબ સાધનારા અર્થો કરી, અયશ આરામમાં રચ્યા પચ્યા રેહવા માટેજ આ બધી જાળ બીછાવેલી હોય છે. આવા કાવત્રામાં કોમના બની બેઠેલા ધર્મ ગુરૂઓ અને તેમના ખાંધીયાઓએ મઝબુત લોખંડી તંત્ર ગોઠવી તેમાં દરેક સ્ત્રી પુરૂષોને જકડેલા હોય છે. મુકિત અને છુટકારાના બહાને નીચમાં નીચ કામો કરાવવાને પણ સંકોચાતા નથી.

આથીજ, હ૦ પીર મશાયખ (રહ૦)એ એવા ગુમરાહી-ભર્યા માર્ગો તરફ ઘસડનારા સ્વાર્થીઓની અને અંધશ્રધ્ધાળુ ટોળાઓની સાફ સાફ પોલ ઉઘાડી દીધેલ છે. તેમના ફરેબ અને ધોકાબાઝીઓને સારી રીતે ઝાહિર કરી દીધાં છે. આપ ફરમાવે છે કે :—

હક કુ બંદા છુપાયકર, કયું સિધ્ધ કરશે કામ ?
જુવાબ દેના હય રબકુ, કિયામત કેરે ઠામ.
(મકતુલનામા)

હક અને ખરી હકીકતોને છુપાવી પોતાના મન પસંદ અને અયશ આરામભર્યા કામોને દીનના અહકામ બતાવવા; બલ્કે રાહે રાસ્ત ઉપર ચાલનારાઓને ખોટા ઠરાવવાની કોશીશ કરી અલ્લાહના ફરમાનોના પોતાની મરઝી પ્રમાણેના ઉંધા અર્થ કરી લોકોને ગુમરાહ કરવા એ કેટલું બધું નીચ કામ ગણાય ? આવા લોકોની હાલત 'ન ઘરના ન ઘાટના' જેવી થાય છે :—

યું જલ જલ કુડ કુડ હય તુજકુ મરના,
બાઝ સુવે ઘર તેરા દોઝખ મન ધરના.
તુજે દીનદાર મારે, ભી કાફિર રે નામા,
સુન અયસાતો રે સુખ હય દુનિકે ઠામા !

વે ભલતે રે ખુદા તુજે માર હય હિલાતે,
બોલ મા'બુદકે નામ તુજસુ લીએ નાંહી જાતે.

*  *  *  *  *

દેખો મુનાફિક કુદરત, અયસા ખાલિક અઝીમા,
જે તમારે ખુદાઓંકો, હય મારતા કરીમા.
તો ભુંડ બચ્ચે છોડકર, અયસે રબકુ જાનો.
અને તોબાહ કરને, મન ઇતના આનો; રે તુહી.

*  *  *  *  *

જે તમારે ખુદાઓંકો હય ખાલિક મરાતા,
વે જાનો દોઝખમાં હય તસુકુ બતાતા.
તો કયું ના તોબાહ કર ઉસ રબકુ પિછાનો,
અને નિસ દિન હર દિલ મન ઈતના આનો;
રે તુહી.

(મેઅરાજનામા)

અલ્લાહ તઆલાએ પ્રથમ બધા જીવો પાસે કરાર કરાવ્યો હતો કે, "મ્હારા સિવાય કોઇને ઇબાદતના લાયક માનવો નહી, કોઇને મ્હારો શરીક બનાવવો નહીં." અને એ પ્રમાણે દરેકે કબુલાત પણ આપી હતી કે :—

હમ તુજે રે પિછાને હમ અવર ના જાને,
હમ બાત રે શરીક કી નાંહી તુજમા રે આને.
રબે અંબીયા ભેજે કેહને કૌલકી નિશાની
તો ભી સિફત રે રબકી ના રે પિછાની ?
તો કાહે ના સઝા અબ ગુનાહોંકી પાવે ?
તો કાહે ના દોઝખમાં એ સેતી રે ઝુકાવે ?
સુનો મુનાફિકો હાલ અબ કયસારે તમારા ?
કયું કહયા નાંહિ માનતે તમે કહોને હમારા ?
હમ ખાતિમ નબીકે હંય દીનસુ કેહતે,
તમે બાત રે હમારી કયું સુન નાંહી લેતે ?

વે નબીજી હમારા જે ખાતિમ રસૂલા,
હય કરનાર શફાઅત સબ જીવોંકા મૂલા.
તમે અયસે રે નબીકા કહયા હો રે ફિરાતે ?
અને કહયા રે હમારા નાંહી ખાતિરમાં લાતે ?
તો કહો કોન થા બતાનાર રાહા કેરા રે તમારા ?
કયું છુટોગે દોઝખસૂ તમે અયસે રે આધારા ?
સહી દોઝખમાં તસુસૂ પેહલા વે રે જાવે,
તો કયસે રે ગંવારો વે તસુકુ છુડાવે ?
તો ભલા હય કે ઈત્ની બાત સુનોને મેરી,
કરો તવબા ને ચેતો મન દેઓ યું સવેરી;
રે તુહી.
અહદ લિયા મીસાકકુ, રબે સબકે પાસ રે.
રબે સબકે પાસ;
મુજે એક જાનકર, હોકર રહીઓ દાસ રે,
હોકર રહીઓ દાસ.

(મેરાજનામા)

અલ્લાહની સીફત બે નિયાઝ અને કોઇની હાજત વગરની છે. કુરઆન શરીફમાં "કુલ્હોવલ્લાહો અહદ" ની સૂરહમાં તો સાફ સાફ વાહદાનીયતની ચોખવટ કરી દીધેલ છે :—

કે બુઝુર્ગ ઝાત હય સિફત રે ઇલાહી
હય કદીમ એ કદીમ, અયસી બુઝોરે બડાહી;
નાંહી ઇને કુછ જનિયા, નાહી ઉસે કો'ને જાયા,
સબ ખલકત આલમ ઓને હય બનાયા.

(ઇમાન ફસલ)

"અલ્લાહ તઆલાને કોઇનો અવતાર માનવો અથવા તેણે અવતાર લઇ દુન્યામાં જુદા જુદા સ્વરૂપો ધારણ કર્યા છે" એ

માન્યતા તદ્દન ખોટી અને શિર્કવાળી છે. એ રાહ દોઝખ તરફ લઈ જનારી છે. આવા અકીદાના લીધે કિયામતમાં દોઝખનો અસહય અઝાબ ભોગવવો પડશે. અલ્લાહ તઆલાની સખત નારાઝી વ્હોરવી પડશે.

તબ રબ ફરમાવે તસુ શરીક કયું આના ?
અને એક કર મુજકો કયું દૂનિમાં ના જાના ?

* * * * *

તબ હોવેગા રે ગુસ્સા સહી અયસા રબ કેરા,
તો ના'રે આજ કયું પિછાનો ખાલિક રે સવેરા ?
તો ભલા હય કે કહયા એક સુનો રે મેરા,
કે રબકુ તો એક કર ચંત દો રે સવેરા.
તમે તોબા તોબા કરને મેરા કહયા રે માનો,
તમે છુટો દોઝખસૂ જો મત ઈત્ના આનો;
રે તુહી.

(મેરાજનામા)

હ૦ રસૂલે અકરમ (સલ૦)ની હદીસ છે, જેમાં ઇબાદત તરફ ધ્યાન આપવા અને શિર્કથી બચવા સંબંધી સાફ સાફ બયાન કરેલ છે. સદર હદીસને હ૦ પીર મશાયખ (રહ૦)એ નીચે મુજબ રજુ કરી છે :—

ભી હદીસ હંય કેહતે અબી હુરયરા જાનો,
રઝીઅલ્લાહ અનહો નામ રે પિછાનો.
કહા નબીજીકે પાસ એક એરાબી રે આયા,
સો ગામડીયા એરાબીકે નામસૂ રે સુનાયા.
ઉને આવને નબીકુ સવાલ રે કીતા,
મુજે અમલ બતાઓ પુછા રે સુનીતા.
કે જિસ રે અમલસુ મંય બહિશ્તમાંહી જાહુ,
અયસા અમલ બતાઓ કે બહિશ્ત મંય પ્રાહુ.

કર ઈબાદત નબીને કહા રબ હો કેરી,
કુછ શરીક તો ઉસમાં મત લાઓ અનેરી.
લિખએ હો જયસી તુ કર ને નમાઝા,
એ ખાતિમ કે હુકમકા, કયસા સુના રે અવાઝા?
અને દે તુ ફરજ જે હય રે ઝકાતા,
અને રમઝાન કેરે રોઝે ધર કહી રે બાતા.

(ઇમાન ફસલ)

## શરીઅતના ખિલાફ વર્તવાનું પરિણામ.

હ૦ પીર મશાયખ (રહ૦)એ લખેલ "મોજિઝાત" નામની કિતાબના છેવટમાં આપે નસીમી નામના એક બુઝુર્ગનું વર્ણન આપેલ છે. શરીઅતની પાબંદીમાં મઝકુર બુઝુર્ગે પોતાના જીવની પણ પરવાહ કરી નથી, એ હકીકત બોધ લેવા લાયક હોવાથી તેને ટુંકમાં નીચે રજુ કરીએ છીએ :—

"એક બાદશાહનો છોકરો મરણ પામ્યો. બાદશાહે ત્યાંના મુસ્લીમોને એકઠા કરી કહ્યું કે, મ્હેં સાંભળ્યું છે કે હઝરત પયગમ્બર (સલ૦)ની ઉમ્મતમાં કેટલાક એવા કામીલ લોકો થશે કે જેઓ બની ઇસરાઈલના નબીયો જેવા કામ કરી બતાવશે, તો તેની સાબીતી તરીકે તમો મ્હારા આ છોકરાને સજીવન કરો."

"બધા મુસ્લીમો વિચારમાં પડી ગયા અને તેવા કોઇ શખ્સની શોધખોળ કરતાં શહેરના બહાર એક જગ્યાએ યાદે ઇલાહીમાં બેઠેલા નસીમી નામી એક બુઝુર્ગ નઝરે પડવાથી તેમને બાદશાહના હુકમથી વાકિફ કર્યા."

"મઝકુર બુઝુર્ગ તે માટે તૈયાર થયા, પરંતુ તેમણે સઉને કહ્યું કે, તમો કાઝીની મ્હોર સાથે કરારનામું લખી આપો કે, મ્હારા વિરૂધ્ધ એ કૃત્ય સંબંધમાં કંઇ પગલા લેવામાં આવે નહીં. તેમના કેહવા મુજબ સઉએ કરાર કરી આપ્યો."

'બાદશાહના મરેલા છોકરા પાસે મઝકુર બુઝુર્ગે જઇ કહયું કે, ઉઠ ! મ્હારા હુકમથી ! ! એટલે છોકરો તરતજ સજીવન થઇ બેઠો થયો."

"બાદશાહ અને બધા લોકો આવા તેમના ચમત્કારથી ખુશી થયા; પરંતુ કાઝીએ કહયું કે, આ શખ્સે અલ્લાહનું નામ વચ્ચે ન લાવતાં પોતાના હુકમથી ઉઠવાનું કહયું, એ શરીઅતના ખિલાફ તેમનું વર્તન થયું એટલે શરીઅતના કાનુન પ્રમાણે તેમને શિક્ષા થવી જોઇએ."

તબ કાઝીને એતના બયાન બતાયા,
કે નસીમીસૂ ખતા હુવા રે દેખાયા.
કે આપસકે હુકમસૂ જીવતા કીતા,
અને નામ તો અલ્લાહકા નાંહી રે લીતા.
બની ઈસ્રાઈલ કે નબી નામ અલ્લાહકા લેતે,
અને આપસકે નામસૂ ના હુકમ રે કરતે.
તો નસીમીકુ મારના હય શરઆ* ફરમાતા,
એ બાત તો સુની સબ મુમિનોકી ઝાતા.
કાઝી કહયા પેહલા સબોંને હમું મહઝર+ કીતા,
સો તમારી મ્હોરસૂ લિખ નસીમીકુ દીતા.
અબ કયસે કાઝી કરો અયસી રે બાતી,
યું બોલે મોમિન સારી રે ઝાતી.
તબ નસીમીને કહયા તુમ એતા થે ચાતે,
પેહલે નબીયોંસૂ ઉમ્મતી હંય ખુબ રે કેલાતે.
બ્હોત ખુબી કે લીતે મંય અયસા રે આખા,
મેરે નામસૂ હુકમ એસે લે દાખા.

* શરીઅત-દીનનો હુકમ

\+ કાઝીની રૂબરૂ કરવામાં આવતું લખત.

એ તો બાત હો ચુકી અને સબ ગયે ડેરે,
ગએ નસીમી રાતકુ પાસ નબીજી કે સવેરે.
વે ખ્વાબ રે માંહી નબીજી પાસ થે જાતે,
અને દીદાર નબીકા નિત થે કરતે.
અને ઉસ દિન નબીકા ગુસ્સા રે દેખાયા,
તબ નસીમી કે દિલ બ્હોત ખવફ રે આયા.
તબ ફ જ ર કે વ ખ ત નસીમી આયે,
સો મ સ્જી દ માં હે આયે રે સુ ના યે.
અને કાઝી કે હુકમસૂ ખાલ આપકી ખેંચાઇ,
અયસી નબીજી કે ગુસ્સેકી ચિંતા દિલ રે આઈ.
અયસે કામીલ* ઉમ્મતી દેખો નબીજી હો કેરે,
મન નબીજીકા ડર અયસા ધરતે સવે રે.
તો તુ ના કયું ડરતા મુન મુનાફિક બાતી,
દેખ ખાતિમ નબીકી બ્હોત બુઝુર્ગ ઝાતી.

(મોજિઝાત)

## ઈબાદત કરો અને બુરાઇઓથી બચો.

હ૦ પીર મશાયખ (રહ૦)એ અલ્લાહની ઇબાદત માટે બહુજ તાકીદ કીધી છે. ઇબાદતના બયાનોની એ ફસલો "ઇબાદત"ના નામનીજ લએલી છે. તેમજ "ઇમાન"ના નામની એ ફસલો લખી છે, તેમાં પણ ઇબાદતની તાકીદ અને બુરાઇ-ઓથી બચવાની નસીહતો કરેલી છે. હ૦ રસુલે અકરમ (સલ૦) અને ખુલફાએ રાશેદીન (હ૦ અબુબક્ર સિદ્દીક, હ૦ ઉમર ફારૂક, હ૦ ઉસમાન, હ૦ અલી રદી૦) તેમજ બીજા અસહાબો, ઇમામો અને મુજતહીદો કેવી ચીવટ અને મોહબ્બત સાથે ઇબાદત કરતા હતા, તકલીફો અને મુસીબતોમાં પણ ઇબાદતથી બચવાના કોઇ બહાના શોધતા નહોતા, તે આપે બહુજ સારી રીતે સમજાવેલ છે.

* શરીઅતના હુકમો ઉપર પુરી રીતે અમલ કરનાર.

આપ લખે છે કે, જ્યારે એવા દીનના પેશવા અને બુઝુર્ગો અલ્લાહથી ડરીને તેની ઇબાદતનો એટલો બધો ખિયાલ અને ફિકર રાખતા હતા, ત્યારે તું કેવો બેશર્મ અને નફ્ટ છે કે, અલ્લાહની ઇબાદતથી બેપરવાઇ કરે છે તેમજ ઇબાદતથી બચવા માટે ખોટા ઢોંગ કરે છે.

વળી શિર્કના ગુનાહોથી બચવાની પણ આપે બહુજ તા'કીદ કરેલી છે. તે સિવાય બીજા ગુનાહોથી બચવા માટેના પણ ઘણા બયાનો લખેલા છે, તેમાંથી ટુંકમાં થોડીક બાબતો નીચે રજુ કરીએ છીએ. મોમિનોનો અલ્લાહ અને રસુલ (સલ૦) વિષે કેવો અકીદો હોવો જોઇએ, ઇબાદત માટે કેવી ચીવટ હોવી જોઇએ તેમજ બુરાઇઓથી બચવા માટે પુરેપુરો ખિયાલ રાખવો જોઇએ. એ સંબંધી હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે :—

કલ્મએ તઇયિબ બાબત—

**અશહદો અલ લાઇલાહ, ઈલ્લલ્લાહ કેહના,**
**મંય ગવાહી હું દેતા, એતા બુઝકર લેહના.**
**કે નહિં કોઈ માઅબુદ, પુજાકી ઠામા,**
**ઝમીં આસમાન કામ, જે તે બુઝો રે નામા.**
**મગર હય "એક અલ્લાહ," માઅબુદ હમારા,**
**વે હય પુજા કેરી ઠામ, દિલકે પિયારા.**
**અને અન્ન મોહંમદન, ઉસ બાઝ કહીએ,**
**ભી અબ્દોહુ વ રસૂલોહ, કેહ કર લહીએ.**
**કે મોહંમદ હંય બંદે, ઉસ રબ કેરે,**
**ભી એ હંય રસુલ, ભેજે રબને સવેરે.**

(ઇમાન ફસલ)

ઇબાદતની ખાસ તાકીદ—

ખાતિમ રસુલ જે જાનો રે,
સુલતાન અંબીયા પિછાનો રે.

એ બહોત ઇબાદત કરતે રે,
તહજ્જુદકી નમાઝ થે પઢતે રે.

નફિલકી નમાઝ કરાતે રે,
બહોત નબી ઇબાદત ચાહતે રે.

તુ જો ઉમ્મતી કેહલાતા રે,
કયું ના વે રિત મન લાતા રે.

"ખુલફાએ રાશેદીન" જાનો રે,
નબી બાઝ ખલિફે પિછાનો રે.

ઉન્હોંકું થા ઇબાદત ચાવા રે,
કરતે થે બહોત કર ભાવા રે.

અવરભી અસ્હાબી કહીએ રે,
એ ઈબાદત કરતે લહીએ રે.

બંદગીસૂ નેહ થે લગાતે રે,
દીન કાજે તન થે ગમાતે રે.

ઈબાદત મુજતહિદ કરતે રે,
નિસદિન વે જે બાત ધરતે રે.

નસીહત કયું મન નાંહી લાતા રે,
નિર્લજ નાંહી શરમાતા રે.

(ઈમાન ફસલ)

* * * *

યું ઇબાદત કેરી બુઝો રે રીતા,
કે ઈમાન કામીલ એ સબબરે કીતા.

એ અકીદા સુન્નત જમાત હો કેરા,
એ સુન સુન સહીકર લીજીયો સવેરા.

જે સુન્નત જમાત કહીએ ચાર યારી,
એ અકીદા અનુકા જે જમાત રે સારી.

સો મુજતહિદોં કેરે મઝહબ માંહા,
વે મઝહબ બના, કો સુન્ની રે નાંહા.
વે મઝહબ સુન સુન અંતરે દીજે,
અને ઇબાદત અયસી નિત નિત કીજે.

(ઇબાદત)

શિર્કથી બચવા વિષે —

કહા શરીક તો રબમાં કુછ કીજીયો નાંહા,
કભી મર રે જાહો કે જલો આગ માંહા.

(ઇનાન ફસલ)

જે મુજ માંહે શરીક અવર કિસે લાવે રે નાંહા,
વે ઇમાની કેહલાવે મોમિન કે માંહા.
ભી મુજપર તવકકલ આપ રાખે મન માંહા,
વે કામ મંય કરૂંગા, હાજત અવરકી નાંહા.

(મે'રાજનામા)

ફર્ઝ નમાઝમાં સુસ્તી ન કરો—

અને તરક ના કીજે, ફરઝ સલાતા,
સો જાન બુઝને, કહી ખાતિમને બાતા.
જે નમાઝ ફરઝકી, જાન બુઝને ગુમાવે,
સહી રબકા બંદા, ઉસે દુર રે રખાવે.

(ઇમાન ફસલ)

નમાઝ અને ઝકાત બાબત

અને નેહસૂ કયામ કરે રે સલાતા,
અને ભી ફરમાયા દેવે રે ઝકાતા,

(ઇમાન ફસલ)

ઝકાત ભી દેની, સુન ને ઇમાની,
એ ભી ઇમાનકી, બુઝ ને નિશાની.

(ઇબાદત)

રોઝા કિયામતમાં વસીલો થશે—

હંય રોઝે ધરને સુન રે ઈમાની,
એભી ઇમાન કેરી બુઝો રે નિશાની.
રોઝે વસીલા હોવેંગે તેરે રે,
હિસાબ જિસ દિન દેના સવેરે રે.

(ઇબાદત)

એક વખત બયતુલ્લાહની હજ ફર્ઝ—

અને રમઝાન કેરે રોઝે રે ધરાવે,
અને બયતુલ્લાહકુ હજ્જ કરની રે ચાવે.

(ઈમાન ફસલ)

હય હજ્જ રે કરની સુન રે ઇમાની,
એ ફરઝ રે હોવડી એક બાર જાની.
સુન સુન મોમિન ચાવસૂ રાખ મન એ નેહરે,
હજ્જ તો મકકે જા હય કરની, કાજ છુટન દેહરે.

(ઇબાદત)

કુરઆન શરીફની ફઝીલતને માનો—

સો કુરકાને મજીદ કુરઆન રે નામા,
એ કિતાબ હય ખુદાકી સહી બુઝ દિલ ઠામા.
અને બિસાર ને છોડે પઢ ને કુરઆના,
એભી ગુનાહ કબીરા હય રે જાના.

(ઈમાન ફસલ)

શરાબ બુરાઈયોની જડ છે—

ન શરાબ રે પીના ફિર ખાતિમ ને આખા,
સબ બુરાઇકા શિરા હય શરાબ રે દાખા.

(ઇમાન ફસલ)

ઝિના અને ખુનથી બચો—

ભી ઝિના ના કરના, કાન ધર સુનના
અને ખૂન તો કિસીકા ના રે કરના.

(ઇમાન ફસલ)

કોઈને ખોટું તોહમત ન લગાડો—

કીસી શખ્સકુ તોહમતકી મત કરો રે બાતી,
જિસ તોહમત સેતી વે પાક હય ઝાતી.

(ઇમાન ફસલ)

ચોરીથી ઇમાન દૂર થઇ જાય છે—

કે ચોરી કરતે વે મોમિન નાંહા,
તો મોમિન બિના હુવા કાફિરોંકે માંહા.

(ઇમાન ફસલ)

જાદૂ અને વ્યાજથી દૂર રહો—

ભી જાદૂ ના કરના, કાન ધર સુનના,
ભી બિયાજ ના ખાના, બાત મન ધરના.

(ઇમાન ફસલ)

લાંચ રૂશ્વત મોટો ગુનાહ છે—

અને લાંચ ભી લેની એ ભા કબીરા ગુનાહ,
એ સુન સુન યાદ રાખો રે મન્ના.

(ઇમાન ફસલ)

મા બાપને દુઃખ ન આપો—

કે મા બાપ તેરેકુ રંજ રે ના કીજે,
કે આઝાર ના દેના સમજ એ લીજે.

(ઇમાન ફસલ)

વ્યાજની લેવડ દેવડનો નતીજો—

સુન સુન બિયાજ ના ખાવા રે,
મનમાં ભી કરના ના ચાવા રે.
બિયાજ હય લોભ કાજે ખાતા રે,
ખવફ રબ મન નાંહી લાતા રે.
બિયાજસુ પુજી વે કરાવે રે,
લડકોં કુ વે તુ ખિલાવે રે.
ખાવે ખાવે કુટુંબ વે સારા રે,
ત્યું હોવે હોવે તુ હત્યા ગારા રે.
હિસાબ વે હોવે તેરે શિસા રે,
પિછે રબ તુજે કરે રિસા રે.
સુન જાગ ગાફિલ એ બાતી રે,
રબ સેતી ડરો દિન અવર રાતી રે.
ઇમાની હો બિયાજ ના ખાના રે,
તવબા કર હો મોમિનકી શાના રે.
મોમિન હો હુકમ ભનાયા રે.
ઈમાન તો ઉને હય ગમાયા રે.

(ઇમાન ફસલ)

કુફર કામોથી પરહેઝ કરો—

બહોત કુફરકી કરાહત મન હય કરની,
કે કુફરકી બાત ભુંડી મન હય ધરની.

નિત કુફ્રકી શંકા બહોત મન રે લાવે,
સો કુફ્રકી બાતોંસૂ નિત ભાગા રે આવે.
કે કુફ્રથી ઉસ્કુ રબે બાહર રે કઢાયા,
રબે દિયા રે ઈમાન મોમિન કેહલાયા.
એ પિછે બાઝ કુફ્રફૂ ના રે આવે,
કે કુફ્રકી શંકા મન રે લાવે.

* * * * *

કે પરહેઝ રે કરના જે બુરી રે બાતી,
એ હકીકત તકવા કેરી હય સુનાતી.

(ઈમાન ફસલ)

ખોટી આસ્થાઓથી બચો—

અને ડર બ્હોતેરા કરો દિન અવર રાતી,
અને ખતરે હો સેતી, કરો આપ પાક ઝાતી.
અને દૂઆ એ રે માંગની, રબ ઇમાનસૂ મારે,
અને રાહા આકેબતકી નેક હમારી સવારે.
સહી મન ડરસૂ ખાલી રેહવે નાંહા,
હોવે દોઝખકા ડર બ્હોત મેમિનકે માંહા.
એ તિલ તિલ ઘડી ઘડી ડર બિસારના કયસા ?
જો ઈબ્લીસ જયસા, હય દુશ્મન વયસા ?
તો કામ રે શયતાની સબ મનસૂ બિસારો,
હય દુશમન જીતના નાંહી તિલ તમે હારો.
સહી ફિકરસૂ ફારિગ, અબ રેહના કયસા ?
નાંહી ઉમ્મેદ જિવેકા, એક પલક વયસા.

(મેઅરાજનામા)

હલાલ હરામ કેવી રીતે સમજાય?

ગાફિલ સો સો હય જનમ ગમાતા રે,
બયાન એ દીનકે મન નાંહી લાતા રે.
મન ધર સુન ને દીનકી બાતી રે,
મત સો મૂરખ દિન અવર રાતી રે.
સુને બિના દીન નાંહી પાવે રે,
હરામ હલાલ નાંહી જણાવે રે.
કે બુઝે બિના કામ અયસે કરસી રે,
ગુનાહ કબીરે વે મન માંહે ધરસી રે.
ઓસથી ભલા સુન મેરી બાતી રે,
કે સુન એ મત સો, દિન અવર રાતી રે.
(ઇબાદત)

સંગઠન માટે ખાસ અર્ઝ.

ઈમાની કરો ને મેલાવા રે,
ભાઈ દીન મિલ કરો ચાવા રે;
મદદ હય એક એકકી કરની રે,
દિલ માંહી બાત દીન ભરની રે.
(ઇમાન ફસલ)

અલ્લાહ તઆલાનો હુકમ અને હ૦ પયગમ્બર (સલ૦)ની હંમેશ એજ હિદાયત હતી કે, મોમિનો—ઇમાનદારોએ આપસમાં ઇત્તેફાક અને સંપથી રેહવું અને તેમાંજ તેમની ભલાઇ તથા બેહતરી છે.

હ૦ પીર મશાયખ (રહ૦) એ પણ ઉપરના અશઆરોમાં દીનદાર અને ઇમાની મોમિન ભાઇઓને આપસમાં સંપ રાખવાની

તેમજ એક બીજાની મદદમાં ઉભા રહી દીનના કાર્યો કરવાની ખાસ તા'કીદ કીધી છે."

સંગઠન અને સંપ એવું બળ છે કે, જેનાથી દીની અને દુન્યવી દરેક કામ બહુ આસાનીથી પાર પડી શકે છે. ગમે તેવા સખત વિરોધ ઉભા થાય, ગમે તેવી રૂકાવટો આવી પડે; છતાં સંપ સામે તેવા વિરોધી બળ કદી પણ ફાવી શકતા નથી.

ખાસ કરી અમારા સુન્ની ભાઇઓએ નેક નીય્યતથી અને ખાલિસ મને એક બીજાનો સાથ આપી, દરેક દીની અને દુન્યવી કવમી ભલાઈના કામો કરવા માટે ભગિરથ પ્રયત્નો કરવા જોઇએ. અને તેમ કરવાથીજ દરેક કામમાં ફાવી શકાશે.

ધાનધાર, પાટનવાડા, મહીકાંઠા, સાઠ, કાઠીઆવાડ વીગેરે ગમે તે જીલ્લાના ભાઇઓ હોય, એક બીજા સાથે મળીને કોશીશો કરવાની ઝરૂર છે. એક બીજાને હલકી નઝરે જોવાનું, પોતાના જીલ્લાવાળાઓને સારા ગણી બીજાઓની બુરાઇઓ કરવાનું મુકી દઇ તેમજ શ્રીમંતાઇ અને પોતાની ઇલ્મીયતનો ફખર તજી દઇ, દરેક સાથે હળીમળી કવમી ઉન્નતી માટેના ગમે તેવા મોટા સાહસો કરવામાં આવશે, ગમે તેવું મોટું કામ ઉપાડવામાં આવશે તો તેમાં પણ બહુ આસાની સાથે કામયાબી મેળવી શકાશે.

દરેક જીલ્લાના સમજદાર આગેવાન ભાઇયોએ પોતાને ત્યાં એવું વાતાવરણ ઉભું કરવું જોઇએ, એવી રીતે લોકોને તૈયાર કરવા જોઇએ કે, તેઓ આપસમાં તેમજ બીજા જીલ્લા-વાળાઓ સાથે હળીમળી ઉમંગ સાથે સારા કામોમાં સાથ આપે.

કેટલાક વિરોધીઓ તરફથી સુન્નીઓને હેરાન કરવા તેમજ બળજબરીથી દબાવવાની કોશીશો થઇ રહી છે. હ૦ પીર મશાયખ (રહ૦) જેવા બુઝુર્ગ રાહબરની બુરાઇઓ કરી તેમની કિતાબો વિરૂધ્ધ ખોટા પ્રોપેગેન્ડા કરી રહયા છે. ધાર્મીક સ્થળોમાં પોતાના મતનો પ્રચાર કરવા અને સુન્નીઓ વિરૂધ્ધ શરારતો કરવા માલના અને લાગવગના ઝોરે બનતું કરી રહયા છે; પરંતુ

તે બાબતમાં સુન્ની ભાઇઓએ ઉશકેરાઇ ન જતાં બહુજ શાંતી ભરી રીતે તેના મુકાબલામાં દ્રઢ રેહવું જોઇએ. એવી ખોટી શરારતો સામે બરોબર રિતસર કાયદાથી પગલા ભરવા જોઇએ.

અત્યારનું વાતાવરણ અને સમય બહુ નાઝુક હોવાથી આપસમાં એક બીજા તરફના હલકા ખિયાલો દુર કરી તેમજ પોતાના ઝાતી સ્વાર્થને બાજુએ રાખી, સંપ અને ઇત્તેફાકથી એક બીજાના ટેકામાં રહી કામ કરવું જોઇએ. કોઇને નુકસાન થાય, વેરભાવ ઉત્પન્ન થાય એવી કોઇ કોશીશ ન કરતાં, બીજાઓને પોતાનાથી ફાયદો પ્હોંચે એવાજ હંમેશ વિચારો અને વર્તણુક રાખવી જોઇએ. એમાંજ આપણી બેહતરી અને ઉન્નતી સમાએલી છે.

પીત સહી રંગ સાચા રંગાહો રે,
ભાઈ પણે કી પીત સૂ ચા હો રે.
સુનને કરો મન નેહા રે,
ભાઇકો ભાઈ ના દેવે સેહા રે.
(મો'જિઝાત)

* * * *

દુરીજન દાવે હય પડીયા રે,
ઉંડા ઉંડા સોચ મન ધરીયા રે.
બાત કોઈ કિસી દિલ આવે રે,
અતરેકુ દૂર તબ કરાવે રે.
( ઇમાન ફસલ )

★

## "જીવન ચરિત્ર" પર એક નઝર.

હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦) નું જીવન કેટલું બધું ધાર્મીક અને દીનદારીભર્યું હતું, તેમજ અલ્લાહની મુહબ્બત અને હ૦ પયગમ્બર (સલ૦)ની પયરવીમાં તેઓ કેટલા બધા લીન અને મુસ્તકીમ હતા, તે આપનાં 'જીવન ચરિત્ર"થી જણાઇ આવે છે.

આપે દુન્યાની મોટાઇ અને માન મરતબાની તેમજ ઝમીન જાગીરની લાલચની લેશ માત્ર પણ પરવાહ કીધી નહોતી. એ હકીકત, બાદશાહ ઔરંગઝેબ-આલમગીર સાથેના આપના ઘાડો સંબંધ હોવા છતાં સાફ સાફ જણાઇ આવે છે. એક વેળાએ બાદશાહે જાગીર આપવાનું પણ કહયું હતું. પરંતુ આપે તે સ્વીકારવા સાફ સાફ ઇન્કાર કર્યો હતો. (જુઓ "સાદી શિખામણ" અને "તવારિખે પીર.")

વળી અમદાવાદમાં આવેલી આપની દરઘાના વકફ કેસમાં ત્યાંની ડીસ્ટ્રીકટ કોર્ટના વિદ્વાન જજ શ્રી. એસ. જી. ખારકર સાહબે પોતાની જીણવટભરી ઇતિહાસીક તપાસમાં હ૦ પીર મશાયખ (રહ૦)ના સાદગીભર્યા જીવન અને ગરીબ મુસલમાન વસ્તી સાથેના આપના દીનદારીભર્યા નિકટના સંબંધ બાબત જે વિવેચન કરેલ છે તેથી જણાયું છે કે, આપ મુરીદોના માલ સમેટી તેના ઉપર તાગડધીન્ના કરવા માગતા ન્હોતા, બલ્કે રઇસાના ઝિંદગી યાને ઠાઠ-માઠવાળું જીવન ન ગુઝારતાં, દુરવેશી અને દીનદારીભર્યું સાદું જીવન ગુઝારી તબ્લીગી સેવા કીધી હતી. (જુઓ-હ૦ પીર મશાયખ રહ૦ નો દરઘા કેસનો ફેસલો.)

શિર્ક અને બીદઅતોની જડ ઉખાડી દીધી છે. અલ્લાહના હુકમોના આધિન થઈ ઇબાદત કરવાથીજ દરેકનો છુટારો થશે. ઠગારાઓની અને સ્વાર્થીઓની સારી રીતે પોલ ઉઘાડી દીધી છે. મઝહબી બાબતમાં આપ સુન્ની-હન્ફી અકીદાના બુઝુર્ગ હતા અને તેજ અકીદા મુજબ ચાલવા આપે તાકીદ કીધી છે.

(જુઓ-દીવાને મશાયખ.)

હ૦ પીર મશાયખ (રહ૦)એ પોતાના આખરી કાળ સુધી –ઝિંદગીભર અલ્લાહ અને હ૦ રસુલુલ્લાહ (સલ૦) ની ફરમાબરદારીમાં પોતાનો વખત ગુઝાર્યો. બીજાઓને પણ અલ્લાહના માગ તરફ દોરવા અને ગુમરાહીથી જાણીતા કરી બચાવવા આપે સખત તકલીફો ઉપાડી તબ્લીગી સેવા કીધી. તેમજ આપના બાદ પણ લોકો સુધી ઇસ્લામી સંદેશ પ્હોંચે અને ગુનાહોથી બચી દુન્યા અને આકેબતનો સારો લાભ લે તે સારૂ આપે કિતાબો લખી મુકતા ગયા એ પણ આપની મોટામાં મોટી દીની ખિદમત થએલ છે, જે આપણને તેમના "જીવન ચરિત્ર" થી જણાઇ આવ્યું છે.

આપણ સઉ તેમના બતાવ્યા પ્રમાણે અલ્લાહ તઆલાની ફરમાબરદારીમાં મુસ્તકીમ રહીએ અને હ૦ રસુલે અકરમ (સલ૦) ની પયરવીમાં પોતાની ઝિંદગીનો વખત ગુઝારી આકેબતનો મોટામાં મોટો લાભ ઉપાડીએ. અને અલ્લાહ તઆલાથી દુઆ ચાહિએ કે, મઝકુર બુઝુર્ગે કરેલી દીની સેવાનો તેમને સારો બદલો આપે અને આકેબત ખૈર કરે. આમીન.

છેવટે હ૦ પીર મશાયખ (રહ૦)એ માંગેલ દુઆ સાથેજ આ "જીવન ચરિત્ર" ની હકીકતને પૂર્ણ કરવામાં આવે છે :—

**યા રબ્બુલ આલમીન કર આકેબત ખૅરા,**
**ઉસ નબીકી દોસ્તી કર મુજપર મૅરા;**
**સો દોસ્તી ખાતિમ નબીજી કેરી,**
**તુ દુઆ રે કબુલ રબ તુ મેરી.**

(વિસાલનામા)

* * * * *

**કે રબ હય જાનતા મંય કીએ જે કામા,**
**રબ અજર દેવે મુજે કિયામત ઠામા;**
**સો દોસ્તી ખાતિમ નબીજી હો કેરી,**
**મંય ઉમ્મેદકી ચિંતા એ રાખી હય સવેરી.**

(મકતુલનામા)

# પીરી મુરીદોનો સંબંધ.

હ૦ પીર મશાયખ (રહ૦) ની ઔલાદમાંના, થોડાક વરસો ઉપર થઇ ગએલ એક બુઝુર્ગ પીર સૈયદ ગુલામઅલી (કદ.) સાહબ મુંબઇમાં દાદર સ્ટેશન પાસે રેહતા હતા. તેમનો કેટલોક એહવાલ આ "જીવન ચરિત્ર"માં પ્રથમ આપેલ છે.

આપ મુરીદો પાસેથી માલ સમેટનારા પીર ન્હોતા. ગામે ગામ અને ઘરે ઘર ફરિ મુરીદો પાસેથી નાણા ઉઘરાવતા ન્હોતા. પીરાઇનો કર (ટેક્ષ) વસુલ કરવા ગામે ગામ મુખી (એજન્ટ) રાખી વાર્ષિક તેમજ જુદા જુદા બહાનાથી પૈસા પડાવવાનો ધંધો કરતા ન્હોતા.

મઝકુર બુઝુર્ગ પીર ગુલામઅલી સાહબ મુરીદો સાથે દીની ભલાઇ ખાતિર સંબંધ રાખતા હતા. હંમેશ મુરીદોને આખેરતની બેહતરીની નસીહત કરતા હતા. સને હિજરી ૧૩૨૬ માં એટલે ૪૬ વરસ પેહલા આપે એક ઇશ્તેહાર આપના મોમિન મુરીદોની દીની હિદાયત ખાતિર બહાર પાડેલ હતું, જે દરેક પીરો અને મુરીદોને નસીહત લેવા જેવું હોવાથી તે અહીં અમો રજુ કરીએ છીએ :—

૧—અલ્લાહ તઆલાના સિવાય બીજાની બંદગી કરવી નહી. અને ખુદાતઆલા એક છે, તેનો બીજો કોઇ શરીક નથી.

૨—કુરઆન શરીફ ખુદા તરફથી ઉતરેલી કિતાબ છે તેને સાચી જાણવી.

૩—હ૦ રસુલે કરીમ (સલ૦) ખુદાના તરફથી મોકલેલા નબી (પયગમ્બર) છે. તેમને બરહક રસુલ સમજવા તથા તેમના તમામ અસ્હાબો ઉપર નેક એતેકાદ રાખવો. તેઓમાંના એક પણ અસ્હાબીની શાનમાં બુરી વાત તથા ખરાબ શબ્દો વાપરવા નહી.

૪—હ૦ રસુલે ખુદાની જેટલી હદીસો તથા એહકામ છે એમને સાચા જાણી તેની બરાબર પયરવી કરવી તથા મારા દાદા

હ૦ પીર મશાયખ ચિશ્તી (રહ૦)એ ફિકાહ તથા હદીસ શરીફની કિતાબો ઉપરથી લખી આપેલ કિતાબો સહી જાણવી. અને મજકુર કિતાબો સુન્નત જમાત-હનફી મઝહબ પ્રમાણે લખેલી છે તે મુજબ અમલ કરવું.

૫—આપણા હન્ફી મઝહબના પેશવા ઇમામ આઝમ અબુ હનીફા (રહ૦)ની તાબેદારી કરવી. એમના અકાયદ તથા ફિકહના મસાયલ માફક ચાલવું તેમજ છોકરા તથા છોકરીઓને કુરઆન શરીફ તથા મઝકુર ઇલ્મ પઢાવવું.

૬—અરકાને ઇસ્લામ એટલે પાંચ વખતની નમાઝ પઢવી, રમઝાન શરીફના રોઝા રાખવા, માલદાર હોય તેણે કાઅબા શરીફની હજ કરવી. અને માલે નિસાબ એટલે જેટલા માલ ઉપર ઝકાત કાઢવાનો હુકમ છે તે પ્રમાણે ઝકાત કાઢવી.

૭—અમ્ર બિલ મારૂફ તથા નહિ અનીલ મુનકર, એટલે ખુદાના તરફથી જેનો હુકમ આવેલ છે તે કરવું. અને જેની મના કરેલ છે, તેને નહિ કરવું. તેનો હંમેશા ખિયાલ રાખવો.

૮—જુમ્આ તથા ઇદની નમાઝ ખુત્બા સહીત પઢવી. પાંચ વખતની નમાઝ હંમેશા જમાઅત સાથે પઢવી. મસ્જીદમાં મુલ્લાઓ બાંગીઓ રાખવા, કે જેથી બાંગ તથા નમાઝ વખતસર થાય અને કુરઆન શરીફ તથા કિતાબો પઢાવવા માટે કોઇ સારો સુન્નત જમાઅતના અકીદાનો મોલ્વી રાખવો.

૯—નિકાહ, તલાક તથા વારસાની બાબતમાં આપણા સુન્નત જમાઅતના મઝહબ પ્રમાણે ચાલવું. આપસમાં કંઇ તકરાર ઉઠે તો તેનો ફેસલો શરીઅત મુજબ કરવો. કોઇ રિતભાત શરીઅતથી ખિલાફ હોય તેને ધર્મ વિરૂધ્ધ સમજવી અને કરવી નહીં.

૧૦—ટુંકમાં જણાવવાનું કે, દરેક બાબતમાં રસુલે ખુદા (સલ૦) ની પયરવી કરવી. તમની નાફરમાની કરવાથી દુનિયા અને આખેરતમાં મોટી નુકસાની થશે; કારણ કે ઉસુલે મારેફત (ખુદાને કેવી રીતે ઓળખવો) તથા ઉસુલે બઝાતે અહદીયત

(ખુદાના ઇશ્કમાં ફના થઇ જવું) એ બન્ને વાતો શરીઅતની મઝબુત રસ્સી પકડવા સિવાય મળવી મુશ્કેલ છે.

ઓ વ્હાલા ભાઇઓ, તમે યાદ રાખો કે આ દુનિયા આખેરતની ખેતી છે. એટલે તમારાથી જેમ બને તેમ દુનિયામાં ભલાઇના કામો કરવા જોઇએ. તમો દુનિયામાં સારા કામો કરશો તો ખુદા તમને તેનો દસ ઘણો બદલો આપશે. અને જો તમે ખોટા કામો કરવામાં ઉમર ગુમાવશો તો કિયામતમાં તેની સઝા ભોગવવી પડશે. ત્યારે પસ્તાવાથી કાંઇ ફાયદો થશે નહીં.

તમોએ મ્હારાથી બેઅત કીધી છે તેથી મ્હારી ફર્ઝ છે કે, એવી ઝરૂરી દીની બાબતોથી તમને ખબરદાર કરી, ખરો રસ્તો દેખાડવો જોઇએ. મ્હારા મુરીદોમાંથી જે લોકો આ શરીઅત મુજબના લખાણુ પ્રમાણે અમલ કરશે તેનાથી ખુદા અને તેના રસુલ (સલ૦) રાઝી થશે અને હું પણ ખુશ થઇને તેઓના હકમાં દુઆએ ખયર કરીશ.

ઓ ખુદા તઆલા ! તારા હબીબના સદકાથી મને તથા મારા મુરીદોને તથા કુલ મુસલમાનોને નેક કામ કરવાની તૌફીક આપ અને દરેક બલા આફતોથી બચાવીને દુન્યામાંથી ઇમાનના સાથે ઉઠાવજે. હ૦ નબીએ કરીમ (સલ૦) ની શફાઅત અને તારો દીદાર નસીબ કરજે. અને મુસલમાનોમાં ભાઈપણું કાયમ રાખજે. આમીન. વ આખેરો દઅવાના અનિલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.

લી૦ સૈયદ ગુલામઅલી સૈયદ અહમદહુસેન ચિશ્તી
(સને ૧૩૨૯ હિજરી)

## પીર કેવા હોવા જોઈએ ?

વર્તમાન યુગમાં પીરોના નામે જે કમાઇ ખવાનો ધંધો આદરમાં આવ્યો છે તે અતી ધિક્કાર પાત્ર છે. પીર કેવા હોવા જોઇએ અને સાચા પીરની ઓળખ શું છે, એ વીષે સુફીએ કામીલ હ૦ મવલાના શાહ વલીયુલ્લાહ સાહબ દેહલ્વી (રહ૦)ના અલ-કવલુલ જમીલ નામક પુસ્તકમાંથી પીરો સંબંધીની શર્તો મનન કરવા લાયક હોવાથી તેને અહીં રજુ કરી છે, જેને જનતા સમજી તે પ્રમાણે અમલ કરે.

**પહેલી શર્ત**—"આ છે કે, જે શખ્સ લોકોને મુરીદ બનાવે તેમાં આ વાતોનું હોવું ઝરૂરી છે કે:- કુરઆને હકીમને સારી પેઠે સમજતો હોય, હદીસ શરીફને સારી રીતે જાણતો હોય, ધાર્મીક જ્ઞાનથી પૂરેપુરો માહીતગાર હોય, અલ્લાહ-રસૂલ (સલ૦)ના હુકમો અનુસાર ચાલનાર હોય; કેમકે મુરીદો થનારને નેકીનો માર્ગ દેખાડવા, ધર્મના પંથે પાડવા, આત્મીક શાંતીની પ્રાપ્તી કરવા, કુમાર્ગથી બચાવવા અને સદચારીત્ર્યવાન બનાવવાનોજ પીરનો આશય હેય છે. જો પીરમાં આ વતો નથી તો તે મુરીદ માટે શ્રાપ સમાન છે."

**બીજી શર્ત**—આ છે કે, "પીર પરહેઝગાર હોય, ખુદાથી ડરતો હોય, પાપથી ન્હાસ્તો હોય, મ-લબકે નેક ચલન હોય; કારણ કે જો પીર પોતે આ ગુણોથી ખાલી હશે તો, મુરીદો તેનાથી શું લાભ ઉપાડી શકવાના હતા ? જે સદમાર્ગી નથી તેનાથી બીજાને શું મળી શકવાનું હતું ?

**આં કસ કે ખુદ ગુમરસ્ત કીરા રહબરી કુનદ ?**

યાને જે પોતે ભટકેલો છે, તે બીજાની રહબરી શું કરી શકવાનો હતો ?"

ત્રીજી શર્ત—એ છે કે. "દુન્યા પ્રેમી ન હોય, પૈસા મેળવવાનો લાલચુ ન હોય અને આખેરતનો ડર રાખનાર હોય,

ધાર્મીક ફર્ઝ હંમેશા અદા કરતો હોય, કુરઆન અને હદીસ મુજબ ચાલતો હોય, અલ્લાહની યાદમાં રચ્યો પચ્યો રેહતો હોય.

**ચોથી શર્ત**—આ છે કે, "લોકોને–મુરીદોને હંમેશા નેક માર્ગે દોરવે, ખોટા માર્ગે જતા અટકાવે. પોતાનો અંગત લોભ અને લાલચ રાખતો ન હોય અને મુરીદોની દુન્યા સાથે તેમના દીનનું પણ રક્ષણ કરતો હોય."

**પાંચમી શર્ત**—આ છે કે, "પોતાના જીવનનો મોટો ભાગ સારા સારા આલીમો, સુફીઓ અને ધર્મ ધુરંધરોની સેવામાં રહયો હોય. તેમની સંગતથી ધર્મજ્ઞાન મેળવ્યું હોય, તેમનાથી ફયઝ હાસિલ કર્યો હોય." આ શર્ત એટલા માટે છે કે, જેવી રીતે એક અજ્ઞાન, જ્ઞાનીના સંગત વીના જ્ઞાન મેળવી શકતો નથી અથવા કોઇ વિદ્યાર્થી શીક્ષક વિના કંઇ શીખી શકતો નથી, એવીજ રીતે જ્યારે તે પીર આ ગુણોથી ખાલી હશે તો, પછી એક મુરીદને દુન્યવી ખરાબીઓથી તે બચાવી શકતો નથી.

સૈ૦ પીર મશાયખ ફરમાવે છે કે—

કાલા પીર ચરપટ રાખે આપ માંહા,  
એ અઝાઝીલ કહીએ, પીર કે નાંહા.  
બહોત નામ પીર હંય જગ કે માંહા,  
સુધી રાહ ઓનુસુ પાવે રે નાંહા.

મૌલાના રૂમ ફરમાવે છે કે—

અય બસા ઈબ્લીસ આદમ રૂએ હસ્ત,  
પસ બહર દસ્તે ન બાયદ દાદ દસ્ત.

# આપણી તરફથી છપાએલ સાહિત્ય

ફિકાહનો થોડોક હિસ્સો
હુલીયા બે સાહબો તરફથી
સમાએ પીર મશાયખ
સયફુલ મશાયખ
વસીલતુન નજાત
ઇમાનના મોતી
ઇબ્ને ઝુબૈર
મેતા ખુન કેસનો વધારો
મેતા ખુન કેસનો ફેસલો
દરઘા કેસનો ફેસલો
ઇસ્લામી અહકામ
નમાઝ અને જમાઅત
રમઝાન અને રોઝા
પીર મશાયખનું જીવન ચરિત્ર
" " બીજી આવૃત્તી
મહીકાંઠા ધારા ધોરણ
હન્ફી ફતવા
વિરસો અને મોમીન કોમ
શરીઅતનું ફરમાન
સિરતે નબવી
પાખંડી પીર
મોહર્રમની બીદઅતો
શારદા એકટ
શારદા એકટ (ઉર્દુ)
કાલેડાના સવાલ જવાબ
આલિમ પિતા
સત્યનો ચમત્કાર
લોહીના આંસુ
ઇસ્લામી પરદો
કેળવણી કોન્ફરન્સના પ્રમુખનું ભાષણ
સ્વા. પ્રમુખનું ભાષણ
પાલનપુર મદ્રસા જલ્સો
ગઠામણ મદ્રસા રિપોર્ટ
સયફુલ્લાહ.

એ સિવાય "મોમિન મિત્ર" ના બાર વરસમાં ૧૪૪ અંકો અને હ૦ પીર મશાયખ (રહ૦) ની "દીવાને મશાયખ" માંની ૧૧ કિતાબો તેમજ લગભગ એક લાખ ઉપરાંત હેંડબીલો અને પેમફ્લેટો મોમિન કોમની તબ્લીગ માટે પ્રગટ થએલ છે.

## "દીવાને મશાયખ" (૧૩ ફસલોમાં)

| કઈ ફસલ. | કિતાબનું નામ | કયારે છપાઈ (ઈ. સ.) |
|---|---|---|
| પેહલી | તુરનામા | ........ |
| બીજી | મેઅરાજનામા | ૧૯૩૬ |
| ત્રીજી | ગઝવાત | ૧૯૨૨ |
| ચોથી | ગિરદીયહ | ........ |
| પાંચમી | મો'જિઝાત | ૧૯૨૪ |
| છઠ્ઠી | વિસાલનામા | ૧૯૫૨ |
| સાતમી | ખુલફાએ રાશેદીન | ૧૯૨૩ |
| આઠમી | મકતુલનામા પેહલી | ૧૯૪૪ |
| નવમી | મકતુલનામા બીજી | ૧૯૫૨ |
| દસમી | ઇમાન પેહલી | ૧૯૨૮ |
| અગ્યારમી | ઇમાન બીજી | ૧૯૪૫ |
| બારમી | ઇબાદત પેહલી | ૧૯૨૪ |
| તેરમી | ઇબાદત બીજી | ૧૯૪૮ |

"દીવાને મશાયખ" માંની છપાયા વગર બાકી રહેલ એ કિતાબો તેમજ ૯૦ પીર મશાયખ (૨૯૦) ની લખેલી બીજી કિતાબો એટલે સીડીઓની પરચુટન બયાનોની કિતાબ, ન્હાનું તુરનામુ, ન્હાનુ મેરાજનામુ વાદી ધર્મ તથા તરીકતી પણ ટુંકમાં છપાઇ જવાની ઉમ્મીદ છે.

## કિતાબો વધુ ફેલાવવાની ઝરૂર.

હ૦ પીર મશાયખ (રહ૦)ની નીચે દર્શાવેલ કિતાબો છપાવેલી હતી; પરંતુ ખલાસ થઇ ગઇ છે. તેની માંગ બહુ છે, માટે તેને ફરીથી છપાવવાની ઝરૂર છે.

જ્યાં જુઓ ત્યાં લોકોને શુધ્ધિના નામે મુરતદ બનાવવાની કોશીશો થઇ રહી છે. કેટલાક ઠેકાણે મોમિન ભાઇઓ પણ હજુ ઇસ્લામી અહકામથી અંજાણ છે. અણ ઇસ્લામી રિવાજો અને બીજાઓના સહવાસના લીધે ઉપયોગાતા પહેરવેષથી બીજી કોમવાળા આકર્ષાઇ તેમને પોતાના મત તરફ ઘસડવા સખત ધમપછાડા કરી રહયા છે.

વળી તેમના રહબર બનવાનો દાવો કરનારા અને પીર બની બેઠેલાઓ તેમના કનેથી નાણા વસુલ કરવા સિવાય તેઓ જાહેલ રહે કે, મુરતદ બને તેની તેમને કંઇ પડી નથી.

એટલે હયસીયતવાળા હમદર્દોએ નીચે દર્શાવેલ કિતાબો તેમજ બીજી પણ કિતાબો છપાવી જેમ બને તેમ લિલ્લાહ અથવા સસ્તી કિમ્મતે દરેક ઘરેઘર પ્હોંચી જાય એ માટે તાકીદે ધ્યાન આપવા જેવું છે. ઉપરાંત 'ઇસ્લામી અહકામ' પણ વધારે પ્રમાણમાં ફરિથી છપાવી છુટે હાથે વ્હેંચવાની ઝરૂર છે.

| | |
|---|---|
| ૧—ખુલફાએ રાશેદીન | ૪—ઇબાદત. |
| ૨—મોજિઝાત. | ૫—ઇમાન. |
| ૩—ગઝવાત. | ૬—મેઅરાજનામા. |

પા
શિદ

ચેતી
એવી

ગાફિલ મત સો જાગકર સુન્ને દીનકી બાત,
દીન કાજ તુજે સરજીયા ના કીતી અમથી ઝાત.

———

ભાયગ હમારે હય સહી પાયા હમુ એ દીન રે,
ગાફિલ નાંહી જાગતા ચિંતા તો કયસી કીન રે.

———

સુનતે મોમિન હોયસી સુન્ને દીનકી બાત,
હરામ હલાલકુ જાનતે પાક હોવેગી ઝાત.

———

રોયકર ઘર અપના રાખો બહિસ્તર હય રાજ નામા,
આઘાન હોએસુ સહી પાવે અયસી જન્નત ઠામા.

———

મુનાફિક હસને ઘર ના ખોએ સુન એ નસીહત મેરી,
લડકા સુનતે બુઝે સહી બાત એ દિલમાં સવેરી.

———

પાલે બિના મોમિન ના હોના રે,
પાલે બિના ઇમાન હય ખોના રે.

( હ૦ પીર મશાયખ રહ૦ )